ગ્રન્થોદય ગ્રન્થમાળા મણુકો ૫ મો.

શ્રી નવલ

કુંદન

અને

કુસુમ.

ભાગ ૫ મો.

સુધારાનો સાર કે ફેશનનો માર.

અથવા

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ

દોહરો.

કુળાગરો છે દીકરો ગુણવંતી છે નાર,
જેના ઘરમાં તે વસે ધન્ય તેનો અવતાર.

લખનાર

ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.

અમદાવાદ.

પ્રકાશક.

હરીભાઇ હલપતરામ પટેલ. અમદાવાદ.

મુલ્ય-બાર આના.

આવૃત્તિ ૧ લી, પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમાં હરીભાઇ દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

* * * *

सार्दुल विक्रीडित छंद.

न्यायार्जित धनस्तत्व ज्ञाननिष्ठोऽतिथि प्रियः ।
शास्त्रवित्सत्यवादीच गृहस्थोऽपि विमुच्यते ॥
यदिरामायदिचरमायदितनयोविनयधीगुणोपेतः।
तनयेतनयोत्पत्तिः सुरवरनगरे किमाधिक्यम् ॥

• ન્યાયથી ધનને ઉપાર્જન કરનાર, તત્વજ્ઞાન ઉપર નિષ્ઠા રાખનાર, અતિથી ઉપર પ્રીતિ રાખનાર, શાસ્ત્ર જાણનાર અને સત્ય વચન બોલનાર એવો ગૃહસ્થ હોય તોપણ તે મુક્તિને પામે છે. જો સ્ત્રી હોય, લક્ષ્મી હોય, વિનય અને બુદ્ધિના ગુણવાળો પુત્ર હોય અને પુત્રમાં પુત્રની ઉત્પત્તિ થઇ હોય તો તેથી ઇંદ્રના નગરમાં શું અધિક છે ? ! !

વૃદ્ધચાણક્ય નીતિસમુચ્ચય.

શ્રી સરસ્વતિ પ્રેમશૌર્ય મંદીર.

સ્નેહ રશ્મિ.

યુગલ કાવ્ય.

દોહરા.

અનંત રાગી ઉભયના તરંગનો નહિ તોડ,
નેકી ટેકી નેહના શંકર ને રણછોડ.
અંકુશ એક જ ઇશનો મિથ્યા અવર કરોડ,
સારાના સંગી સદા શંકર ને રણછોડ.
સ્વારથ સાહી *સાથમાં ઝડપે આવી ઝોડ,
મન વરતી મનમાં હસે શંકર ને રણછોડ.
જન મન રંજન કારણે કરતા દોડાદોડ,
કદર કરે કોવિદ કો શંકર ને રણછોડ.
અવાસ અમદાવાદમાં રૂડો રાયપુર રોડ,
રહે પખાલી પોળમાં શંકર ને રણછોડ.

શંકરલાલ ગીરધરલાલ અ દભાણુ.

ગઝલ.

હૃદય રંગે રસિકોનું કવિની તે કવિતા છે,
કદી બાળા કદી મુગ્ધા કવિની તે કવિતા છે,
નમેલા કુંજમાં જેવી લલિતાંગી લલિતા છે,
મધુરૂં તે બોલતી મેના કવિની તે કવિતા છે.
દીસે દીવ્યામ્બરી દેવી સુકીર્ત્તિમાં સવિતા છે,
શ્રવે વિશ્વે સુધાવેલી કવિની તે કવિતા છે;
સુગંધીથી સુરે વન્દી સુખાનન્દી સરિતા છે,
ઝીલે જેમાં જનો જુગ્તે કવિની તે કવિતા છે.

કહ્યાગરો દીકરો.

" एकोऽपि गुणवान्पुत्रो निर्गुणैः किं शतैरपि ।
एकश्चन्द्रो जगच्चक्षुर्नक्षत्रैः किं प्रयोजनम् ॥

એક પણ જો ગુણવાન પુત્ર હોય તો સારૂ. એક સેંકડો નિર્ગુણ પુત્રો હોય તે શા કામના? એક પણ ચંદ્ર જગતના નેત્ર કહેવાય છે અને સેંકડો તારાઓથી શું પ્રયોજન છે?

શુક્રનીતિ.

एकेनापि सुपुत्रेण जायमानेन सत्कुलम् ।
शशिना चैव गगनं सर्वदैवोज्ज्वलीकृतम् ॥

એક ચંદ્રથી જેમ આકાશ ઉજવલ થાય છે, તેમ એક સારો પુત્ર થવાથી આખું કુળ ઉજ્વળ થઇ જાય છે.

ઔશનસસ્મૃતિ

एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भयम् ।
सहैव दशभिः पुत्रैर्भारं वहति रासभी ॥

સિંહણ એક સારા પુત્રથી નિર્ભય થઇ સુવે છે અને ગધેડી દશ પુત્રો છતાં તેઓની સાથે ભારને વહન કરે છે

પ્રમાણ સહસ્રી.

एकेनापि सुपुत्रेण विद्यायुक्तेन भासते । "
कुलं पुरुषसिंहेन चन्द्रेणेव हि शर्वरी ॥

એક ચંદ્રથી જેમ રાત્રી શોભે છે, તેમ વિદ્યાવાન અને પુરૂષોમાં સિંહ જેવા એક પુત્રથી આખું કુળ શોભે છે.

માહાભારત-અનુશાસન પર્વ.

ગઝલ—કવ્વાલી.

કહ્યું માબાપનું ધરિ કાન સહ્યું સૌ દુઃખ સુખ સમાન,
ગ્રહ્યું ઘરબારી થઇને જ્ઞાન પૂરો એ પુત્ર પૂન્યશાળી!
દીઠા દુનિયામા એ મોટા દેવ સાચી છે સાચી સ્નેહની સેવ,
માનીને મીઠા મોંઘા મેવ પૂરો એ પુત્ર પૂન્યશાળી!
તિરથમાં જોઇ તાતની ખાટ નાહ્યો મા વેણુ ગંગા ઘાટ,
દર્શનમા શોધી ચાકરી વાટ પૂરો એ પુત્ર પૂન્યશાળી!
ઝીલ્યાં માબાપના સૌ વેણ મીઠા જાણ્યા છે કડવાં કેણુ,
ચૂમ્યા છે ચર્ણુ ઢાળી નેણુ પૂરો એ પુત્ર પૂન્યશાળી!

ગુણવંતી નાર.

" व्रतोपवासनियमं पतिमुल्लं यथाचरेत् ।
आयुष्यं हरतेभर्तुः मृतानरकमृच्छति ॥

જે સ્ત્રી પોતાના સ્વામિના વચનનો તિરસ્કાર કરી કોઇ પણ વ્રત અથવા ઉપાસના નિયમો પાળે છે, તેનાથી ધર્મ થતો નથી, પરંતુ પોતાના સ્વામિનું આયુષ્ય ઓછું થાય છે, અને પોતે વ્રત કરવાથી સ્વર્ગ ન મળતા નરકાવસ્થામાં પડે છે   પ્રસંગ રત્નાવળી.

अस्वर्ग्यमयशस्यं च फल्गुकृच्छ्रभयावहम् ।
जुगुप्सितं च सर्वत्र औपपत्यं कुलस्त्रियः ॥

સ્વામિનું વચન ન પાળવાથી સ્વર્ગ મળતું નથી, તેમ કીર્ત્તિ પણ મળતી નથી, અને જ્યાં ત્યાં અપમાન અથવા તિરસ્કાર થાય છે, માટે કુળવાન સ્ત્રીઓએ હમેશા સ્વામીના વચનોનું પાલન કરવુ.   ચાણક્યનીતિ.

पतियानाभि चरतिमनो वाग्देहसंयुता । "
साभर्तृलोकमाप्नोतिसद्भिः साध्वीतिचोच्यते ॥

જે સ્ત્રી પોતાના પતિનું વચન મન વાણી અને તનથી પણ ઉલ્લંઘન કરતી નથી, એટલે પતિ પર પોતાનું મન ખોટા ભાવથી રાખતી નથી, સ્વામિને કાંઇ તુચ્છ શબ્દ કહેતો નથી, પોતાની કાયાથી પણ પતિ ભક્તિ કરે તો તેને હમેશાં સુખ રહે છે અને તેનું નામ સાધ્વી કહેવાય છે.

માધવ ધર્મશાસ્ત્ર.

ગઝલ—કવ્વાલી.

વિલોકી કંથને દોડે, આગળીએ આવતો દોડે,
ધાવો વહાલે કરજોડે જીવનની દોરી વહાલી એ ।
મધુરા મોહના મંત્ર રસીલા ભાવના જંત્ર,
નચાવે કામના તંત્ર જીવનની દોરી વહાલી એ ।
કરે રસબસ અદા આને રસિક રીઝવે લલિત લ્હાવે,
બાંધે પિયુ પ્રેમના દાવે જીવનની દોરી વહાલી એ ।
જમાડે મનની વાની પીવાડે પ્રીતનું પાણી,
સુવાડે દીલચમન શાણી જીવનની દોરી વહાલી એ !

પ્રસ્તાવના.

કુંદન અને કુસુમ નામક નવલ કથાના ચાર ભાગની કદરદાન આલમમાં પૂરતી કદર થવાથી પ્રસ્તુત નવલનો પાંચમો ભાગ પ્રગટ કરવાનું સાહસ આદરવામા આવે છે નાટકના વ્યવસાયમાં લેખક અને પ્રકાશકને લગભગ એક વર્ષની લાંબી મુદત સુધી ગુંથાવાથી પાંચમો ભાગ જોઇએ તે કરતા અધિક અસુરે બહાર પડયો છે. અણચિન્તવી અને અણધારી થએલ ઢીલ વિલંબને વાસ્તે, વિદ્વાન વાંચકોની અપાર અધીરાઇ અને આતુરતા સારૂ દીલગીરી દર્શાવી ક્ષમાને યાચી વિરામીએ છીએ. ગ્રાહકોના મન રંજનાર્થે છઠ્ઠો ભાગ જેમ બનશે તેમ બનતી ત્વરાએ બહાર પાડવામાં આવશે.

પ્રસ્તુત કથાના પાંચમા ભાગની વસ્તુને વધારે વિસ્તારમા વધારવામાં આવી છે, અર્થાત કથાને વસ્તુગ્રાહી બનાવી વસ્તુનું વધારે દર્શન કરાવવામાં આવ્યુ છે. રસ અને ભાવ ચાર ભાગ કરતા પાંચમા ભાગમાં કદાચ આછા અને ઓછા અવલોકાશે, પણ વસ્તુના વાંચકોને વસ્તુનો વધારો જોઈ કાંક ઓરજ આનંદ ઉત્પન્ન થશે. એક લાંબી નવલ કથાના વધુ ભાગોમાં વસ્તુ વાંચનમાં રસ ભાવ અને વસ્તુની સમાનતા જેવી જોઈએ તેવી રીતે રાખવી ઘણી જ મુશ્કેલ પડે છે. કુદરતના ભરત અને કુશળ લેખકના હાથે જ આ ત્રણ વસ્તુની સમાનતા સચવાએલી દૃશ્યમાન થાય છે. વાંચકોની અભિરૂચી, નવલ કથાનું હારદ, પાત્રોની પવિત્રતા, જમાનાનું નિરીક્ષણ અને સ્નેહીઓની સમીક્ષા ચર્ચા અને ટીકા એ દરેકને મગજમાં રાખી કથા ગાથાને સાંધી બાંધી પ્રગટ કરવી

પડે છે. અનેક પ્રકારના અપવાદોની માથે છાબ મુકી લેખકને જગત ભિંત સમાન માની કથા કાર્ય કરવું પડે છે. પ્રસ્તુત લેખકને પણ સાહીત્યાર્થી અને સ્વધંધાર્થીઓની અમીદૃષ્ટીથી મૌન ધારણ કરી નવલ પ્રદેશમાં વિચરવું પડે છે. જેટલું ખોયું તેટલું જોયું, અને જેટલું જાણ્યુ તેટલું માણ્યુ એ પ્રમાણે વ્યવહાર દર્શનમાંથી મળેલ અંગત અનુભવ પરથી પ્રસ્તુત નવલ કથા યોજાઈ છે અને વર્તમાન પ્રવાહમાં વહન કરાતી કરાતી યોજાય છે. આવડત પ્રમાણે અનુભવ આંડી ઘેલી ભાષામાં જમાનાને અવલોકતા પારખતા કલ્પનાના સિદ્ધાંતથી અને વર્તમાન વખતમાં ઉદ્ભવતા વિવિધ વૃત્તાંતના દૃષ્ટાંતથી ગુણાનુરાગી ગ્રાહકો સમક્ષ આલેખાય છે. જે જે અવનવા પ્રસંગોનાં રૂપકો કથામાં ગુંથાય છે તે વિદ્વતા બતાવવા સારૂ નહીં પણ ફક્ત સુધારાના પ્રવાહમાં આગળ વધતા જમાનાના જન મંડળના રંગ ઢંગનો અચ્છો ઘડો મળે અને તેથી જૂના નવાંનો મુકાબલો સારી રીતે કરી શકાય અને મનને સત્યતાનું ધોરણ આપી શકાય એટલા સારૂ જ આ પ્રયત્ન આદરવામાં આવેલ છે. પાને પાને અને પંક્તીએ પંક્તીએ ભાષાની અનેક ખામીઓ અને ખુબીઓ માલમ પડે એ સ્વભાવિક છે; પરન્તુ ગુણવાન ગ્રાહકો કથા નવલમાંથી ફક્ત ગુણનું જ ગ્રહણ કરશે તો લેખક પોતાના શ્રમને સફળ થએલો માની આનંદ પામશે ! એજ.

અમદાવાદ. } લી. ત્રિવેદી રણછોડલાલ મહાસુખરામ કવિ.
રાયપુર પખાલીની પોળ—અમદાવાદ.

સુંદરી સ્વરૂપ.

ધોળ.

પતિવ્રતા પુરી તે જાણો પતિ ગણે પરમેશ જોને,
જીવના જીવનહાર ગણીને જપની જાપ હમેશ જોને:-૦
સદાય સેવે નિજ સ્વામીને દુભવની નવ લેશ જોને,
વરના વિચારને રે' મળતી કરતી કદિ ના કલેશ જોને.-૦
વર જમીને ઉઠયા પાછળ જમતી એ નિરધાર જોને,
રજની પણ વર પોઢયા પાખે સૂતી ત ન લગાર જોને.-૦
પરનર પિતુ ભ્રાતા સમ પેખે નિજવર હૈયાહાર જોને,
પરનું સુખ પેખી નવ પીડે નિજવરને નિરધાર જોને:-૦
વરની આવકને અવલોકી જાવક જે કરનાર જોને,
ચલવે ઘર રૂપ રાજ સુરીતે કરકસરે સુખસાર જોને:-૦
સુખ આવે નવ જે છલકાતી દુઃખથી નવ ડરનાર જોને,
સંકટમાં પણ ધીરજ ધારી શાન્ત સદા રહેનાર જોને:-૦
ઉચ્ચરતી મુખ વેણુ મધુરાં વરથી વારંવાર જોને,
ઘરની ગુપ્ત જ વાત કદાપી પરને નવ કરનાર જોને:-૦
વચનામૃત રસપાન કરાવી પિયુ મન રાખે પ્રસન્ન જોને,
એ રીતે જેણે પતિવ્રત પાળ્યું તે પ્રમદાને ધન્ય જોને:-૦

દીવાળી.

નમુ નમુ તને મારી માતૃ ભૂમી!!

ગરબી.

નમુ નમુ તને મારી માતૃ ભૂમી
નમુ નમુ તને મારી ભર્ત ભૂમી,
હિન્દ ભૂમી નમુ દેવ ભૂમી નમુ,
આર્ય ભૂમી નમુ નિજ ભૂમી નમુ,
વન્દુ તને જ્ઞાની જન્મ ભૂમી.—૦

સત્યવાદી હરિશ્ચંદે તારા સત્યથી રૂપ શોભાવી,
તે ગુણ સત્યનો દે તુજ તનુજોના અંતર માંહી ઠસાવી—૦
ધર્મિષ્ટ ધર્મરાજાએ ધર્મ ધર્મ ધ્વજા કર ધારી,
આર્ય બાલુડાને ધર્મ તે આપો પ્રીતે લેજે તારી—૦
જ્ઞાની જનક વિદેહી નરેશે જ્ઞાનથી કીર્તિ ઉજાળી,
એ જ્ઞાન આર્ય અરભકને આપ મા જેથી થાયે પુન્યશાળી—૦
દયાળુ દેશના દીપક વિક્રમે દયાથી દેહ દીપાવી,
ભારત પુત્રોમાં પરદુઃખભંજન ગુણને દે મા વસાવીઃ—૦
રઘુકુળ ભૂષણ રામ રાજાએ અષ્ટાંગે નીતિને ધારી,
તે ગુણ નીતિનો આપ મા પ્રેમે જેથી સંતતિ થાયે સારી—૦

અનુક્રમણિકા.

સ્નેહાંજલી.

શ્રી ભગવતી સતિ માતા પાર્વતીજીના પુનિત ચરણે !!

ગરબી.

મીઠી ને મોંઘી મારી ઓ માવડી,
શીર પરથી સરકી શીળી તુજ છાંય જો:—૦

સાલક સુતનું કોઇ જડે નહિ શ્રષ્ટીમાં,
ખમા ખમા કહી ઝાલે બા મુજ બાંહ્યજો—૦

અમુઝાઉં અવની અટવીમાં એકલો,
મનડુ દર્શન નિત ચિત્ત માહી ચાહ્યજો—૦

ભીનેથી કોરે કરીને ઉછેરીઓ,
મહા મહા દુખડા વેઠયા છે તેં માય જો;—૦

ગુણ અગણિત ગણું જીભે શા હું તાહ્યરા,
ગણના ગણતાં તેની નવ કાંઇ થાય જો:—૦

આશિષ્ય માગું આંખડીએ આંસુ ભરી,
પાર્વતીબા અનપૂર્ણા અંબાય જો:—૦

હું છું

તમારો દીન પુત્ર,

રણછોડ મહાસુખરામ ત્રિવેદી.

કુંદન

અને

કુસુમ.

મંગળ ગીત!!!

ધ્રુપદ.

વન્દુ વિભુ ક્રાન્તી કરણ, શાન્તી ભરણ:
ભ્રાન્તી હરણ, દીનનાથ —૦
તારણ તરણ કારણ કરણ,
મારણ મરણ ધારણ ધરણ;
ત્રાતા દાતા પ્રણતપાલ પરમ કૃપાળ,
કરો કલ્યાણ ધારી હાથ —૦

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

શ્રી નવલ

કુંદન અને કુસુમ.

આધુનિક આર્ય ઘરસંસારનું પ્રતિબિંબ

અથવા

સુધારાનો સાર કે ફેશનનો માર.

ભાગ ૫ મો.

પ્રકરણ ૧ લું.

પિતાની તાલમેલ કે સુતાની લે મેલ!

દોહરો

રંગે રંગી હૃદયને, રંગે રંગે અંગ;
રંગ બતાવી કારમો, કરે પલકમાં દંગ.

ભાવી નચાવે છે, ભાવ નાચે છે, લોચન રચાવે છે, મન રાચે છે, પ્રીતિ જચાવે છે, પ્રેમી જાચે છે; છતાં ભાવના તારામૈત્રી

અને પ્રીતિ સંસ્કારી અધિકારીના હ્રદયમાં પળે પળે જાગે છે, જગાવે છે અને જીગરકુંડમાં મન શ્રીફળ હોમાવી પ્રીતિદેવીને પ્રસન્ન કરાવી વર પ્રાપ્ત કરાવતાં ભાવી ભાવ ખાઇ લાત મારી ન્યારૂ થાય છે ! વાહ પ્રીતિ તારી પણ ન્યારી ગતિ ! !

એ આશા સંજીવની પળ પળે અંકુર ફુટે નવા.
વાયુ વેગ ધરી ચઢે મન નગે દૃષ્ટે વિલોકે હવા.
ભાવી ભેદ અભેદમાં મન ભૂલી ઉદ્યોગ ઝાઝા ધરે,
ખત્તા ખાતુ ખાંતથી ખુબ ખરે માંડયું ન છાડયું કરે

પ્રેમ ભીરૂને સાહસી અને સાહસીને ભીરૂ કરે છે. એ પ્રકૃતિને પુરૂષ અને પુરૂષને પ્રકૃતિ કરે છે, એ સબળને દુર્બળ અને દુર્બળને સબળ કરે છે અને બાળકને પ્રવીણ અને પ્રવીણને નવીન કરે છે. પ્રેમ આંધળાને આંખ આપે છે અને આંખ વાળાને આંધળો કરે છે, પંડીતને મૂર્ખ અને મૂર્ખને પંડીત, મૂંગાને બોલતો અને બોલતાને મૂંગો કરે છે, આથી કરીને પ્રેમ વિશુદ્ધ ધર્મમય વિશ્વમા મનાય છે.

*   *   *   *

નચાવતી કાંઇ નખરાં કરીને વિશ્વને પ્રીતિ દેવી,
પચાવતી પ્રીત પારો આપી પ્રેમીને પ્રીતિ દેવી;
એ સ્વર્ગ તણી છે દેવી જેને આ દેવતા સેવી.

પાવક પંથે પ્રેમી ચઢાવી પ્રાણ લેતી એ એવી.
હૃદય કુંડમાં મન શ્રીફળથી પ્રસન્ન કરે હરી દેવી !!

" ગંગાકે ન ગોરકે ગિરીશકે ન ગોવિંદકે,
ગોતકે ન જોતકે ન જાયે રાહ ગિરકે,
કાહુકે ન સંગી ન તરંગી બ્હેન ભાનજીકે,
મન અતિ ખોટા સોટે ખાઇ હે જમીરકે.
ગ્વાલ કબિ નારીકા ખસમ ગિને નેહહીતે,
ધર્મકા પશમ ગિને પાતકી શરીરકે;
નિમકહરામ બદકામ કરે તાજે તાજે,
બાજે બાજે બેટી બહન ગુરૂકે ન પીરકે. "

" એ બુઢ્ઢા હવે તો કાંક સમજ, ધોળામાં ધુળ નાંખી, લાખનો મટી રાખનો થયો, તોય હજુ એવોને એવો રહ્યો !!"

" એ જમાનાના જોદ્ધા હવે તારી તરવાર મ્યાનમાં રાખ ! જેમ આવે તેમ બધું મોઢેથી ન ભાંખ ! આજ કાલનો જોગી અને ઢીંચણ સામી જટા, સોસો ચુવા મારી મનીબાઇ પાટે બેઠાં. એ અક્કલના ઇસ્કોતરા, મોભાગ્ર બુદ્ધિના મૂંઢ મૂળીઆ તારા બાપ ત્રીકમાને જઇ પુછ કે તેં કેટલાનાં ગળાં રેસ્યાં ? કેટલાના પેટ ઉપર પગ દીધા ? કોના કોના કપાળમાં ડામ દીધા ? કાળી રાતે કેટલાની ગરદન પર છરીઓ મુકી ? પેલા તારા કાકા કેવળી-આએ કેટલાને કુણીએ મધ ચોપડી કુવામાં ઉનારી વરત વાઢી નાંખ્યાં ? મારો દીકરો હાથે કરીને મારૂં ડાચુ ઉઘડાવે છે !"

" એ ધનના ઢોલકા, સ્વાર્થ રસાલાના ઉંટ. એ ગાયણી ગામા

હવે તો કાંક ભાન રાખ! હાથે કરી શું કામ હળવો થાય છે? નાહક ખતરાજીમાં તણાઈ જાય છે! એ તારૂં પેટ સડી ગયું, નકટા નફટ તારી 'સાઠી બુદ્ધિ નાઠી'!! તારા જીવતાં તારી દીકરીનો મોસાળમાં વિવાહ થાય, છોકરાં હાથથી જાય, દીકરી નાતરે જાય અને તું અહીં બેઠો બેઠો પૈસાની વાની ખાય! હત્ તારા નામ પર ધુળ પડી! ઢાંકણીમાં પાણી લઈ ડુબી મર!!"

"એ દીકરા મૂળીઆ એમ મને પાણી ન ચઢે! નાહક પાણો મુકે આ રાયજીને અસર ન થાય! એ તારા જેવા ચરમીઆ તો કઈક મારા પેટમાં કુદે છે! જમાનો ફરે તેમ માણસે ફરવું જોઇએ! નાહક પ્રમાણિકતાની ચાદર ઓઢી જમાનામાં ફરનારા કઈક પાયમાલ થઈ પોક મુકતા થયા. જેણે સમો ભણી ચાલતા પ્રવાહમાં ચાલવા માંડયું તેજ આ જગતમાં જીત્યો; બાકી પેટ બળતા અદેખા ભસ ભસ કરનારા કઈક હારી ગયા અને હતા નહતા થઈ જોત જોતામાં ખુવાર (ચીંથરે હાલ) કંગાલ થયા! મારા બેટા ભણ્યા પણ ગણ્યા નહીં! 'પેટમાં પૂમડુ પલળે એટલું પાણી હોય નહીં અને મારૂં નામ દરીયાવખાન કહો;' 'ઉંદરને જોઈ ચાર ગજ કુદે અને મારૂં નામ વાઘમારખાં કહો!!' કમાવાની ત્રેવડ નહીં; ઘરડાનું રળેલું ખાવું જૂના ટાંકાનું પાણી પીવું અને ઘરડાની નીંદા કરવી એજ શીખ્યા છે! મારા દીકરા મને શીખામણ આપવા આવ્યા છે? પગ નીચે દવ સળગે છે એ દેખાતો નથી. તારા બાપે અને તારા કાકાએ કેટલી નોટો વટાવી અને કેટલાકનાં સાટાં કર્યાં તે તો તપાસી જોને પછી મને કહેવા આવ!"

"એ મારા કાકા મારો તો જીવ બળે છે ત્યારેજ હું તમને કહુ છું. આ ચૌટે ચકલે વાટે ઘાટે અને હાટે બધે તમારી નિંદા થાય છે ! ! લોક પાછળ બોલે છે અને હું તમને મોં પર કહું છું, એટુ લગાડશો નહીં જયાંથી બગડી ત્યાંથી કાપી નાંખો ! ! હવે ઘરડા થયા કાંક દુનીયાની લાજ રાખો ! એ તમારો તો ભવિષ્યમાં ઘડો લેવાશે; માટે નાહક આબરૂનો ઘડો લાડવો ન કરો અને વિચારીને ડગ ભરો."

"જેવાં તારા બાપે ડગ ભર્યાં છે એવાં અમે ભરીશું ! 'કરતા હોય સો કીજીએ ઓર ન કીજે કબ, મું'ડી રહે શેવાળમાં ને ઉંચા રહે પગ.' માટે 'જે થતું હોય તે કરીએ અને છાનામાના છાશની દોણી ભરીએ !' બહુ બોલ્યામાં બગડે અને દુનિયા લાત મારી મારી રગડે, માટે 'સાઇકા ટટુ ચલને દો' કરવામાંજ સુખ છે ! !"

"એ ફાધર વિલિયમ રાયજી, મારા કાકાએ અને બાપાએ તો બોળ્યું, રોળ્યું પણ તમે તો કાંક સુધારો ! હજુ બાજી હાથમાં છે. ચેતો ! ચેત્યાનો સમય છે. મારી કાકી અને બ્હેનને ભાવનગરથી પાછાં બોલાવી તમારો ઘર સંસાર સુધારો ! ! આંગણે કંકુનો વિવાહ માંડી મંગળ વરતાવો અને આનંદ ડંકો ઉજળાં કાર્ય કરી વગડાવો ! ! છતાં માબાપે મોસાળીઆં વિવાહ કરે તો તમારા નામને કલંક લાગે, પૂર્વજની આબરૂ પર પાણી ફરે."

"મારા જીવતાં કુંદનનો વિવાહ કરનાર કોણ છે ? એ તો બધાં બ્હાનાં છે, નાનાં છોકરાંને સમજાવવાનો ખેલ છે, પોતાના મનનું ધાર્યું કરવાની તાલમેલ છે ! હું મારે બેઠો બેઠો મૂંગે

મોઢે બધો બેલ જોયા કરૂં છું; જેવો દાવ આવશે કે એવી તો સોગટી લગાવીશ કે કુંદનનાં મોસાળીઆં મને આખી જીંદગી યાદ કરશે ! ! અત્યારે મને શ્રાપ આપી મા દીકરી ભાવનગર ભાગી ગયાં છે તો ભલે ભાગ્યાં પણ લાગ આવ્યે એવા તો કાન ઉઘાડીશ કે તે પણ રાયજીને મરતાં જીવતાં ઓળખી જશે."

" કાકા હવે બધા તડાકા જવા દો. વેળાસર ચેતી જાઓ; કાળ કાળનું કામ કરે છે. કયાંક તમારી આંખ મીંચાશે તો સદાને વાસ્તે કાળાટીલી રહી જશે !"

" અરે શું દેખાળા આંખ મીંચાય હજુ તો જમ જેવો છું ! મોત છે કયાં ? એને તો હું રાત દીવસ ખાઇ પીને શોધું છું ! મરવાની શી નવાઇ છે ? પ્રાણી માત્રને મરવું છે, કોઇ અમરપાટો લઇને આવ્યા નથી. ખાલી મોતનો ડર ધરી પોતાના આદરેલા કાર્યમાં પાછા ફરવું એતો બ્હીકણનું કામ છે. મોતનો ડર ધર્યે કે મોતનો આનંદ કર્યે મોતને દયા અને ગુસ્સો નથી; એતો એનું કાર્ય માનવ જીવનની કક્ષાની હદમાં રહીને કર્યે જાય છે. કાળની ફાળ અટકાવવાને કોઇ બળવાન નથી: માટે જે કાર્ય કાલે કરવાનાં હોય તે કાર્ય કાળ બળના ડરથી આજને આજ કરવાં જોઇએ ! કાર્ય કરવામાં ઢીલ કરવી એ એક ભયંકર ચીજ છે ! ! "

" વાહરે કાકા વાહ ! તમારા બોલવાનો તો કાંઇ ધડોજ નથી. ગાડાનું પૈડુ ફરે તેમ તમારા વિચાર ફરે છે. તમારા મનનો ખુલાસો કોઇથી પણ કળી શકાતો નથી. જે કોઇ બે બોલ તમને તમારા હીતના કહે તેને તમે હવામાં અદ્ધર ઉડાવો છો ! બોલ-

વામાં જ ડહાપણ બતાવવામાં તમે પૂરા છે। પણ બોલેલું કરવામાં તો તમે સાવ અધુરા છો. કાકા હવે સાઠ વરસ થઇ ગયાં, કાલ સવારે પથારીમાં લાંબા થશો માટે બગડી બાજી સુધારો; આડાં-અવળાં કાળાં ધોળાં કરવાં જવા દઇ ઘડપણમાં ગોવિંદ ગાઓ !!"

" એ દીકરા મારા બાપને એકસો ને ચાર વરસ થયાં હતાં; અને મને હાલ બાસઠ થયાં છે; હજુ મારા ધાર્યા પ્રમાણે મારો આવરદા બેતાળીશ વરસનો બાકી રહ્યો, પણ તારા કહેવા પ્રમાણે કાળ બળની અટકળ કરીએ તોપણ બેતાળીશનું અડધુ એકવીસ વરસનું મારૂં આયુષ્ય બાકી ભોગવવાનું રહ્યું; માટે હજુ ગોવિંદ ગાવાની પંદર વરસની વાર છે સમજ્યો કે મારા મૂળીઆ ? !! "

" સમજ્યો મારા બાપ હું તમારૂં કહેવું બધુંએ સમજ્યો !! આકાશમાંથી એકવાર બ્રહ્મા તમને બોધવા આવે તોપણ તમને કાંઇ બોધ લાગે જ નહીં, તમે તો તમારા મનનુંજ ધાર્યું કરો !! "

" એ બચ્ચા એમ જો મનનું ધાર્યું ન કરીએ તો તારા જેવા જુવાનીઆ મારા જેવા કઇંક ઘરડાને ગજવામાં ઘાલી શુકરવારમાં ટકે ટકે હરાજ કરે, સમજ્યો કે મારા દીકરા ? ! "

" અરે ભગવાન આ બુઢ્ઢાનું ભેજુ તેં શાનું બનાવ્યું છે ? આ ડોસો કાળના કાગડા ખાઇને અવતર્યો છે; તેને જગતમાં કોઇનો પણ ડર જ નથી ! રાવણ અને કંસનો કાકો આ ડોસાને કહું તોપણ ખોટુ ન કહેવાય ! ! એ મારા મસાણીઆ દેવતાઇ કાકા હવે આ બધી ખટપટ જવા દઇ ભગવાનને એકવાર ભજો !! "

" આ મારો બેટો મૂળીઓ આજે કાકાનો ગુરૂ બની ઉપદેશ આપવા આવ્યો છે ! ! વાહરે ગુરૂ વાહ ! ! સાંભળ-:

*   *   *   *

" ગુરૂરાજ મારા ઘડપણમાં ગોવિંદ ગાશું;
હાલ કામથી નથી નવરાશું.—ગુરૂરાજ૦
હેન્ડબીલ અમે સાંભળ્યું તમારૂં,
જમપુર જવાનું બતાવ્યું બારૂં;
પણ ઘરનું ચોટયું છે કારભારૂં.—ગુરૂરાજ૦
મોટો છોકરો જુગારી થયો છે,
નાનો દીકરો વિલાયત ગયો છે;
એવો ધમરોલ ચાલતો રહ્યો છે.—ગુરૂરાજ૦
રાંડ કરમે મળી છે કજીયાળી,
નિત્ય કાળજાં પ્રજાળે ભમરાળી;
ત્યારે ઘરને શું મૂકવું બાળી.—ગુરૂરાજ૦
અમો મોટા કેવાયે વ્હેપારી,
રાત દીવસની ઘણી મગજમારી;
ક્યાથી સાંભળીએ કથાઓ તમારી.—ગુરૂરાજ૦
સાઠ વર્ષની ઉમર થઇ છે મારી,
તોય આવી નથી આંખમા અંધારી;
હજી લાવવી છે નાનકડી નારી—ગુરૂરાજ૦
પછી ત્રાંબાની ખાખ ખુબ જમશું,
રાગ રંગ રીતમાં રોજ રમશું;
ત્યારે નવલી નારીને નિત્ય ગમશું.—ગુરૂરાજ૦
જ્યારે છોકરાના છોકરા પરણશે,
તેના છોકરા ખોળા માંહી રમશે;
ત્યારે ચિત્તની ચિંતાઓ કાંઇ શમશે.—ગુરૂરાજ૦

સાઠ લાખની પુંજીમાં શું કરાએ,
સાઠ અબજ તીજોરીમાં ભરીએ;
ત્યારે શાન્તિ કાક દીલ માહી ધરીએ.—ગુરૂરાજ૦
મોતી માણેક ને સોનું સંઘરશું,
વેપાર તો હીરાનો અન્યદેશ કરશું;
દેશ વિદેશની લક્ષ્મી લાવી ભરશુ.—ગુરૂરાજ૦
પછી સોનાના નળીઆં છવીશું,
દાળ ભાત સોના થાળમા જમીશું,
કનક પાત્રમા પાણી પણ પીશું.—ગુરૂરાજ૦
હજી આવરદા છે મારી લાબી,
હજી કેડની નમી નથી કાબી;
હાલ વૃદ્ધાવસ્થા નથી આબી.—ગુરૂરાજ૦
જો હું ધર્મને પુન્ય કરવા લાગુ,
તો તો ઘરનો પરિગ્રહ ત્યાગુ,
તેથી ભુંડાઇએ નિત્ય ભીખ માગું.—ગુરૂરાજ૦
પેટ ભરવા કીધા બધા પોથા,
ગમ નહી ને મારે છે સૌ ગોથાં,
એવાં શાને ખાંડુ હું તે થોથાં.—ગુરૂરાજ૦
સેવા અર્ચનમાં વખત શીદ ગાળુ,
ઠાકર મૂર્તિને ભાવથી ન ભાળુ;
નવલી નારીનું મુખ નિત્ય નિહાળું.—ગુરૂરાજ૦
સર્વ સાધનો લક્ષ્મી થકી સુજે,
તેથી અંતરની આપદા ભુજે;
તેને વાપરતાં દીલ મારૂં ધ્રુજે.—ગુરૂરાજ૦

હજી થાશું બે ચાર મીલવાળા,
ત્યારે બાંધવા છે બારસોક માળા:
તેમા ક્યાથા ફેરવીએ માળા.—ગુરૂરાજ૦
ગુરૂ સોનાના ડુંગરા બતાવો,
થઇએ ધનવાન ને લઇએ લ્હાવો;
તો તો અમને અતિશે તમે ભાવો—ગુરૂરાજ૦
હજી કામ જ્ઞાતિના હાથ ધરવા છે,
કેક દુશ્મનને દૂર કરવા છે,
કહો કોની અમારે પરવા છે—ગુરૂરાજ૦
દોઢા બમણા માંડીને દામ દેશું,
કરશું કબજે ઘરબાર તેની લેશું,
એમ લેણાં અનેકના લેશું.—ગુરૂરાજ૦
હજી આભ થડગમા મારે લેવું,
એવાં કામ છે નવસો ને નેવું,
જુઓ ક્યા છે તેમાં ફુરસદ જેવુ.—ગુરૂરાજ૦ "

"એ મારા કાકા નવ ગજના નમસ્કાર તમને! હું હાર્યો અને તમે જીત્યા. આ ભગવાનને ભજવા હોય તો ભજજો, નહીં તો મોટા ધરામાં પડીને મરજો!! મારા બાપ મારા તો લમણા દુખ્યા. આતો બધું પત્થર ઉપર પાણી, ધુળ પર લીંપણ અને ભેંશ આગળ ભાગવત!! કાકાને બે બોલ શીખામણના સંભળાવતાં કાકાએ મારી ત્રણ પેઢી વાંચી માટે છાણના દેવને પાસીઆની આંખો! જય સદ્‌ગુરૂ આ ભવમાં તો સામા મળ્યા પણ ફેરી આવતા ભવમાં ન મળશો મારા બાપ!!" આ પ્રમાણે

થાકી કંટાળી ફાધર વિલિયમ પુરૂષોત્તમ રાયજીની જ્ઞાતિનો પોળનો અને પાડોશના મિત્રનો છોકરો મૂળશંકર જે જરા આકળો, ઉતાવળો બટકબોલો અને સ્પષ્ટવકતા પંડીત કહેવાતો હતો; અને જે ઘણા દીવસથી રાયજીના રંગ ઢંગ જોઇને બળી ઉઠયો હતો, તે આ વખતે રાયજી પાસે આવી ખુબ કકળ્યો, અને કહેવાના ન કહેવાના ઉભરા જેટલા આવ્યા તેટલા તમામ રાયજી આગળ નાના મોઢે હુંકારા ટુંકારાનું ભાન રાખ્યા વગર કાઢી નાંખ્યા. રાયજી ડોસા પણ કાંઇ જેવા તેવા નહોતા; તે પણ જમાનાના ખાધેલ રૂષ્ટ પુષ્ટ માતેલ સાંઢ જેવા હતા. મૂળીઆના બોલ સાંભળી તેમને કાંઇ પણ અસર થઇ નહીં અને ઉલટું મૂળીઆનું હાસ્ય કરી તેને તથા તેના કુટુંબને ઉધડું લેવા માંડયું. છેવટે ઉપદેશ આપતો મૂળીઓ હારી મુઠીઓ વાળી કાનમાં આંગળીઓ ઘાલી ડોસા ઉપર દાંત પીસતો ઘરમાંથી બહાર નીકળી માર્ગગુરૂ થઇ ગયો. ફાધર વિલિયમ રાયજી મૂળીઆના ગયા પછી મનમાં ફુલાવા લાગ્યા, અને જાણે શાસ્ત્રના વાદ વિવાદમાં એક મહાન પંડીતને મહાત કર્યો હોય તેમ હુંપદ ધારી મુંછમાં હસતા હીંચકા ખાવા લાગ્યા. આશરે અર્ધા કલાક સુધી હુંપદના વિચાર તરંગમાં તલ્લીન થઇ છેવટે રાયજી ઉઠયા અને માથે પાઘડી ઘાલી પોતાના એક મિત્ર માધવરામ ફોજદારને મળવા ગયા. આ ફોજદાર સાહેબ પણ આબેહુબ રાયજીના પ્રતિબિંબ રૂપે હતા. હરીના જન તો હરીના જેવા એવા જ રાયજીના મિત્ર ફોજદાર સાહેબ પણ હતા. રાયજીએ ઘણીકવાર ફોજદાર સાહેબનો હાથ ભરાવ્યો હતો; અને એકાદ બે કેસમાં

બંને મિત્રોએ એકત્ર મળીને સારી રીતે પેટને ઠંડુ કર્યું હતું. રાયજી જે કાંઇ કાર્ય ફોજદાર સાહેબને સોંપતા, તે કાર્ય ફોજદાર સાહેબ ઘણી જ કાળજીથી અને ખંતથી કરતા. કોઇ પણ કાર્યમાં ફોજદાર સાહેબનો હાથ ખાલી રહેતો નહીં; વખતે એકાદ કેસમાં ખાલી જાય તો બીજા કેસમાં બમણો તમણો હાથ ભરાતો અને માલ મલીદો મળતો; આ પ્રમાણે ફોજદાર સાહેબની જબરી ઓથથી અને સ્હાયતાથી રાયજી એક ધારાશાસ્ત્રી વકીલ બારીષ્ટરના જેટલો દમામ રાખતા; અને ફોજદારી કોર્ટના એક બાંકેખાં ખેરખાં થઇને ફરતા. જે કાંઇ રાયજીની હડીમાં ચડતું તેને રાયજી સારી રીતે નીચોવી લેતા હતા. ફોજદાર સાહેબને અંગે રાયજીના જીલ્લાનું પોલીસખાતું પણ રાયજીને સારી રીતે માન આપતું અને તહેનાત ઉઠાવતું. પ્રસંગોપાત રાયજી પણ પોલીસને ચેરી મેરી ચાંપી પ્રસન્ન કરી કાર્ય સાધી લેતા હતા. પોલીસના પાસ અને ફોજદાર સાહેબની હાશથી રાયજી ધોળે દીવસે હકુમત ચલાવી ધારે તેને એકવાર લોઢાના ચણા ચવરાવી દેતા હતા. કાજીને હાજીથી રાજી રાખવાની વિદ્યા રાયજી સારી રીતે શીખ્યા હતા; એટલે જમાનામાં તે ઉઘાડા પડતા નહીં; વખતે કોઇ પણ પ્રકારની ન્યુનતા દૃષ્ટીગોચર થતી તો તરતજ ફોજદાર સાહેબ ચાનક ભરી સુચના આપી રાયજીની ખામીને સુધારી ખુબીમાં ફેરવી દેતા હતા. આત્મસ્તુતિ ખુશામત ચા જી જી કહી રાજી કરવાની મોહની રાયજી પાસે એવી તો જબરી હતી કે એકવાર ભલભલા અધિકારી અમલદારની કડવાશને મીઠાશમાં મેળવી લેતા હતા. ગમે તેવા કઠ્ઠ ખોપરી

વાળાને ગોળ જેવો નરમ બનાવી દેતા હતા. વાર તહેવારે નાતાલ દીવાળીના પ્રસંગે ફળફળાદીના કંડીઆ, જામનગરીના પકવાનની વાનીઓ, દારૂખાનું અને બીજી ફેન્સી ફરનીચરની ભેઠ સોગાતો મોકલી અમલદાર વર્ગની કૃપાને પાત્ર થતા હતા. યુરોપીયન અધિકારી વર્ગને ગાડી ઘોડા બ્રુમ વિકટોરીઆ વગેરે જે કાંઇ હરવા ફરવાનાં અને આનંદ વિલાસનાં સાહીત્યની જરૂરીઆત જણાય તે તમામ પુરી પાડી જેન્ટલમેનમાં ભળી જેન્ટીલીટીને ગ્રહણ કરી જમાનાના રંગમાં ભળી જતા હતા. જેણે સમો સાધ્યો તેણે સર્વ સાધ્યું એ પ્રમાણે 'એસાકુ મીલા તેસા અને તેસાકુ મીલા તઇ એ તોને મીલકે સાથે તતુરી બજાઇ' એ પ્રમાણે માધવરામ ફોજદાર અને રાયજી ફાધર વિલિયમની જોડીએ રાયજીના જીલ્લાની તમામ ખોડ ભાગી હતી. જ્યારે રાયજીના મનમાં કોઇ પણ કાર્યની વાત કરવાનો ડુંમો ભરાતો હતો ત્યારે તરત તે માધવરામ પાસે જતા અને વાત કરી હૃદય ખાલી કરતા હતા. અત્યાર સુધી રાયજીએ જે જે કાંઇ સુધારાનાં પુનઃર્લગ્નનાં અને અન્ય વિવાહાદીકનાં કાર્યો કર્યા હતાં, તે તમામ કાર્યમાં માધવરામની અનુમતિ સમાએલી દૃશ્યમાન થતી હતી. આ વખતે રાયજીના મનમાં પાછળથી મૂળીઆના ગયા પછી કુંદન સંબંધી કાંક અસર થવાથી તેને વાસ્ને શું કરવું તેની સલાહ લેવા સારૂ રાયજી ફોજદાર સાહેબને ઘેર આવ્યા.

"આવો રાયજી પધારો, આ વખતે તમારાં પગલાં ક્યાંથી?"

"સાહેબ જાણો છોને કે 'ભૂતનું ઠેકાણું આંબલી' તેમ રાયજીને વાત કરવાનો વિસામો માધવરામભાઇ!"

" વાહરે રાયજી વાહ, તમે પણ ઠંડી કરવામાં જબરા છો. યાર તમારી રાત્રે કોઇ જન્મ્યું જણાતું નથી."

" એ બધો આપ જેવા સન્મિત્રનો પ્રતાપ છે."

" કહો શેવકને કાંઇ સેવા !"

સેવામાં એજ કે આ મિત્રને હરદમ આપની મહેરબાનીના મેવા આપવા."

" સાહેબ સર્વદા હું તો તમારો જ છું."

" એ મારાં ધન્ય ભાગ્ય છે."

" કહો શો હુકમ છે?"

" આ સાળુ કુંદનનું કરવું શું? તેની વાત આજ કાલ શહેરમાં બહુજ ચર્ચાય છે, એ છોકરી જ ભાર લગની છે. આ કાંઇ તેના વિવાહની વાત કાઢી કે તરતજ કોણ જાણે કયાંથીએ વિઘ્ન આવે છે, તેની કાંઇ સૂજ પડતી નથી. આ ચાર છોકરીઓનાં લગ્ન સપાટાબંધ કરી નાંખ્યાં, અને આ પાંચમીથી તો હું બહુ જ કંટાળ્યો; વાસ્તવિક રીતે સત્ય કહું તો મારા હાથ હેઠા પડયા; અને હું સગાં વ્હાલામાં હળવો પડયો. આ ચારનાં લગ્ન કયારે થયાં અને કયાં ગયાં તે તો એક આંખ મીંચામણી જેવો પ્રસંગ વીતી ગયો અને સૌનો ભાર રહી ગયો; પણ આ પાંચમી તો પનોતી નીકળી અને ફજેતીના ચાકડે હું ચઢયો! આ છોકરીની માને ચારની ચોરીમાં પાણીમાં મુઠીઓ ભરાવી કાર્ય કાઢી લીધું; પણ આ વખતના કુંદનના પ્રસંગમાં તો તે કોઇ પણ રીતથી ખોળવાતી નથી. હવે તો સાફ તે ખુલ્લી રીતે મારાથી વિરૂદ્ધ પડી

છોકરીની જોડે વાયરે ચઢી ભાવનગર તેને પીયર ચાલી ગઈ. થોડાક માસ અગાઉ હું ત્યાં ગયો હતો અને તેમને સમજાવી અમદાવાદ લાવવાનો સારી રીતે આડંબર આદર્યો હતો, પણ સર્વ પ્રયત્ન મિથ્યા ગયો ; અને સાળાના હુંકારા ટુંકારા ખાઈ વીલે મોંઢે પાછા ફરવાનો વખત આવ્યો. મારો સાળો અમીધર બહુ માથાનો ફરેલ અને પ્રપંચનો ભરેલ છે; વખતે લાગ આવ્યે સમો સાધી હીરાલાલને એકદમ રાતોરાત બોલાવી કુંદનનો હાથમેળાવો કરી મારૂં નાક કાપી લે તો મારે અફીણ ખાઇ મરવાનો વખત આવે. મારે અને તેને જબરી ઝપાઝપી અને ઘણુંજ બોલવું થયું હતું, તેથી મને ખાસ ડર રહે છે કે રખેને તે કાંઇ નવા જુની કરી મારૂં ઘસી નાખે, માટે ફોજદાર સાહેબ મારી આબરૂ અને ટેક એ સૌ તમારા હાથમાં છે સત્તા આગળ શાણપણ નકામું છે. રાજ અમલ અને પોલીસ સત્તા એતો પ્રભુ પ્રભાવ છે. ફોજદારી એતો ખુદ ખુદાઈ પ્રભુપણું છે. ખુદાના ફીરસ્તા એકવાર પોલીસ આગળ પાણી ભરે છે. ઘડી કેડે ગમે તે થાય, કાલે ભલે કોર્ટમાં ઇન્સાફ થાય પણ એકવાર ધારે તે પળે ફોજદાર ગમે તેવા માતબર અફલાતુન આસામીની ઈજત લઇ નાંખે અને તેને પાણીથી પાતળો કરી જોત જોતામાં કદમમાં શીર નમાવરાવી ખડો કરે, માટે મારા મહેરબાન મારી બાંહ્ય ઝાલી મને મદદ કરો અને સત્વર એ અમીધરનો ગર્વ તોડી કુંદનને મારા ઘરમાં ખડી કરો. મારા મુરબ્બી મારૂં માથું તમારા શીર છે; મારો મોભો અને ડાચાનો આ મોભો તમારા હાથમાં છે ! !" આ પ્રમાણે કહી પેચીલો

રાજખટપટી રાયજી ડોસો એક પળમાં માધવરામ ફોજદારના પગમાં પડી લટપટ ચલાવી કામ કાઢવા મંડયો ! ! !

"અરે હાં હાં રાયજી આ શું કરવા માંડયું ? શું મને તમે ગમાર ગણોછો અગર લાંચીઓ પેસાનો ખાઉધર જાણોછો કે આટલી બધી ભુંગળ વગાડવા માંડી છે ?"

"ના મારા મિત્ર ના, હું તમને મિત્ર ધર્મના મર્મને જાણનાર એક પરમ પવિત્ર નિષ્કામ દોસ્ત સમજુ છું, પણ બન્ધુ હું અત્યારે ગભરાઇ ગયો છુ, મને બોલવા ચાલવાનું બીલકુલ ભાન નથી, મારી નાથ અત્યારે તમારે હાથ છે "

"અરે પણ યાર હીંમત રાખો અને શું કરવું તેની સમજણ પાડો ! ? હું તમારો વેચાણ છું. જેમ કહો તેમ કરવા તૈયાર છું. તમારા કલ્યાણને વાસ્તે જો હું મારી જાતની કે નોકરી સુદ્ધાંતની પરવા રાખતો હોઉ તો આ તમારે ગળે હાથ ! બસ હવે કાંઇ છે ?"

"ધન્ય છે મિત્ર ધન્ય છે તમારા ધર્મને ! બન્ધુ આ વખતે એક એવી પેરવી રચો કે બસ હાથ લીધેલી કોડી મન માગ્યો દાવ પાડી ધારેલી સોગટી મારી બાજી જીતાવી દે !"

"હાં એમ ધીરે રહીને કાર્યની વાત ઉકેલો ત્યારે સમજણ પડેને ! આમ મોઘમ વાત કર્યે શું વળે ?"

"જુઓ મિત્ર આ વખતે મારો વિચાર એવો છે કે આપણે છોકરીને તાબે લેવાનું અર્થાત કુંદનને કબજે કરવાનું વારંટ કઢાવવું; અને એ વારંટ તમારે લઇને મારી સાથે ભાવનગર આવવું અને

ત્યાંના બેલીફ મારફતે બજાવી કુંદનને તાબે લઇ અમાધરનો ગર્વ ઉતારી અમદાવાદ આવવું. આ કાર્ય છે જીવસટ્ટાનું અને જોખમનું એમાં તમને વધારે હદ ઉપરાંત તસ્દી પડશે પણ મારા મિત્ર મારો ટેક એક દુનિયામાં રહી જશે અને તમારો ડંકો થશે. હું તમારો મરતા લગી ઋણી અને દાસ રહીશ; અને વખત આવે છનમ છન્ના કરાવી ઘર ભરી દઈશ સમજ્યા મારા મિત્ર ! ! ”

“ બસ એજ ને, જાઓ કાલ સવારના મેલમાં થાઓ તૈયાર ! જાઓ ઘેર જમી પરવારીને મારી સાથે કોરટમાં આવવા તૈયાર થાઓ. આજ ને આજ સીરસ્તેદાર સાથે મસલત કરી વારંટ કઢાવું અને તમારી સાથે ડીટેકટીવના ડ્રેસમાં સજ થઇ ભાવનગર આવું, પછી કાંઈ અડચણ છે મારા મહેરબાન ? ”

“ વાહ વાહ મિત્ર ત્યારે તો મને જીવતદાન આપ્યું સમજીશ.

“ જાઓ એમાં જીવતદાન કાંઈ નથી પણ ફકત ફરજ છે. તમારૂં મેં ઘણું ખાધું છે; વખત આવ્યે જ્યારે હક નહીં થાય ત્યારે ફોજદારના ઘર કેમ ભરાશે ? આ બધા વૈભવના તાગડધીન્ના શું પગાર ઉપર થાય છે ? નાજી એ સર્વ આપ જેવા સન્મિત્રનાં કાર્ય કરવાનો જ પ્રતાપ છે. માથા સાટે જ માલ મળે છે એવાં તો કઇક ચોકઠાં ઠામ બેસારી દીધાં; જાઓ રાયજી આનંદ કરો. તમે પણ મારે વાસ્તે ખુબ કર્યું છે. હોય એતો અન્યો અન્ય કાર્ય કરવાનો પ્રસંગ છે. ! ! ”

“ ઠયો મહેરબાન ત્યારે હવે હું રજા લઉં છું, જમી કરી બપોરના કોરટમાં આવુ છું. ”

"હા જી પધારો, નિરાંતે ખાઈ પી કોરટમાં આવવા પરવારો ! ! "

આ પ્રમાણે મસલત કરી રાયજી અને ફોજદાર નવી શેતરંજ ખેલવા તૈયાર થયા. રાયજી તાબડતોબ જોર ભર્યા કદમે ઘેર આવ્યા; અને એકદમ નાહી ધોઇ જમી પરવારી અંગરખુ બંડી અને પાઘડી પહેરી તૈયાર થયા. સામે દીવાલ પર આયનો હતો તે હાથમા લીધો અને પોતાનું મો જોવા લાગ્યા. એક હાથમાં જરા દીવેલ અને પાણી લઇ એકત્ર કરી મસળી મો પર લગાવ્યું અને ટુવાલ લઈ મોને ઘસી લુછી સાફ કરી મુછોના આકડા વાળવા લાગ્યા અને થોભીઆને પંપાળવા લાગ્યા અને એક ખુંખારો કરી મુંછે તાર દઇ રોફમાં છાતી કાઢી એકદમ ઉભા થઇ ઘર બહાર આવી શુકન જોવા લાગ્યા; એટલામાં સામેથી ગાય આવતી જણાઈ, એટલે એકદમ ઉમંગભેર ચાલવા માડયું; તેની જોડેના ઘરમાંથી પણ એક રાંડીરાંડ નીકળી સીધી સટ ચાલી ગઇ. રાયજી જરાક ખંચવાણા પણ ગાય અને રાંડીરાડ બંનેના સાથે શુકન થયા તેથી હર્ષ અને શોક સાથે ઉદ્ભવશે એમ માની મનમાં બડબડતા રસ્તો કાપવા લાગ્યા. 'આટો કુટો ઘી ઘડો છુટા કેશે નાર, વગર ટીલાનો વિપ્ર મળે તો નિશ્ચે ખુટયો કાળ' કહી મનનું સમાધાન કરી રસ્તે પડયા. આશરે અધા કલાકમાં ફોજદારી કોરટમાં ગયા અને માધવરામ ફોજદારને મળ્યા. ફોજદારે રાયજીને સ્નેહથી બોલાવી સન્માન કરી ખુરશી નંખાવી બેસાડયા. સિપાઇ પાસે ચાહનો કપ મંગાવ્યો અને રાયજીને આપ્યો તથા પાન મંગાવી આદરમાન

કર્યું. રાયજી પણ ચાહ પાનના માનથી અને તે વળી રાજસત્તા ભોગવતા ફોજદારના હાથના માનથી મનમાં મકલાઇ ગયા અને એક મોટું રાજમાન મળ્યું સમજી ઓફીસના રંગ ઢંગ જોવા લાગ્યા. આ વખતે તેમને સરકાર દરબાર અને ઘરબારનો બરાબર અનુભવ થવા લાગ્યો. ઓળખાણ પાળખાણથી વગસગથી અને કાંકરાની માફક પૈસા વેરવાથી અદાલતની અંદર ન્યાય અન્યાય કેવી રીતે વ્હેંચાય છે તેનો અચ્છો ખ્યાલ આવવા લાગ્યો. સાક્ષી પુરાવા અને બારોશ વકીલ બારીષ્ટરોની યુક્તિથી ઘડી ઘડીમા જુઠાનું સાચુ અને સાચાનું જુઠુ કેવી રીતે થાય છે તે પણ સારી રીતે જાવાનો વખત મળ્યો. સગા વ્હાલાં અને માયા મ્હોબતવાળા મિત્રોની સાક્ષીના પાંજરામાં કેવી છાતી ચાલે છે તથા કેટલે દરજ્જે અસીલોનાં કામ થાય છે તે પણ જાવાનું મળી આવ્યું. અદાલતોના અજબ તમાસા જોઇ રાયજીના મનમાંથી ધીમા ધીમા ઉદ્ગાર નીકળવા લાગ્યાઃ—

* * * *

“ વાદી પ્રતિવાદી બંને વાદીને દ્રવ્યાદિવાળા,
વકિલ બારીષ્ટર લાવે આરો કેમ આદિયે.
માફી ઇન્સાફી પણું એકે કદી અપાવે ન,
બારીખાવા તણુ મળ્યું બેસી ગજ ગાદીએ.
કાયદો ન જાણે કાંઇ વાયદો મુદતનો દે,
ફેંસલે શો ફાયદો તે રાજી થૈ રજા દીએ;
કહે હરદાન હકે ચાલે ન બે છક્કા ફરે,
મક્કાના છે માજી કાજી ધર્મને ધક્કા દીયે.

આજ કલીરાજ માંહી રાજના સમાજ માંહી,
કોરટોના કાજ માંહી કેસ માર્યા જાય છે;
ખુટલ કામોરા ખુની ખુટડા વધ્યા છે ખુબ,
ખલકની રાક ગાય તણા ખડ ખાય છે.
હાય હાય ત્રાય ત્રાય આતે ન્યાય થાય છે કે,
ધનહીન ગરીબોની પત્તર ખમાય છે;
ન્યાય મરી ગયો નક્કી વખત નાતરે ગયા,
હરદાન જમાનો તો આવો દરશાય છે. ”

જોતજોતામાં માધવરામ ફોજદાર સાહેબ કામકાજથી પરવારી રાયજીને સાથે લઇ બીજા અધિકારી સાથે કાંક છાની માની મસલત કરી વારંટ કઢાવી લીધું અને પોને રજા મંજુર કરાવી ડીટેકટીવના લેબાશમાં રાયજી જોડે ભાવનગર જવા તૈયાર થયા. રાયજી અને ફોજદાર સાહેબ બંને જણા કોરટના બરખાસ્ત ટાઇમે ઘેર જવા નીકળ્યા. રસ્તામાં ફોજદાર સાહેબ રાયજીને વાતચીતમાં પોતાની કાબેલીયત અને હુંશિયારી દાખવવા લાગ્યા.

“ કેમ રાયજી સાહેબ જોયાં કોરટનાં કામકાજ ? ”

“ હા સાહેબ જોયાં આજતો ધરાઇ ધરાઇને જોયાં ! ! ”

“ છે કાંઇ વિદ્વતાનું કામ ? મારા મહેરબાન, માણસ પારખતાં સમો સાધતાં અને જીભની મીઠાશ વાપરતાં આવડયું એટલે તરતજ અધિકારમાં આગળ વધ્યા. જો ખાલી ઠાંસમાં રહ્યા અને પ્રમાણિકતાના પુંછડાને વળગી રહ્યા તો તો ખરેખર ખર બન્યા સમજવા. રાત દીવસ જીભની મીઠાશથી અને લોહાના

હાંટીયા કરી ઉપરી અમલદાર અધિકારી વર્ગનાં કામકાજ કરવાથી મહેરબાની પ્રાપ્ત કરી શકાય છે; અને જ્યાં મહેરબાની મળી એટલે તરતજ મહેર બાવાની થઈ; અર્થાત તરતજ હોદ્દામાં આગળ વધ્યા અને સાહેબને ગમ્યા જાણવા, સમજ્યા કે મારા રાયજી શેડીઆ ?"

"હાજી બધું સમજ્યો, મારૂ બેટું બધે પોલંપોલા ચાલ્યા જ કરે છે. બધે ખટપટના હોલા જ પોલાણુની હવામા ઉડયા કરે છે, કહ્યું છે કે--

* * * *

" વાસ વધ્યો શત કાતળીનો પણ પ્રગટ છે માહી પોલમ પોલા,
ચાડીયાને મુખ વાત ચઢી છુપી ચાર પહોરમા ચોળમ ચોળા;
બિખ્ખારીને અધિકાર મળ્યો પણ છાકી છટેલનો છોલમ છોલા,
પામે ભલે અધિકાર પરાક્રમ તો પણ કાળુ તે કાળમ કોળા. ૧
મશ્કરા મશ્કરી નહીં તજે કદી બાઝી મરો મર બોલમ બોલા,
સ્વારથીયુ સત્ય દોસ્તી સજે નહીં પોસ્ની તજે નહીં ઝોલમ ઝોલા;
નિર્લજ મુરખ મસ્તી તજે નહીં ધાક રખી દીયો ધોલમ ધોલા,
શંખીણી નારી જુગારોકી યારી છીનારોકી ઇજત પોલમ પોલા. ૨
શ્વાનની પુંછડી સુમતણું દ્રવ્ય ત્યો ગણિકા પુત્ર રૂપ અમોલા,
તાડની છાય રૂ કલથીકો ખેતર વિંછણુ વેતર નેતર પોલા,
એદીની સાહ્યબી કેદીનકો સુખ માલ ચોરી તપ બે દિન ઝોલા,
વારણુ દેખ ભસે બિન કારણુ ધારણુ ધુડની તોલમ તોલા. ૩ "

"યાર રાયજી તમે પણુ ખુબ પોકેલી માયા છો, તમારા મુખમાં પણ જાદુ છે. એક એક શબ્દ તમારો લાખ રૂપીઆનો

નીકળે છે, તમે ગમે તેના પર એક નિમિષમાં ધારી અસર કરી શકો છો.”

“એ બધું તમારા જેવા સ્નેહીનું પુન્ય છે. જ્યાં જીગરના જાણુ છે ત્યાંજ સ્નેહની જીઆન છે, બાકી જાફરાનકી કહર ગદ્ધીયા કયા કરત હે એવો ઘાટ છે.”

“ચાલો સમય આવેજ સ્નેહીની પરિક્ષા થાય છે. વિપત્તિ એજ પ્રીતિની વિભુની છે.”

“હાજી એમા કાંઇ શક નથી. જાત ઉપર જ ભાત પડે છે. સંકટમાં જ દીલની કસોટી થાય છે.”

“હ્યો રાયજી ત્યારે કાલ સવારે થાઓ તૈયાર! મેલમાં પરમાત્માનુ નામ દઇ આપણે ભાવનગર રવાના થઇ જઇએ. સવારે બારોબાર હુ તમને સ્ટેશન પર મળીશ. તમે તરત પરવારી હુશિયારી રાખી પ્રભાતના પહોરમા સ્ટેશન પર મારી રાહ જોજો.” આ પ્રમાણે વિનોદ વાર્તા કરી રાયજી અને ફોજદાર જુદા પડયા. રાયજી ઘેર ગયા અને વાળુ કર્યું અને ઝટ સવારની તૈયારી કરી પથારીમા આડા થયા. આખી રાત તેમને બીલકુલ નિંદ્રા ન આવી. માંડ માંડ રાત પડખાં ઘસી ઘસીને વિચારમાળામાં અને સ્વપ્નાવસ્થામા વિતાવી રાતના ચાર વાગતામાં તો તરત ઉઠયા, ઝાડે ઝપટે જઇ દાતણપાણી કરી જલ્દીથી ન્હાઇ ધોઇ પરવારી ગયા. અધીરાઇ અને આતુરતાએ તેમને ઘડી પણ જંપ વળવા ન દીધો, સવારના છ થતાં સુધીમાં તો રાયજી તરત ઘર બહાર નીકળી માધવરામ ફોજદારને ઘેર જઇ પહોંચ્યા, અને તેમને સાંકળ ઠોકી જગાડી ઝટ તૈયાર કર્યા. માધીઆ અને

ડોળાઆ બેની જોડી ચાહ પાણી પી ભાડાની ગાડી કરી સ્ટેશન ભણી વળી; મેલનો ટાઇમ થતાં બંને જણા ટીકીટ ખરીદ કરી ગુજરાત મેલમાં ભાવનગર તરફ રવાના થયા. ફુફાટા મારતો મેલ નિર્માણ કરેલ ટાઇમે ભાવનગર જઇ પહોંચ્યો. માધવરામ રાયજીને લઇ પોતાના મિત્રને ત્યાં ભાવનગરમાં રાત રહ્યા. બીજે દીવસે સવાર થતાં રાયજી અને માધવરામ બંને નિત્યકર્મથી ન્હાઇ ધોઇ જમી પરવારી દરબારી કોરટમાં બેલીફ પાસે ગયા, ત્યાં તેમને હીરાલાલ અને કુંદનના લગનના અકસ્માતના ખબર પડી. જાન લઇ આવતો હીરાલાલ અમરગઢના દરબારી રસાલા સહીત વહાણ ભાગવાથી ભર દરીયામાં ડુબી મુઓ અને કન્યા કુંદન ત્રીજા માળના ઝરૂખેથી ઉથલી પડી અને ભયંકર જીવલેણ અકસ્માતનો ભોગ થઇ માંદગીને બીછાને પડી છે. આ ખબર સાંભળતાં રાયજી અને માધવરામ બંને પારાવાર દીલગીરીમાં પડી દીગમૂઢ થઇ ગયા. હીરાલાલ ડુબી મુઓ સાંભળી રાયજી કાંક મનમાં રાજી થયા પણ કુંદન મરવા પડી સાંભળી તેમના હોશ કોશ ઉડી ગયા. બને જણા છાનામાના દરબારી કોર્ટમાંથી સમન કઢાવ્યા સિવાય ઘેર આવ્યા અને બપોરે અમીધરને ત્યાં કુંદનને જોવા જવાનો નિશ્ચય કરી ગંભીર વિચારમાં ગરકાવ થઇ ગયા.

આ બાજુ આનંદમાં આંસુ, લગ્નમાં વિઘ્ન અને રંગમાં ભંગ અનુસાર વિધી સોનારથી વ્યવહારીક વન્હીમાં વિશુદ્ધ થતી કુંદન વિરહ સંસારમાં ગોખમાંથી ઉથલી ચોકમાં પટકાઇ માંદગીને આધીન થઇ પથારીમાં પડી છે. નયનનું નીર હૈયાનું હીર

જીવનનો મણી કુંદનનો હીરો હીરાલાલ જાનમાંથી બેજાન બની મહાસાગરનાં મસ્ત મોજાંના ભયંકર પંજામાં બેભાન બની સપડાયો છે. અત્યારે કુંદન ગંભીર માંદગીમાં આવી રહી છે. વારે વારે મૂર્છીત થતી જાય છે. મામાની સંભાળ ભરી વૈદક સારવાર હોવા છતાં પણ કુંદનની તબીયત અતિશય લથડતી જાય છે. દવા દારૂના પ્રભાવથી તેની તબીયત કાંક કાંક સુધરે છે તો તરતજ હીરાલાલનું શું થયુ હશે, તેના ગંભીર વિચાર તરંગમાં મન પર વધારે અસર થઇ કુંદન વાર વાર બેશુદ્ધ બની નબળાઇમાં આવતી જાય છે. કુંદનના ગંભીર મંદવાડને અંગે મામા પણ દરબારમાં નિયમિત જઈ શકતા નથી. મામાનો ઘણો ખરો વખત સગા સંબંધીઓના તારના અને કાગળના પ્રત્યુત્તરો પાઠવવામાંજ જાય છે. પંદર પંદર દિવસના અખંડ ઉજાગરાથી મામા અને મામાનું આખુ કુટુંબ તન્દુરસ્તીમાં લથડી પડયુ છે. રાજકારભારનો ભાર, લગ્નમા વિધ્ન અને રાયજી તથા સગા વ્હાલાઓના ઠપકાના મોંઘમ મારથી મામા તદ્દન લાચાર નિરાધાર અને પરવશ પડી ઓશિયાળા બની ગયા છે. દુનિયામા શું મોં લઇને ફરવું તેનો એક જબરો વિચાર થઇ પડયો છે. અત્યારે મધ્યાન સમય વ્યતીત થવા આવ્યો છે. પથારીમાં કુંદન અર્ધ નિંદ્રાવસ્થામાં આવી વિચાર તરંગમાં તદ્દલીન થઈ સુતેલી છે. પાસે પડખામાં મામી મહાલક્ષ્મી અને બ્હેન ગોમતી આડી થઈને પડેલ છે. જોડેના ખંડમાં ગાદી પર મામા અમીચંદ લમણે હાથ દઇ તકીઆને અઢેલી સૂતેલ છે. ગૃહ કાર્યમાં માતા મણીલક્ષ્મી દાસદાસીને ઠપકો કરી આખા કુટુંબને હીંમત આપતાં

ગુંથાએલ છે. રાજદરબારી કાર્યમાં પુત્ર મણીધર પ્રસંગોપાત કુમક કરી પિતાને સ્હાયતા આપી રહેલ છે. ગોદાવરી ભાભી ઓસડ વેસડની તરખડ કરી મણીલક્ષ્મી માતાને મદદ કરી સાસુ નણંદનો ભાર કાંક કાંક ઓછો કરે છે. આવી રીતે મામાને ઘેર કુદરતનો મામલો મચી રહ્યો છે. કુંદનના મગજમાં અજબ તરેહની વિચારમાળા ચાલી રહેલ છે. તેની પ્રકૃતિ એવી તો વિચિત્ર બની ગઈ છે કે સારા સારા વૈદોથી પણ તેના મંદવાડનું યોગ્ય નિદાન થઇ શકતું નથી. તેના માથામાં પડેલ ઘા ઘણાખરા રૂઝાઇ ગયા છે; અને એકાદ બે પાક ઉપર ચઢેલ છે ઘાના પાક-વાથી વખતો વખત જ્વર આવી જાય છે. બરડામાં પછડાવાથી થએલ મૂઢ મારથી બાઝેલ લોહીની ગાંઠો કેટલાક વીખરાઇ ગઇ છે, અને કેટલીક ગંઠાઇ ગઇ છે, અને એકાદ બે ઔષધના ઉપ-ચારથી પાકી ગઇ છે. ઘડીકમાં કુંદન ઉંઘે છે તો ઘડીકમાં જાગે છે, ઘડીકમાં લવારી કરે છે તો ઘડીકમાં જડ સમાન પડી રહે છે, અર્થાત આવી અજબ દશાના રંગમાં કુંદન રંગાએલ છે. અત્યારે કુંદન જરા જાગૃત થઇ આંખ ઉઘાડી પડી રહેલ છે. ગોદાવરીભાભી કુંદનને મીઠી મીઠી વાતો કરી મંદ મંદ જરા તરા હાસ્ય કરાવી રહેલ છે. આજ કુંદન પણ કાંક રહેજ સાજ ઉમંગમાં આવેલ છે; ઘણાજ ધીમે સાદે અંતરગાન લલકારવું શરૂ કરેલ છે.

*　　*　　*　　*

" સાચું કહું છું શાણીરે, આ ટાણા તારે કામનાં હોજી;
ભાગ્યે રહેશે ભાણુંરે, આ આણું આવ્યાં રામના હોજી.

ઉદરમા આરાધતો હરી હરી હરનીશ,
બહાર પડ્યો બુદ્ધિ ગઈ નાશી, સુઝી ન એકે દીશ.
ખાઇ લે ખાસાં ખાણાંરે, આ ટાણાં તારે કામના હોજી—૦
પળમા આવ્યા પળમા જવું, પળનો નહિ વિશ્વાસ.
આશા તૃષ્ણા અને તારી, સાથે બળશે ખાસ
લઇ લેને આ લ્હાણાંરે આ આણાં આવ્યા રામના હોજી—૦
આશા ભર્યો તું આવીયો, સામા પડ્યા શા અહીં
ફેરો ફોગટ આ થશે, સમજ સમજ મન માંહી.
ગાઇ લે ગોવિંદ ગાણાંરે, આ ટાણાં તારે કામના હોજી—૦
વણ મુલ્યે વેચાય છે, અમુલ્ય આ હરી ચીજ,
લઇ લે લાગ ફરી નહિ આવે, ક્યાં તેરશ ને તીજ
પાછળ મિથ્યા બ્હાનાંરે, આ આણાં આવ્યા રામના હોજી.
નહિ એમ ત્યાં નાણાંરે, આ ટાણાં તારે કામના હોજી'

"ઓહો બ્હેન આજ તો ગાવા માંડ્યું! સોનાનો સૂરજ ઉગ્યો!!"

"ભાભી આજ કાંઇ તબીયતને વધુ આરામ જણાય છે"

"બ્હેન ઈશ્વર એનાથી પણ અધિક આરામ કરે."

"ભાભી પછી કાંઇ જાનના સમાચાર જાણવામાં આવ્યા."

"બ્હેન એ બધી લલુપતા હવે જવા દ્યો, ડાક્ટરે તમને સમુળગી બોલવાની જ ના પાડી છે તે ખાસ ધ્યાનમાં રાખો."

"ભાભી બા ક્યાં ગયાં? મારી પાસે તેમને બોલાવ?"

"બેટા કુંદન આ રહી, કેમ મારૂં શું કામ છે?"

"બા આજ તો મને ઠીક છે, મારી પાસે તું કેમ બેસતી નથી?"

"બ્હેન ધીમે ધીમે બધુ મટી જશે હોં, મારી લાડકી જરા પણ ગભરાઇશ નહીં"

"બા મારા બાપુનો કાંઈ કાગળ આવ્યો? તેમને મારા મંદવાડની ખબર પડી છે કે નહીં?"

"બ્હેન એમનો જો કાગળ આવે એવો વકી હોય તો આપણે અહીં કયાંથી રહીએ?"

"બા, મારા બાપુને કોઇ દીવસ પણ મારી દયા નહી આવે? સદાએ એ એવાને એવા જ રહેશે? વખત આવે લીંબોળી પણ મીઠી થાય છે!!"

"કુંદન જાતિ સ્વભાવ કદી બદલાતો જ નથી. દુનિયામાં બધાનું ઓસડ છે પણ સ્વભાવનું ઓસડ નથી. મનનું ધણી દુનિયામાં કોઇ નથી, મનનો ગુરૂ મન છે, મનોબળ મહા બળ વાન ચીજ છે."

"બા, આટલા આટલા ખત્તા ખાધા તો પણ મારા બાપુને કાંઇ પણ અસર થતી નથી એનું શું કારણ? દુનિયામાં કહેવત છે કે મનુષ્યને માથે જ્યારે વધારે વીતે ત્યારે તે વધારે ઘડાય અને વધારે ડાહ્યું થાય અને આ તો એ ભગવાન એના એજ રહે છે!!"

"બ્હેન સંસ્કાર બળ વધારે બળવાન છે. સંસ્કારમાંથી

વિચાર પ્રગટ થાય છે, વિચારમાંથી આચાર પ્રગટ થાય છે; આચારમાંથી વ્યવહાર પ્રગટ થાય છે, અને વ્યવહારમાંથી સુખ પ્રગટ થાય છે, માટે માનવજીવનની ઉન્નતિને વાસ્તે ઉચ્ચ સંસ્કારની સારી અને મુખ્ય જરૂર રહે છે."

"ખરી વાત છે, પ્રકૃતિ અને જાતી સ્વભાવ સુધરવા એ ઇશ્વરી સત્તાનું કાર્ય છે; કેમકે:-

*　　*　　*　　*

"ગર્ધવ ગાય નં થાય કદી ભર તેડી સદા સુરભી નવરાવો,
ખ્યાલ કર્યે વિખ વ્યાલ તજે નહિ સાકર દૂધ ભલે ખવરાવો;
હોય કદા ગુણકા ન સતિ અતિ ગોવિંદ ગીત સદા ગવરાવો,
પ્રાણ ગયે પ્રકૃતિ નવ જાવત ક્રોડ ઉપાય કરી કવરાવો
કાયર શુર કદાર બને નહિ જો કદી ધાય થકી લવરાવો,
કાળી જીરી કડવી ન લગે કદિ ચાર તોલા ઊંટને ચવરાવો,
ચંડી પ્રસાદ ન દંડી લહે કદિ જવાર કરીને ભલે જવરાવો,
પ્રાણ ગયે પ્રકૃતિ નવ જાવત ક્રોડ ઉપાય કરી કવરાવો.

"બ્હેન મનુષ્યના મગજના વિચારનાં વાતાવરણો જ્યારે જ્યારે મનુષ્યની અવસ્થા બદલાતી જાય છે, ત્યારે ત્યારે તેને બદલાવાનો વખત મળે છે, પણ જો મનુષ્ય તે પ્રસંગે જ્ઞાનના અને નમ્રતાના ઘરમાં હોય છે તો જ વિચારમાળા ફેરવાઇ જાય છે; નહીં તો મદાંધપણામાં ઉલટી રીતે વધારે વિપરીતપણાને પામે છે. સંગતની રંગત લાગતાં જાતિસ્વભાવની જે ભૂમિકા બંધાય છે, તેજ ભૂમિકા મનુષ્ય માત્રને મરતાં જીવતાં સુધી સારી

યા નરઆી કાયમ રહે છે. જ્યારે કેવળ ઇશ્વરની દયા જ મનુષ્યપર ઉતરે છે ત્યારે જ તે સંગતિ દોષથી વિમુક્ત થઇ વિશુદ્ધતાને પામે છે; નહીં તોઃ—

*　　　*　　　*　　　*

" પીતળનું કદિ થાય ન કંચન જો અતિ તાપ દઇ તવરાવો,
એશ બને બંગલો નકદિ મર છાપરી શીશીંગથી છવરાવો;
ક્રોડ દિયે ન કપુર બને મર પ્યાજને અમૃતથી પવરાવો,
હાફ્સ જાતિ સ્વભાવ ન જાવત ક્રોડ ઉપાય કરો કવરાવો.
ગોલી ગરાસણી કેદી બને નહીં રાજરીતિ બહુ શિખવરાવો,
ભાગ્ય વિના ભિડ ભાગે નહિ મર ભૂપ ઉદારને ભેટવરાવો,
દુષ્ટ દવેશ ન લેશ તજે વર વેશ કરી ઘર દીખવરાવો,
તોપણ જાતિ સ્વભાવ ન જાવત લાખ ઉપાય જો લિખવરાવો."

" કુંદન બ્હેન હવે જરા આરામ લ્યો, વધારે વાતચિત ન કરશો, નહીંતો મગજમાં પીડા થશે, લમણામાં શુળ આવશે. બ્હેન તમે જરા આઘા પાછાં થાઓ, કુંદનને જંપવા દ્યો."

" મામા હું હવે નહીં બોલું બસ પછી કાંઇ છે ?"

" હા બ્હેન, તને તેથી શાન્તિ વળશે."

" સારૂ મામા;" કહી કુંદને પડખુ ફેરવ્યું અને ઘણાજ ધીમા સ્વરથી હૃદયગાન લલકારવા માંડયુંઃ—

*　　　*　　　*　　　*

" દુઃખી આ દીલની વ્યાધી, અજાણ્યા ઉર શું જાણે ?
ઉપાધી ઉરમાં વાધી, અજાણ્યા ઉર શું જાણે ?

વિતેલા દુખની વાતો, અજાણ્યા ઉર શું જાણે ?
ઘાયલના ઘા તણી ઘાતો, અજાણ્યા ઉર શું જાણે ?
હરીના મનની આગી, અજાણ્યા ઉર શું જાણે ?
ભરી ત્રિભુવનમા માગી, અજાણ્યા ઉર શું જાણે ?
રહે ન્યારો નચાવી જે, અજાણ્યા ઉર શું જાણે ?
રચ્યા ફંદો ફસાવે તે, અજાણ્યા ઉર શું જાણે ?
ધરી માયા તલસાવે જે, અજાણ્યા ઉર શું જાણે ?
લાલચથી જે લલચાવે તે, અજાણ્યા ઉર શું જાણે ?
દીસે નહી અંધ પાણીમા, અજાણ્યા ઉર શું જાણે ?
બતાવે અંત પાણીમા, અજાણ્યા ઉર શું જાણે ?
વિતેલી કહું મને હારી, હૃદય જાણે હરી જાણે.
ત્રિભુવનની ગુણી ન્યારી, હરી માયા હરી જાણે.

"અંતરની પીડા અંતરની શાન્તિ વિના શી રીતે સમે ! મનને નિરખ્યા વિના મનને શી રીતે ગમે ? જે કોઇ આવે તે મારી ખબર પુછે, પણ મારા હીરાનું શું થયું તે કોઇ ન કહે. અરેરે તે તોરણ આવી પાછા ગયા હશે ? વિધીએ મારી અને તેમની જગતમાં આવી રીતે હાંસી કરાવવી ધારી હશે ? હરે હરી તારી માયા પ્રબળ છે, ત્રિભુવન તારી સત્તા અકળ છે. પ્રભુ જે કાંઇ કરે તે સારૂં જ કરે; ત્યારે અધીરા મન તું શું કામ ચિંતા ધરે ? ! હશે એ પાછા ગયા હશે તો પણ એકવાર ફરીથી મામા મારો અને એમનો હાથ મેળવશે. અત્યારે સર્વ કોઇ મારાં શત્રુ થયાં છે હું જે પુછુછું તેનો જવાબ કોઇ આપતાંજ નથી. બધાં મને ઘેલીમાંજ ગણે છે. આડી અવળી વાતો કરી

મને ઉડાવે છે. વૈદોનાં બ્હાનાં બતાવી મને બનાવે છે. મારે હવે શું કરવું, સુખ દુઃખ વારા ફરતી છાંયા કાર્ય વિધીનું એવું ધીરજ ધારી મનને મારી હરી રાખે તેમ રહેવું; સુખ દુઃખ સઘળું સ્હેવું, હરીને કાંઇ ન લેવું દેવું."

આ પ્રમાણે મનના ઉભરા અને વાણી વિનોદ ભરાય છે અને ઠલવાય છે ત્યાં એકાએક રાયજી અને ફોજદાર સાહેબ ડીટેક-ટીવના લેબાસમાં આવીને મામાના ઘરમાં દાખલ થયા. એકદમ રાયજીને આવેલા જોઇ ઘરના સૌ કોઇ ગભરાઇ ગયાં, અને મામાને ખબર પડવાથી મામા પણ પળવાર ચકીત થઇ ગયા; સૌ કોઈ આભા બની ગયા; અને એકી ટસે હવે શું થશે અને રાયજી શું કહેશે તે પ્રસંગ નિહાળવા લાગ્યાં. રાયજી જોડે મેમાન ગૃહસ્થ આવેલ જોઇ બ્રમાંધર મામા આગલી પાછલી વિસારો દઇ વિવેકને યાદ કરી નમ્રતાપૂર્વક આવકારના ઉદ્ગાર કાઢતા રાયજી સમક્ષ આવ્યા

"આવો પધારો પધારો રાયજી પધારો, એકાએક અણ ચિન્તવ્યા અને ખબર સમાચાર આપ્યા વિના તમારાં પગલા ભલાં થયાં ?"

"તમે શું પધારવા જેવું રાખ્યું છે કે અમે તમને ખબર સમાચાર આપી પધારીએ ? શું કરીએ ભાઇ જખમારીએ, આ છોકરી મોંઘમ માર મારે છે અને મોસાળમાં બેઠી બેઠી પત્તર જડે છે ત્યાં શું કરીએ ? ભોગ લાગ્યા મારા કે ભાઇ તમારે ઘેર વગર તેડે આવી આગણામાં મરીએ! કહ્યુંછે કે ચલવો ભલો ન કોશકો ફુહીતા ભલી ન એક, મંગનો ભલો ન બાપકો જો પ્રભુ રાખે ટેક !!"

" રાયજી હવે સમજણના ઘરમાં આવો! આવા અવિચારી શબ્દો ન બોલો! તમે તો મારા માથાના મુગટ કહેવાઓ, પુજ્ય કહેવાઓ, અરે એકવાર મારૂં છત્ર કહેવાઓ!!"

" માટે જ તમે મારૂં માન રાખો છો? મારા મહેરબાન મારી તમે દુનિયામાં ફજેતી કરી, અને નાક કાપવા તૈયાર થયા; પણ પ્રભુએ મારી લાજ રાખી અને તમારા હાથ હેઠા પાડયા! છોકરીનું માલીક કોણ? મા બાપ કે મોસાળીઆં?"

" જે ઉછેરે તે! જે છોકરાનું હીત સાચવે તે છોકરાનો માલીક!"

" જરા શરમાઓ! ઢાંકણીમાં પાણી લઇ ડુબી મરો! આ પરમાત્માએ તમને તાજો પરચો આપ્યો. તમારા પાપે આખા અમરગઢના રાજકુટુંબને પુણ્યું; હવે તો પાંશરા થાઓ, ડાહ્યા બનો!?"

" રાયજી પાપ મારૂં છે કે તમારૂં છે તે પરમાત્મા જાણે છે. અત્યારે આ સમ્બંધ વાદ વિવાદ કરવાનો અને મેંણાં ટુણાં માર-વાનો નથી. કુંદન અત્યારે ગંભીર માંદગીમાં છે. ભલે તમે આવ્યા તો મારા શીર ઉપર છો. બ્હેનની ખબર લઇ ચાલ્યા જાઓ, વધતી ઓછી કે લાંબી ટુંકી કરવાનો અત્યારે પ્રસંગ નથી. વખતને વિચારો, વ્યવહાર દર્શનની કક્ષામાં રહો. શું બોલવું તેનો બોલતા પહેલાં વિચાર કરો, બોલેલા શબ્દો પાછા ફરી ન ફરે; અને નાહક જીંદગીનાં વૈર ઉભાં કરે એ ખાસ યાદ રાખો!"

" અમીધર અમીધર તમે જે કર્યું છે તેને વાસ્તે હું તમને

શું કરૂં ? મારી દાઝ શી રીતે હોલાય તેની મને ગમ પડતી નથી. જાઓ અત્યારે હું ગમ ખાઉછું; અને તમને છચોક જણાવી દઉંછું કે છોકરી અને તેની માને મારી સાથે એકદમ અમદાવાદ રવાના કરો !"

"રાયજી રાયજી પ્રભુને ખાતર તો કાંઇક વિચાર કરો, આ કુંદનની અત્યારે કેવી હાલત છે, તે જરા આંખો ઉઘાડી જુઓ, પછી લઇ જવાને તૈયાર થાઓ."

"બસ હું તમને કહુંછું તેમ તમે જલ્દી કરો. મારે તમારી દલીલ સાંભળવી નથી."

"રાયજી અંતે પસ્તાશો, તમારો દુરાગ્રહ તમને નડશે."

"ભલે જે થવાનું હોય તે થાય પણ હું કુંદનને લઇ ગયા વિના રહીશ નહીં."

"અરે કુંદન તો મરણ પથારી પર સૂતી છે. તેને જરા આરામ થવા દો, પછી લઇ જજો. હવે મારી ના નથી, હમણાં લઇ જવાની હઠ મુકી દો."

"હવે કેમ મુકાય ? હઠ તો હાડ સાથે જડી, હવે એક ઘડી પણ તમારો વિશ્વાસ ન આવે !"

"રાયજી હું તમને કર જોડી કરગરૂં છું કે તમે કુંદનને આરામ થતાં સુધી અહીં રાખો, પછી તમે જેમ કહેશો તેમ કરીશ."

"કુતરૂં એકવાર રોટલો લઇ જાય, ફરી લેવા ન પામે."

"બસ કરો રાયજી બસ કરો, વિનયમાં રહીને વાણી વદો, નહીં તો પરીણામ વિપરીત થશે."

"હાં વિપરીત થશે, જોઉંછું કેવું વિપરીત થાય છે."

"રાયજી તમે સગા છો તો મારા મુરબ્બી છો પણ મુરબ્બી

શેના ? આ ધડના, નહીં નાકના !"

"અમીધર તમારા રાજકારભારનો ભાર અત્યારે નહીં રહે ! દીવાનગીરીનું ડહાપણ વ્યવહારમાં ન ચાલે, દીવાનગીરી તો દરબારમાં શોભે !!"

"રાયજી આ તમારૂં સાસરૂં કહેવાય ! આકરાપણું સાસરામાં ન બતાવાય ! ખોપરીની ખુમારી ઘરમાં ઉતારાય !!"

"એટલે હવે તમે કહેવા શું માગો છો ?"

"કહેવાનું એજ કે જેવા આવ્યા છો તેવા મુંગા મુંગા કુંદનને જોઇ ચાલતા થાઓ, જે કાંઇ ઘટીત હશે તે સૌ વાસ્તવિકપણું સત્યતાથી સમયપર થઇ રહેશે"

અમીધર શું કરૂં કે તું મારો સાળો થાય છે એટલે મારા હાથ હેઠા પડે છે !"

'રાયજી શું કરૂં કે મારા બાપે તમને કુળના પાટલા પર બેસારી પૂજ્યા છે; તમે મારા બનેવી થાઓ છો એટલે મારે તમારૂં બધું સાંભળવું પડે છે !"

"અમીધર સમજી જાઓ !"

"હું સમજેલો જ છું."

"આ સાળા બનેવીનો વ્યવહાર હવે નહીં રહે !"

"રાયજી મોટા છો તે મોટા જ રહો, નાના થવામાં સાર નથી. મોટપણે બંધાયા છો, સંધાયા છો તો મોટપણાને વળગી રહો મોટપણું મુકતાં ભાર ભાગી જશે; લાખનો હીરો પાણી ઉતરતાં રાખનો થશે !!"

"તો આજથી તું મારો સાળો નહીં અને હું તારો બનેવી નહીં."

"ઓ મોટા બોલતાં વિચાર કરો, અગ્નિ સૂર્ય અને પાણી

સમક્ષ વ્યવહાર બંધનથી બંધાએલા બંધનનો ભંગ ન કરો !"

"તો હવે એ બંધન તોડી નાંખો !"

"એ બંધનના બંધથી જ આ વિશ્વનો વ્યવહાર વાસ્તવિક રીતે ચાલ્યો જાય છે."

"અમીધર હવે એક બીજાને નાહી નાખો."

"રાયજી મારા બાપે તમને ઘરબાર વેચી કુળવાનને જોયા અને પગ ધોઇ પહેરામણી આપી કન્યાદાન દીધું અને એ ધીંગા અને ઉંચા સંબંધી શોધ્યા તે શાને વાસ્તે ? એક ઉજળા સંબંધને વાસ્તે, છૈયા છોકરાના રક્ષણની ઢાલને વાસ્તે કે કોક દીવસે કાળી રાત્રે સંકટના સમયમાં છોકરાંના હાથ ઝાલે; જતી આબરૂને અટકાવી ટેકને નભાવી રાખે; બાપ સમાન બનેવીપદ ધારણ કરી ઉભય પક્ષને વડલાની છાંય સમાન શાન્તિ ઉપજાવી ઠારે !' સંસાર ઉનાળાના અંગારને મીઠી વૃષ્ટિ કરી બુઝવી શાન્તિ સુધા વરસાવે ! નહીં કે આમ બંને બાજુથી નકટા થઇ બચકા ભરી સાળાનાં હાડ લોહી ચુસી લે ! બ્હેન ભાણેજાનાં તીર બનેવી કામઠીમાં ચઢાવી સાળાની છાતી ચીરી નાંખે ! વગર તેડાવ્યે બિન અવસરે ન કરવાનાં કામ કરી જમ જેવા જુલમગાર થઇ ઓચીન્તા આંગણે આવી લાંઘવા બેસી સાળાની જાર બાજરી ઉઘરાવી ભાણેજ કોથળા ભરી રસ્તે પડે ! ટાણે ટચકે હરિયા જેવડાં ડાચાં કરી બદામના બની સાળાના ઘરની નાત જાતમાં ટકે ટકે હરાજી કરી આબરૂ લુંટાવે !"

"અમીધર બહુ બોલ્યાથી બગડે, તમારા કહેવાની અસર મને તલમાત્ર થાય એ આશા જ ન રાખશો. તમારાં લાંબાં

ભાષણો અસીલોના ફેંસલામાં શોભે! મારે તો મુદ્દાનું કામ! જ્યાં મુદ્દો ત્યાં જ સંતોષ! કહો હવે છેલ્લીવાર કહુંછું કે કુંદનને મોકલો છો કે નહીં?"

"બસ કુતરાની પુંછડી વાંકી તે વાંકી જ રહેવાની! શિલાના બંધ તેને વાસ્તે નકામા જ થવાના!!"

"અમીધર આજથી હું તમારૂં સ્નાન કરૂં છું ને તમે મારૂં કરી નાંખજો!"

"એ રહેવા દો રાયજી બોલવું રહેવા દો! અંતિમાં મજા નહીં; કજીઆનું મોં કાળું;—

*   *   *   *

"કજીઓ નામ કુવાડા સરખું, તિક્ષણ ધારા વાળું રે;
હરખ વૃક્ષને હણે હમેશાં, કજીઆનું મો કાળુ રે.
વિષમ વૃક્ષ કજીઆનુ કહીએ, વચમા કાંટા વાળું રે;
ઝેર ભરેલા ફળ છે તેના, કજીઆનુ મો કાળું રે.
કજીએ કૌરવનું કુળ છેદ્યું, યાદવ કુળ પરજાળ્યું રે;
લંકાપતિને ક્ષણમા રોળ્યો, કજીઆનું મો કાળું રે.
મનુષ્ય દેહ દુર્લભ પામીને, સુખી થવાને સાર રે.
હળીમળી હેતે સૌ ચાલો, કજીઆનું મોં કાળું રે."

"અમીધર મારૂં માની જાઓ, નહીં તો મારે મારા રૂપ પર જવું પડશે."

"રાયજી બ્હીક બતાવે શરમ ન રહે, બ્હીક કયાં સુધી કે જ્યાં સુધી શરમ છે ત્યાં સુધી; અને શરમ કયાં સુધી કે જ્યાં સુધી આંખ આંખને મળે ત્યાં સુધી; અને આંખ કયાં સુધી કે જ્યાં સુધી બંધન રહે ત્યાં સુધી; અને બંધન કયાં સુધી કે જ્યાં

સુધી સ્નેહ સગાઇ રહે ત્યાં સુધી ! ! હવે તમે સગાઈ તો કાઢી નાંખી છે અને બંધન સ્નાન કરી કાપી નાખ્યું છે, તો પછી મારે તમારા રૂપની શી પરવા ? જાઓ જે થાય તે સુખે કરી લ્યો અને મને મારવો હોય તો આ ઉભો હુ તમારા સામો ! ! ”

“ અમીધરભાઇ, ‘ થોડેસે મીઠા ’ રાયજીની મરજી જ્યારે તમે આટલું બધું સમજાવો છો, છતાં પણ કુંદનને ઘેર લઇ જવાની છે, તો તમારે વચ્ચે આવવાની શી જરૂર છે ? ”

“ માફ કરો મહેરબાન, તમારે વચ્ચે બોલવાની કાંઇ પણ જરૂર નથી ! ”

“ અમીધર રજવાડાની સત્તા અંગ્રેજી અમલમાં નહીં ચાલે તારા સમક્ષ કોણ બોલે છે તેને તું ઓળખે છે ? ”

“ મારે ફક્ત તમને જ ઓળખવાની જરૂર છે. ”

“ હા એમને જ ઓળખવાની જરૂર છે ? ઠીક ત્યારે કુંદનને એમને હવાલે કરો અને મને ઓળખી લ્યો ! ! ” કહેતાંની સાથે જ માધવરામ ફોજદારે ડીટેક્ટીવનો ડ્રેસ ઉતારી નાંખી ફોજદારના અસલ ડ્રેસમાં સજ્જ થઇ ઉભા અને આંખ કાઢી અમીધરને અમલદારી બતાવવા માંડી.

“ મી. અમીધર હું તમને હુકમ કરૂં છું કે કુંદનને તમે રાયજીને સ્વાધિન કરો ! ! ”

“ રાયજી ઇશ્વરને ખાતર તમે તમારા સોબતીને લઇ એક મીનીટમાં મારા મકાનની બહાર જાઓ ! ! ”

“ અમીધર આ વૉરંટની રૂઇએ હું તમારા પર હુકમ કરૂં છું કે કુંદનને જલ્દી અમારે કબજે સોંપો ! ”

“ હું પણ મારા વૉરંટથી તમને હુકમ કરૂં છું કે એકદમ

બહાર જાઓ નહીં તો ખુન કરીશ!" કહેતાંની સાથે તરત જ મામાએ તકીઆ પાછળના સંચમાથી તમંચો બહાર કાઢી ફોજદાર પર તાકયો અને ફોજદારે પણ ઝટ મ્યાનમાંથી સમશેર કાઢી અને મામલો કટાકટનો ખુન પર ચઢી ગયો; એટલામાં ઘરના માણસોએ બૂમ બકોર કરી મૂક્યો અને આડોશીપાડોશી દોડી આવ્યા તથા નોકર ચાકર એકદમ ગભરાતા હથિઆર લઇ ધસી આવ્યા.

"અરે કોઇ દોડો દોડો, ખુન ખુન, બચાવો, ઉગારો!!"

"ચલાવો આપે તેને રામ, થઇ જાઓ સામા!" કહેતાંની સાથે જ એક ગોળીગહાર આરબ નોકરે ફોજદાર પર કર્યો કે ફોજદાર તરત જ સમય સાધી નીચા પડી બહાર ચુકાવ્યો અને નાગી તરવારે પટા ખેલતા આરબ ભણી ધસ્યા, અને આરબને નીચે નાખી છાતી પર સમશેર તાકી ચઢી બેઠા, આસપાસના નોકર વર્ગે મામાના હાથમાથી તમંચો ઝુટાવી લીધો અને ફોજદાર સાહેબની સમશેર પકડી લીધી; અને રાયજીને બે હાથે કમરમાથી પકડી લીધા; રાયજીએ ગાળોનો વરસાદ અમીધર પર વરસાવવા માડયો; અને કુંદનની પથારી આસપાસ એક જંગ મચી રહ્યો; કુંદને કારમી ચીસ પાડી પછાડ ખાધી.

"ઓ પ્રભુ હવે મારી દોરી ખેંચ! આ પાપણીને તારા કદમમાં લઇ લે!!"

"અરે ભગવાન આ જુલ્મ શો?" આ તે "પિતાની તાલમેલ કે સુતાની લે મેલ!!" કહી તમામ અચંબામાં પડી ભયથી કાંપતાં એકી ટસે જોઇ રહ્યાં!!

પ્રકરણ ૨ જું.

સુધારાનો બોલ કે કુધારાનો કોલ

દોહરો.

પર નરંના પાણ્યું સંગે, હેતે કરતી હાસ્ય.
હવા ખાવામાં દોડતી, ઘરમાં ગમે ન વાસ

ચક્ર ફરતું હોય છે ત્યારે જ તે પૂજાય છે, બ્રાહ્મણો પણ જ્યારે ફરતા હોય છે ત્યારે જ તે પૂજાય છે અને રાજા પણ જ્યારે ફરતો હોય છે ત્યારે જ તે પૂજાય છે, પણ જો સ્ત્રી ફરતી હોય છે તો તેનો સત્વર નાશ થાય છે, અર્થાત્ ચક્ર વિપ્ર અને નૃપ એ ફરતાં હોય છે તો જ માન મળે છે, પણ જો સ્ત્રી જે રખડતા ફરતા હોય છે તેને માન મળતું નથી અર્થાત્ ગોરી ગૃહમા જ શોભેછે.

ગાતી ગૃહે ગોવિંદને ગોરી દીપાવે બારણું,
ભાવે ભટકતી હાટમા તે માનીને મોટાપણું;
નાટક નિહાળે નેહથી બેસી પુરૂષની ચેરમાં.
લટકા કરી ખુબ લ્હેરમાં લલના કુદે છે ફેરમા.

સુચીવ વિનાનું રાજ્ય, આયુદ્ધ વિનાનું સૈન્ય, નેત્ર વિનાનું મુખ, વાદળ વિનાની વૃષ્યા, દાન વિનાનો ધનવાન, ઘૃત વિનાનું ભોજન, સ્નેહ વિનાનો મિત્ર, પ્રતાપ વિનાનો રાજા અને ભક્તિ વિનાનો શિષ્ય જેમ વૃથા છે, તેમ અંકુશ વગરની કામની વૃથા છે, આળ પંપાળ છે.

* * * *

" જમાનો તો બદલાયોરે, હલાહલ કળજુગ આવ્યોરે.
જે પ્રમદા પડદે રહેનારી, તે ધરી લેડી પોશાક,
મીસ્તરનો કર ઝાલી બજારે, મ્હાલી રહી છે અથાગ.
અરે આડો આફજ આવ્યોરે—૦

નીતિ રીતી સૌ નેવલે મુકી, ઉર અનીતિ ચ્હાય;
ફેશનબાઇના ફંદે ફસાયા, રંક ને મોટા રાય.
ગાંઠેથી ગર્થ ગુમાવ્યોરે—૦

ચોળી મટીને પોલકા પેઠા, પારસી ડ્રેસ પોપાય;
કુંથ કલાગરી કાન્તા મળે ના, વર વધુ વશ વરતાય.
એ તે વર કે ઘર જોયોરે:—૦

છાયલ છીદરી ગયાં છુપાઇ, ગવનથી ગુલતાન;
ચુડી મટી ચતુરામાં વધ્યું છે, બંગડીબાઇનું માન.
કાને એરીંગ અડાયોરે:—૦

બારીક વસ્ત્ર વપુએ ધારી, નારી હૈયે હરખાય;
અંગ તમામ દેખાઇ જ આવે, સુજ્ઞ જોઇ શરમાય.
ગુણકાનો વેશ બનાવ્યોરે:—૦

રાંડી તો ઘર માંડી બેઠી, માડી બાંધી પર પ્યાર;
ભક્તાણી થઇ દેવમંદિરમાં કરે છે વ્યભિચાર.
પતિવ્રતાનો પાર જ આવ્યોરે:—૦

પાન ખાઇ પીચકારી મારે, રાખે મુખડું લાલ;
બારીએ બેઠી નારી એ બોલે, બોલ મુખથી બેતાલ.
મલાજો છેક મુકાયોરે·—૦

લાયક ઉમ્મરની લલના કદી, વૈધવ્યતાને થાય;
પુનર્લગ્ન કરવા તેનું, શાસ્ત્રથી મૂકી માઝાય.
પત્રે ઢંઢેરો પીટાવ્યોરે—૦

બાળા વરસે બાર જ કેરી, બાળકીમા જ લેખાય;
જે રમી રાજી થતી ઢીંગલીઓ, તે ગર્ભવતી થાય.
સારો દી જાય કહાયોરે—૦

*　　*　　*　　*

" નારી પર ઘર જાઈ જો અરે ભલો નહીં માન,
જો ઘર રહે નિદાન સો ચાલ ઢાલ પહિચાન,
ચાલ ઢાલ પહિચાન બહુરિ ઉત્પાત ન હોઇ,
જો કુછ લાગે દોષ અરે સુન આંત રોઇ.
કહે ગીરધર કવિરાય સમય પર દેત હૈ ગારી,
મરે પુરૂષ જિય જાન જબે પર ઘર ગઇ નારી. "

સંધ્યા ખતમ થવાની તૈયારીમાં છે. ચંદ્રરજની આછી આછી રીતે અવની પર પથરાતી જાય છે અલબેલાં યુવક યુવતીઓને કાંક અજવાળતી જાય છે. મોહન મંદીરીએ જતી મોહક સુબાળાઓ સોહીયામાં કુંડીયાં વાળી વાળી મંદ મંદ હાસ્ય કરતી

પાપણુ પલકાવતી અને ભ્રકુટીથી મોહની ભૂરકી વેરતી વેરતી રસ્તા પર દૃષ્ટીગોચર થાય છે. નવયુવાન ગૃહસ્થનાં બાળકો ઝીણા સફેદ ચાદની જેવાં ધોતીયાં પહેરી ઉપર શરગતી મલમલનાં ઝીણાં પહેરણુ અને તે પર વેનીશીયનના વેસ્ટકોટ ચઢાવી રસ્તા પર આમ તેમ હરતા ફરતા નજરે પડે છે કેટલાક ઘરડી ઘોડીને લાલ લગામ વાળા વૃદ્ધ જનો પોળોના ઓટલા ઉપર બેસી મુછે વળ દેતા જતી આવતી સુંદરીઓના વદન કમળ નિહાળ્યા કરે છે આ પ્રમાણે ચંદ્ર પ્રભાના રંગ ઢંગ અજબ રીતે અવલોકાય છે આસ્તે આસ્તે જામની જામતી જાય છે. વખત સંધ્યાનો જોત જોતામા વ્યતીત થવા લાગ્યો અને બરાબર નવના અમલની શરૂઆત થઇ.

આજ રાત્રીએ આપણી નવલકથાના સુધારક નાયક મધુકર પોતાની શાલગીરીની ખુશાલીમાં સ્નેહી સુધારક મિત્રોને બાલ પાર્ટી આપવાના છે. બાલને વાસ્તે તેમણે એક વિશાળ અને સુંદર બંગલો નદીપાર એલીસબ્રીજ નજીક ભાડે રાખેલો છે. ઘરમા વૃદ્ધ માત પિતાને હરદાસની કથામાં જાઉ છું, એમ કહી બપોરના ગૃહ ત્યાગ કરી બહાર નીકળી પડેલ છે. સાથે આવવાને કુસુમે આગ્રહ દેખાડયા છતાં આજ તેને મધુકરે પડતી મુકી મન દુભાવીને કામ ચલાવ્યું છે. જયારથી વારાંગના મોંઘાના ફંદમાં મધુકર પડયો હતો, ત્યારથી કુસુમ તેને ઘણી અપ્રિય થઇ પડી હતી. વખતો વખત કુસુમ મધુકરના હરકોઇ સુધારાના કાર્યમાં વિરૂદ્ધ પડતી, અને કાર્યની કક્ષા ઉપદેશ આપી આપી જાત પર માર અને ગાળો સહન કરી બગાડી નાંખતી. કુસુમને

જ્યાં માર પડતો કે તરતજ ડોસા ડોસી તેનું ઉપરાણું લઇ મધુકરને ધમકાવી સીધો દોર કરી નાંખતાં; આથી મધુકર ઘણી વખત મા બાપને અને સ્ત્રીને સૂતાં વેચી અવાર નવાર બ્હાનાં બતાવી કાર્ય બારોબાર સાધી લેતો હતો. આજ રોજ ડોસાએ ઘણી જક કરી હતી, પણ મધુકરે પોતાની શાલગીરીની ખુશાલીમાં તેનો એક મિત્ર હરદાસનો કથા કરી ચાહ પાણીનો મેળાવડો કરે છે એવું ચોક્ખું ગોઠવી કાઢી રસ્તો સાધી લીધો હતો. કુસુમ પણ સુધારક વર સારૂ કલ્પાંત કરી આંખો અશ્રુથી ભીંજાવી રહી હતી આજ કાલ કુસુમના મગજમા ઘણીક અવનવી ચિન્તાઓ આવીને ભરાઇ હતી. તેના પર સાસરા અને પિયરના દુઃખનો વરસાદ વરસ્યા કરતો હતો. કુંદનના વિવાહ ભંગની વાત સાંભળીને તે છેક દુંખથી દબાઇ ગઈ છે. 'શિર પર આભ અને પગ તળે ધરતી, વચમાં બળી અળી બાળા મરતી' એવો ઘાટ કુસુમનો અત્યારે થયો હતો. સવારના પહોરમાં ઉઠી ન્હાઇ ધોઈ પરવારી પતિ પુજન કરી ગૃહ કાર્યમાં આજ તે ગુંથાઈ હતી. જેમ જેમ દહાડા જતા હતા તેમ તેમ કુસુમનાં સાસુ સસરાનાં શરીર વધારે ને વધારે લથડતાં હતાં. એક બાજુ મધુકર પણ જમાનાના પ્રવાહમાં સુધારાના વાયરે ચઢી ફેશનના ફંદમાં અધિકાધીક ફસાતો જાય છે અને બીજી બાજુ કંથ કલેશથી કુસુમ પણ કરમાતી જાય છે. આજ તો સાંજ સુધી મધુકરની ઘણી જ આશાભરી રાહ કુસુમે જોઇ પણ સાહેબ બીલકુલ પધાર્યા જ નહીં. પતિની જન્મગાંઠના આનંદના દીવસમાં પત્નીને કોઇ પણ પ્રકારનો ભાગ નહીં મળવાથી કુસુમના

સંતાપનો આજે પાર રહ્યો નહોતો. કુસુમ તથા ડોસા ડોસીએ આજે ધરાઇને ધાન પણ ખાધું નહોતું. ઘરનાં બધાં માણસને પાણીમાં મુઠીઓ ભરાવી મધુકર આજ રોજ બોલ પાર્ટીની યોજનામાં ઘણીજ ઉંડી રીતે ગુંથાઇ સંધાઇ બંધાઇ ગયો હતો. પાણી પીવાની કે કોઇની સાથે વાતચીત કરવાની આજે તેને બીલકુલ ફુરસદ નહોતી. સુધારક જોડલાંઓ શી રીતે પ્રસન્ન થશે અને બોલની કપલોમાં કેવી વાહ વાહ કહેવાશે, તેના જ વિચારમાં તે તલ્લીન રહેતો હતો. મેમાનોની સરભરા સારૂ તેણે તેના મિત્રોને હદ બહાર ટોકણી કરી ચાનક આપી બંગલામાં રોકી રાખ્યા હતા. બૉલના આનંદમાં વધારો કરે તેવું એક સ્ટ્રીંગ બેન્ડ પણ ખાસ કરીને રોકયું હતું. બંગલાને પણ સારી રીતે આસોપાલવનાં તોરણથી, ફૂલ પાનથી અને ધ્વજા પતાકાથી શ્રૃંગારી એક અલૌકિક રાજમહેલ જેવો બનાવ્યો હતો. બંગલાના દરેક ખંડે ખંડમાં કાર્બાઇડ અને ઇલેકટ્રીકની ચકચકીત લાઇટ ગોઠવી હતી. આખા કમ્પાઉન્ડમાં ઠેરઠેર કીટસન લાઇટ ટાંગી દીધા હતા. બરાબર મુકરર કરેલ ટાઇમનો ટકોરો થતાં જ મધુકર બંગલાના કમ્પાઉન્ડના ગેટ પર આવી એક આરામ ચેર પર બેઠો. હાથમાં ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ પત્ર રહી ગયું છે. આંખે સોનેરી ચશ્મા જળહળી રહ્યાં છે. સાહેબ બહાદુર પુર નવાબી લેબાશમાં સારી રીતે અમીરાઇ ટાપ બતાવતા દમામમાં છાપુ વાંચી રહ્યા છે. જેમ જેમ આમંત્રણ આપેલાં સુધારક કપલો આવવા લાગ્યાં, તેમ તેમ દરેકની લાયકાત પ્રમાણે બેન્ડના સરોદ વાગવા લાગ્યા. મધુકર અને તેના મિત્રોએ નીચા નમી નમી મેમાનોને વેલકમ

કરવા માંડયા. એલીસબ્રીજનો આખો રસ્તો વિકટોરીઆ, બ્રુમ અને સઘરામ ફાઇટનોની દોડધામથી ધમધમવા લાગ્યો. સાઇકલો અને મોટરકારના વોર્નીંગ બેલની ઘંટડીઓના રણકારાથી સુધારાનો શંખનાદ ફૂંકાવા લાગ્યો. જોતજોતામાં મધુકરના ઇંજનને માન આપી સુધારક નરનારીઓનાં જોડાં બંગલા ભણી આવવા લાગ્યાં; અને થોડીક વારમાં પચરંગી પ્રજાના પચરંગી સુધારક આગેવાનોનાં પેરથી બંગલો ખીચોખીચ ભરાઈ ગયો. વધુ સંખ્યામાં મેમાનોને આવેલા જોઇ, સુધારાનો સારી રીતે સત્કાર થયો જાણી મધુકર ખુબ પ્રસન્ન થઇ હુલાઇ ફૂલાઇ ગયો. સુધારક ગૃહસ્થો પણ મધુકરના દીલોજાનની ભર્યો આદર સત્કારથી સારી રીતે સંતુષ્ટ થઇ ગયા. જ્યાં બરાબર સાડા દશનો અમલ શરૂ થયો કે તરત જ મધુકર બૉલનું કામ શરૂ કરાવવાનો યત્ન આરંભવા લાગ્યો. બંગલાના આગલા ખંડમાં બરાબર બાર વાગે બૉલ થવાની યોજના યોજાઇ. મધુકરના મિત્રોએ સુધારક કપલોની ઘણીજ ઉમદા રીતે સરભરા કરી; અને વારે વારે નમ્રતાથી સાકર કરતાં પણ અધીક મીઠા હેતના શબ્દોમાં માન પાનથી સંબોધી બંગલાના બગીચામાં ચોગાનમાં હેરવી ફેરવી તેમને યોગ્ય આસન ઉપર બેસારી સારી રીતે ખેરીયાત પુછી.

સર્વે મેમાન ગૃહસ્થો બંગલાના આગલા ખંડમાં અર્ધ ચંદ્રાકાર વર્તુલના આકારમાં ગોઠવાઇ ગયાં વચ્ચોવચ મધુકર એક સૉફા પર બિરાજમાન થયોઃ તેની સાથે તેની દીલોજાન દીલદાર મોંઘા જાન પણ બેઠી. થોડીકવાર સુધી અન્યોઅન્ય પ્રેમ ચર્ચામાં વખત વિતવા લાગ્યો. આજના બૉલમાં ડાન્સ નાચ

બે રીતનો શરૂ થવાનો હતો. પ્રસ્તુત નવલ કથાના અર્ધ દગ્ધ સુધારક સંયુકત નાયક મધુકરે આ નાચની પણ અર્ધ દગ્ધ સુધારા ભરી યોજના પસંદ કરી હતી. ઘણા ખરા સુધારકોએ આ બાલને વાસ્તે કાંઇ અવનવી તરેહવાર આશાઓ રાખી હતી અને આજના બૉલનો રંગ કેવા સ્વરૂપમાં વિકાસશે, તે પ્રતિ પળે અધિક આતુરતાથી જોવાની ઉમેદ રાખી હતી. શરૂઆતમાં મોંઘા નાયકાની શિષ્યા મજુલગવરીએ પીયાના ઉપર બેસી મધુર ઇંગ્લીશ ટયુન વગાડવા માડયા. તેની સાથે સામેની બાજુમા બેસી ઈંદ્રગવરીએ જળતરંગ વગાડવા માડયુ અને તેની સાથે ચાર ઉછરતી બાળાઓએ ઈંગ્લીશ ઢબનો ડાન્સ કલાવિધાનની ક્રિયાથી ડબ્બ એકટીંગમાં કરવા માડયા અને ત્યારબાદ કોકીલ કંઠથી તાન પલટા સાથે ગાવા માડયું.

* * * *

" મત કાચ્ચી કલી અલી ચુરા,
સરસ રસ ફુલનકો — ૦
નીકી નીકી કલી આ
નીકટ ખુપ બીલીઆ
મધુકર મધુરસમા મશગુલ
લુટત રસ મૂલનકો — ૦ "

* * * *

સા, સા, સાપમગરેસા, સાપમગરેસા.
ગરેસા ગરેસા ધનીનીનીનીસા. (૩)
ધની ધનીનીનીનીસા, તારેદાનીનીનીસા.

ગપમગરે, ધપમગરે, સારીગમપધનીનીનીસા,
રેરેરેરેગરેસા, રેરેરેરેગરેસા, તનનનન,
સનનનન ગરેસા ગરેસા ધનીનીનીસા (૩)

આ પ્રમાણે અર્ધા કલાક સુધી ગાન તાનનો આરંભ થયો. બાદ મેમાનોના માનને અર્થે કેવડા, મીઠાઈ, ફળ ફુલની રકાબીઓ આવવી શરૂ થઇ. મોધા નાયકા સુધારા સમાજમા સુધારકોની સ્ત્રીઓને તથા સુધારકોને ગાન તાન સંગીત વાજીંત્ર સહીત શીખવાડવાને મધુકરના ખાસ ભલામણથી રહી હતી. આજરોજ મધુકરની શાલગીરીની ખુશાલીમા તેણે તેની શિષ્યાઓને ઉમદા સંગીતમાં તૈયાર કરીને આનંદ આપવાને ધાર્યુ હતુ; અને તે ઉપરાત મધુકરને મુબારકે કરીને પ્રસન્ન કરવા સારૂ એક નાચ જલસો પણ પોતે કરવા કબુલ રાખ્યું હતુ. આ પ્રમાણે આનંદનો રંગ બંગલાના બડમાં જોત જોતામા ખીલી નીકળવા લાગ્યો. દરેક પેર સારૂ ડીનર ટેબલ પર ડીશો ગોઠવાઇ ગઈ; તેની સાથે ગરમાગરમ કેસરીઆ દુધના પ્યાલા પણ ગોઠવાઇ ગયા અને ત્યારબાદ તનદુરસ્તીના જામ મધુકર અને મોંધા જાતે હરી ફરી મેમાનોની તીખી મીઠી મજાક કરી કરી મુકવા લાગ્યાં.

"ઓહ કોન મી. વકીલ ચાઇનાસીલ્ક એન્ડ લેડી ટવીલ!"

"ઓહ થેન્ક યુ મચ ઓબ્લાઇજ્ડ"

"લાવો બાવા એક તનદુરસ્તીનો જામ અહીંઆં બી મુકો."

"થેન્ક યુ થેન્ક યુ મી. મધુકર થેન્ક યુ!"

" ડીઅર મી. જમદુખીઆ તમે પન લેતા જાઓ. કાં લેડી સવીતાગવરી હવે તમારી તબીયત કેમ છે ? "

" તમારી મહેરબાનીથી હાલમાં ઘણી જ સારી રહે છે. "

" ચાલો ત્યારે આ એક હેતનો જામ તમે પણ સ્વિકારો. "

" ઓહ મી. મકનજી મકાઇદારા તમને પણ જોઇને હું ખુબ ખુશી થાઉં છું. "

વેલ લેડી લલીતાગવરી તમે આજે મને ઘણું જ માન આપ્યું છે. ચાલો બાવા તમે પણ એક જીગરનો કપ લેતા જાઓ."

" હું તમારો અંતઃકરણથી આભાર માનું છું, મી. મધુકર સમજ્યા ? "

" વેલ. મી. લાલદાસ મીલ માલેક અને લેડી ઈંદીરાને વાસ્તે પણ એક પ્રેમનો કપ મુકો બાવા. "

" અરે હાંહાં ઘનો જ ઉપકાર કીધો, મી. મધુકર ઘનો જ ઉપકાર કીધો. "

" ચાલો બાવા અહીંયાં આવો. આય ડૉકટર ધનજી સોડા-વોટર અને લેડીક્રેમન બાઇ તમારી આતુરતાથી રાહ જોઇ રહ્યાં છે. એક લવનો પ્યાલો અહીંયા બી મુકી રસ્તો માપો. "

" આપ મી. મધુકરજી તમે પન આજે ઘની જ તસ્દી લેવા માંડી છે. "

" ઓહ માઇ ડીઅર મી બારીસ્ટર કનુજી આઇસક્રીમ અને લેડી રાઝબરી તમે પણ મારા હાર્ટનો ઉમલકો લેતાં જાઓ. "

" ઓહ મચ થેન્કસ ફોર યોર લવ. "

" ઓહ માં. કુસ કુસ એલચીદાના એન્ડ લેડી વરીઆળી તમે પન જીગરનો પ્યાલો લેતાં જાઓ. "

" થેન્ક યુ સર "

" ઓહ મી. પીકોક મોરલા અને લેડી ઢલડી તમે પન જરા ગરમા ગરમ જીગર થવા દો "

" હાઇલી ગ્લેડ સર "

" ઓહ મી. મીડવાઈફ કારેલીબા ટમે પન લેનાં જાઓ. "

" ઘનો જ ઉપકાર માનુ છું બાવા. "

" કાં માઇ ડીઅર મોઘા તમે પહોંચી વલ્યાં કે નહીં ? હવે કેટલા મેમાનો બાકી છે ? "

" લગભગ બધાને પહોંચી વળી છું. ચાર પાંચ પેર બાકી છે, તેને મી. નવલશા આપવા માંડે છે. "

" કહો મારા માનવંતા પરોનાઓ અને પરૂણીઓ તમે સઘલાં આજે આનંદમાં છોને ? સઘલાંને મારા જીગરની વાનગી અને મેવાની ડીશો પુગી ગઇ છેને ? બાવા હવે કોઇ બાકી છેના ? "

" નો સર ! વુઇ આર ઑલ ઇન જોય એન્ડ પ્લેઝર ! "

" મહેરબાન બાનુઓ અને ગૃહસ્થો ! ! "

મારા ઇજનને આજે તમે હેતથી વધાવી અહીંઆં પધારવાની જે તસ્દી લીધી છે, તેને સારૂ હું આપનો મોટો અહેશાન માનુછું. આજ રોજ આપ સાહેબોને પ્રસન્ન કરવા સારૂ મારાં

માનવતાં દીલદાર મોંઘા નાયકાએ પણ જે ભારી તકલીફ ઉઠાવી છે, તેને સારૂ તેમનો પણ હું અંતઃકરણથી ઉપકાર માનું છું. આજરોજ મારી સાલગીરીનો દીવસ છે, મારા પરમ સ્નેહી ફ્રેન્ડ ઇંદ્ર મિત્ર મી માધવરામ મીંયાભાઇએ ઘણો ભારે ખર્ચ ઉઠાવી મને ઉપકારી કીધો છે. આપ સઘળા સાહેબોને જે કાંઇ આનંદ અને ખુશી મળે તે સૌ એમનો જ પતાપ છે આય બાલ અને ડાન્સની યોજના પણ તેમણે ઘણી જીવતોડ મહેનત લઇને ઘણાજ ટુક વખતમા યોજી છે. આપણા સુધારક મંડળમા બૉલની યોજના તદ્દન નવી તેમજ પહેલી છે. આજ રોજ બાલની વિલાયતની સીસ્ટમ સાથે ગુજરાતી નાચની સીસ્ટમ ભેળવી એક આનંદનો ઓરજ વધારો કર્યો છે જેમ જેમ વખત બદલાય છે તેમ તેમ આપણે સઘળાંએ બદલાવું જોઇએ દીવસે દીવસે સંસારીક કામનો બોજો અને ભાર આપણા ઉપર ઘણોજ પડતો જાય છે, અને રમત ગમત અને આનંદનાં સાધનો ઓછાં થતાં જાય છે, તેટલા સારૂ થાકેલા પાકેલા મગજને વિશ્રાન્તી સારૂ 'ઘર ઘર ઢોલકી ઘર ઘર તાન એસી બડા દેશ હિન્દુસ્તાન' એ સૂત્રાનુસાર નાચ ડાન્સ બૉલની નવીન યોજના કેટલાક જમાનાને ઘટતા ફેરફાર કરી મેં અને મારા મિત્ર માધવરામે યોજી કાઢી છે, આજ રોજ તેનો પહેલો અખતરો આપ સાહેબો સમક્ષ કરી બતાવવામાં આવશે હું આશા રાખું છું કે આપ બધાં મહેરબાનો તેથી ઘણાંજ ખુશી થશો, અને આ અમારા પનોતા પગલાને ટેકો આપી અમને મજબુત કરશો. હું એક વાર ફરી આપ સાહેબોનો અધીક ઉપકાર માની મારા મિત્રના જશનને

ન્યાય આપવાને ભલામણ કરૂંછું; અને આપની સલામતી લઉછું. આમીન આમીન !"

"ભાઇઓ અને બ્હેનો !

આપ સઘળાંઓએ અહીંઆં પધારીને મને ઘણું જ મોટું માન આપ્યું છે. મારા મિત્ર મધુકરરાવે મારી વતી અને તમારી વતી જે કાંઇ કહેવાનું હતું તે સઘળું કહી દીધું છે. હવે મારે વાસ્તે મારી સમજ પ્રમાણે કાંઇ પણ બોલવાનું બાકી રહેતુ નથી, છતા પણ હું આપ સાહેબોને એટલું તો કહી શકીશ કે હવે આપણે સઘળાંઓએ જમાનાના પ્રવાહનાં આગળ વધવું જ જોઇએ. ગધેડાનું પુછડું પકડી અંધશ્રદ્ધાની અંધાધુનીનો હવે વખત રહ્યો નથી. દરેક જણાંએ પોતાના પગ ઉપર ટટાર ઉભાં રહેવાની અદના કોશીશ કરવી જ જોઇએ. આપણી સમાજે ઘના જ ટુંક વખતમાં પબ્લીકમાં ઘનુ સારૂં નામ કાઢયું છે. સુધારાનો સારો ઘડો મળે એવાં દૃષ્ટાંત કરી બનાવ્યાં છે. હવે ઇન્ડીઆમા બોલનારાની જરૂર મારી અક્કલ પ્રમાણે રહી નથી. ખરી રીતે કરી બતાવવાની જ જરૂરીઆત રહેલી છે. બહુ બોલે હવે આપણો ભાર બોજ પડી શકે તેમ રહ્યો નથી; પણ કાંઇક છાનામાના મુંગે મોઢે કરી બતાવ્યાથી જ જન સમાજમાં આપણી કદર થઇ શકે તેમ છે. દેશની ઉન્નતીનો આધાર સ્રીઓ ઉપર જ રહેલો છે. તો જ્યાં સુધી આપણા દેશમાં સ્રીઓ રાત દીવસ દુઃખમાં દબાતી રહે છે ત્યાં સુધી આપણે સઘલા દરીદ્રતાના દુઃખમાં દબાએલા જ છીએ; માટે સ્રીઓ શી રીતે સુખી થાય અને સ્વતંત્રતાની મજા તેઓ શી રીતે સારા પ્રમાણમાં

મેળવી શકે તેજ ઉપાય આદરવાના હવે બાકી રહ્યા છે. બીચારી બાળાઓ સાસુ નણંદના દાબ તળે દબાઇ ઓરડા પરસાળના જેલખાનામાં વરસોનાં વરસો સુધી કેદ પડી રહે છે; અને વ્યવહારીક વિટમ્બનાઓના ભારથી લધાએલી રહે છે તેમને વાસ્તે આપણે હવે પુન્યનું કામ કરવાનું છે. આપણે સઘલાંઓએ અવાજ વગરની અજાઓને ક્રુર કસાઇઓના હાથથી છોડાવવાની છે. તમે સઘલાં સારી રીતે સમજો છો કે જુના વિચારના હડહડતા સુધારાના શત્રુઓના કુટુંબોમાં ઘર ખુણે અનાચાર કેટલો બધો ત્રાસ વરતાવી મુકે છે, અને સેંકડો અબળાઓના ભોગ લેવાય છે; દર અઠવાડાએ આપણે છાપામાં વાંચીએ છીએ કે આજરોજ ફલાણા આસામીએ ફલાણી બાઇનું નાક કરડી ખાધું; ફલાણાએ ફલાણી બાઈનું છરાથી ખુન કર્યું; અને ફલાણી બાઇએ સાસુ સસરા અને નણંદ ધણીના જુલમથી કુવે પડી આપઘાત કર્યો અગર ફલાણા સાથે નાસી ગઇ; આ ઉપરથી આપણને સુધારાનો ધડો મળી શકે છે કે અજ્ઞાન પ્રજાવર્ગ હજુ પણ રૂઢી બંધનની જાળમાં જકડાએલો છે. જો કાંઈ આપણાથી થઈ શકે છે તો તે ફક્ત લહેકા કરી લેકચર આપવામાં જ થઇ શકે છે. કોઇ પણ જાતના સુધારાના જાતિભોગ સારૂ કાંઇ પણ થઇ શકતું નથી; માટે હવે આપણે સાચી અક્કલના ઘરમાં પ્રવેશ કરી સારૂ નરસુ સમજતાં ઉંડી રીતે શીખવું જોઇએ. જ્યારે જમાનો ધોલ મારી સ્ત્રીઓને છૂટ આપશે અને સ્ત્રીઓ છ ચોક સામી થઈ આમન્યાની સાંકળ તોડી મન ભાવતું કરશે ત્યારે આપણે સઘલાં જખમારી માથું ખંજવાળતાં બેસી રહીશું; માટે સઘલાં મહેર-

બાનો તમે આ બાબત સારૂ પુરતો અને ઉંડો વિચાર કરો અને સ્ત્રીઓને જેમ સુખ મલે તેવાં કદમ જેમ બને તેમ તાકીદથી ભરો. ડીલે ઇઝ ડેન્જરસ 'ઢીલ છે તે ભયંકર ચીજ છે' એમ માની ત્વરાથી સમજી સ્ત્રીઓ અને તમારા ઘર સુત્રને સારા સુધારાથી અલંકૃત કરી દીપાવો એજ મારી લાગણી છે! આમીન! આમીન! આમીન!"

"શેઠીઆઓ!

અત્યારે સુધારાની ગંગાનો પ્રવાહ રેલાય છે; માટે જેટલું નાહ્યા તેટલું પુન્ય માની સુધારાનો લાભ લેવામાં જ આપણું શ્રેય સમાએલું છે. જે જે શુકનો હમણાં બોલાયા છે તેને સોનાના માની સ્વીકારી લેવામાં જ આપણને નફો છે. આડી અવળી પંચાતો અને ઉંધાં ચતાં અનુકરણો જવા દઇ જે મનને સારૂ લાગે તે નીડરતાથી કરવું અને આખો દીવસ ખાઇ પી બસ આનંદમાં જૉલી થઇને ફરવું એજ સારૂં છે. આપણી બૈરીઓને બી ઘટતી છુટ આપવી. સુધારાની કલબો, કૉન્ફરન્સો, નાટકો અને સભામાં તેઓને છુટથી ભેલાવા દેવી, અને અન્યોઅન્ય સરખા સ્વભાવના સ્નેહીઓમાં સ્નેહનું સારી રીતે પ્રતિપાદન કરતાં કરાવતાં શીખવવું એજ આપણું ડહાપણ છે. સ્ત્રીઓમાં વારે ઘડીએ શંકાથી જોવું અને વહેમ રાખી તેમને વિના કારણે પજવવી એ મોટામાં મોટું અને નીચમાં નીચ પાપ છે. એવરી થીંગ ઇઝ ગુડ, જે કાંઇ છે તે તમામ સારૂં છે એમ માની મન પસંદ સારૂં સારૂં ગૃહણ કરવું. આપણે સારા તો સઘલુ સારૂં એમ માની સારાપણાની દુનિયામાં સારાશ રાખી સારી-

રીતે ભાઈચારો રાખી દરેકમાં પ્રીતિભાવ રાખી જોવું એજ આપણી ઉમદા ફરજ છે. લાયક જનોની લાયક માગણી કબુલ રાખવી અને લાયકાતનો અન્યોઅન્ય સારી રીતે લાભ લેવો અને આપવો એનું નામ જ સાચો સુધારો છે; તો બાવા આ લોકોએ જે સારૂં પગલું ભર્યું છે તેની પાછળ આપણે પગલાં ભરવાં અને સુધારાની બોલબાલા બોલાવરાવવી એમાં જ આપણી શોભા રહેલી છે ! આમીન ! આમીન ! આમીન !"

"સૌ સાહેબો અને બાનુઓ !

હું મોધાજાન કાશ્મીરની નાયકા આપ શેઠીઆઓ સમક્ષ બોલવાની છુટ લઉં છું તો મને માફી આપશો ! આય મેફીલમાં જે કાંઈ સુધારા નામથી બોલાય છે અને સ્ત્રીઓના સુખના સાચા ઉપાયો શોધાય છે તે સંબંધી મારૂ ઘણું જ ઉંચું મત છે. હવે એમ જ થવું જોઈએ 'દુનિયાં ઝુકતી હય, ઝુકાનેવાલા ચાહીએ' તો દરેક જણે દુનિયા સાથે ઝુકાવું જ જોઈએ. જેમ જેમ જમાનો ફરી ફરી મનુષ્યને જે કાંઈ શિક્ષણ ખુબી કે ખામી વગેરે બતાવે તે પ્રમાણે જમાનાને વળગવું જ જોઇએ. જમાનાથી જુદા પડવામાં આપણને ઘણું નુકશાન થએલું છે; અને જમાના સાથે ફરનારાઓની અવગણના કરવાથી પણ આપણી લાયકાત ઓછી થએલી છે; માટે સમય પરત્વે જે કાંઈ બને છે તે સારૂં જ બને છે એમ માની સમયને અનુસરવામાં જ આપણું કલ્યાણ સમાએલું છે. સ્ત્રીઓની ઉન્નતિને વાસ્તે જે કાંઈ થાય તે કરવું એમાં જ મનુષ્યોનું મનુષ્યત્વ રહેલું છે. દુનિયાદારીના દરેકે દરેક કાર્યમાં સ્ત્રીઓને સાથે રાખી સામેલ કરવાથી પુરૂષોનાં દુઃખ

ઘણાં ખરાં દર્દ થાય છે અને તેથી પુરૂષોને સારી શોભા મળે છે એવું મારૂં પોતાનુ માનવું છે. દુનિયાદારીના દરેક પ્રસંગો કે જેવા વિવાહ, જનોઇ, લગ્ન, કાણુમોંકાણુ, હોમ, હવન, યજ્ઞ, નાચ, તમાસા અને કલબ તથા સભાઓ સ્ત્રીઓના સામેલપણાથી જ સારી રીતે ઉજવાઇ શકાય છે. સ્ત્રીઓ વગર કાંઇ પણ સારૂં લાગતું જ નથી. સ્ત્રી એ પુરૂષની પાંખ છે, આંખ છે, અર્ધું અંગ છે અને ઘરની લક્ષ્મી છે, તેને રાજી રાખવાથી સૌ સારૂં થાય છે. તેને દુભાવવાથી બધું બગડે છે; માટે સ્ત્રીઓને સુખ આપવા સારૂ જ પુરૂષો સરજાએલા છે, અને પુરૂષોની સાહ્યબી ભોગવવા સારૂ જ સ્ત્રીઓ પેદા થએલી છે એવું મારૂં સમજવું છે; તો આપ સઘળા સાહેબો મારૂં કહેવું માન્ય રાખી સ્ત્રીઓને છુટ આપવા ખાસ મહેરબાની કરશો!!! આમીન! આમીન!!"

"ગૃહસ્થો,

આજે સોનાનો ચાંદ ઉગેલો છે, પુન્યની પર્વણી છે. સુધારાના ભાનુનો ઉદય કાળ છે. જે જે વિચારો આજના ડાયરામાં જણાવવામાં આવ્યા છે, તે ઘણા જ ઉમદા છે. આપણો ઉદય તેથી જ થશે. ઇશ્વરની પૂર્ણ દયાદ્રષ્ટી આપણી સમાજ ઉપર થએલી છે; તેના વિના આટલું બધું સામટું બળ અને એકત્રતા કદી ઉદ્ભવે જ નહીં. દરેક જણા આજની હીલચાલથી ઘણા જ આનંદમાં આવી ગયા છે. હું આપનો અમૂલ્ય વખત નહીં રોકતાં ટુંકમાં જણાવું છું કે આપણે સઘળાએ સ્ત્રીઓને છુટ આપવી જ જોઈએ; અને તેમના હક્કોનું સંરક્ષણ કરી તેમના તરફ માનની દ્રષ્ટીએ જોવું

જોઇએ. મોંઘાજાનના ઉદ્દગારથી આપણે ઘણું શીખવાનું છે; અને જેમ જમાનો બદલાય તેમ આપણે બદલાવાનું છે. હું આશા રાખું છું કે આ આપણું કાર્ય ઘણી જ ત્વરાથી સફળ થાઓ અને જન મંડળમાં અનુકરણીય થઇ પડો! આમીન! આમીન! આમીન!!"

"જેન્ટલમેન!

હું તમારા આનંદમાં વિરોધ નહીં નાંખતાં ટુંકમાં જણાવું છું કે હવે આપણે સઘળાઓએ સ્ત્રીઓ સાથે ઘણા જ માનથી વરતવું જોઇએ; અને તેમને દરેક પ્રસંગોમાં આપણી સાથે સામેલ રાખી આગળ કરવી જોઇએ. સ્ત્રીઓની પ્રસન્નતા એ જ આપણાં ધન્ય ભાગ્ય છે. તેમનું છુટાપણું એ જ આપણો આનંદ છે, અને તેમનું હાસ્ય એ જ આપણું સાચું સુખ છે. મધુકર ભાઇએ જે કાંઇ પોતાના ઉમદા અભિપ્રાય દર્શાવ્યા તે પ્રમાણે આપણે તેને ટેકો આપી સુધારાનો વિજય સર્વદા ઇચ્છવો જ જોઇએ. આમીન! આમીન! આમીન!"

"મહેરબાનો!

હું પણ બે મીનીટમાં આપ સાહેબોને ચોખ્ખું અને ચટ જણાવી દઉં છું કે હવે આપણે ઘરની બાઇડીઓ પર ખાસ કરીને મહેરબાની કરવી જોઇએ; અને તેમને ચાકરડી પ્રમાણે નહીં ગણતાં શેઠાણી પ્રમાણે ગણવી જ જોઇએ; અને દરેકે દરેક પ્રસંગોમાં પગલે પગલે તેમની સલાહ લેવી જ જોઇએ. દેવી 'માન સ્ત્રીઓને સન્માન આપી તેમની પૂંઠ નહીં લેતાં તેમના આરવિંદનાં દર્શન કરી સુધારાનો દીગ્વિજય કરવો જોઇએ!!

આમીન ! આમીન ! આમીન ! ! ”

“ મારા માનવંતા સુધારક મિત્રો !

હવે તમે સૌ આનંદથી મારા મિત્રના આમંત્રણને માન આપી તેમની મેમાનગીરીનો લ્હાવો લઇ અમને કૃતાર્થ કરવા કૃપા કરશો ! તમારા ટેકા અને દીલસોજીના શબ્દો સાંભળી મારૂં તથા મારા મિત્રનું અંતઃકરણ આનંદથી આજે ઘણું પ્રફુલ્લિત થયું છે. હું આપનો બીજી વાર મારા મિત્ર તરફથી ઉપકાર માનું છું હવે આપ સાહેબો સૌ આનંદથી તન્દુરસ્તીનો સ્વાદ ચાખશો, અને મોઘાજાનનાં નૃત્ય સંગીત શ્રવણ કરી સારી રીતે મઝા મેળવશો ! ! મોંઘાજાન હવે તમે પણ તમારૂં સંગીત શરૂ કરી મેમાનોને રીઝવવા ખાસ મહેરબાની કરશો ! આમીન ! આમીન ! આમીન ! ”

મધુકરના આ ભાષણથી મેમાનોમાં ઘણોજ આનંદ વ્યાપી ગયો; અને તાળીઓના ગગડાટથી મધુકરના સુધારાને સૌએ વધાવી લીધો. દરેક જણાં ઉમંગમાં આવી મેમાનગીરીની મઝા ઉપર હાથ મારવા લાગ્યાં અને તનદુરસ્તીના સ્વાદ સારી રીતે લેવા લાગ્યાં. આ બાજુ મોંઘાજાને પણ સંગીતના સાજની સારી તૈયારી કરી તાન સુર મીલાવા માંડયા. નરઘાં, મૃદંગ અને હારમોનીયમ વાજીંત્રના એકત્ર તાલ તાન પલટા ચાલવા લાગ્યા; સૌ કોઇ હર્ષમાં ઉછાળા મારી રહ્યાં અને આનંદ સાગરમાં તરવા લાગ્યાં; ગઝલોના પલટા ઉપર પલટા ચાલવા લાગ્યા.

*　　*　　*　　*

ગઝલ.

'લગી આગ ગાનેમેં' અયે સનમ તપે ગમને મુજકો જલા દીયા,
મેરે ચશ્મુમેં ખુન બહા દીયા મેરે દીલકું દાગ લગા દીયા,
ને કહા અલસ્તો એર એદુમમે ખુશીસે કાં ઉ બલા કહા,
યે સરાબ કેસા પીલા દીયા મુઝે મસ્ત આપના બના દીયા ”

ગાયનના તારમાં મેમાનોને મશગુલ કરી મોઘાએ નાચવા માંડયું; મધુકર પેટી ઉપર બેસી બજાવવા લાગ્યો અને છોકરીઓએ વચ્ચે વચ્ચે ઇશ્કના દુહા લલકારવા માંડયા. એક સાવળીંગા અને બીજી સદેવંત બની અદાભાવથી સામ સામે બોલવા માંડયું.

*　　*　　*　　*

“સદેવંત કુવર સુગણુ ઉભા કેમ શેરીએ,
હું નકલંકી હું નાર નેણા કેમ ફેરીએ.
દેખશે દુરીજન લોક વિચાર કોઇ વાતમા,
આપણુ સરખે સરખા હોય જાઓ સૌ સૌના સાથમા.

“નગર ઠઠ્ઠા મુલતાન ના દેખી એસી કામની,
ગળે મોતનકો હાર ઝણુકે છે દામની;
અત્તર ભીના છે કેશ અખીયા દોનુ લાલ હે,
જો ઘર એસી નાર સોઇ નર ન્યાલ હે.”

“કમર કટારી રાજા વાંકડી ને વળી તેને સોહીએ શીરોઇ તલવાર,
જો ઘર એસા સાજના ને વળી ધન્ય ધન્ય તે નારી અવતાર.”

"સદેવંત છેડો મારો મેલ, પાલવ રૂડો ફાટશે;
ચંપકાને દઈશું ગાળ, લાખેણા રાજા લાજશે "

"ઘુંઘટ મુખએ દુર કરીદે, તને ઘુંઘટ નહી રે સોય;
કયા રે કુળની છે ગોરીયા ને વળી વદન છુપાવી ઘર જોય.'

' અરે ઘુંઘટડામાં કપટ ઘણા ને રાજા ઘુંઘટ ખોલ્યો નવ જાય,
જો મે ખોલું રાજા ઘુંઘટો તો વળી મરે કે માહોરે થાય "

" મેને ખાયા કેવલીયા અજનાગ ધંતુરેસે કયુ મરૂ,
મેને રમાડે કાલીનાગ બીછુડેસે કયું ડરૂં "

"ઘુંઘટડે કાલો નાગ વીંછી ડંખ તો મારશે,
વાગશે નેણા કેરાં બાણુ તમને તે કોણ ઉગારશે ? "

"સાપના કાટયા સહુ મરે ને વળી વીંછુડે તનમન હોય;
નારીના માર્યા નર મરે તો કુળમા ન જીવે બીજુ કોય "

"મુખથી પાલવ દુર કરો ને ગોરી મુખ મુજને બતલાવ,
રાજાને તો સ્નેહ લાગ્યો રે ગોરી નેણુરે નેણ મીલાવ. "

આખી મહેફીલના ગૃહસ્થો આ છોકરીઓના ગાન તાનથી તથા અદાભાવથી ખુશ થઇ ગયા; મધુકર પણ ખુબ આનંદમાં

આવી ગયો અને તેમને ખુબ થેન્કસ આપી ગાવાને વધુ ઉત્તેજીત કરી; થોડી વારના છોકરીઓના વિસામા સારૂ મોંઘાએ પણ ગઝલ લલકારવા માંડી.

*   *   *   *

"દીલ સદા બે ચેન હે મુજ ઇશ્કકે બીમારકા,
લગ ગીયા હે જખમ ઇશ્કકુ અબરૂ એ ખમકારકા;
ચશ્મ નરગીસકા હય ઘાયલ ઓર મીઝગાન તીરકા,
જુલફ નાગનકા હે મારા ઓર તેરે રૂખ સારકા"

મોંઘાએ પોતાનો અપ્રતિમ નાચ શરૂ કર્યો અને દરેક મેમાનોને એક નિમિષ માત્રમાં ખુશ ખુશ કરી દીધા; મધુકરે વળી પાછી છોકરીઓને દુહા લલકારવા હુકમ કર્યો કે તરતજ દુહાની શરૂઆત થવા માંડી;

*   *   *   *

"નેણ પદારથ નેણુ રસ વળી નેણરે નેણ મીલત,
અજાણ્યા શુ પ્રીતડીરે એતો પ્રથમ નેણારે કરત."

"નેણુ પદારથ નેણ રસને વળી જે કરી જાણે કોય,
જેવો મીઠો મેવો નેણુનોરે વળી નેણે તે કદીએ ન હોય."

"પાલવડે મત જુમ ભમરા તું છે વાલમા,
આબે હાથ ન લગાડ આંબા છે રાવળા;
કાચી કળીઆં મત તોડ તુટેગી રે ડાલીયાં,
છેડા હમેરા છોડ દેઉંગી તને ગાલીયાં."

"ગાળો દેને દશવીશ ગાળો તારી સાંખશું,
તુજ સરખી નાર તેને તો ઘેર લાવશું;
શેઠ મોટા શાહુકાર લુટાવે વેલ વાડીઆં,
તુ કળી એક ગુલાબ કાયકુ દેતી ગાલીયાં.

"મુખ બન્યો મહેતાબ સરીખો દાત જડે સબ સોનેરી,
પુરન પ્રાનસેં પેટ કહીજે છાતી બની કાચી કેરી;
કંઠ કોકીલ કોયલ જેસો મદન કેકને તુજ વેરી,
ચાલ ચલે ગજરાજ સરીખી સો કોઇ આશક કરતે ફેરી;
છુટે પસીના ભમર બાસ લે, લંબે બાલ નાગન કાલી,
પુરવ પુન્ય કીયે જેને કોટીક સો પાવે એસી નારી"

"મોઠી જુબાસે જગ ભરમાયા નેનમેં મોહની મારે,
લંપટ બનાકે લુટ લીએ જયુ ચમક રહે ગગને તારે:
જેસી આશક પર નજર દોડાવે તે ઘડી પલકમેં ઘર મારે,
ઉસ માયાસેં કોઇ બચ્યા નહીં લંપટ રહે જગ સંસારે,
હંસ મોર કીર કપોત કહીએ જયું કોકીલસેં કીલકારી,
પુરવ પુન્ય કીયે જેને કોટીક સો પાવે એસી નારી."

આ પ્રમાણે ગાન તાન અને નાચની ધુન સારી રીતે મચી રહી; મેમાનો સારી રીતે આનંદમાં આવી ગયાં; કેટલાંક નાચના તાલમાં વચ્ચે વચ્ચે ઉઠી ઉઠી નાચવા લાગ્યાં; કેટલાંક તાલ

આપવા લાગ્યાં અને કેટલાંક રૂમાલ ઉરાડી આનંદ દર્શાવવા લાગ્યાં. મેમાનોની વધુ સરભરા સારૂ ગરમ ગરમ કોફીના કપ મધુકરે તૈયાર કરાવી આપવા માંડયા, પાનબીડાં ગુલાબ વગેરે આપી મેમાનોની સુસ્તી ઉરાડી અચ્છી રીતે જાગૃત કર્યાં. આ પ્રમાણે મોઘા જાનનો નાચ જલસા ખતમ થયો, ના કોઈ મોઘાના નાચથી પ્રસન્ન થયા અને થોડીકવાર સુધી વાર્તાલાપમા મશગુલ થયાં. મધુકરે મેમાનોને જણાવ્યું કે હવે પછી ગુપા રાનો બાલ થશે: અને તે બાલ આપણા મંડળમાનાં કપલોથી તૈયાર થશે. દરેક જણ મન પસંદ પેર પસંદ કરી પીઆનાના તાલ પર નાચવું શરૂ કરશે અને તેથી સ્ત્રી પુરૂષોના આચારાનો સબંધ સારી રીતે વધી સ્નેહની એકત્રતા થઇ સુધારાની બોલ બાલા બોલાશે ! ! મધુકરના આ વિચાર કેટલાક સુધારક ગૃહસ્થોને સારી રીતે પસંદ પડયા અને કેટલાકના અંતરમાં કંટક સમાન ખુંચવા મંડયા. થોડીક વાર સુધી છાની માની ચર્ચા ચેરાઈ; સુધારકમાંના કેટલાક બોલ્યા ચાલ્યા વિના છાના માના રસ્તે પડયા; અને કેટલાક પ્રસંગોપાત બ્હાનાં બતાવી ઉપર ચોટીઆ મુબારકબાદી આપી આપી બંગલા બહાર નીકળી ઘર ભણી ચાલવા લાગ્યા. કેટલાક જણા સુધારામાં સામેલ થયા; અને કેટલાક જણા બૉલમા શું થાય છે તે જોવા સારૂ છાનામાના મુંગા રહ્યા; કેટલાક જણા શારીરીક સ્થિતીની માંદગીનું બ્હાનું કાઢી પોતાની બાનુઓ સાથે બૉલ જોવાના વિચારમાં બંગલામાં છાનામાંના આમ તેમ હરવા ફરવા લાગ્યા. આ પ્રમાણે મામલો ફેરવાઈ ગયો. આમંત્રણ કરેલ ગૃહસ્થોમાંનો પોણો ભાગ ઓછો

થઇ ગયો; અને જે કાંઇ બાકી રહ્યો તે તમામ એકત્ર થઇ બૉલ રમવા સારૂ તલપાપડ થઇ રહ્યો. જોત જોતામાં સુધારક કપલોને મધુકર બંગલાના પાછલા ખંડમા લઇ ગયો; તેમની સારી રીતે સરભરા કરી, બાલના હેતુઓ અને પ્રકારો સારી રીતે તેમને મીઠા શબ્દોમાં કહી સંભળાવ્યા, અને સર્વેને પ્રસન્ન કરી બાલમાં નાચવા તૈયાર કર્યા બંગલાના બ્હેની લાઇટ સારી રીતે ચકચકીત કરી પુર બ્હારમાં તેજસ્વીન બનાવી સળગાવવા માંડી. વાજીત્રનો ઠાઠ પણ પૂર્ણ કુશળતાથી તૈયાર કરી સૂર મીલાવા માંડયા પીયાનાના પર જાણીતા વગાડનારને બેસારી ઇંગ્લીશ બાલના ટયુન વગાડવા શરૂ કર્યા અને મધુકરે મંડળમા નાચ સારૂ પેર તૈયાર કરવા માંડયાં.

"કહો બાનુ કારેલીબા તમે કોની સાથે નાચવું પસંદ કરશો? આય ક કાડીવાલા શેઠ તમુને પસંદ પડશે કે નહી?"

"નહીં સાહેબ તેવન ઘના જાડા છે હું તદન પાતલી બાવરીયાની સોતી જેવી છું, હું આય જે સામે ડૉકટર ધનજીશા સોડાવોટર બેઠા તેની સાથે ઘણી ખુશીથી નાચીશ."

"કહો બાવા કુસકુસ એલચીદાના તમે શો વિચાર કીધો? આય લેમનબાઇ આપને પસંદ આવશે?"

"નહીં બાવા, હું તદન લાંબો તાર જેવો છું અને તેવન ઘનાં ઠીગનાં બચ્ચાં જેવાં છે. જો આય રોઝબરીબાઇની મરજી હોય તો હું તેમની સાથે ખુશીથી નાચીશ."

"મી. એલચીદાના હું બી તમને જ પસંદ કરૂં છું."

"કહો સાહેબ ચાઈનાસીલ્ક તમે શું ધાર્યું ?"

"મારે લાલાં શેઠાણી સાથે વાત થઇ ગઇ છે. અમારૂં સેટલ્ડ થયું છે."

"કહો શેઠીઆ તમે કોને પસંદ કીધાં ?"

"આય વરીઆલીબાઇ મારી સાથે નાચવા ક્યારનાંએ તલ પાપડ થઇ રહ્યાં છે."

"કહો મંજુલગવરી તમે કોને પસંદ કર્યા ?"

"આય લાલદાસ સાથે ખુશીથી હું નાચીશ."

"કહો સાહેબો આપણે સૌએ પેર પસંદ કરી દીધા છે; હવે હું તમારી પરવાનગી લઇ ડાન્સ શરૂ કરાવું છુ. હું અને મોંઘાજાન જે પ્રમાણે ટયુનના તાલ પર પગ દઇએ અને નાચીએ તે પ્રમાણે તમે સૌ કોશીશ કરવા મહેરબાની કરશો. આજ આપણી ફર્સ્ટ પ્રેકટીસ છે, એટલે શરૂઆતમાં જરા ઑકવર્ડ અને અગલી લાગશે પણ વખત જતાં આપણને તે ઘણું પસંદ પડશે; અને તેથી આપણા શરીરની ખીલવણી સારી રીતે થશે અને ઘણોજ ઉમદા આનંદ મગજને મળશે. ચાલો સૌ સાહેબો એકતાર થઇ ધ્યાન રાખો ! !" આ પ્રમાણે મધુકરનો હુકમ મળતાની સાથે જ નાચ બૉલ થવો શરૂ થયો. દરેક કપલો નાચવા લાગ્યાં; કેટલાંક મધુકર અને મોઘાનું અનુકરણ કરી તાલ પ્રમાણે ફરવા લાગ્યાં; અને કેટલાંક એક બીજાંને બાઝી ઉભાં ઉભાં જોવા લાગ્યાં; કેટલાંકને અડબડીઆં આવી પડવા લાગ્યાં; અને કેટલાક ગોઠીમડાં ખાઇ ગબડી પડવા લાગ્યાં; આ પ્રમાણે

છેક મોડી રાત સુધી બૅાલની ધામધુમ મચી રહી. મધુકરના બાપ, મધુકર છેક રાતના બે વાગ્યા સુધી ઘરમાં ન આવ્યો તેથી ઉદાસ થઇ એક ભાડાની ગાડી જોડાવી મધુકરને શોધવા નીકળ્યા. મધુકરના કાકા પણ ડોસા જોડે ગાડીમાં બેઠા; અને કુસુમને પૂછી નદી પારના બંગલાની ભાળ લઇ ગાડી હંકારાવી બંગલા ભણી આવવા લાગ્યા. બંગલામાં સારી રીતે ગાન તાનની ધુન મચી રહી હતી; એટલે મોડી રાતના ઘણે દુર સુધી નાચના ગાયનના પડઘા સંભળાતા હતા. ગાડીવાળો ઝડપબંધ ગાડીને બંગલામાં હંકારી ગયો. બંગલાવાળા પગીઓએ મધુકરના ડોસા તથા કાકાને બીલકુલ રોકયા નહીં, તેમણે જાણ્યું કે આ કોઇ ગૃહસ્થ મોડા મોડા નાચમાં ભાગ લેવા સારૂ આવ્યા હશે એમ માની આંખ આડા કાન કરી દીધા. કાકા તથા ડોસા છેક બંગલાના દાદર પર ચઢી બૅાલના ખંડમાં જઇ ઉભા. ડોસાએ જાણ્યું કે હરદાસની કથા છે એટલે બે ઘડી આપણા કાન પણ પ્રભુ ભજનથી પવિત્ર થશે એમ માની નીકળ્યા હતા; પણ આખો આંખ હરદાસની કથાને બદલે બૅાલ નાચ નિહાળી ડોસાની આંખો ચાર થઇ ગઈ; અને કાકા પણ ક્રોધમાં આવી મધુકરને મારવા તૈયાર થઇ ગયા.

“ અરે માળા માથાબોળુ અર્ધદગ્ધ સુધારકો આ શું તમારા નામની હોળી પ્રગટાવા માંડી છે. ”

“ અહ્યા મધુકર તું તો મને કહેતો હતો કે આજ રાતે બંગલામાં હરદાસની કથા થવાની છે; અને અહીં તો વારા નામનો દવ લાગી રહ્યો છે. મારા બેટા આજકાલના છોકરા આ

ફાટયા છે. આટલી બધી સ્ત્રીઓ અને આટલા બધા પુરૂષો આટલી મોટી ઉમરે ફેર કુદડી ફરવા લાગ્યા છે ! ! જુલમ જુલમ જમાના તારો જાલીમ જુલમ છે ! ! અલ્યા મધુકર ? મારો દીકરો આ નાટારંગમાં સાંભળે છે પણ કયા ! અલ્યા માધીઆ, હે માધીઆ ! ! ”

“ અરે કોન ડોસા ? તમે અહીં કયાંથી ? ”

“ મારા દીકરા હું પણ કથા સાંભળવા આવ્યો છું ! ! ”

“ અલ્યા મધુકર ભણી ગણીને આ ધંધા કરવા માડયા ? મારા અકરમી, ભાયડા બાઇડીઓને અડધી રાતે બંગલામા ભેળા કરી નચાવા માંડયાં ? શરમ છે તને ! મરી જા ! તારા સુધારામાં હવ લાગે તું મારા કુળમાં અંગારો પાકયો ! ! ”

“ અરે ચુપ ડોસા ચુપ રહો ! કાકા જરા બોલતાં શીખો !”

“ અરે તારૂ સત્યાનાશ જાય દીકરા હવે સીધો સીધો ઘેર ચાલ નહીં તો જોયા જેવી થશે ! ! ”

“ અરે પગી પગી, આ ડોસાને લાત મારી દૂર કરો ! ”

“ ઓ વંઠેલ ચંડાળ, તું બાપને અને કાકાને લાત મરાવા તૈયાર થયો ! શુ પડી તારા ભણતરમાં ! ધિક્કાર છે તારા સુધારાને !”

“ અરે ડોસા આનું નામ જ સાચો સુધારો ! ! ”

“ ભાયડા બાઇડીઓએ ભેગા મળી ફેર કુદડી ફરવી એનું નામ સુધારો બરૂં કે ! ! ઓ મૂર્ખ જરા બોલતાં લાજ, શરમ, નહીં તો લાકડી મતે મારી આખેરી નાંખીશ. ”

“ અરે પગી આ ડોસાને દુર કરો ! ! નાહક ડાન્સમાં હરકત કરે છે ! બધો બૉલનો તાલ બગાડે છે ! ”

“ મારા દીકરા આતે ધડા વિનાનો તોલ ? કે જમાનાની ધોલ ? ”

“ અરે ડોસા આ તો સુધારાનો બૉલ ! ”

“ અરે આતે સુધારાનો બૉલ કે કુધારાનો કોલ ” કહી ડોસાએ એક લાકડી ઉગામી મધુકરને જડાવી દીધી; મધુકરે ડોસાને બે હાથમાં દાબી દીધા અને આંખો ચઢાવી ડોસા પર દાંતીઆં કરવા લાગ્યો, સઘળાં કપલો પણ આ ધાંધલથી દીગમુઢ બની આમ તેમ જોવા લાગ્યાં ! !

પ્રકરણ ૩ જું.

સખાવતની આરસી કે પરગજુ પારસી?

દોહરો.

પ્રકાશ પરને આપવા, જંપ ન ખાય જરૂર;
પૃથ્વીમા પૂજાય છે, પરગજુ શશી ને સૂર.

શોભીતી અંબાડીવાળા હાથી ઉપર મૂર્ખ માણસો પણ બેસી શકે છે, ઘોડાના ખાસદારો શ્રેષ્ટમા શ્રેષ્ટ ઘોડા ઉપર બેસે છે; નટ નટાદી પાત્રો રાજવંશીનાં વસ્ત્રો પહેરી તાબુલાદી ચાવેછે, હયાદી પણ પેટ ભરેછે; ચકલી આદિ જંતુ પણ મોટા મહેલમાં વસે છે, તેમાંનાં કોઇની પણ સ્તુતિ થતી નથી. સ્તુતિ તો માત્ર તે કૃતાર્થ પુરૂષની જ થાય છે કે જે લોક માત્રની કામનાનો પૂરનાર છે.

કાયા તણો પાયો નહીં વતની નહીં વસુધા તણો,
માલીક નહીં માયા તણો વૈભવ નજર કૂટામણો;
ઉર કાળને કરણા નહીં પરૂણા જગતના પ્રાણ છે,
સદગૃહસ્થ સાચા શ્રીહરી અણભંગ કાળની આણ છે.

ઘટમાંથી જન્મ, મૃગલા પરિજન, ભોજપત્રનાં વસ્ત્ર, વનમાં વાસ, કંદમૂળનું ભોજન, કૃષ્ય શરીર; આટલું છતાં અગસ્તે અપાર જળનીધિનું પાન કર્યું, તેમાં તેમને કયી સામગ્રી અનુકુળ હતી? એક પણ નહીં, છતાં તેમના પ્રતાપના પ્રાબલ્યથી જ બન્યું છે, એ જ એમ બતાવે છે કે ઐશ્વર્યતાને સામગ્રીની આવશ્યક્તા નથી.

* * * *

ગુનકે ગ્રાહક સહસ નર બિનુ ગુન લહૈ ન કોય,
જૈસે કાગા કોકીલા શબ્દ સુનૈ સબ સોય;
શબ્દ સુનૈ સબ સોય કોકીલા સબૈ સુહાવન,
દોઉકો યહ રંગ કાગ સબ ભયે અપાવન;
કહે ગિરીધર કવિરાય સુનો હો ઠાકર મનકે,
બિન ગુન લહે ન કોઇ સહસ્ર નર ગ્રાહક ગુનકે.

એ સરસ સત્ય ઉપયોગ લક્ષ્મીનો વિશ્વમાંહી કહેવાય,
કરો દાન પુન્ય શ્રીમાન દીનના જેથી દુ:ખ કપાય;
ગરીબને આશ્રય દેવા એ શ્રીમંતને સોહાય,
જે લોભ વૃત્તિથી નહીં આપે તો પોતે પણ નહીં ખાય.
કરણી તેવો પાર ઉતરણી પુન્યે પુન્ય પમાય,
જે અણસમજુ સમજે નહીં તે અંત ઘડી પસ્તાય;
સ્વર્ગ પંથનું સાચુ ભાતુ આ જગમા એહ મનાય,
જે સુવર્ણ સમ કીર્તી સંચે તે સ્વર્ગે સુખીઆ થાય.

સંત્ સંગત એ આ સંસારમાં પારસમણિ છે. સારા જનોનો સહવાસ હમેશાં દુઃખીને સુખી કરે છે. ઉંચ જનોમાં વાસ કરવાથી કાયાનું સદૈવ કલ્યાણ થાય છે. ગુણવાન્ માણસોનો હાથ ઝાલવાથી સદ્ગુણનું ફળ ટુંક વખતમાં મળે છે સખાવતીઓના છાંયડા તળે સ્હેજ આવવાથી ઘણું ખરૂં દારીદ્ર કુદરત બળે નાશ પામે છે; આટલા સારૂ જ તુલસીદાસ જેવા મહાત્મા કહે છે કે, 'એક ઘડી આધી ઘડી, આધીમેં પુની આધ; તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ.' માટે મહત્વતાની આકાંક્ષા રાખનારાએ હરદમ મહદ્ જનોની સોબત કરવી. નીચની સાથે એક નિમિષ માત્ર રહેવાથી પણ પોતાની ઉચ્ચતાનો જોતજોતામાં નાશ થઇ જાય છે માટે સર્વ કાળ જેમ બને તેમ સહવાસ ગુણી જનોનો જ રાખવો. પ્રસ્તુત નવલ કથાના બીજા ભાગમાં કેસરનો પતિ જયન્તીલાલ નગીના વાડીમા પોતાના મિત્રો સાથે ફરવા ગએલ હતો, ત્યાં અન્યો અન્ય નીચ સોબતથી તેને ન સાંભળવાનાં વચન મિત્રો તરફથી સાંભળવાં પડયાં હતાં; છેવટને અંતે નગીના વાડી છોડી ઘર તરફ વળતાં તેને અમદાવાદના સુપ્રસિદ્ધ કોન્ટ્રાકટર એદલજી શેઠનો સ્હેજ સહવાસ થએલ હતો. તે સહવાસમાં જયન્તીલાલના ઉમદા વિચાર જોઇ તેને વિકટોરીઆમાં પોતાની સાથે બેસારી ઘેર લાવ્યો હતો, અને તેને બીજે દીવસે પોતાની ઑફીસમાં મળવા બોલાવ્યો હતો. જયન્તીલાલની સાદાઈ અને ભલાઇથી પ્રસન્ન થઇ તેને પોતાની પેઢીમાં પચીસ રૂપીઆનો પગાર કરી ધંધે વળગાડી સારે રસ્તે ચઢાવ્યો હતો; આ સર્વ પરિણામ ઉચ્ચ જનોના સહવાસનું જ ફળ હતું.

જયન્તીલાલ ઉપર એદલજી શેઠના ચારે હાથ હતા. શેઠાણી શીરીનબાઈ પણ તેને પુત્રવત જોતાં હતાં; અને ભાઇથી અધીક રીતે શેઠની દીકરી પરીન જયન્તીલાલને જીગરથી ચ્હાતી હતી. જયન્તીલાલની સુવા બેસવાની તથા ખાવા પીવાની તમામ સોઈ શેઠે પોતાના બંગલાના એક અવાસમાં કરી હતી. પારસી ગૃહસ્થે હદ બહાર ઉદારતા આ બ્રાહ્મણ કલાર્ક જયન્તી ઉપર દર્શાવી હતી. એક બ્રાહ્મણ રસોઇઓ અને પોતાનો એક ચાકર અલાયદો જયન્તીલાલ સારૂ રાખ્યો હતો. કુદરત પણ જયન્તીલાલ પર સારી રીતે કૃપાવંત થઇ હતી. પેઢીમાં જયન્તીલાલના રહ્યા પછી શેઠને ઘણો સારો નફો વ્યાપારમાં પ્રાપ્ત થયો હતો. પનોતા પગલાંનો જયન્તીલાલને માની શેઠનું આખુ કુટુંબ તેના પર સારી રીતે રાજી રહેતુ હતું. એદલજી શેઠ પણ તેના સારૂ કોરટ લઢી કેસરને સ્વાધિન કરાવવાનું બીડું ઝડપી રાત દીવસ કેસ સારૂ પ્રયત્ન કરતા હતા. જયન્તીલાલની તમામ સરભરા ફીકર ચિંતા વગેરે માતાથી પણ અધિક રીતે શેઠાણી શીરીનબાઇ રાખતાં હતાં. તેમણે પોતાના ભાઇ નવરોજજી વાડીઆ બારીષ્ટરને ખાસ કરી આ કેસ સારૂ મુંબાઇથી અમદાવાદ બોલાવ્યા હતા. નવરોજજી બારીષ્ટર પણ બ્હેનના શુકનને માન આપી પોતાનો લાભ મુકી અમદાવાદ આવેલ હતા. તેમણે ટુંક વખતમાં જયન્તીલાલને મળી તેના સાસરા સંબંધી હકીકતથી વાકેફ થઇ એક નોટીસ કાયદા પૂર્વક કેસરને તાબે લેવાની ઘડી મે વેકેશન પહેલાં કોર્ટ મારફતે કઢાવી લેવાનું વિચાર્યું હતું. જયન્તીલાલ આ કાર્યમાં પોતે ઘણો વિરૂદ્ધ પડયો હતો; અને

શેઠને સારી રીતે સમજાવ્યું હતું કે આ વિગ્રહનું પરિણામ સંતોષકારક કદાપી નહીં આવે અને બંને પક્ષને ખર્ચના ભારે બોજામાં ઉતરવું પડશે; તેમ છતાં સ્વાધિનમાં આવનાર શ્રી કેસર પણ હદ બહાર સુધારાને વાયરે ચઢેલ હોવાથી પોતાને તલ માત્ર પણ સુખકર નહીં થતાં કલેશનું મૂળ થઈ પડશે; માટે આ વિચાર જેમ માંડી વળાય તેમાંજ મારૂં અને તમારૂં કલ્યાણ રહેલું છે. આવી રીતે શેઠને સમજાવવા છતાં પણ શેઠ જયન્તીલાલના વિચારથી વિરૂદ્ધ પડી કોરટમાં દાદ લેવા સારૂ સારી રીતે ઉશ્કેરાયા હતા. શેઠાણી શીરીનબાઇએ પણ પોતાના ભાઈ વાડીઆ બારીષ્ટર સાહેબને અચ્છી રીતે કેસ લડવા સારૂ ચઢાવ્યા હતા; અને જો આ કેસમાં પ્રભુ કૃપાથી ફાવી ગયા તો અમદાવાદની સઘળી પ્રેક્ટીસ તમને મળશે અને પબ્લીકમાં સારી નામના થશે; માટે જીવતોડ મહેનત કરવી અને બસ આખ મીચી લડવું. જે કાંઈ ખર્ચ થશે તે સઘળુ અમે ખુશીથી ભરપાઈ કરીશું, અને જો તમારે ફી જોઇતી હશે તો તે પણ આપી છુટીશું; પણ તમને અહીંઆં ખાસ કરીને રોકી કોરટમાં કેસ ચલાવરાવશું; આ પ્રમાણે સર્વે પ્રકારની કોર્ટ લડવાની વ્યવસ્થા જયન્તીલાલ સારૂ શેઠના આખા કુટુંબે મળી એક મતે કરી હતી. જયન્તીલાલ પણ કુદરતનો મામલો આમ કારમો ફેરવાએલો જોઇ ઇષ્ટ ઇચ્છા માની મૌન ધારણ કરી રહ્યો હતો.

અત્યારે જયન્તીલાલ પેઢીની ઑફીસમાં ગએલ છે; બંગલામાં તેના સારૂ લઢવાની સર્વ તૈયારી થઇ ચુકી છે. આ વાતની વધામણી આપવા સારૂ પરીન એક પગે ઉમંગભેર આનંદમાં

આવી ઉત્સુક થઇ અને ક્યારે જયન્તીલાલ ઑફીસમાંથી બંગલે આવે કે કહું એમ ધારી આતુરતાથી રાહ જોવા લાગી. બંગલામાં આમ તેમ ફરતી જાય અને ઘડીઆળ સામી નજર નાંખતી જાય; ઉપરથી નીચે આવે અને નીચેથી ઉપર જાય; કોઇ પણ માણસ બંગલામાં આવે તો કોણ આવ્યું એમ કહી તરત તેની તપાસ કરે; આ પ્રમાણે ભાઇ બ્હેનના વિશુદ્ધ પ્રેમમાં આ પવિત્ર બાળા તન્મય થઇ જયન્તીલાલનું શ્રેય શી રીતે થાય? અને કેમ જલ્દી થાય એ સારૂ સર્વ ઉપાયો શોધવા અને પ્રબોધવા લાગી. બરાબર સાતનો ટકોરો થતાં જયન્તીલાલ ઑફીસમાંથી બંગલે આવ્યો. બંગલામાં પગ મુકતાંની સાથેજ પરીન ઉમંગથી સામી ગઈ અને કોર્ટ લઢવાનો બાવાજીએ ઠરાવ કીધો એવી વધામણી ખાઇ હૈયામાં હરખાવા લાગી. જયન્તીલાલ ઑફીસની કુંચી શેઠાણી આગળ મુકી સલામ કરી એક બારટીલ પર બેઠો. શેઠાણીએ તેને તરત જમીને નિરાંતે બેસવાનું કહ્યું, આથી તે પોતાના અવાસમાં જઇ ખાવા પીવાની સોઇમાં ગુંથાયો. શેઠનું ફેમીલી પણ જમવામાં રોકાયું. આશરે દોઢેક કલાકમાં સૌ જમી પરવારી દીવાનખાનામાં દાખલ થયા અને ચર્ચાના વિષયમાં ગુંથાયા.

"કહો બાવા હીરાલાલ ટમે જ્યારે અદરાયા ત્યારે એકબી વખત તમારાં ધનીઆની કેસરબાઇ તમારે ઘેર આવેલાં કે ?"

"ના સાહેબ! મારૂં મેરેજ નાની ઉમરમાં થએલ હતું; અને મને તે વખતે મારા સસરાએ ઘરજમાઇ તરીકે એમના પોતાના ઘરમાં રાખેલ હતો."

"વારૂ થીક! તમારાં મા બાપે એક બી વખત કન્યાને ઘેર તેડી નથી?"

"નાજી! મારા લગ્ન વખતે મારાં મા બાપ હયાત જ નહોતાં. મને નાનો મુકીને તે મરણ પામેલાં હતાં."

"ત્યારે તમુને કોને પરનાવ્યા?"

"સાહેબ મારો વિવાહ મારા વડસસરા પુરૂપોત્તમરાયજીએ મારા પિતા કલ્યાણરાય પાસેથી રૂપીઆ પંદરસોની રકમ લઈને કર્યો હતો. મને તેર વરસનો મુકી મારાં મા બાપ મરી ગયાં; ત્યાર બાદ મારી તમામ મિલકત મારા વડસસરાએ પોતાના સ્વાધિનમાં લીધી; અને તેમને ઘેર રાખી પરણાવ્યો અને ભણાવી ગણાવી ઉછેર્યો."

"ત્યારે તમે તો પરન્યા પછી બીલકુલ તમારા ઘરમા ગયા જ નથી?"

"નાજી, મારાં મા બાપના મરણ પછી મારૂં કોઈ સગુ વ્હાલુ રહ્યુ નહોતું; તેમ તે વખતે મારી ઉમ્મર નાની હોવાથી મને કાંઈ બરાબર સંસાર વ્યવહારનું જ્ઞાન પણ નહોતું. મને એકલા ઘરમાં ગમે તેમ ન હોવાથી મેં કોઈ પણ દીવસ ઘેર જવાની મારા સસરાને વાત પણ કરી નહોતી. તેમ તે વખતે મને કોઈ પણ પ્રકારનું સાસરામાં દુઃખ નહીં હોવાથી હું મારી મેળે ખાતો, પીતો અને ભણતો ગણતો લ્હેર કરતો હતો."

"ત્યારે તમારે અણબનાવ થવાનું કારણ શું મળી આવ્યું?"

"કારણમાં એજ કે મારાં સાસુ સસરા અને એકંદરે આખું

ફ્રાધરવિલિયમનું ફેમીલી સુધારાનું હીમાયતી હતું. દરેક જણાં સ્વતંત્ર વિચારનાં હતાં. આમન્યા શો ચીજ છે તેનું તેમને બીલકુલ જ્ઞાન નહોતું. બસ જેમ આવે તેમ ખાવું; મરજી પડે ત્યાં જવું અને મન ચ્હાય તેમ ચાલવું. કોઇનો પણ અંકુશ રાખવો નહીં."

"એમાં ટમુને શું હરકત હતી ?"

"હરકતમાં એ જ કે મારે સારો દીવસ સાસુ સસરાની ખીજમત ઉઠાવવી પડતી હતી. વ્યાજબી અને ગેરવ્યાજબી તમામ પ્રકારનાં કાર્યો મારી જાતે કરવાં પડતાં હતાં. મારા સસરા મારા વડસસરાની બીલકુલ આમન્યા રાખતા ન્હોતા, મારી સાસુ મારા સસરાને વેચીને દાળીઆ બારોબાર ખાતી હતી; અને મારી વાઇફ કેસર મને તથા તેમને બીલકુલ ગાંઠતી નહોતી. સાસરાના ઘરમાં મારાથી બીલકુલ તેને ઠપકો દેવાય તેમ હતું નહીં તેથી તે હદ બહાર સ્વતંત્ર બની ગઇ હતી. દરેક જણાના મનના રસ્તા જુદા જુદા થઈ પડયા હતા."

"એમાં તમને શી નડતર હતી ?"

"નડતરમાં એ જ કે મારે દરેક જણની ખુશામત કરવી પડતી હતી. સાસરામાં ઓશિયાળા રહીને કુતરાની માફક પેટ ભરવું પડતું હતું. જ્યારે મારો લેસન કરવાનો સમય હોય ત્યારે મારાં સાસુ કહેશે કે લ્યો જયન્તીલાલ આ એક નોટ લઇ સુધારા સમાજના સેક્રેટરીને ઘેર જઇ આપી આવો; આ તે આપીને ઘેર આવું કે તરત જ મારા સસરા કામ બતાવે કે લ્યો

જયન્તીલાલ તમે અત્યારે મંચેરજી મરઘાને ઘેર જઈ ચાલુ માસનું બાટલીઓનું બીલ લઈ આવો ! ! "

"બાવા શેની બાતલીઓ ? સોરાવોતરની કે બીજી હવાઇની?"

" સાહેબ જેની સમજો તેની ! "

" તોબી તમે કહો તો ખરા કે શાની ? "

" સાહેબ એકસો નંબર ટુની ! "

" શું વાઇનની, દારૂની ! ત્યારે તમે લોકો બામન થઈને દારૂબી પીવોછ ખરા કે ? "

" સાહેબ હું કદી નથી પીતો ! "

" તમે નહીં પીતા હોશે તો તમારા સસરા પીતા હશે, તમારી સાસુ ચરાવતી હશે; જ્યાં ત્યાં કરી સરવાલો તો એકનો એક થયોને ? "

" એ તો સાહેબ જે કરે તે ભોગવે ! કેમકે, 'કબીરકા ઘર ચોકમેં ગલકટેકી પાસ, કરેગા સો પાવેગા કાં બેટા કાં બાપ' !"

" બહુ સારૂ ચાલો હવે મુદ્દા ઉપર આવો ! મેતર પકરો !"

" આ સાહેબ બીલ લઈને ઘેર આવ્યો કે તરત જ મારી વાઇફ કહેશે કે લ્યો બજારમાં જઇને મારા વાસ્તે સ્લીપર લાવો, સેન્ટ લાવો, રૂમાલ લાવો અને પોમેટન, તેલ, અત્તર, ધુળ ઢેખાળા અને પથરા જે કાંઇ મંગાવું તે લાવી આપો ! ! "

"'ઓહો આ તે તમે બોલોછ કે બકોછ ? "

" સાહેબ બોલું છું ! સાસરામાં બધાનાં કામ થાય પણ

કાંઇ બાયડીની તાબેદારી ના ઉઠાવાય; તેથી મારે મુફાના માણસ સાથે વાંધો પડયો; જ્યાં મુદ્દો બગડયો ત્યાં બધું બગડયું !"

"ત્યારે તમારા લોકોમાં બધાના સાસરે આવો કારભાર ચાલતો હોશે કે ?"

"હા સાહેબ ! જે સાસરામાં જમાઇઓ ઘરજમાઇ તરીકે રહી ઉછરતા હોય ત્યાં બધે જમાઇને સાસુ સસરાની ગુલામગીરી કરવી પડે; અને વાતે વાતે હાજી હાજીથી સાસરીયાને રાજી રાજી રાખવાં પડે !"

"બાવા ટમારી કહાની પન બરી જબરી કોમીક દેખાય છે જો !"

"સાહેબ જે જમાઇનાં સાસરીઆં શ્રીમંત પૈસાદાર હોય; અને જમાઇ ગરીબ હોય તેને આ સંસારમાં સાસરીઆંના ગોલા થવાનો વખત આવે ! જેનાં સાસરીઆં કુળવાન હોય અને પોતે રળી રોટલા ખાતો હોય તેને બાઇડીને ઘેર રાખવા સારૂ સાસ· રીઆંના વગર પૈસાના નોકર ચાકર થઇને રહેવું પડે ત્યારે તેનાથી આ સંસારમાં ઘર માંડી શકાય ? જે જમાઇએ ઘરબાર ઘરાણે મુકી પહ્યાં ભરી કન્યા આણી હોય તેણે દહાડામાં દશ વાર સાસરે જઇને સાસુ મડમ સાહેબને સાત વાર નીચા નમી સલામ કરવી પડે; જો તેમાં એકાદ સલામી ઓછી લેવાય તો તરત જ દીકરીને ઘેર તેડાવી જમાઇને હાડહાડ કરી હેરાન કરી કુતરાનો અવતાર બનાવી દે, અને જે જમાઇ પોતે કુળવાન હોય અને મારા જેવા નિરાધાર અને ગરીબ હોય તેને સાસરીઆમાં રહી ઘરજમાઇ તરીકે રહેવું પડે અને ખડાના કાટલાંની માફક જ્યાં

નાંખે ત્યાં નીચા નમી જે બતાવે તે કામ કરવું પડે; જ્યાં સુધી સાસરીઆંની મરજી સચવાય ત્યાં સુધી જ કુલીનતા દુનિયામાં દેખાડી શકાય, બાકી જરા પણ વાંધો વચકો પડતાં તરત જ લડાઇ ટંટા થઇ અપમાન પામી પોતીયાભર સાસરૂં છોડવાનો વખત આવે!"

"હાં બાવા પછી તમારા ઇતિહાસનું ધ્યાન આપોને!"

"આ સાહેબ, અન્યાય ભરી રીતે મારા ઉપર જ્યા દરેકના તાળીઆ થવા માંડયા કે તરત જ મારે સાસરાને છેલ્લી સલામ કરી વિદાયગીરી લેવી પડી!"

"વારૂ બાવા ટમારી વાઇફ કયાં સુધી ભનેલી છે?"

"સાહેબ હાલમાં તેણી બી. એ. પાસ થએલી છે."

"અને ટમો?"

"સેવક પણ બી. એ. પાસ થએલ છે?"

"ઓહો! સો હાયર એજ્યુકેશન યુ હેવ ટેકન એન્ડ યુ ડોન્ટ ગેટ હેપીનેસ! હાઉ વન્ડરફુલ ઇટ ઇઝ. આટલી બધી કેલવની તમે લીધેલી છે અને તમને દુનિયાદારીનું સુખ મળતું નથી; એ કેવું અજાયબ વિચિત્ર છે?"

"સાહેબ અફસોસ એનો જ છે. મારા વડસસરાનું ઘણું જ બહોળું ફેમીલી છે. આખું કુટુંબ કેળવાએલું છે. મારા સાસરાની તમામ સ્ત્રીઓ ભણેલી છે. મારી બે સાળીઓ અને બે ફઇજીઓ પણ બી. એ. પાસ થએલી છે. મારા સાઢુઓ પણ ગ્રેજ્યુએટ છે; એકંદર આખું ફેમીલી સારી કેળવણી પામેલું છે."

" ત્યારે વાંધો શું આવીઓ ? "

" સાહેબ હું હિંદુઓના જુના રીતી રિવાજનો ચુસ્ત હીમાયતી છુ; અને એ લોકો નવા રીતી રીવાજોના ચુસ્ત હીમાયતી છે. હું જે કાંઈ કરૂં તે તેમને પસંદ ન પડે; અને તેઓ જે કાંઈ કરે તે મને પસંદ ન પડે. "

" ત્યારે તમારે તો અવળો ઘાટ થયો છે. ઉંદર બિલારીનો નાતો બનીઓ છે. "

" હા સાહેબ, હું ઘણી સપડામણમાં આવી પડયો છું. "

" તો બાવા જો તમારે સુખી થવું હોય તો તેમના ભેગા પંથમાં ભલી જાઓ અને દુઃખી થવું હોય તો આગ તદ્દન જુદા પડી જાવ ! એ રસ્તા તમારા વાસ્તે ખુલ્લા છે. "

" તો સાહેબ હું હવે તેમનાથી અલગ થઈને જુદો જ પડેલો છું. મેં તેમને નવ ગજના નમસ્કાર કરેલા છે. "

" વારૂ પન તમારી વાઈફ સાથે તમારે કેવી રીતનો અણુબનાવ થઈ પડયો ? "

" આ સાહેબ, તેની તાબેદારી મારાથી ન ઉઠાવી શકાઈ એટલે અમારે વાંધો પડયો "

" વારૂ મી. જયન્તીલાલ તમારે પન જેમ જમાનો ફરે તેમ ફરવું જ જોઈએ. હવે કાંઈ હીંદુ રાજાઓનાં રાજ્ય રહ્યાં નથી, હવે તો અદલ ન્યાથી અંગ્રેજ બહાદુરોનું રાજ્ય છે. અતિશય જૂના પુરાના કોચરલ વિચારોની હીમાયત તમારે મૂકી દેવી જોઈએ અને જમાનામાં ચાલતા સુધારાના વિચારમાં સામેલ થવું જોઈએ. "

"સાહેબ હું કાંઇ અંધ શ્રદ્ધાવાળો સુધારાનો હડહડતો શત્રુ નથી. જો એમ હોત તો બી. એ. સુધી કેળવાત જ નહીં."

"ત્યારે સુધારા વિષે તમારો પોતાનો શું ઓપીનીયન છે?"

"સાહેબ હું સુધારાનો હીમાયતી છું, આજ કાલ સુધારાના અર્થનો લોકો અનર્થ કરે છે. ન કરવાનાં કામ કરી સુધારાની કીંમત ઘટાડે છે. સુધારો એટલે શું તો સુધરવું અર્થાત જમાના પ્રમાણે દરેક કાર્યમાં સુધારો કરવો. જેમ જેમ વખત બદલાવા માંડે તેમ તેમ મનુષ્યો બદલાતાં જાય છે. જે કાંઇ કાર્ય કરવાની રૂઢી હોય છે તે રૂઢીને જમાનાની ગતિ પ્રમાણે ફેરવી યોગ્ય રીતે કાર્ય સુધારી લેવું તેનું નામ જ સાચો સુધારો કર્યો કહેવાય છે. રૂઢીને સુધારવી પણ કાર્યને અચળ રાખવું. કાર્યની કક્ષા મજબુત રીતે સાચવી રાખી રહસ્યનું રક્ષણ કરી જમાના પ્રમાણે ચાલવું તેનું નામ જ સુધારો મનાય છે. દાખલા તરીકે કે કોઇ પણ માણસે કોઇને પાંચસો રૂપીઆ હાથ ઉછીના તરીકે વાપરવા આપ્યા. હવે તે રૂપીઆ તેણે જમાના પ્રમાણે લેવા એને જ સુધારો કહી શકાય છે; કેમકે જો સત્યયુગનો જમાનો હોય તો મનુષ્ય એકવાર બોલ્યો એટલે થઇ ચુકયું કારણ કે જેવા માગે તેવા મળે અને જ્યારે જોઇએ ત્યારે પાછા આપે; પણ કલયુગનો જમાનો આવ્યો એટલે જેને રૂપીઆ જોઇએ તેણે સામા માણસને ખાતુ પાડી આપવું જોઇએ; અને જ્યારે વાયદો કર્યો હોય ત્યારે આપી દેવા જોઇએ; અને ન આપે તો સરકાર દરબાર ફરીયાદ કરીને પણ લેવા જોઇએ ! ! હવે આમાં સુધારો શું ? તો સુધારો એજ કે જમાના પ્રમાણે ખાતામાં લખાવ્યા વિના ન

આપવા તે !! હવે રૂઢી શું ? અને કાર્ય તે શું ? તો રૂઢી એ જ કે બે સાક્ષી રાખી સ્ટાંપના કાગળ ઉપર લખાવવું તે, અને કાર્ય તે શું; તો આપેલા રૂપીઆ દાવો માંડી વસુલ કરવા તે !! હવે કક્ષા અને રહસ્ય તે શું ? તો કક્ષા અને રહસ્ય એ જ કે એકના ચાર ગણા ગણી સામાને ગળે પડી કનડી કનડીને કોર્ટમાં ઘસડી રૂપીઆ વસુલ કરવા તે નહીં, પણ વ્યાજબી રીતે આપેલ રૂપીઆ ખર્ચ સાથે ધાંધલ તોફાન વગર વસુલ કરવા તે !! આ પ્રમાણે આપણા અસલથી ચાલતા આવેલા કાર્યોના રહસ્યને જાળવી રાખી જમાના પ્રમાણે કાર્ય કરવાની રૂઢીમાં ફેરફાર કરી સ્હેલાઇથી કાર્ય સાધી લેવું એનું નામ જ સાચો સુધારો કર્યો કહેવાય !!! એકદમ આંખો મીંચી સારૂં નરસું વિચાર્યા વગર કાળ બળનો ખ્યાલ કર્યા સિવાય પારકું તે સારૂં અને પોતાનું તે નઠારૂં માની દેખાદેખી કરવું તે રસમ સીસ્ટમ હાલના સુધારકોની થઇ પડી છે. હવે મારે અણબનાવ થવાનું કારણ એ જ કે હું આ આંધળા સુધારામાં સામેલ નહીં થયો તેજ !! જ્યારે હું અને મારી વાઇફ સાથે સાસરામાં રહીને ભણતાં હતાં; ત્યારે મારા સસરા મને કહે કે તમે આ તમારા માથે રાખેલી તાવડી ચોટલી કાઢી નંખાવી ગુચ્છો રાખો; આ તમારૂં કેડીયું અંગરખુ બદલી નાંખી બુટ પાટલુન કોટ પહેરો; બ્રાહ્મણ-પણું મૂકી દઇ વીસ્કી, બીસ્કુટ ડબલ રોટી કેક ખાઓ; સ્ત્રી સાથે માનભરી રીતે હાથ ઝાલી હરવા ફરવા જાઓ, તેના દરેક કામ-કાજમાં ધક્કા ખાઓ; તેનું લેસન લખી આપો. ન્હાઇ ધોઇ દેવ સેવા કરવી મુકી કલબમાં ચર્ચમાં જાઓ; આ પ્રમાણે નકલીબાત

સુધારા પાળવાની ફરજ પાડી તેથી મારે અને તેમની વચ્ચે ક્લેશ થયો. એમના સુધારાનું ધોરણ અંગ્રેજ લોકોના રીત-રીવાજોનું અનુકરણ કરવાનું હતું. તેમના જેવા ગુણ લેવાનું નહોતું; પણ તેમના જેવાં ખાનપાન અને રીત પોશાક પહેરવાનું હતું. પુરૂષોએ સર્વ કાળ સ્ત્રીઓની તાબેદારી જ ઉઠાવવી; અને સારી રીતે તેમને હરવા ફરવા ખાવા પીવાની અને બોલવાની છુટ આપી સ્વતંત્ર બનાવવી એનું નામ જ સાચો સુધારો તેઓ માનતા હતા. હરતાં ફરતાં વાત વાતમાં અને ખાતાં પીતાં સ્હેજ સ્હેજમાં તેમને એટીકેટ પોઝીશન અને લીમીટનો વાંધો પડી જતો હતો. આખો દીવસ છણુક છણુક યસ, નો, નોનસન્સ, ડેમ, બ્લડી, લેઝી, સ્ટુપીડ, ઇડીઅટ, રાસ્કલ, ફુલ, ડોન્કી વગેરે કહી કહીને મારો જીવ લેતા હતા. આ પ્રમાણે જ્યારે પાપનો ઘડો ભરાયો ત્યારે એક દીવસ મેં તેને ફોડી નાખી મારો રસ્તો જુદો કરી લીધો. એક દીવસ મારી વાઇફ ઇંગ્લીશ પોશાકમાં સજ્જ થઇ બેઠી બેઠી હારમોનીયમ વગાડતી હતી; ત્યાં હું મારા દેશી પોશાકમાં ગાયન સાંભળવા ગયો; મારી સ્ત્રીએ મારા તરફ અણુગમો બતાવી ધિક્કારના શબ્દો કહ્યા; તે વખતે હું તેને શીખામણ આપવા લાગ્યો, ત્યાં તે ચીડાઇ ગઇ અને એકદમ મારા સસરાને બોલાવ્યા; મારા સસરા ત્યાં આવ્યા અને મારી વાઇફનો પક્ષ કરી મને ધમકાવવા લાગ્યા; તે વખતે મારાં વડ સાસુ તેમનાં મધર જે જુના વિચારનાં ડાહ્યાં અને વૃદ્ધ હતાં; તેમણે મારો પક્ષ કરી બચાવ સારૂ છોકરીને ઠપકો આપવા લાગ્યાં; આથી ગરમાગરમ તકરાર એકદમ વધી પડી અને મને

ન કહેવાનાં વચન કહ્યાં; તેની સાથે મેં તેમના ઘરને છેલ્લા સલામ કરી દીધી. એક દીવસ હું કાંકરીયા તળાવ પર ફરવા ગએલ હતો ત્યાં મારા એદલજી શેઠ ફરવા આવેલા હતા. અમારા બંનેનો મેળાપ થયો, મારા વાસ્તે ઇશ્વર તેમના હૃદયમાં ઉતર્યા અને મને આશરો આપી ઠેકાણે પાડી સદાને વાસ્તે પોતાનો કરી લીધો! આ પ્રમાણે આ દુઃખીઆરાના દુઃખની કહાણી બની છે. નાની ઉમરમાં મારાં અભાગ્યે માબાપ મરી ગયાં; મારી માલમીલકત મારા સસરા બથાવી પડયા, અને નીતિને રસ્તે ચાલતાં મને મારવા તડયા; અને છેક બેહાલ બનાવી અરધી રાતે ઘરમાંથી બહાર પહેરેલે કપડે કાઢી મુકયો!! ઇશ્વર સૈનું સારૂ કરો! પ્રભુ મારા જેવું દુઃખ કોઇને દેતો નહીં!!" આ પ્રમાણે કહેતાંની સાથે જ જયન્તીલાલનું હૃદય ભરાઇ આવ્યું, અને એકદમ તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં; અને ડુસકાં ઉપર ડુસકાં ખાવા લાગ્યો, શેઠાણી શીરીનબાઇ, પરીન અને શેઠ વગેરે સૌ જણાંએ તેને સારી રીતે દીલાસો આપ્યો, અને હીંમત આપી માંડમાંડ તેને છાનો રાખ્યો!!

"અરે હાં હાં બાવા જયન્તીલાલ જરા હીંમત રાખો; આમ છેક ગભરાઇ ન જાઓ! છાતી કથન રાખો! ખોદા જે ધારે તે કરે; તેની મરજી પ્રમાણે ચાલવાથી જ સુખી થવાય છે. હું તમુને જરાબી દુઃખી નહીં થવા દઉં!"

"આં આં બાવાજી તમે શું કામ જયન્તીલાલને દુખી કરો છો? શું કામ તેમને અત્યારે રડાવીયા, થાલી કોઇ માણસને રડાવવાથી શું ફાયદો થાય છે!! ઇશ્વર ગુસ્સે થાય છે. જયન્તી·

લાલ ભાઈ ટમો બીલકુલ ગભરાતા નહીં ! ! મારાં માયજી અને બાવાજી ટમારે સારૂં જીવ આપે તેવાં ભલાં છે.”

“ બ્હેન પરમાત્મા તમારૂં કલ્યાણ કરો ! પ્રભુ તમારા માતા પિતાને અમર કરો ! મારા જેવા સેંકડો દુઃખીઆરા દીનજનો તેમની શીતળ છાંયા હેઠળ આવીને ઠરો ! ! ”

“ એદલજી શેઠ આય જયન્તીલાલ ભાઇ બહુજ નેક દીલના ભલા માણુસ છે. તેવન ઘણા પ્રમાણીક અને સાચા છે. મને તેમની હીસ્ટરી સાંભળી ઘની જ દયા આવે છે. સુધારા, ફેશન અને જૂઠાઇના વાયરે ચદેલ દંભી ટોકોના દંભનું પોગળ ખુલ્લું કરવું તેબી એક પુન્યનું કામ છે. પોતાના બાપીકા રીત રીવાજો છોરી દેખાદેખી ડોઢડાહ્યા અર્ધદગ્ધ સુધારકો, જે પબલીકને ઉંધુ સમજાવી ફેશનને પંથે ચરાવી અને સુધારાનો માર મરાવી ખરાબખસ્ત કરનારા પાપી જનોને પૂરતી નસીયત અપાવી લોકોને કુવામાં પરતા અતકાવવા તેના જેવો બીજો કોઇ ગી સારો ધર્મ નથી; માટે જરૂર હું અમદાવાદ રોકાવાનો અને આય કેસને સારી રીતે મજબૂતાઈથી ધરી જયન્તીલાલને જીતારવાનો ! પુન્યના કામમાં કદી પદરના હજાર ખરચ થશે તોબી શું થઇ ગયું ? જયન્તીલાલ હીંમત રાખો બાવા તમારા સારૂ હું મારાથી બનતું કરીશ ! ! ”

“ વાડીઆ સાહેબ; આબી પરમારથનું કામ છે. આમાં મારો કોઇબી પ્રકારનો સ્વારથ નથી બાવા ! ! એક દુખી માણસને સુખી કરવાનું આય એક ઉમડા ધરમનું કામ છે ! ! કોરતનો સઘલો ખર્ચ હું મારી જાતે આપીશ. એક વાર સુધારાનું પોગલ

પબ્લીકમાં પ્રગત કરી સુધારાને નામે થતાં પાપ અતકાવીશ."

"શેથજી, તમારા વિચાર પન ઘના જ સારા છે. ચાલો આ બી એક પુન્યનું કાજ થશે. અને પબલીકમાં નામના થશે!'"

"જયન્તીલાલ તમારે કોઇબી પ્રકારની ચિન્ટા ન કરવી. તમે મારા બચ્ચા છો. જેવી મારે પરીન ડીકરી છે; ટેવા ટમો જયન્તીલાલ પેતના કરતા પન અધીક સારા ડીકરા છો."

"ખરી વાત છે બાવા. આય જગતમાં મનુષ્ય જન્મતાં સાથે કાંઇબી લાવતું નથી; અને મરી જતાં સાથે કાંઈબી લઇ જતું નથી; ફક્ત પુન્ય અને પાપ જ તેની સાથે જાય છે. જગતમાં ટેના કરેલાં સતકરમની વાસના જ કીરતી રૂપે ફેલાય છે અને પબ્લીકમાં તેનાં વખાન થાય છે; માતે જે કાંઇ પરમારથ કીધો તેજ શરીર ધર્યાનું સાર્થક સમજવાનું છે!! બાવા 'જેવી કરની તેવી ભરની'!!"

"વાહ વાહ વિશ્વાધાર કિરતાર તારી લીલાની બલિહારી છે, કેમકે જયાં ઙ્હાર ત્યાંથી ધાડ, અને ધાડ ત્યાંથી ઙ્હાર!! જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરનાર એક તું જ કર્તુ અકર્તુ અન્યથાકર્તુ તરીકે સમર્થ છે. તારી કૃપા એ જ મનુષ્યનો ઉદય કાળ છે, કેમકે;

* * * *

"પડતી કળામા પક્ષ પોતાના જનો પણ ના કરે,
વ્હાલા વિફરી વેરી બને નિજ માલ રખવાલો હરે;
ગુણ જ્ઞાન હિત વિત ચાતુરી કામે ન આવે તે કશું,
પ્રતિકૂળ જો પ્રભુ હોય તો પંડીત નડે થઇને પશુ."

"જયન્તીલાલ હવે ટમે જાઓ, મારા બચ્ચા સૂઈ જાઓ. રાતના કાંઇબી વિચાર ન કરશો. આ તમારા પોતાના ઘરમાં સૂતા છો, અને આ તમારાં પોતાનાં માબાપના આશરા હેઠલ છો એમ માની આનંદે પ્રભુનું ભજન કરતા પોઢી જાઓ. ઇશ્વર હરેક પ્રાણી માત્રનું ભલું કરે છે! જમાનામાં જે કાંઇ થાય છે તે સારાને વાસ્તે થાય છે; માતે હીંમત રાખી પગલે પગલે પરભુનો ઉપકાર માનો બાવા!!"

"આહા અવિનાશી તારી માયા અજબ છે. ઘડી ઘડીમાં તારા રંગ ન્યારા જ છે! વાહ મારા હરી તું જે કંઇ કરે તે થોડું જ છે!! આહા કેવા કલ્યાણી અને પવિત્ર દીલનાં મારાં શેઠ શેઠાણી અને બ્હેન છે! પરદુ:ખભંજન જીવોનું જ જગતમાં જીવ્યું પ્રમાણ છે!! આહા "આતે સખાવતની આરસી કે પર-ગજુ પારસી" કહી જયન્તીલાલ મનમાં આનંદ પામતો પામતો પોતાના અવાસમાં જઈ નિંદ્રાવશ થઇ ગયો!!

પ્રકરણ ૪ થું.

તારનારી બાયડી કે સારનારી શાયડી?

દોહરો.

નર નારીનાં રમકડા, નર નારીના દાસ;
નચવ્યા નાચે નર મણી, માણે ત્રાસ વિલાસ.

આત્માને આનંદનો ઝરો, નેત્રોને અમૃતનું અંજન, સ્નેહની પલ્લવમય શય્યા, કામદેવ રૂપી વૃક્ષનુ પુષ્પ, રતિ વિલાસનો પ્રસાદ, વિષય રૂપી અરણ્યમાં સંચાર કરનાર, હૃદય રૂપી હાથીને બાંધવાનું સ્થાન અને સંસારમાં સાર રૂપ એવી સુંદરી પુરૂષને આ સંસારમાં ઘણા સુકૃતથી જ પ્રાપ્ત થાય છે.

માથાં ફોડી મરો મૂરખથી કદી ન જ્ઞાન ગ્રહાય,
જ્ઞાન ઝરે જ્ઞાનીના ઘટમાં અજ્ઞને ઉલ્ટી થાય;
મધૂર સુધારસ સૌને ગમતો ખર તે ખચિત ન ખાય,
પૂર્વ તણો સંસ્કાર હોય તો પ્રેમનું પાન કરાય.

સૂર્ય વગર ચકવો, બાગ વગર કોયલ, પાણી વગર માછલું, સરોવર વગર હંસ, પાંખ વગરનું પંખી, પાંદડાં

વગર વૃક્ષ, વરસાદ વગર મોર, વનલત્તા વગર મધુકર, સ્વાતિ નક્ષત્રના બુંદ વગરનો બપૈયો અને સ્નેહ વગરનો મિત્ર જેમ પશુ રૂપ છે, તેમ વિશુદ્ધતા અને અંકુશ વગરની કામની પણ નકામની કટારી રૂપ છે.

*   *   *   *

"બડી મકારા નારિકો મારો ના મિલિયાઈ,
સરિતા બોલે મોરસો જિયત ભુવંગે ખાઇ,
જિયત ભુવંગે ખાઇ મુનિનકે જિય તરસાવે,
કૌતુક અપના કરે કુંવરિકો અંક લગાવે,
કહે ગિરીધર કવિરાય જૈસી ખાંડકી ધારા,
દેખે હૃદય બિચારી નારિ યહ બડી મકારા."

'જે વારો તે થોડું રે સતિ નારી
પતિ પર સહુ કાંઇ વારો -જે વારો૦
તન મન ધન વારો જીવન જોબન વારો
પ્રેમથી વારો જીવ પ્રાણ રે:- સતિ નારી૦
શાણી છે સ્ત્રીનુ જે કાંઇ ગણો તે સ્વામી રે,
જાણો સંહારક સ્વામી ઉદ્ધારક સ્વામી રે;
સતિ સ્ત્રીનો પતિ પરમેશ છે,
પતિ સુખે સુખી સતિ હમેશ છે;
છે પતિ દુઃખે સદા સતિ દીલ કલેશઃ-સતિ નારી૦
તેત્રીશ કોટી દેવ બિરાજ્યા પિયુ પ્રતિમા રૂપ,
જાણી સ્વામી સેવો રે સ્વામી ઉમાવર રૂપ;

સ્ત્રીઓને સ્વામી રમાવર રૂપ,
સ્ત્રીઓને સ્વામી છે સર્વ સ્વરૂપ;
જાણી સ્વામી સેવો રેઃ- જે વારો૦ '

સંસારમાં કહ્યાગરી કાન્તા કંથને એક શાન્તિનું પરમ સ્થાન છે, જીવન ઝ ઝનું સારૂં સુકાન છે, જીંદગીની ઝલકતી જ્યોતિ છે, અને સાચા સુખને આપનારી એક સ્વર્ગની દેવી છે. જેની સ્ત્રી સારી તેનુ સર્વ સારૂં અને જેની સ્ત્રી નઠારી તેનું સર્વ નઠારૂં. મોટા મોટા મૂંછાળા મરદો ઘરમાં ચૂલાના કલેશથી રાખ ફાકતા થઇ ગયા છે. લાખોનાં આબરૂવાળાની શાખ કુભારજા સ્ત્રીઓથી રાખમાં રોળાઇ ગઇ છે ચોળાઇ ગઇ છે. જેની દાળ બગડી તેનો દીવસ બગડયો, જેનું અથાણું બગડયું તેનું વરસ બગડયું અને જેની બાયડી બગડી તેનું સર્વસ્વ બગડયું. ક્ષણમાં મોહ અને ક્ષણમાં દ્રોહ ઉપજાવનાર ફક્ત એક સ્ત્રી જ છે. ઘર પર એક ઘડીમાં વૈરાગ્ય અને એક ઘડીમાં ભાવ લાવનાર લલિત લલના જ છે. એક માના જણ્યા ભાઇઓમાં નજીવા કારણસર મુક્કામુક્કી અને ડંડાબાજી ચલાવનાર ફક્ત એક ચતુરા જ છે નયનથી નચાવી મોં મલકાવી સામી દૃષ્ટીએ માતાને ગાળો ભંડાવનાર અને બાપને હુંકારા ટુંકારા કરાવનાર ફકત એક કામની જ છે. નાના બાંધવોને અને બહેનોને પગલે પગલે દોષ દેખાડી કાળી રાત્રે ઘરમાંથી બહાર કઢાવનાર ફકત એક સ્ત્રી જ છે. નખરાંથી નચાવી નણંદ બંધુઓના હક ઉપર ત્રાપ મરાવી કંથને ઢોર સમાન બનાવી બાપીકી માલ મિલ્કતની મઝા ઉડાવનાર ફક્ત એક અલબેલી સુન્દરી જ છે. પાળી પોષી ઉછેરનાર વૃદ્ધ માતાને અક્કલ

શુન્ય અને અદેખી કહેવરાવનાર હરીણી સ્ત્રી જ છે. એક બાપની પ્રજાના યોગ્ય ભાગો હોળીના નાળીયેર સમ કંથને આગળ કરી કંથ હાથે ઓળવાવનાર ફક્ત એક અલબેલી સ્ત્રી જ છે. બાંધવ અને બ્હેનોને માતા અને પિતાને ખોરાકમાં પેટના જણ્યા દીકરાના હાથે જ વિષ અપાવનાર ફક્ત એક ડાહી ડમરી દારા જ છે. ઘડી ઘડી સાસુ નણંદને સારી રીતે ખંખેરી પલકમાં પરણ્યાને પાપણ પલકાવી ચઢાવી બાપની છાતીમાં ઠોંસા મરાવનાર અને માને ચોટલો ઝાલી જમીન પર પટકાવનાર ફક્ત એક કુલીન કુટુંબની અને શેઠીઆના ઘરવાળી ગુણીયલ ગોરી જ છે કાળી રાત્રે માના સમાન ઉછેરનાર રાંડી રાંડ બ્હેનોની ટ્રન્કોનાં તાળાં તોડાવનાર ફક્ત એક શાણી સુન્દરી જ છે ઘરડા આંધળા અને માંદલા બાપને ટાઢા શીળા અને લૂખાપાકા વગર ઘીના રોટલાના ટુકડા વગર દાંતે લોઢાના ચણા સમાન ચવરાવનાર, ધણીને પગની પેંજાર સમ નમાલો ગણી ઉપર ચોટીઆ કૃત્રીમ પ્યાર બતાવી એઠી જૂઠી રસોઇ પતિવૃતાનો બેવડો દંભ દાખવી ખવરાવનાર અને પોતાના યારને ધોળે દીવસે ઘરમાં ઘાલી વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ રસોઇઓ આરોગાવનાર ફક્ત એક સલુણી શ્યામાજ છે. જમાનાના જોરમાં માયા સમાન મનુષ્યને મર્કટની પેઠે નચાવનાર અને પળ વિપળે મનને અદૃઢ કરી શ્રદ્ધા શંકાથી પ્રિય અપ્રિય તરીકે નીરખાવનાર ફક્ત એક સ્ત્રી જ છે. મોંઢ ચઢેલી અને ખાઇ બદેલી સ્ત્રી આ સંસારમાં પુરૂષને મન એક જીવ લેણુ ઝેરીલી અને ડંખીલી સાપણુ સમાન છે. ભોળા મનના ભરથારોના હદ બહાર લાડથી ચઢી જઇ લાડઘેલી બનેલી કામીની કંથ ઉપર

કાતીલ કેર વરતાવી મુકે છે. કુળવાન માબાપની અને ન્યાત પટેલીઆ શેઠીઆ આગેવાનની ગરીબ ઘરમાં પડી ગાય જેવા ધણીઓને ખાઇ બદી પગતળે કચરી નાંખવાના કોડ હરદમ ધરતી ફરે છે. વૃદ્ધવયે પરણનાર, પુનઃલગ્ન નાતરીઆ મેરેજ કરનાર, ઘર બહાર ઘરાણે મુકી ન્યાત પટેલની પુત્રીને વરનાર, કન્યા વિક્રયના ફંદે ફસી કોથળીઓ ભરી નાણાં વેરી કન્યા લાવનાર, એકદમ ઉંચા કુળમાં સાહસ કરી લગ્નનો સંબંધ સાંધનાર, અને કન્યાની અછતને લીધે જ્યાં મળી ત્યાંથી કન્યા લાવી પરણનાર, તથા ઘણી જ નાની ઉમરમાં બાળ લગ્નથી જોડાનારા પુરૂષોને ઘણે ભાગે સ્ત્રીઓ માથાની ફરેલ અને પ્રપંચની ભરેલ નીવડી માથે ભાગે છે. ' પંડીત શાસ્ત્રી ભણેલ પુરાણી મોટી સભામાં મનાય, માન તજી મૂરખીના મોંઢાના નિત્ય ટુંકારા ખાય ' એવો અવળો ઘાટ તેમને વાસ્તે થઇ પડે છે. તેમની આખી જીંદગાની ધુળધાણી થઇ જાય છે. ડગલે ડગલે બાઇ સાહેબોને બાઇસાહેબોના દાસ બની ખીજમતદારી ઉઠાવવી પડે છે. ઘરડાને નાના થવાનો અને નાનાને ઘરડા થવાનો વખત અવળચંડી સ્ત્રીઓને લીધે આવી જાય છે. પોતાના આપ્ત અને વડીલ વર્ગને પણ કલેશી કામનીના સ્નેહ વશ થઇ દબાઇ ચંપાઇ આંખ આડા કાન કરી નાકનું રક્ષણ કરી તું તાં કરવું પડે છે અને અયોગ્ય રીતે દુભવી ઘર સંસાર ચલવવો પડે છે. ન્યાય અન્યાય નીતી અનીતિ અને યોગ્યા યોગ્ય વડીલતા વગેરે સઘળું નેવે મુકી નારીના નયન તળે નાચવું પડે છે. વખતો વખત ડહાપણમાં દવ લગાડી ચાલતી ગાડીમાં બેસી ઘરનો ભાર ખેંચવો પડે છે કેમકે,

*　　　*　　　*　　　*

"મોટા મોટા મૂંછાળા ગુચ્છાળા ગુણવાન તણું
ચલણુ ન ચાલે ચતુરાની આગે પાઇનું,
વલણ તો વિશ્વને સુધારવાનું વાળે પણ
કામનીને હાથ કુંચી ભાપાળું છે ભાઇનુ.
તોપોને તડાકે વાત સભામાં ઉડાવે પણ
ઘરમા ગુલામ ચાલે રાજ્ય પોપા બાઇનુ,
નર એવા નામનાના બોલનો શો તોલ કહો
દુકુલે બાંધ્યું છે નીર પ્રવાહી નવાઇનુ"

આ પ્રમાણે તેમની રહેણી કરણી થઇ જાય છે, બૈરીને નર થઇ બૈરી જેમ કુદાવે તેમ કુદવું પડે છે. રોવાને ઠેકાણે હસવુ અને હસવાને ઠેકાણે રોવું પડે છે. માનભરી મહિલા વાત વાતમ કૂલાઇ રીસાઇ મનાઇ અને છણુકાઇને ધણીને એક ગાલ પ તમાચો લગાવી દે તો ધણીને તે વખતે હસી પડીને ક્રોધને પ્રેમ રૂપમાં ફેરવી નાંખવો પડે છે. આખી જીંદગી સુધી જેના પ્રત્યે માનભરી અને પ્રેમભરી દૃષ્ટીએ જોયું હોય; જેને વડીલ તરી માનતા હોય અને જેને આત્મબંધુ તરીકે અંગની ઢાલ, આંખ અને પાંખ તરીકે ગણુતા હોય તેને એક તલ માત્ર વાંક સા ભલકે વિના કારણે અને વિના પ્રયોજને ફક્ત એક મદભર જુવાનીમાં દીવાની બનેલી છકેલી છેલ છબીલી સ્ત્રીને પ્રસન્ન કરવા સારૂ, રાજી રાખવા સારૂ, રીઝવવા સારૂ, સારૂં લગાડવ સારૂ અને સર્વદા તેની પ્રીતિ પ્રાપ્ત કરવા સારૂ ન કહેવાનાં વચ શ્રદ્ધા, સગાઇ, ભાવ અને પ્રેમ વગેરે ભૂલી જઇ કહેવાં પડે છે

વખતે અપમાન કરી સહસા કેર વરતાવવો પડે છે. સહીઆરા વ્યાપાર કામ ધંધા અને જર જમીનોના અયોગ્ય દસ્તાવેજો લખી લખાવી ગળે છરીઓ મુકી વ્હેંચણી કરવી પડે છે. ત્રણ ત્રણ પેઢીથી ચાલતા આવેલા શ્રદ્ધા વિશ્વાસના સંપભર્યા સંબંધો ફક્ત આ હઠ સારૂ છોડવા પડે છે; અર્થાત્ જેમ જેમ મોટા ભાઈને ભાભી નચાવે છે તેમ તેમ તેમને નાચવું પડે છે; વાસ્તવિક રીતે કહીએ તો,

* * * *

"જેમ નચાવીએ તેમ નાચે રે મોટા ભાઇ ફક્કડ મારા,
વાંકા વળીને ઝીલે ભાભીના બોલ મીઠા ખુબ સારા.
ભાભી કહેશે છે દહાડો તો બસ દહાડો,
ભાભી કહેશે છે રાત તો બસ રાત;
જુઓ ચંદ્ર ચળકે છે કેવો જોયા જેવો,
રવિ તાપ આપે છે કેવો અગ્નિ જેવો.
આ છે સારૂ આ નઠારૂં કહે ભાભી તે સારૂ,
આ એકલડું પ્રિય છે મુજને જગત બધુ છે ખારૂ;
સારૂં નરસું ખારૂં મીઠું જુઓ કેવુ છે પ્યારા,
વાહ વાહ વ્હાલી ખરે દીવસમા ઉગ્યા છે જો તારા."

આ પ્રમાણે લાડ કોડમાં લચકતી લાડીલી લલનાઓ વખત આવે પતિના મોમાં થુંકી કહેશે કે 'પાન ઘણું સારૂં ખાવા જેવું હતું', તે મેં તમારા મોમાં પીચકારી મારી મારા જીગરના પ્રેમનો તમને દાખલો આપ્યો, સમજ્યા કે મારા ચતુર સુજાણ?' તો

તરત જ ચતુર શીરોમણી સ્ત્રીના સૌભાગ્ય આધાર કહેશે કે 'વ્હાલી તેં મને આજે કૃતાર્થ કર્યો અને મારો સર્વ પરિતાપ અને સંતાપ હર્યો.' જ્યારે આવી રીતે અબળાઓ પ્રબળા બની જાય છે ત્યારે કેટલીક રીતે પુરૂષોને માથે તેમને વાસ્તે જવાબ-દારીઓ રહેલી છે. પુરૂષની હદ બહાર છુટથી જ સ્ત્રી મનફર બની અંકુશ વગરની થઇ સ્વતંત્ર મીજાજની વાતે વાતે કંથને કનડતી કર્કશા બને છે પાણી માગે ત્યારે દુધ આપવાથી અને અન્ન માગે ત્યારે મોતી આપવાથી સ્ત્રી વ્યવહારની મર્યાદાનું ઉલ્લંઘન કરતાં શીખે છે. વાતે વાતે હસીને બોલવાથી અને વાંકે વાંકે ગમ ખાઇ બેસી રહેવાથી સ્ત્રી નઠોર થઈ કઠોર બનતી જાય છે. ખાવા પીવાની, બોલવા ચાલવાની અને હરવા ફરવાની જોઇએ તેથી વધારે છુટ આપવાથી છબીલાંને છેલના છુટા છેડા કરવાની ફરજ પડે છે. જેટલી અયોગ્ય રીતે સ્ત્રીને પુરૂષ હસાવે છે તેટલી અયોગ્ય રીતે પુરૂષને સ્ત્રી રડાવે છે હેતને છલકાવી નાંખવાથી હેત મનને પલાળી નાંખી કહોવરાવી નાંખે છે. ખાન પાન, લુગડાં લત્તાં અને ઘરાણાં ગાંઠાં સ્ત્રીઓના માગ્યા પ્રમાણે આપવાથી પુરૂષોને પ્રાણ અર્પણ કરવાનો અને ખોળીયાની હરાજી કરવાનો વખત આવી ચઢે છે. જ્યારે સ્ત્રી તેના ખરા સ્વરૂપમાં જાય છે ત્યારે પુરૂષથી સ્ત્રીનું રૂપ જોઇ શકાતું નથી. જ્યારે સ્ત્રી સ્વતંત્ર રીતે સામું બોલતી થઇ જાય છે ત્યારે પુરૂષથી તેને તલ માત્ર પણ તાબે લઇ શકાતી નથી. એકંદર રીતે મોંઢે ચઢેલી સ્ત્રી સ્વામીને શૂળી સમાન દુઃખદ થઇ પડે છે. તેને જોતાં જ પુરૂષ કંપી ઉઠે છે. સ્ત્રીથી વિરૂદ્ધ વર્તન પુરૂષથી જરા પણ રાખી

શકાતું નથી. સ્રીના એક તાડુકાથી બિચારા પુરૂષના હાંજા નરમ પડી જાય છે. અવળચંડી સ્રી સંસારમાં સાક્ષાત ચુડેલ પીચાશણી છે. સર્વદા સ્વામીનાં હાડ ચામ અને રક્તને ચુશી ખાનારી ચૂડેલ છે. જે પુરૂષના ઘરમાં સામુ બોલનારી સ્રી છે તેના ઘરમાં સાક્ષાત નાગણ વસેલી છે જે પુરૂષને જોઇને સ્રી તાડુકા કરતી સામી આવે છે, તેનો અવતાર હંમેશને વાસ્તે એળે ગયેલો વૃથા જ છે. જેના ઘરમાં જુદાઈ છે, તેના ઘરમા હમેશને વાસ્તે હોળી જ પ્રકટેલી છે. જેને ઘેર સ્રી મરડાતી છે તેને ઘેર તેનું ભાગ્ય પણ હંમેશને વાસ્તે થરડાતું જ છે.

આપણી સાહસિક સુધારક અને સ્વતંત્રતાની હીમાયત કરનાર કેસરની બ્હેન કપિલા કે જેને સુંદરલાલ બારીષ્ટર સાથે પરણાવવામાં આવી છે, તે માનવંતાં બાનુ પણ સુધારક વર સુંદરલાલ સાહેબની છુટનો લાભ લઇ કેવળ મનફર સ્વતંત્ર અને તદ્દન સુધરેલ ઇગ્લીશ બાનુ બન્યાં છે. બારીષ્ટર સાહેબની વિલાયતની હવા અને સુધારાની દવાએ કપિલાને બેધડક બાહાદુર અને ઉદ્ધત બનાવી છે. બારીષ્ટરના ધંધાની તમામ પ્રેકટીસ કપિલાગૌરીના ત્રીજોરીના ખાનામાં સમાતી હતી. સાહેબ પર તમામ સ્વતંત્ર હકુમત કપિલાની જ ચાલતી હતી. આખા ઘરમાં કપિલા જેમ કરે તેમ જ થતું હતું. કપિલાના મનની મરજી એ જ બારીષ્ટર સાહેબના કાયદાનો અર્થ થતો હતો. ખાવા પીવાની ઓઢવા પહેરવાની અને ફરવા હરવાની તમામ રીત રસમ ઉપર કપિલાનો કાબુ હતો. સાહેબને પહેરવાનો સટ કપિલાની પસંદગીથી જ તૈયાર થતો હતો. કોઇ પણ ઠેકાણે જવું

આવવું હોય, કોઇને કાંઈ પણ આપવું લેવું હોય અગર કોઇની સાથે કાંઇ પણ વાતચીત કરવી હોય તે તમામ કપિલાને પુછી ગાછીને સાહેબથી થતી હતી. કપિલા સિવાય કાંઇ પણ કાર્ય એકલા બારીષ્ટર સાહેબથી થતું ન્હોતું. હાથનાં કર્યાં હૈયે વાગ્યાનો ઘાટ બારીષ્ટર સાહેબનો બન્યો હતો. શરૂઆતમાં જયાં સુધી બારીષ્ટરપણાના ધંધાની સારી પ્રેકટીસ સાહેબને ચાલતી હતી ત્યાં સુધી કપિલા અને સાહેબને સારી રીતે બનતું હતું. જયાં સુધી ભાઇ સાહેબ બાઈ સાહેબની સત્તામાં રહેતા હતા, ત્યાં સુધી અન્યો અન્યમાં ઉંચાં મન થવાનું કાંઇ પણ કારણ બન્યું નહોતું; અર્થાત્ ધંધામાં જયાં લગી હાથ ભરાય તેટલા પૈસા મળ્યા ત્યાં સુધી તમામ સલાહ સંપમાં અને આનંદ રંગમાં ચાલતું હતું, સ્રીને જયાં સુધી મનને પુછીને ખાવાનું પીવાનું અને ઓઢવા પહેરવાનું મળે છે ત્યાં લગી જ તે સારી રીતે ડાહી વિવેકી અને આમન્યાદાર આજ્ઞાંકીત દાસી તરીકે પતિની સેવા ચાકરી કરે છે. જયાં ખાવામાં અને વાપરવામાં ન્યુનતા પડે છે ત્યાં તરત જ તેના મનમાં અને પ્રેમમાં પણ ન્યુનતા પડે છે. જમાનાના અસ્તોદય કાળ ચક્ર પ્રમાણે બારીષ્ટર સાહેબની દશાનું ચક્ર પણ ધીમે ધીમે બદલાતું હતું. પહેલી વીશીમાં જે ભણ્યો નહીં અને બીજી વીશીમાં જે રળ્યો નહીં તેનો તો અવતાર જ અલેખે ગયો જાણવો. જેવા સાહેબ વિલાયતથી બારીષ્ટર થઇને ઘેર આવ્યા કે તરત જ સાહેબની ઑફીસમાં નાણાંની ટંકશાળ પડવા લાગી. પ્રેકટીસના વરસાદનાં ઝાપટાં સાહેબનો સુધારો; બાઇ સાહેબની ફેશન અને એટીકેટ પોઝીશનના મુનમ ગુમાસ્તા

જેમ આવે તેમ ધરાઇ ધરાઇને ખાઇ પી ગયા. જ્યાં સુધી કમાણી આવી ત્યાં સુધી બધાંએ સારી રીતે ખાધું પીધું અને લ્હેર ઉડાવી. જ્યારે કમાણી ઘટવા માંડી ત્યારે ધીમે ધીમે બધાંની આંખ ઉઘડવા માંડી અને કમાણી છેક જ ઘટી ગઈ ત્યારે સાહેબ અને મડમ એક બીજાને ચીડીયાં કરી કરી દાંતીઆં કરવા લાગ્યાં; અને હ્હોતીઆં ભરવા લાગ્યાં. નાણાંની ભીડ આજ કાલ સંસારમાં મોટામાં મોટી ભીડ છે તેની છત એ બધાની છત છે. તેની અછતમાં જ બધાની પત્ત જવાનો વખત આવે છે. તેમ બારીષ્ટર સાહેબના ઘરમાં પણ નાણાંની અછતને લીધે એક બીજાની પત્ત જવાની વેળા આવવા લાગી. કપિલાગોરીએ સારી રીતે સાહેબના મુનમ ગુમાસ્તા પર નાણાં સારૂ તાબીએ કરવા માંડયો અને સાહેબની પણ અચ્છી રીતે ઝાટકણી લેવા માંડી. કપિલાનો ક્રોધ જોઇને બારીષ્ટર સાહેબ તો તદ્દન ઠંડાગાર આઇસક્રીમ રૂપ ઠરી ગયા. સાહેબ જે કાંઇ કહે તેનાથી ઉલટું જ કપિલા કરતી હતી, અને ગમે તે રીતે બસ પૈસા કમાઇને આપો એજ તેની હમેશની માગણી ચાલતી હતી. સાહેબની ઑફીસમાં ઘાલચંદ અને મેલચંદ કરીને બે મોઢ વાણીઆ મુનમો હતા. બંને બહુ કાવાદાવા અને ઝાઝી વગસગવાળા હતા. અતિશય ખટપટીઆ પ્રપંચી મોંઢાના મીઠા અને અંતરના નીખા આગ જેવા હતા. અસીલોની કમાણીમાંથી બારોબાર અદ્ધ-રીઆ મહા પ્રસાદ ઝાપટી લેતા હતા. બારીષ્ટર સાહેબ કાયદાના ખાં હતા પણ મેથેમેટીકસમાં સાઇફર શૂન્ય; હતા અર્થ શાસ્ત્ર કરકસર અને ગ્રેવડને બીલકુલ પીછાનતા નહોતા. કાલે શું થશે

તેની જરા પણ પરવા રાખતા નહોતા. પ્રેકટીસમાં રોજ હાથ ભરાતો એટલે કાલને તો તેમણે એક કોરે જ મૂકી હતી. ધંધાની તમામ આવકને જમાનાના ખર્ચની જાવકમાં રોકી દીધી હતી. રોજીના ચાલતા રહેલા પ્રવાહના જોરથી રોજનું ખર્ચ એમને એમ નભે જતું હતું. એકાદ કેસમાં પાંચસો કમાયા એટલે તરત જ ઘાલચંદ મુનમને કહેશે કે લ્યો ઑફીસ ખર્ચ કાપી લઇ શેઠાણીને આપજો. આ મુનમ સાહેબને જેટલું જોઇએ તેટલું તારવી લે અને બાકીનું જે કાંઇ વધે તે કપિલાના હાથમાં જતુ હતું. જમાનાના જોરમાં પુરૂષની કમાણી જ્યાં સ્ત્રીના હાથમાં જાય કે બધું બરોબર સરખે સરખું થઇ જાય; જ્યારે ધણીને જોઇએ અને માગે ત્યારે તરત જ રોકડો જવાબ મળે કે વિષ્નુ પાસે માગી લેજો. આ પ્રમાણે આવકમાં શેઠાણી અને મુનમના બંનેના હાથ ફરતા હતા એટલે સાહેબ બિચારા કોરા મોરા ન્યારા રહી જતા હતા. સાહેબનો સુધારો. લેડીની ફેશન અને ગુમાસ્તાની ઉઘરાણી એ ત્રણે મળીને ધંધાની આવકને અચ્છી રીતે હજમ કરી જતાં હતાં. ઘાલચંદ અને મેલચંદ બંને જણા એક મનથી એક સંપથી અને એક દીલથી એકત્ર થઇ શેઠાણીના મતમાં કેટલીક રીતે ભળી આવકમાંથી અરધો અરધ ભાગ હોઇઆં કરી જતા હતા. બાઇ સાહેબ જે કાંઇ મંગાવે તે તરત જ બજારમાંથી લાવી આપતા હતા. શેઠાણીની ફેશનને અને સાહેબની પોઝીશનને જમાનાના ખાધેલા ગુમાસ્તા સારી રીતે ઇંગ્લીશ એટીકેટ સાચવી સાચવી જાળવી લેતા હતા; અને પ્રસંગોપાત હાજી હાજીથી રાજી રાજી રાખી દુધની તર જમી

જતા હતા. સાહેબને હીસાબી જ્ઞાન ન્હોતું; તેમ લેડી સાહેબને આવતી કાલનો વિચાર ન્હોતો એટલે ગુમાસ્તાને સર્વકાલ દીવાળી થતી હતી. શું ખાવું અને શું પહેરવું તેના જ વિચારમાં કપિલા રાત દીવસ ગુથાતી હતી, અને રોજના અવનવા ઓરડરો મુનમને આપે જતી હતી. આમ મુનમો પણ નીચા નમી મોઢું મલકાવી ઓરડરો બજાવે જતા હતા, બજારમાં ફેન્સી સ્ટેશનરીની શૉપોના માલીકને ત્યાં ઓરડરો નોંધાવતા હતા અને જોડે પોતાનું કમીશન પણ ચઢાવતા હતા; અને બીલમાં મ્હેનતાણાના બમણા દામ ચઢાવી ઑફીસના ચોપડામા બીલ જમે કરતા. સાહેબના ઓરડરો પણ કમીશન સાથમાં જ બજાવાતા હતા. મોઢ મુનમો આ પ્રમાણે બારીષ્ટર સાહેબને ચુસીને ફોલી ખાતા હતા. એક તરફ વાર્ષીક પગાર લેતા, બીજી તરફ અસીલો પાસેથી વકીલાત દાત્રાની પાઘડી લેતા; અને ત્રીજી તરફ ઓરડરોમાંથી દલાલી કમીશન વગેરે જે કાંઈ મળે તે હોઇઆં કરી જતા હતા. જમાનામા આજકાલ કમીશનનું પણ જબરૂ જોર ચાલે છે. જુના જમાનાના લોકો દલાલોને નામે લ્હેર ઉડાવે છે નવા જમાનાના લોકો કમીશનને નામે મોજ મઝા મારે છે. દુનિયાના દરેક વ્યવહાર પાઘડી ભેટ ફુલની પાંખડી ઇનામ સોગાત, હકશાઇ, સુખડી, દલાલી અને કમીશનથી જ ગુંથાએલા છે. કોઇની પાસે કાંઇ માલ મંગાવ્યો કે તરત જ તેની હકશાઇ ચઢી ચુકી, કોઇને લઇ બજારમાં સાથે કાંઇ લેવા ગયા કે તરત જ માલ સાથે દલાલીની જકાત ચોંટી ચુકી; કોઇનું ઘર મંડાવ્યું કે કોઇને કાંઇ સોદો કરાવ્યો કે તરત જ મ્હેનતાણું

ચઢી ચુકયું; આ પ્રમાણે દુનિયાદારીના દરેક કામકાજમાં કમીશન પેસી ગયું. કોઈ કોઇના ઉપર વિશ્વાસ મુકવા લાયક વખત રહ્યો નહીં, અને કોઇને સાથે તેડી માલની ખરીદી કરવાની ઘડી હવે જતી રહી. હવે તો હરકોઇ ચીજ ખરીદવી હોય તો પોતાના મનની હુંશિયારી પ્રમાણે બજારે લુંટાવાનો વખત આવ્યો ? અર્થાત્ જે કાંઇ લેવું હોય તે બજારમાં જઇ ચાર પાંચ ઠેકાણે જોઇ તપાસી ખાત્રી કરી એકલા હાથે ખરીદવાથી જ કમીશનની જાળમાંથી છુટી શકાય છે. જમાનાના સુધારાના પ્રવાહમાં જો કોઇની સલાહ માગી તો તેમાં પણ કમીશન; કોઇને લઇને સ્હેજ બજારે ગયા તો તેમાં પણ કમીશન, કોઇને વચ્ચે રાખી પંચાત કરાવી તો તેમાં પણ કમીશન; ઘેર લગ્નના અવસરે કોઇને બોલાવી ચાંલ્લા કરાવ્યા તો તેમાં પણ કમીશન, જમણવાર અને વરા વાજનના ખર્ચ ટાણે એકદમ ખુટી જતી કોઇ ચીજ મંગાવી તો તેમાં પણ કમીશન; ઘર વ્યવહારના સાધારણ ઉપયોગમાં ચાલતી ચીજો સાબુ, તેલ, અત્તર, ઘી, સાકર, ખાંડ, કપડાં, અનાજ, અને દવા દારૂ વગેરે ભોગજોગે મંગાવી તો તેમાં ભોગ જ મળ્યા; એકના દોઢા થયા; અને દોઢાના કમીશનથી ત્રણ ગણા થયા; બસ દુનિયામાં બધે ઠેકાણે ઘરો ઘર કમીશન પેસી ગયું. કમીશન વગર કાંઇ વાત નહીં. જ્યાં કમીશન ત્યાં જ ઉઠાવ, ખરીદી અને ધંધાની તેજી; બાકી બીજે બધે ઠેકાણે મંદી !! વાહરે કમીશન ! તારી પણ સુધારાના સમયમાં બલિહારી છે !!! મોટા લોકોના ઘરમાં નોકર ચાકર અને ગુમાસ્તા વર્ગનું કમીશનની રૂઢીથી સારી રીતે પેટ ભરાય છે. પગાર દશ મળે પણ બાર

મહીને દલાલી અને કમીશનથી ભાઇ આખો પગાર બચાવી આખો વર્ષ દહાડો અમન ચમન ઉડાવે! બારીષ્ટર સાહેબની પેટીમાં કમીશન દેવના પ્રતાપે ઘાલચંદ અને મેલચંદને આ પ્રમાણે ખુબ લ્હેર ઉડતી હતી. આજ રોજ રજાનો દીવસ છે. બારીષ્ટર સાહેબ બહાર ફરવા ગએલ છે. ઘરમાં ઘાલચંદ મેલચંદ અને શેઠાણી કપીલાગૌરી મળી ત્રણ જણ જ હાજર છે. રસોઇઓ અને ચાકર પણ આજે કંઇ કામ સારૂ બ્હાર ગએલ છે. વખત બપોરના બે વાગ્યાનો ચાલે છે. કપિલાગૌરી મુનમોને બોલાવી પોતાને જોઇતી ફેન્સી ચીજો સારૂ ઓર્ડર આપે છે. મુનમો પણ ઠાવકુ મોંહુ રાખી ઓરડરો સાંભળે છે.

" અરે ઘાલચંદ, જાઓને જરા તમે બજારમાં જઇને મારા વાસ્તે પોલકાનું ફેન્સી પોત આ નમુના પ્રમાણે લઇ આવોને ! "

" શેઠાણી સાહેબ હવે જમનો કાપડીઓ નામે માંડતો નથી; મારો બેટો હવે તો રોકડા દામ છોડાવે છે ! "

" અરે તમે તો જ્યારે ને ત્યારે આવો જ ગોટાળો કરો છો ! જ્યારે હું કાંઇ માલ મંગાવું છું ત્યારે તમે દેવાળીઆની વાતો કાઢી મને બનાવો છો ! "

' બાઇ સાહેબ કાપડીઓ કયાશ માગે તેમાં હું શું કરૂં ? મારૂં સાળું જમાનામાં કાંઇ કયાશ વગર ટેશ નભે છે ? "

" નખ્ખું તમારા બાપનું કપાળ ! તમે વાણીઆ લોકો જ અવળા છો! આટલી બધી કયાશ તમને મેં માગી સાહેબ પાસેથી લઇ લઇને આપું છું તો પણ તમે મારા વાસ્તે અંગ ઉપર નાખે મંગાવી લાવી શકતા નથી. ઘણી શરમની વાત છે ! "

" શેઠાણી સાહેબ શું કરીએ એમાં અમે લાચાર છીએ ! સરાફીની પેઢી શું તમારી જીભાન ઉપર ચાલે છે ? "

" ના તમારા પગ ઉપર ચાલે છે ! દુનિયામાં શાહુકાર જ તમે, બાકી બીજા બધા ચોર એમ ને ? "

" ના સાહેબ, સરાફીની પેઢી તો રોકડ દામ ક્યાશ ઉપર ચાલે છે. દુકાનદારને એકાદ બે વાયદા કરાય, જો તે વાયદા આપણાથી બરાબર રીતે પળાય તો આપણી સરાફી સદા કાળ એક સરખી રીતે ચાલ્યા કરે; અને જો વાયદામાં જાૂઠા પડાય તો તરત જ નામે મંડાતા ચોપડા બંધ થઇ જાય ! ! "

" એટલે તમે કહેવા શું માગો છો ? "

" આ કહેવાનું એ જ કે ઝાઝા લાહુરીયાવેડા કરે ઉધાર માલ મળે નહીં. બીજાશ, જાૂઠ અને જરૂરીઆતને ઉધાર સાથે એક ઘડી પણ બને નહીં. "

" આ બધા સવાલ જવાબ જ તમે તમારી મેળે બનાવી બનાવીને આપો છો ! દુનિયામાં વાણીઆના છોકરાને એક વાર ઇશ્વર પણ ન પહોંચે ! "

" અંહું....હું હં. શેઠાણી સાહેબ તમે પણ ઠીક અમારી મશ્કરી કરો છો ! તમારે ઘડી ઘડીના જુદા જુદા ઓરડર માલ મંગાવવાના નીકળે અને માલના પૈસા આપવાનો ઓરડર ફક્ત એક જ ત્રણ ચાર મહીને માંડમાંડ નીકળે ! ! કહો સાહેબ આ લેવડ દેવડ હવે શી રીતે બને ? તમે દુકાનદારને ત્યાંથી લાવવાનો હુકમ કરો પણ અમારે દુકાનદારને માગે તે આપવું શું ! અમારાં

કાળજાં આપવાં સાહેબ ? શેઠ શેઠાણીના તાબીઆથી અમારી પત્તર જધાઈ જાય છે! ઈશ્વર તમારાથી પ્રભુ તોબા !!"

"અલ્યા ઘાલચંદ આટલું બધું તું ફાટયું ફાટયું કેમ બોલે છે? શું તું તારા ઘરના પૈસા દુકાનદારને આપે છે કે આમ ગાલ વગાડી મને કહી બતાવે છે! હું તો હવે તારાથી કંટાળી !"

"શેઠાણી સાહેબ માફ કરજો ! જો નોકર શેઠાણીના ઓર-ડરના પૈસા ઘરના કાઢી આપે તો નોકર પછી ખાય શું ?"

"રસ્તાની ધુળ ખાય મારા રોચા મૂર્ખ !"

"હાસ્તો શેઠાણી ! તમારી નોકરી કરીને અમે ધુળ ના ખાઇએ તો પછી કોની નોકરી કરી ધુળ ખાઈએ ?"

"હવે અહીંથી જાય છે માથું ફોડાવતો !"

"હયોને સાહેબ, આ એક કોરે મૂંગા મૂંગા બેઠા! આપ ગુસ્સો શું કામ કરો છો?

અલ્યા મેલચંદ, જાને જરા જવેલરી માર્ટમાં જઇ મારા વાસ્તે મશીન પાલીસનાં ફેન્સી સોનાનાં એરીંગ લઇ આવને !"

"સાહેબ! પેલી ગુલાબ જાંબુની બંગડીઓનું બીલ પતવી જાઓ, પછી એરીંગ લઇ જજો; એમ માર્ટવાળો નગીન-દાસ કહે છે!"

"બહુ સારૂં, જા નગીનદાસને કહેજે કે બારીષ્ટર સાહેબે સલામ સાથે કહાવ્યું છે કે એરીંગ આપો; બધું બીલ સામટું ચૂકવી દઇશું !!"

"અરે પણ શેઠાણી, નગીનદાસ તો મને જોઇને કુતરાની

પેઠે ઘુરકી ઘુરકીને કરડવા આવે છે અને બીલ માગે છે ! ! ”

“ જા જઇને મારૂં નામ દેજે કે કપિલા શેઠાણી હવે ટુંક વખતમાંજ તમારૂં બધું બીલ ચુકવી દેશે, આ વખતે ખાસ ચહેરબાની કરી એરીંગ આપો ! ! ”

“ અરે પણ બા સાહેબ હવે તો તે નગીનદાસ નામ પર જ માંડવાની સાફ ના પાડે છે, કૅશ લાવો ને દાગીના લઇ જાઓ. એવો શેકડો જવાબ જ પરખાવી દે છે. ”

“ બહુ સારૂં, લે હવે પેલા ફરનાન્ડીઝ ફીરંગીને ત્યાંથી મારાં પોલકાં તૈયાર થયાં હોય તો લઇ આવ ! ! ”

“ શેઠાણી પોલકાં તો ચાર દીવસ થયાં તૈયાર થઇ ગયાં છે.”

“ ત્યારે તું લાવતો કેમ મરતો નથી ? ”

“ સાહેબ એ ફીરંગી તો એમ કહે છે કે ‘પહીલા કૅશ દે દો પીછે પોલકાંકુ હાથ લગાઓ’ ! ”

“ મારા રોયા તમે બંને સરખા છો. તમને કોઇ જગતમાં પહોંચે તેમ નથી. તમારે ધક્કા ખાવા પડે છે એટલે બધાં બ્હાનાં બતાવી બતાવી વાત ઉડાવો છો, ઠીક આજે સાહેબ આવે એટલે તમારી વાત ! ! ”

“ તમારા સમ શેઠાણી સાહેબ, જો અમે કાંઇ અસત્ય બોલતા હોઇએ તો ! ”

“ અચ્ચાઇનાં પૂતળાં હું તમને સારી રીતે ઓળખું છું. ”

“ આ બામણના સમ, શેઠાણી સાહેબ જો આમાં કાંઇ જુઠું હોય તો ! ! ”

"અલ્યા તમે હોકો સાહેબ પાસેથી મુંઠીઓ ભરી ભરી નાણું લઇ જાઓ છો તે બધાં નાંખો છો કયાં? આ અસીલ પાસેથી સાહેબ કાંઇ કમાયા કે તરત જ તમે દેવાના બીલના થોકડા કાઢી ચડીચોટ રૂપીયા ઉડાવી જાઓ છો, એ બધા રૂપીયા જાય છે કયાં?"

"એ બાસાહેબ એ બધું બીલવાળાને ત્યાં જમે થાય છે! અમે કાંઇ હોઇઆં કરી જતા નથી!"

"એ મારા રોયા તમે મોઢીઆ નખ્ખોદ વાળો એવા છો. મોંના મીઠા અને હૈયાના મેલા કઇ જણને કાચાં દેવાળાં કઢાવો એવા છો; કહેવત છે કે 'વાણીઆ મરે ત્યારે બલાડા થાય' જુઓ તમારે વાસ્તે એક કવિ હૈયાના વ્હાળા કાઢે છે કે,

* * * *

"પટ સ્વચ્છ સફેતપેં શ્યામ બને, જ્યું અદશ્ય કે યોગસેં સ્પર્શ કીલાડા
ભવ માનવકો તઉ ભૂત સમા ભટકંત ફિરે અઘસેં જ્યું ભિલાડા;
હરદાન જ્યું કાગદ રદ્દવહેં જીમિ સ્નેહ નારેં બનતે જ્યુ ઢિલાડા,
ખલ પાપ દમા છલ જુઠનતેં બનિયા મિરતે તવ હોત બિલાડા."

"વાહ વાહ શેઠાણી સાહેબ તમે પણ ઠીક કહી હોં! કામ કર્યાનો સરપાવ તો સારો આપ્યો!!"

"જો સાંભળ, હજુ તો ઘણું સાંભળવાનું છે."

* * * *

"બિત્ત બિના બાંઠા મોઢ કેટલાક મરી ગયા
ભીંદડા થઇ વાઉ વાઉ કરી ભાટતા ફરે,

ખાધું મુખ બાંધી ખુબ દુકાનમાં સાધી જોગ
ઘરોઘર તેથી દૂધ તર ચાટતા ફરે;
મલપતા મીંદડીનો કેડ કદી મુકે નહિ
ચુકે નહિ ચોટ મુંસા ખુબી બાટતા ફરે,
કહે હરદન પૂર્વ જન્મની સ્મૃતિ થકી
માયા દાટી હોય એમ બીડી દાટતા ફરે.
વાઉ વાઉ કરે તે તો વહુ વિના ગુવા તેથી
રતિ મોહે ભુલ્યા વૃત્તિ નાવી ગઇ નાથમા,
દહીં દુધ ચાટી ખાય ઘરો ઘર તે તો જેમ
ફોલી ખાધું ફોફાંપાનુ ફાવી ગઇ સાથમા:
મુસાને મારે તે કળ ગ્રાહકને દાબ્યા બનો
પાન બીડી ચુના સોત ભાવી ગઇ કાથમા,
કહે હરદાન ધન્ય વણિક કમાણી વાહ
વિત્ત ગયું હવે વિષ્ટા આવી ગઇ હાથમા."

"ઓહોહો તમે તો આજે ખુબ કરી હો શેઠાણી સાહેબ! આ માલ મંગાવો તમે! આ ધક્કા ખાઇએ અમે! આ માલ વાપરો તમે! અને ગાળો ખાઇએ અમે! આતે ન્યાય કેવો કહેવાય?"

"હચો હવે માથાકુટ મુકી એરીંગ લઇ આવો છો કે પછી સાહેબને ફરીયાદ કરૂં?"

"લે ભાઈ મેલચંદ હવે ચાલ ત્યારે કાંઇ છુટકો છે?"

"હા ભાઇ ઘાલચંદ ચાલો ત્યારે લઇ આવીએ; આ આભ ફાટે ત્યાં થીગડું ક્યાં દેવું! આ શેઠાણી કોપ્યાં ત્યાં રોટલા ક્યાંથી ખાવા!!"

"હવે શેઠાણી સાહેબ અમને માફ કરજો હાં! બસ ગમે તેમ કરી કુલ્લામાં હાથ મુકાવી, કુણીએ મધ લગાડી ચપટીમાં ઉડાવી તમને આજને આજ એરીંગ લાવી પહેરાવી દઉં ? પછી કાંઇ મારાં સાહેબ છે હુકમ ?"

"લે ભાઇ હવે તું જલ્દી જા! આ માવડી તમે કાંઇ સાહેબને ફરીયાદ ના કરતા હાં! અમે તો તમારા પેટના ડીકરા કહેવાઇએ! આ જરા અમસ્તી ગમ્મત કરી હો !!"

"જુઓ, છે એમનાં ચરિત્ર કાંઇ ઓછાં? આ દુનિયામાં બધુ કામ દમામથી જ ચાલે છે!! રોફમાં જ જગત વશ થાય છે. ડોળમાં જ બધાને ઠગાય છે! આડબર એજ આજ કાલ પૈસા છે. બસ બધુ જીભાનથી જીતી શકાય છે. !!"

"શેઠાણી સાહેબ, શેઠાણી સાહેબ, બારીષ્ટર સાહેબ પધાર્યા; ઓહો આજ તો તેમના ફ્રેન્ડ ખુશાલદાસ ખીસકોલી પણ સાથે જ છે!!"

"જા તું જલદી એરીંગ લઇ વહેલો આવ! અરે મેલચંદ તું જરા આ ચેર બેર ઠીક ઠાક સાફ કરી ઝાટકી નાંખ: લાવ પેલું સાંજવર્તમાન! હું જરા વાંચતી વાંચતી મગજને આનંદ આપું!!"

"બહુ સારૂ શેઠાણી એમાં કાંઇ મને કહેવું ન પડે; પણ તમે પેલું શેઠને કહેતાં ના હો કે!!"

"આ સાંજવર્તમાનમાં વાર્તાના કોલમમાં એક પારસી લેખક લખે છે કે સ્રીઓ એ આ જગતની દેવીઓ છે, શક્તિ

છે, પુરૂષને સારી દોલત અપાવનારો કીમીયો છે. સુખનું વાજીંત્ર છે, આનંદનું જંતર છે; અને મોહનો મંતર છે ! !"

"યસ ઑફ્કોર્સ સો ! સુંદરી એ આ સંસારમાં એક દેવી અને શક્તિ છે, સમજ્યા કે મારા દોસ્ત ખુશાલરાય ખીસકોલી?"

"યસ માઇ ડીયર બાર્રીષ્ટર ! ઓલરાઇટ, ઘેર ઇઝ નો ડાઉટ એબાઉટ ઇટ !"

"થેન્ક યુ, ત્યારે તો મને કહેવા દો કે:-

"દેવી દુનિયાની સાચી છે સુંદરી, બસ દેવીથી ધન્ય સંસાર છે;
"શામા શક્તિ મુક્તિ સંસારની, બસ શક્તિ એ સાચો સાર છે.

"વેલ ભાભીસાહેબ ! અમારા ભાઇએ તો તમારી પોઝીશન વધારી દીધી હોં !"

"અમારી વધારે તો એમની વધે અને અમારી ઘટાડે તો એમની ઘટે !"

"વેલ માય લવ, જરા મારા વાસ્તે ઠંડુ પાણી લાવ જોઇએ?"

"અરે તમે તે કેવા આડ છો ? શું તમે પાણી ના માગ્યું હોત તો હું ના લાવત ! હું શું ભણેલી ગણેલી ભામની એટલું એ નહીં સમજતી હોઉં કે કોઇ પણ સ્ત્રીનો પતિ બહારથી જ્યારે ઘરમાં આવે ત્યારે તેને વગર માગે પાણી પીવા આપવું જોઇએ ?"

"ઓહ થેન્ક યુ માઇ ડીઆર આફ્રીન ઓન યુ !"

"આજે તમે તમારા ફ્રેન્ડના દેખતાં પાણી માગીને મારી એટીકેટ ઓછી કરી છે; કેમકે તમે માગો ને હું આપું એમાં

પબ્લીક ઉંધું સમજે, અને કહે કે વાઈફ કેવી ઈડીઅટ છે કે ધણીને પાણી પણ વગર માગ્યે ન આપ્યું ! માટે આજ તો હું નહીં જ આપું. એવો અવળો હાખડો નહીં જ બેસવા દઉં !"

"ઓહ વેરી ગ્લેડ માઈ લેડી ટુ હીઅર યુ ! ચાલ આજ તારા માનને વાસ્તે હાથે જ પાણી પીઉં છું અને મારા ફ્રેન્ડને પણ પાઉં છું."

"ના ના, તમારા ફ્રેન્ડને હું પાઈશ; તમે હાથે પીઓ !!"

"વેરી ગુડ માઇ ડીઅર, પછી કાંઇ ?"

"હ્યો મી. ખુશાલરાય ખીસકોલી આજે હું તમને પાણી પાઈ તમારી તન્દુરસ્તી ચાહું છું !!"

"ઓહ થેન્ક યુ ભાભી સાહેબ થેન્ક યુ ! સ્ત્રી જાતીનું માન જાળવવાથી જ પુરૂષ જાતીનું રીસ્પેકટ માન વધે છે. વિલાયતની અંદર સ્ત્રી જાતીને વાસ્તે અરે ફેર સેકસને વાસ્તે પુરૂષો ઘણું જ માન ધરાવે છે, અને આ દેશમાં તેમના પર ઓરડરથી કામ લેવાય છે તે ઘણું જ ખરાબ છે ધિઃક્કારવા લાયક છે."

"અરે એમાં તમને શરમ છે કે તમે ફેર સેકસની વેલ્યુ જાણીને પાણી માગ્યું."

"ઓહ થેન્ક યુ માઇ વાઇફ ! તે મારી ફર્સ્ટ અને ગ્રેટ મીસ્ટેક છે."

"મી. ખુશાલરાય ભાઇ ! ભણેલી ગણેલી અને સુધરેલી સ્ત્રીઓ શું એટલું ન સમજે કે પાણી જોઈશે ? પણ પુરૂષોની ટેવ જ ખરાબ છે કે એકદમ ઓરડર કરીને સ્ત્રી જાતીને પબ્લીકમાં ઉતારી નાંખવી !"

“ યસ માઈ ડીઅર ભાભી સાહેબ! યુ આર કવાઇટ રાઇટ.”

“ વેલ માય સોલ જરા સીગારેટની બોક્ષ અને કાંડી તો લાવ.”

“ અરે પાછા આવા નોનસન્સવેડા કરવા માંડયા એકવાર કહ્યું તોપણ પાછા ભૂલી ગયા ? ”

“ ઓહ થેન્ક યુ, થેન્ક યુ માઇ હાર્ટ હું ભૂલી ગયો! એકસ-કયુઝ મી. આ સાલ્લા હિંદુસ્તાનની હવા જ ખરાબ છે. બસ વિલાયતની તો બહાર જ છે. જ્યાં સુધી હું લંડનમાં રહ્યો ત્યાં સુધી મારૂં મગજ એઈન એવું તો સ્ટ્રોંગ ફાંકડું અને ફેર સેકસને વાસ્તે ફ્રીલીંગ ભર્યું હતું, કે મેં એકાદ બે લેખ સ્ત્રી જાતીની ઉન્નતિ ઉપર તૈયાર કરીને લંડન ટાઈમ્સમાં લખ્યા હતા, પણ વ્હાલી જ્યારથી મેં ડોવરની ખાડી ક્રાસ કરી એડનના બારામાં પગ દીધો કે ઇંડીઆની ખરાબ હવા મગજમાં ભરાઇ ગઈ; અને આઇડીને ઘરની ઉંદરડી સમજવાની વેલ્યુ થઈ! ઓહ સોરી સોરી ! ”

મી. સુંદરલાલ, ત્યારે તમે આ ખરાબ હવાવાળા ઇંડીઆમાં શું કામ આવ્યા? વિલાયતમાં જ રહીને બારીષ્ટરપણાની પ્રેકટીસ કરવી હતીને !! ”

“ અરે હું તો કેવળ ઇંડીઆનો ઉદય કરવા સારૂં જ આવ્યો છું. હરકોઇ રીતે સુધારાના શત્રુઓને સુધારવા અને જંગલી રૂઢી બંધનો કાપીને તેમને સુધારક બનાવવા એજ મારો એઇમ છે.”

“ અરે મારો પણ એવો જ હેતુ છે કે હિંદુસ્તાનની સ્ત્રીઓની કંગાલીયત કન્ડીશન સુધારવી અને તેમને હેલ્ધી વેલ્ધી અને હેપી કરી આબાદ કરવી.”

" વેલ ડીઅર વાઇફ જરા પેલો ફેન્સી ફેન લાવને! પંખો આપ વારૂં !! "

" અરે તમે કેવા મૂર્ખ છો ? એકવાર કહ્યું છતાં પણ તેના તે! કોઈના દેખતાં મારા ઉપર ઓરડર કરી મારૂં માન શામાટે ઓછું કરો છો, જાઓ અહીંથી હું તમારી સાથે બેસતી નથી. આઇ ડોન્ટ લાઇક યુ એટ ઑલ !! "

" અરે હા હાં હાં ભૂલ્યો મારી વાઇફ હું ભુલી ગયો, મને માફ કર! પારડન આપ! આ ઇન્ડીઆમા આવાને મારૂ ભેજુ બગડી ગયું છે! મી. ખુશાલરાય ખીસકોલી કાંઇ ભેજુ સુધારવાની દવા હોય તો બતાવોની બાવા ! "

" સાહેબ જરા બદામનો મગજ કાઢી ખાઓ ! જરા અક્કલગરો દુધમાં ઉકાળી ઉકાળીને પીઓ ! "

" તમે તો જીંદગી સુધી આવા જંગલી રહેવાના ! મી ખુશાલરાય, હું પંખો આપવાના વિચારમાં જ હતી; પણ એક બીજો પખો તમારે સારૂ શોધતી હતી એટલામાં તો એ ભસી વળ્યા કે પંખો લાવો ! ! હું ઘણી કંટાળી ગઇ છું. તમે જ વિચાર કરો કે એક પંખો લઇને હું તેમને એકલાને આપું અને તમને ન આપું તે કેવું બેડ દેખાય ? એમાં તમારૂ કેટલું ઇનસલ્ટ કર્યું કહેવાય ? "

" ઘનું જ મોટું ઇનસલ્ટ કહેવાય ! પણ ભાભીસાહેબ તમે તપી ન જાઓ ! શાન્ત થાઓ ! બારીષ્ટર સાહેબ ધીમે ધીમે સુધરશે. જુઓને એ પોતાની ભુલ સારૂ કેટલી બધી દીલગીરી બતાવે છે. "

"વેલ ડીઅર જા જરા નીચે જઇને ચાયના બે કપ તૈયાર કરી લાવ જોઇએ, એટલે મગજમાંથી સુસ્તી જાય અને સ્ફુરતી આવે !!"

"અરે પાછો ઓરડર કર્યો કે! બસ હું તો તમારાથી થાકી! જાઓ ગો આવે ક્રીમ હીઅર!"

"ઓહ માઇ વાઇફ્ વેરી સોરી વેરી સોરી ફોર માઈ મીસ્ટેક! વ્હાલી હું ભુલને વાસ્તે ઘણો દીલગીર છું. મારૂં ભેજુ દીન પર દીન બગડતું જાય છે."

"અરે તમારા ભેજામાં ભુસુ ભરો મી. સુંદરલાલ, તમે શા સારૂ ભાભી સાહેબ પર એકદમ ઓરડર કરી અપમાન કરો છો? તે બધું સમજે છે; તમારે કહેવાની કાંઇ જરૂર રહે એમ હું ધારતો નથી."

"ખુશાલરાય ભાઈ, આમ ને આમ મને આખો દીવસ કંટાળો આપે છે, શું કરૂં આજ મને ઘણી રીસ ચઢી છે. બહુજ ખોટું લાગ્યું છે, હું ચાહ તૈયાર કરવાની તૈયારીમાં જ હતી પણ એટલામાં તો એ ફક્કડી ઉઠયા કે ચાહ બાલો!!"

"હશે ભાભીસાહેબ, તમે ઘણાં શાંત અને સમજુ છો, માટે રીસ ઉતારી નાંખો અને બારીષ્ટર સાહેબને માફ આપી ખુશી કરો!!"

"માય ડીયર સોલ, તું મારા ઉપર હવે એન્ગ્રી ન થતી. આય કૌરતના કાયદાના કામકાજથી મારૂં મગજ વહન ડલ બની ગયું છે, પ્રેકટીસની ધમાલમાં હું હાફ મેડ જેવો થઇ ગયો છું."

"તો હવે સ્ત્રી જાતને વાસ્તે માન રાખતાં શીખો, આમ છેક મેનરલેસ ન થાઓ! આ વિલાયત જઈને બધો કાયદો ડોળી આવ્યા પણ સ્ત્રીને ખુશી રાખવાની વિદ્યા ન ભણી આવ્યા!!"

"વ્હાલી હવે હું એજ શીખવા માગું છું કે સ્ત્રી શી રીતે પ્રસન્ન થાય! અને તેને શી રીતે તાબે કરાય?!"

"સ્ત્રીને માન આપવાથી તે પ્રસન્ન થાય છે અને રાત દિવસ કેવળ પ્રેમ ભાવથી તેને તાબે કરી શકાય છે."

"મી. ખુશાલરાય ખીસકોલી! મેં લંડનની લાયબ્રેરીમાં ઘણી નોવેલો વાંચી, ઘણાં નાટકો વાંચ્યાં અને ઘણાં બીજાં પુસ્તકો વાચ્યાં પણ એકેમાં સ્ત્રીને વશ કરવાનું વાંચન વાંચ્યામાં ન આવ્યું!! મેં ઘણા દેશોમાં મુસાફરી કરી, ઘણા મહાન પુરૂષોની સોબતમાં આવ્યો પણ કોઈએ સ્ત્રીને વશ કરવાનો ઉપાય બતાવ્યો નહીં."

"આહાહાહા મી બારીષ્ટર સાહેબ તમે તો રાજા માણસ છો, તદ્દન બાદશાહ જ છો. લ્યો ભાભી સાહેબ તમે હવે મહેરબાની કરી બે ચાહના કપ બનાવી દ્યો એટલે બધું દુઃખ પતી જાય અને આનંદ આનંદ જોય જોય થઈ જાય!"

"લ્યો ચાલો ત્યારે હું બનાવી દઉં."

"મી. ખુશાલરાય ખીશકોલી આપણે ગમે તેટલું ભણીએ ગણીએ અને વાંચીએ વિચારીએ પણ સાલ્લો જાતી સ્વભાવ જતો નથી. આ વિલાયતના દેશમાં સ્ત્રીઓ સાથે ઘણા જ માનથી કામ લેવાય છે, અને આ આપણા દેશમાં હિંદુસ્તાનમાં સ્ત્રીઓ સાથે રોફથી અને હુકમથી કામ લેવાય છે. વિલાયત ઠંડો દેશ

છે; હિંદુસ્તાન ગરમ દેશ છે. વિલાયતમા મગજ ઠંડુ અને તર રહે છે; અને હિંદુસ્તાનમાં મગજ ગરમ અને તપેલું રહે છે. આ તેટલા જ સારૂં આ દેશમાં વાતે વાતે વાંધા પડે છે અને હાલતાં ચાલતાં ટંટા તકરાર થઇ જાય છે. હે પ્રભુ તું ભારતવાસી બંધુઓને સુધાર, તેમના પર દયા કર અને સુધારાના સાચા સ્વરૂપનાં દર્શન કરાવી તેમનાં દુઃખ દુર કર!"

"હવે ખુશાલરાય ભાઈ આ ચાહના કપ પીઓ."

"ઓહ થેન્ક યુ ભાભી સાહેબ!"

"વેલ માય ડીયર હાઇલી ઓબ્લાઇજડ યુ! વ્હાલી તારો મોટો ઉપકાર માનું છું."

*　　*　　*　　*

"જોઇ જોઇને સઘળું જોયુ,
બહુ હરી ફરી પાછુ જોયુ;
ઘણુ ભણી ભણી ગણીને જોયુ,
અતિ વાંચી વિચારી દીલ જોયુ.
પણ સ્ત્રી વશ કરવાનું
સાધન એક ન જોયું.—૦

બહુ દેશ વિદેશ મન મોહ્યું,
બહુ સંત જનોમાં મન મોહ્યું;
જપ તપમાં જીગર પણ મોહ્યું,
ચિત્ત જંત્ર તંત્રમાં મોહ્યું.
પણ સ્ત્રી વશ કરવાનું
સાધન એક ન જોયું:—૦

"હ્યો સાહેબ હવે લવારો મુકી ચાહ પી જાઓ! ટાઢો થઈ જશે તો પછી ટેસ નહીં આવે."

"ઓહ થેન્ક યુ માય ડીયર!"

"શિવ, શિવ, શિવ આવી જાતની સ્વતંત્રતાની હિમાયત કરનારા, સ્રીઓને પૂૅર સેકસ દેવી અને શક્તિ કહી તેમના આગળ બોકડાની પેઠે નાચનારા, જન્મભૂમિની અવગણના કરનારા અર્ધદગ્ધ માથાબોળુ સુધારકો આર્ય સંસારનું સત્યાનાશ વાળશે, આવી વિફરેલી સુધરેલી અને અત્રળચંડી સ્રીઓ આર્યભૂમિની અવતારી સ્રીઓની કીંમત ઘટાડશે! હ્યો બારીષ્ટર સાહેબ હુ હવે રજા લઉં છું."

"બસ એમ, હવે જશો જ?"

"હાજી, હવે હું જાઉં છું. હ્યો ભાભી સાહેબ મારા ભાઈ પર મહેરબાની રાખજો."

"આવજો આવજો ખુશાલરાય ભાઈ તમે ખાસ કરી આવતા રહેજો."

"હ્યો સાહેબજી, પધારજો." કહી ખુશાલરાય ખીચ્કોલી જમાના સંબંધી વિચાર કરતા કરતા બારીષ્ટર સાહેબની નીસરણી ઉતરવા લાગ્યા. કપિલાગૌરીના અવળચંડાવેડા જોઇ અને સુંદરલાલનો હડહડતો સુધારો જોઇ તે મુંછમાં હસતા હસતા બારાણું ઉઘાડી રસ્તે પડયા. રસ્તે ચાલતાં ચાલતાં તેમના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડયા કે આ તે "તારનારી બાયડી કે સારનારી સાયડી?"

પ્રકરણ ૫ મું.

સુધારાનો શંખ કે ફેશનનો ડંખ?

દોહરો.

ભણી ભાવથી ભામની, સુધારાનો સાર,
નીતિ કેરા નામ પર, કાજળ ઘસે અપાર

વૈભવ અને વિલાસના અવળા આડંબર ધરે એટીકેટ સાચ ‥ મનાતી નથી, વડીલ અને સ્નેહીઓની આમન્યા મુકે પોઝીશન રાખી કહેવાતી નથી; દેખાદેખી અનુકરણ કરી અવનવા પોશાકો પહેરે ફેશન રાખી જણાતી નથી અને ધાર્મિક, નૈત્તિક અને વ્યવહારીક મર્યાદા બહાર વર્તવાથી સુધારો કર્યો ગણાતો નથી, પણ આમન્યા, સદાચાર ગજુ અને કુળાચારની કક્ષામાં વર્તવાથી જ સુધારો કર્યો કહી શકાય છે.

કૉલેજનું નૉલેજ લઈ ફેશન તણું ચણતર ચણે,
લજ્જા મલાજો મુકીને શૅકહેન્ડ કરી ભ્યુટીને લણે,
માબાપ ધણીના ધાકને કોરે કરી મનનું કરે,
જ્ઞાતિ તણું બંધન તજી લવ પ્રેમમાં ફરતી ફરે.

મલયાચલ પર્વત ઉપર ભીલ લોકો શ્રીખંડને ઇન્ધન કરીને બાળે છે, કાશ્મીરના પ્રદેશમાં કુંકુંમથી અંગનાઓ આંગણાને લીંપે છે, સિન્ધુને તીરે વસનારાં જનો રત્નોનો બેરખો કરી મહીષીના કંઠે બાંધે છે, વાઘ ગહન વનમાં ફરે છે, સિંહ ગુફામાં વસે છે, હંસ કમળ સહિત પદ્મવનને સેવે છે, ને ગાંધર્વ સ્મશાનમા ફરે છે, અર્થાત્ જેવી જેની પ્રકૃતિ છે તેવી રીતે નીચ નીચને શોધે છે અને ઉંચ ઉંચને શોધે છે.

* * * *

" રંડી મિત્ર ન કીજીએ અકલ ભ્રષ્ટ હો જાય,
ભક્તિ ગુમાવે ઇષ્ટકી જીવત નરકું ખાય.
જીવત નરકું ખાય જહાં લગ હોય અસંગા,
વહા તક નરમ નેહ પલંગ પર કહે પ્રસંગા,
કથે સુકવિયા કાન રહે સંતોષે ભંડી,
અકલ ભ્રષ્ટ હો જાય મિત્ર નહીં કરના રંડી. "

" ભણતર સહુ બેની ભણજો ઉત્તમ કુળ દીપાવવા રે.
સંસારે સુખ જો લેવુ, ભણી સત્ય નિયમમા રહેવુ,
જગ હરખાય, એમ સદાય —ભણતર૦
શિયળ અમૂલખ સાચવો ને ત્યાગો મનના મેલ;
ધર્મ કર્મ પ્રીતે કરો તો વાધે કીર્ત્તી વેલ.
પતિના ચરણે મસ્તક ધારો, જીવનની નૌકા તારો:
યશ સચવાય, એમ સદાય:—ભણતર૦ "

છેલશંકર વકીલ સાથે છુટા છેડા કરી, કાન્તાલક્ષ્મી તોરણ-ગઢના દરબાર કાલુભા ઠાકોર સાહેબને ત્યાં, રાજ કન્યા કળાવતીને અંગ્રેજી ભણાવવા સારૂ સ્ત્રી શિક્ષક તરીકે નોકરીમાં ગુંથાએલ છે રાજવળાના સુખની સાહ્યબી સારી રીતે કાન્તા ભોગવી રહી છે. કન્યા કળાવતીને પણ અંગ્રેજી ભાષાનું સારૂં શિક્ષણ ઘણા જ ટુંક વખતમાં આપી દરબાર સાહેબની પ્રિયતાને પ્રાપ્ત કરી રહી છે. રાજ રાણી રૂપાળીબા પણ કાન્તાલક્ષ્મી મહેતીજીનાં સારી રીતે વખાણ કરી રહ્યા છે દરબારનાં ખવાસ વડારણો, ખ-વાસણો અને અન્ય કારભારી મંડળ પણ આ નવી મહેતીના રોફ દમામથી અંજાઇ જઇ એક અવાજે તેની વાહ વાહ ઉચારી રહ્યાં છે. સ્ત્રી જાત તેમા ખાનદાન વિપ્ર કુટુંબની, તેમા બી. એ પાસ થએલી ભણેલી, અને તેમાએ વળી ફેશન અને સુધારાના સારા આડંબરવાળી, ચીપી ચાપી બોલનારી, યસ નો ગુડ બાઇ કરનારી ચશ્મા પોલકાનો ઠાઠ રાખનારી, સાહેબજી મીસ્તર કહી પુરૂષ વર્ગની સરભરા ઉઠાવનારી અને રૂપનો અવતાર એક અલબેલી નાર તે કોને ના ગમે? તેનાં કોણ વખાણ ન કરે? સૌ કોઇ કરે!! દરબાર કાલુભા પણ પચાસેક વર્ષના બાંધી દડીના ગેંડા જેવા જબ્બર હતા. અમલ કસુંબાના જબરા બંધાણી હતા. નવા જમાનાના વિચાર પ્રવાહમાં પણ તે જરા તણાતા હતા. રાજ રાણી રૂપાળીબા માંદગીના સબબે બહુજ અશક્ત અને નબળા બાંધાનાં હતાં. તેમને સંતતિમાં ત્રણ કુંવર અને બે કુંવરીઓ પ્રજા તરીકે થઇ હતી; પણ હયાતીમાં ફક્ત કન્યારત્ન એકલી કળાવતીજ રાજકન્યા તરીકે જીવતી રહી હતી; બાકીની પ્રજા

ચાર ચાર પાંચ પાંચ વરસની થઇ દેવલોક સીધાવી હતી. સુવાવડના અવારનવાર પ્રસંગોને લીધે રાજરાણી શરીરની સુંદરતા અને કૌવત ગુમાવી બેઠાં હતાં, અને આજકાલ મરણની વાટ જોતાં, આજ જાય કાલ જાય તેમ માંદગીના બિછાને પડી રાબડી શીરા અને દુધ કાંજીનાં ખાનપાન પરાણે પરાણે ખાતાં હતાં. દરબાર સાહેબ પણ નવાં ઠકરાળાં કરવાના વિચારમાં હતા; પણ રાજકન્યા કળાવતીને જમાનાના નવીન ધોરણ મુજબ અંગ્રેજી કેળવણી આપવી ઉચીત ધારી મહેતી તરીકે કાન્તાલક્ષ્મીને તોરણગઢ તેડાવી દરબારમાં ઉતારો આપી રાખી હતી. નવી મહેતી કાન્તાનું રૂપ સુન્દરતા અને ઠાઠ માઠ જોઇ દરબાર સાહેબ તેના પર ખુબ મોહ પામ્યા હતા; અને ધીમે ધીમે આ પંખીણીને પ્રેમ જાળમા ફસાવી મોજ મજાહ મારીશું એમ ધારી ફરી પરણવાનો વિચાર માંડી વાળ્યો હતો. કાન્તા મહેતીની તહેનાતમાં પોતાના વિશ્વાસુ ખવાસ રઘલાને રાખ્યો હતો. મહેતીને પાણી માગે ત્યારે દુધ આપવાનો તેને ખાસ હુકમ કરેલ હતો. ખાનગીમાં મહેતી આગળ દરબાર સાહેબનાં ખુબ વખાણ કરી બસ તેને અચ્છી રીતે મોહ ઉપજાવવો એવી ખાસ આજ્ઞા દરબારની રઘલાને થઇ હતી. રઘલો પણ ખુબ કાવા દાવા ખટપટ અને રાજ પ્રપંચનો ભરેલ હતો; તેથી તેણે પણ મહેતી અને દરબાર વચ્ચે સારી રીતે છક્કા પંચા રમવા માંડયા હતા. કાન્તાએ રઘલા ખવાસને સારી રીતે મેળવી લીધો હતો. તે જાણતી હતી કે રઘલો દરબાર સાહેબનું ખાસ રમકડું હતો; એમ ધારી તેણે પણ પોતાના મનના માદળીઆ તરીકે તેને બનાવી દીધો હતો.

રઘલા ખવાસ વગર તેને તલમાત્ર પણ ચેન પડતું નહોતું, જ્યારે રઘલાને જોતી ત્યારે તેને શાની વળતી હતી. રઘલો ખવાસ પણ કાન્તા ઉપર સારી રીતે પ્રીદા થઇ ગએલ હતો. તે જાણતો હતો કે જંગલી બુઢ્ઢા ડુક્કર દરબાર સાથે અલબેલી પોપટડાનો નેહ નાતો બંધાવી વચ્ચે રહી બંને બાજુનું પાણી કરી કાન્તા સાથે રંગ રાગ માણી ખુબ લ્હેરાં પાણી કરવા અને ખુશામતથી દરબાર સાહેબને રીઝાવી પોતાનાં નિશાન આખા રાજમાં મરાવવાં, અને દુશ્મનોનું નિકંદન કાઢી પોતાની બોલબાલા બોલાવી વાહ વાહ કહેવરાવવી આજ કાલ રઘલા ખવાસને દરબારી કામ સારૂ બહાર ગામ જવાનું હતું. અત્યારે તે કાન્તાલક્ષ્મીને મળવા સારૂ આવ્યો હતો. કાન્તાલક્ષ્મી રઘલા ખવાસને બહાર ગામ જવાની વાત સાંભળી ઘણી જ દીલગીર થઈ હતી; કારણ કે રઘલા વગર તેની કોઇ મન પસંદ સરભરા કરે તેમ નહોતું. રઘલા સાથે કાન્તાએ સારી રીતે પ્રેમ બાંધ્યો હતો. હરકોઇ કામકાજ તે રઘલાને પુછી ગાછીને કરતી હતી. રઘલો પણ કાન્તાને સારીરાતે ખુશામતથી પ્રસન્ન રાખતો હતો; અને દરબાર સાહેબને ફોસલાવી સમજાવી અવનવા દાગીના અને વસ્ત્રાલંકાર બક્ષીસ તરીકે વારંવાર વાર તહેવારના પ્રસંગોમાં અપાવતો હતો. કાન્તા રઘલાની સરભરાથી બહુ જ સંતુષ્ઠ થઇને તેને ખરા જીગરથી પોતાના એક યાર પતિ સમાન ચ્હાતી હતી. તેણે રઘલાને પોતાનું તનમન પુરતી રીતે અર્પણ કરી દીધું હતું; અર્થાત ધણી ધણીઆણી જેવા જ પ્રસંગથી બંને જણા રંગ રાગ ઉડાવતાં હતાં, રઘલો કાન્તાને અત્યારે સારી રીતે સમજાવતો હતો.

"લ્યો કાન્તાગવરી હવે હું રજા લઉછુ, બે ચાર રોજમાં હું જરૂર દરબારી કામથી પરવારી આપની સેવામાં હાજર થઇશ.

"અરે પણ મારૂ શુ થશે? મારા વ્હાલા મારા દીવસ આપના વિના કેમ જશે?"

"પ્યારી સૌ સારૂ થશે! અરે પણ આમ ઓચિન્તા કેમ ઉદાસ?"

"કેમ ન થઉં ઉદાસ? વ્હાલામાજ વાસ! વ્હાલામાં જ ઘરવાસ! મનગમતા ગુલાબફુલ ખાસ! મન ગમતી હું ગુલાબની વાસ!"

"વ્હાલી! જયાં ગુલાબ જશે ખાસ, ત્યાંજ આવશે ગુલાબની વાસ! મન ગમતી આમ ન થઇએ ઉદાસ જલ્દીથી કામ પરવારી હું આવીશ તારી પાસ!"

"મારા વ્હાલા, મને છોડી ચાલ્યા; એ દીવસો પ્રભુ તેં મને કેમ આલ્યા? મન ગમતા જે મંદીરમાં મહાલ્યા, હાયરે તે મંદીરીઆ લાગશે ઠાલા જ ઠાલાં? હવે હું આ આછી ચુંદડી ઓઢી કયાં હરીશ, કયાં ફરીશ? વ્હાલા વ્હાલા કહી ઝુરી ઝુરી ને મરીશ!"

"વ્હાલી વખત વિચારીએ, ધીરજથી મનડુ મારીએ! જો ધીરજ ધારીએ તોજ વખત આવે સુદર અને સુદરીને ઉભા રહેવા મોજમઝાની બારીએ, અને એશ આરામની અટારીએ!"

"અરે પણ વ્હાલા હુ શું કરીશ? સૂનીરે આ જોબન ઝુલડી, અને સૂની આ છતર પલંગ ઢોલડી! જુવતી જોબન

ઝોલાના જીવનદોર, કાળજાની કોર, ઉપર નાચતા મનહર મોર! હાયરે ચતુરાના ચીત્ત ચોર તમે કયાં ચાલ્યા? જીવનદોર જુદા થાય, મધુરા મોર આઘા જાય? હાયરે પછી આ કંગાલ કાન્તાનું શુંરે થાય?"

"પ્રિયા તું આમ ગભરાય એ કેમ થાય! તું જ કહે કે બહાર જવાય નહીં અવાય નહીં તો પછી નોકરી કેમ થાય?"

"હવે હું શું કરૂં? હશે પ્રભુને ગમ્યું તે ખરૂં?"

"મારી મીઠી મેના આમ છેક અધીરાં ન થઇએ!"

* * * *

'હિયાના હાર મારા હલકે હલકે હાલજો.
સુંદરીના શ્રુંગાર સારા લટકે મટકે મ્હાલજો
દીલદાર ભરથાર -હૈયાના૦

કાચી કળી કુસુમની, તુટતા લાગે ન વાર,
જતન કરીને જાળવ, તો મળે સુગંધ અપાર.
મીઠી મીઠી મીઠી તોય તેલ ધાર,
એઠી એઠી અબળા અજીઠી નાર
સુધર્યો સંસારરે સુધરેલી છે જે ઘર નાર;
ગમનુ ઘરબારરે સુધરેલો છે જેને દીલદાર.
વ્હાના દીલદારના દેદાર આતમ રામ છે,
વ્હાલી ઘરનારનાં ઘરબાર તીરથ ધામ છે.
વળજો વ્હેલા છેલ છબીલા અમે એકલાં પિયુ વિણુ ઢીલાં
સાજના સલુણા શામ વ્હેલા ઘેર ચાલજો:—"

"હયે વ્હાલી આવજો, હું જાઉં છું. જેમ બનશે તેમ તાકીદથી કામ આટોપી વ્હેલો વ્હેલો આપની સેવામાં હાજર થઇશ હો કે !!"

"જરૂર મારા જીવનપ્રાણ જરૂર વ્હેલા પધારજો! ઓહો નસીબ તું પણ ખુબ ખીલ્યું છે હો! છેલશંકર વકીલને છાંડતાં હું તો સુખી થઇ. બસ જ્યારથી દરબારમાં ભણાવવા આવી છું ત્યારથી મારા ભાગ્યનો પાર રહ્યો નથી. આ રઘલા ખવાસની પ્રેમ ગોષ્ટી થયા પછી મારો બેડો પાર ઉતર્યો છે. મોટાની સોબત કરવી હોય તો જરૂર નાનાને સાધવા તે વાત ખોટી નથી. રાજવળાનાં સુખ માણવાં હોય તો ખવાસની પહેલી દોસ્તી કરવી. શેઠ શાહુકારોનાં ઘર મારવાં હોયતો મુનમ ગુમાસ્તાને પ્રથમ મેળવી લેવા. રાજખટપટના રંગ તો બહુ જ નિરાલા છે. બધુ રાજનુ સુકાન ખવાસના હાથથી જ ચાલે છે. બાકી રાજા વાજા અને વાંદરા એ ત્રણેની કહેવત પ્રમાણે રાજાને સાન હોતી નથી, પણ કાન હોય છે. બારોબાર સીધી રીતે રાજા જોડે મન મેળો કરીએ તો કોક દીવસે આસપાસનાં માણસોથી ઘાણુ નીકળી જાય; પણ જો આસપાસનાંને સાચવી લીધાં હોય તો સોમણુ તેલે અંધારૂ રાજદરબારમાં ચાલ્યું જાય. કોઇ કોઇનો ભાવ પણ ન પૂછે. મન ગમતું ખાઓ ને મન ગમતું કરો, બસ નજરમાં આવે તેનાં રાત દી ઘર ભરો, કેમકેઃ-

* * * *

"કાચા રાજાના કાન વાચાવાળા ન જ્ઞાન,
વળે વેલી સમાન ત્રીજે હાથે સુકાન.—કાચા૦

કામ કપટીના થાય પેચી પ્રપંચી પુજાય,
સાચા સીધા કુટાય ધોળે દહાડે લુંટાય—કાચા૦
હરાયા ચરે છે હરી લાયક ગવાર જાર,
ધોરી ખેડનાર ધરા પુરી નવ પામે ચાર.
અંધારૂં અંધારૂં મધ્યાને અંધારૂં—કાચા૦
પીરસે તે પામે પાત્ર રહે રોતો રાંધનાર,
કામ કરી મરે કોક બીજા જશ બાંધનાર,
અંધારૂં અંધારૂં મધ્યાને અંધારૂં—કાચા૦ "

માટે હવે જો કીસ્મત જોર કરે છે તો દરબાર પણ મને ચ્હાય છે અને રઘલો પણ મને ચ્હાય છે. હવે જ્યારે ચ્હાય છે અને જો મનનો મેળો થાય છે તો એક ઘડીમા રાણી પણ થવાય છે; પછી જોઇ લ્યો મારો ભડાકો; બસ આખા રાજ્યમાં સુધારાનો તડાકો અને ફેશનનો કડાકો! ખરેખર ખટપટ વગર કાંઈ પણ થતું નથી. જો મેં આવીને રઘલા ખવાસને મારી પ્રેમ જાળમાં ફસાવ્યો ન હોત તો એકદમ હું આટલે સુધી પહોંચત નહીં. અત્યારે મન ચ્હાય છે તે ખવાય છે અને મન ચ્હાય છે ત્યાં જવાય છે; માટે ખટપટ એ એક ઉમદા ઉદ્યોગ છે. દુનિયામાં ભાગ્યના પાસા ખટપટ વગર પોબાર પડતા નથી. ખટપટ સ્વાર્થ અને પ્રપંચ એ ત્રણથી આ ત્રિલોક વશ કરી શકાય છે; ભલભલા સ્વારથીઓને આ આર્થીક પ્રપંચથી સીધા દોર બનાવી શકાય છે. સંસાર વ્યવહારનાં દરેક સુખો પ્રપંચથી જ પ્રાપ્ત કરી શકાય છે. મોંના મીઠા અને અંતરના કડવા થઈને મહેરબાન સાહેબજી આવો પધારોના સાકરીઆ શબ્દો વડે જ મોટા માણસોને મેળવી

લેવાય છે. રાજસુખ પામવાને વાસ્તે મોની મોઠાશ અને પ્રપંચની ખાસ જરૂર રહે છે; કેમકે-

*　　*　　*　　*

" રાજ તણું સુખ માણવુ હોય તો કરો પ્રપંચના કામ,
પેચને પેચમા પાય ભરી નિત પાડો પ્રમાણિક નામ;
અંશ દયાનો તજી તનથી મન તાકો અરીનું નિશાન,
સાચાને જૂઠું જુઠાને સાચું કરી ભરો નૃપ કાન. "

રાજસિક સુખો માનસિક પ્રપંચ વગર પ્રાપ્ત થઈ શકતાં નથી; માટે આપણે તો પ્રપંચના પુતળા રૂપ રઘલા ખવાસને પહેલેથી પલાળી દીધો છે, એટલે બારે ભાગોળ મારા વાસ્તે મોકળી રહી છે. આજ લગભગ ચાર વાગવા આવ્યા પણ હજી સુધી રાજકન્યા કળાવતી કે દરબાર કોઇ પણ પધાર્યા નહીં. શું રાજરાણી રૂપાળીબાનો મંદવાડ આજ વધારે ભયંકર હશે ? હા એમ જ હશે તે વિના આટલી બધી વાર થાય નહીં. પ્રભુ કરેને રાજરાણી વ્હેલાં વ્હેલાં સધામ પહોંચી જાય તો પછી મારાં સારી રીતે નસીબ ઉઘડી જાય ! દરબારને એક પલકમાં પલાળી નાંખી રાજરાણી બની જાઉં અને રાજમહેલમાં ખુરશી પર બેસી અમન ચમન ઉડાવું; પણ રાણી મરે ત્યારેને ? હાય....એજ એક સોનાની થાળીમા લોઢાની મેખ છે, તે વચ્ચેથી પતી જાય, તો તમામ કામ સુધરી જાય. ઓહો પેલું કોઇ દરબાર સાહેબ જેવું આવતું જણાય છે. હા....એ તો એજ ! સાથે કળાવતી પણ છેને ? આહા આજ તો કાંઇ અલૌકીક ઠાઠમાઠમાં દરબાર પધારતા જણાય છે. લાવ આજ કાંઇ નવીન નખરાં કરી દરબારને

રીઝાવી દઉ ! !"

"કાં મહેતીજી સાહેબ છો કે ? ગુડ મોરનીંગ !"

"આવો આવો ઠાકોર સાહેબ પધારો ગુડ મોરનીંગ !"

"મહેતીજી સાહેબ ગુડ મોરનીંગ !"

"ઓહ કલાવતી ગુડ મોરનીંગ ટુ યુ માય ડારલીંગ !"

"મહેતીજી સાહેબ તમે તો બહુ જ મીઠું મીઠું ગળ્યું મધ જેવું મડમોની માફક બોલો છો, મારી અંગ્રેજી વિદ્યાની બલિહારી છે; તેમાએ તમારા જેવા સુધરેલા નારી હોય તેની તો વાત જ શી કરવી ?"

"ઠાકોર સાહેબ આપની મારા પર જ્યાં સુધી મહેરબાની છે ત્યાં સુધી જગતમા બધું મીઠું છે ! !"

"વાહ વાહ કાન્તા મહેતી તમારી તો ખુબી જ જબરી છે, આળી કાંઈ બોલવાની લટક તો ન્યારી જ છે ! !"

"એ સૌ આપ દરબાર સાહેબનો જ પ્રતાપ છે, સારાને સારૂં જ મળે ! !"

"કહો મહેતીજી સાહેબ કળાવતીને અંગ્રેજી જ્ઞાન કેવું થયું છે, તે જોવા સારૂ આ એક અંગ્રેજી કવિતા છે તે વંચાવો !!"

"લ્યો કળાવતી આ તમારા બાપુની બક્ષીસ ! A present from worthy, રાજકન્યા આ પોએટરી એવા ટેસ્ટથી વાંચો કે તમારા બાપુ તમને એકદમ ખુશી થઈ કીસ કરી દે અને મને થેન્કસ આપે ! !"

"ઓહો ભલે રહી બાપુનાં બક્ષીસ; આપણે તો કામ છે સવાવીશ."

"ગો ઓન ધેન રીડ ઇટ, ચલાવ વાંચો ત્યારે.

* * * *

'Sing the song of the spring oh children'
At night moons light is bright and dear to sight,
sing lo. lo. lo-
The youth follow thee, to the miss!
Do not they miss thee, let thee kiss!
Let thee kiss-let thee kiss, in merry piece,
Again, again, again-Sing."

"મહેતીજી! તમે કળાવતીને તસ્દી લઈને ઠીક ભણાવી છે કો! ટુંક વખતમાં સારૂં કામ કરી દેખાડયું છે. તમારી કદર વે મારે કરવી પડશે!! કળાવતી જાઓ આજે તમે કવિતા ારી વાંચી માટે તમને છુટી છે, રજા છે, મજા કરો જાઓ."

"ચાલો છુટી છુટી રજા રજા મઝા!!"

"વારૂ કાન્તા મહેતીજી સાહેબ! મને એક આજે તમને સવાલ પુછવાની મરજી થાય છે; જો તમને ખોટું ન લાગે તો છું!!"

"સાહેબ સુખેથી પુછો! મને આપને વાસ્તે કાંઈ પણ ખોટું હીં લાગે!"

"વારૂ મહેતી તમે આવડાં મોટાં અને નખણીઆં છો એ

શું ? નધણીયું તો ઢોર પણ ખોટું !!”

“ઠાકોર સાહેબ, હું નાની હતી ત્યારે પરણી હતી; પણ ધણી નદીમાં પડી મરી ગયો; અને પછી મેં પુનર્લગ્ન કર્યું. પુનર્લગ્નવાળો ધણી પણ ફુલફટાકીયો અને દેવાદાર હતો; તે દેવાથી કંટાળી નાસી ગયો છે. નાસી તો ગયો પણ મારો રોયો કોણ જાણે કાસીએ ગયો કે કયાં ગયો તેનો પત્તો જ નથીને!”

“ત્યારે તમે ફરી પુનર્લગ્ન કરોને!”

“હું તે ત્રેવડમાં જ છું, પણ અમારે પુનર્લગ્નનીઆંને તો રૂપાળો રંગીલો અને સુધરેલો ધણી મળે ત્યારે જ લગન કરીએ!”

“વારૂ ત્યારે તમે કોઇ રાજાને ત્યા રહો ખરાં કે?”

“હોવે રહીએ, પણ મોટે ઘેર જઇએ અને જનાનામાં કેદ થઇએ એના કરતાં નાનાનું ઘર માંડી રહીએ એ હું વધારે પસંદ કરૂં છું.

“કહાચીત કોઇ જનાનો ન પાળે તો?”

“એમ હોય તો આપણે લગન કરવું જ!!”

“તમારૂં કહેવું ખરૂં છે. ખીલે બાંધેલી ગાય પણ ચારો ચરવા ફરવા હરવા જાય છે. પક્ષીઓ માળામાંથી છુટાં થઇ સ્વચ્છંદે પાણીમાં ન્હાય છે, અને કોયલો આંબાવાડીઆમાં સ્વતંત્ર રીતે કુહુ કુહુ કુહુ કરી ગાય છે તો માણસ જાત જનાનાના કેદખાને હેરાન થાય, એ માણસની બેવકુફી ગણાય!”

“અમારાં સુધારાવાળાં તો ગાડીઘોડામાં જોડે હરે ફરે, તેવું હોય તો જ લગ્ન કરે, કેમકે—

*　　*　　*　　*

“ અમે સુધારાની બાનું, ભોગવીએ સુખ મનનુ માન્યું (૨)
ધણીને તાબે કદી ન રહીએ, ધડમ ધોલ તો દઈએ.
પડે કદી જો કામ કશાનું, મરજી માફક જઈએ—૦
બની ઠણી બગીઓમા બેસી, સાહેબ સાથે ફરીએ,
નેક માય ડીઅર મંચરેજી કહીને, સેકહેન્ડ કરીએ—૦
રોફદાર રૂવાબ અમારો, કો વાતે નહિ ડરીએ,
[illegible] રોજ રૂપાળુ નિત્ય મિટીંગો ભરીએ—૦

“ હા ભા હા, ગાડી ઘોડામાં જોડે હરે ફરે, તમારૂં જ કહ્યું કરે તો પછી તેને તમારા જેવી કાન્તાસુંદરી કેમ ન વરે ? ”

“ બચ્યું પણ રાજા તો ખરા પણ જુવાનીના જોબનની બહારના, કાલ્યા ડમરા દીન ચારના, પછી તો કોનાં ઘરબાર અને કોના દરબાર ? ”

“ સોના સોનામાં ફેર છે, માળાના મણકામાં પણ ફેર છે, તો માણસમાં ફેર કેમ ન હોય ? સાંભળો એક બચ્યું પણ સોનું સંઘરે છે તો સુદરી જેવા સોનાની કીંમત રાજદરબાર ન કરે તો રાજ દરબારમાં જવા પછી હિંમત કોણ ધરે ? ”

‘ ઝવેરાતની કીંમત ઝવેરી જ કરે, સોનાની કીંમત સોની જ કરે; તેમ આ કાન્તાસુંદરીની કીંમત તો તમારા જેવા રાજ દરબાર જ કરે, બીજાનો તો વિશ્વાસ કોણ કરે ? પણ જો તમારા જેવા પહેલ કરે તો આ કાન્તાસુંદરી બતઓ સુખે તમને વરે !”

“ બીજાની વાત કોણ કરે ? પોતે ભુખ્યો મરે અને બીજાને

માણું કોણુ ધરે ? હવે આ દરબાર આડી દોઢી વાત નહીં જ કરે નહીં જ કરે, ભલે કાન્તાસુંદરી વરે તો મને જ વરે !!"

"બસ તો આપો વચન, અને પાળો વચન !!"

"લ્યો આ વચન ! બસ હવે થાઉ છું મગન !!"

"જો તમે મનમાં જ મગન, તો મારૂં કહ્યું કરવાના આજથી કરો શકન !!"

"બસ મગન મગન મગન, સુંદરીના વચન કહ્યા જ કરવા આજથી કરો શુકન શુકન !!"

"જુઓ રાજ કચેરીમા મન્સાફ વખત નવાબી જેટે બેસવાની !!"

"કબુલ કબુલ કબુલ બેસવાની !!"

"કચેરીમાં બધા ભાયડા અને હું એકલી બાયડી, માટે ભાયડાની જગ્યાઓ ખાલી કરવાની અને તે જગ્યાઓમાં સ્ત્રીઓ ભરવાની !!"

"હા....સ્ત્રીઓ ભરવાની, સ્ત્રીઓ ભરવાની અને કોરટ પણ સ્ત્રીઓની કરવાની ! વાહ વાહ ગોકુળના કાન મ્હાલે તેમ સ્ત્રીઓની કચેરીમાં હું મન ગમતો વિલાસ કરીશ !!"

"ત્યારે લખો લીસ્ટ !!"

"ભલે ત્યારે કરો લીસ્ટ !!"

"જુઓ જયા કુંવરને ફોજદારની, વિજયા કુંવરને નાયબ ફોજદારની, લલિતાને સરદારની, રાધાને કોરટના છડીદાર અને વસંતબ્હેન જે હાલમાં જ બી. એ. એલ. એલ. બી. માં પા

થયા છે તમને કોરટના વકીલનાં જગાએ નીમવાં; લ્યો હવે કરો સહી ! ! ”

“ લ્યો ત્યારે આ સહી, કાન્તા મહારાણીના મોહોર સીક્કાની સહી ! ! ”

“ વાહ વાહ દરબાર સાહેબ આજ તો મને ભાગ્યશાળી કરી. હવે જરૂર હું સુધારાને જમાનામાં આગળ પડતો ફેલાવીશ અને સુધારાના દુશ્મનોનાં મોઢા મહાને વાસ્તે કાળાં કરીશ, ”

“ અરે કોઈ હાજર છે કે ? ”

“ હુકમ ! હજુર હાજર ! ખમ્મા અન્નદાતાને ! ખમ્મા અન્નદાતાને ! ! ”

“ જાઓ આ કાગળ દીવાનને આપો ! ”

“ હુકમ હજુર. જલદી જઈને આપું ! ! ”

“ કાન્તાસુંદરી બસ સત્તા હવે તમારે હાથ જ કુલ, હું તો તમારો દાસ ખરીદાયો વિના મૂલ, બસ હું હવે દુર ઉભો છું એજ છે મારી ભૂલ; હવે શરમની નદી ઓળગવી એમ આ મનડું મશગુલ, પાતળી બાંધો ત્યાંથી પ્રેમનો પુલ, કે તે પુલ ઓળંગી આવું જયાં કાન્તાસુંદરીની સ્નેહ સ્કુલ, બસ બસ મારી ભુલ ભુલ હવે મને કરો કબુલ ! ! ”

“ વાહ વાહ ઠાકોર સાહેબ તમારી ખુબી પણ ભારી જ છે તમારા પ્રેમની પણ બલિહારી જ છે. તમે પણ એક ઢાંકયું રત્ન છો, જીગરના જાણુ તમે પણ પ્રેમપુરાણના પ્રવીણ પંડીત છો; રસ શાસ્ત્રના અભ્યાસી ઉપાસી છો, શું મારા વ્હાલાની બલિહારી, એક પળમાં પાણી પાણી કરી આ નારી ! ! ”

"વાહરે પ્યારી તેં પણ આજ કરી આ ઠાકોર પર અખત્યારી, સરદારી !!"

*　　*　　*　　*

"ફળાએલ કંથ મારા, મોર ચિત્ત ચોર પ્યારા
"નાચો પ્રેમ દોરે પર થનગન થનગન"
"શીખવતી શાણી દારા સંસાર સુધારા સારા"
"આવી અલબેલીને બસ, ખુબ ધન્ય લાખો ધન્ય નાચો૦
"મદનની મીજમાની."
'જમો જાની છાનીમાની'
"ગુદવડા......... ...
"ગાલ ધાર્યા"
'કંથ મોઢે કયમ ગદયા અલબેલા આવતા'
"ફુલ છડી"
' છાતી ઘડી"
"સુધો છડી, પહેલ વહેલા જમો ગુંદવડાં છેલા'
"નટવર નાનડીઆ"
"પાતળી વશ પડીઆ"
"ચિતના ચકોર સારા કાળજાની કોર મારા'
"જમ્યા મીજમાની, છાની આજ છું મગન મન–આવી૦

"અરે કોઈ હાજર છે કે ?"

"મહારાજ હાજર, શો હુકમ છે ફરમાવો !!"

"જાઓ દરબારમાં જઈને ઢોલ વગડાવો, અને ગામમાં ઢંઢેરો પીટાવો કે ઠાકોર સાહેબે આજરોજ સુધારાનાં સ્નેહ

લગ્ન કર્યા છે; બી. એ. પાસ થએલી કાન્તાસુંદરી સાથે પુનર્લગ્ન કરી રાજ્યમાં સુધારાની બોલબાલા બોલાવી છે. આજના આનંદની ખુશાલીમાં કેદખાનામાંથી કેદીઓને છોડી મુકો, સ્કુલોમાં અને કચેરીઓમાં રજા પળાવી મીઠાઇ વ્હેંચો, રાજ મહેલમાં રાજ-ગીત ગવરાવી ચોઘડીઆં બેસારો અને વડારણોને અહીંઆં બોલાવી રાસડો લેવરાવો, રાજગોરને બોલાવી ચોકમાં બેઠક કરાવો ! ! ”

“ વાહરે મારા વ્હાલા શું તમારી ખુબી ? તમારા પ્રેમનાં હું કીયા મોંઢે વખાણ કરૂ ; ઓહો આજે સુખનો વરસાદ વરસ્યો આનંદના ફરા ખર્યા, સુધારાના સુરજ ઉગ્યો, અને કુધારાનો અંધકાર નાશ પામ્યો ! ”

“ ચાલો મારી વ્હાલી હવે આપણે સ્નેહે રાજમહેલમાં ફરીએ અને સ્નેહ લગ્નનો લ્હાવો લઇએ. ”

આ પ્રમાણે આનંદમાં આવી છલકાતાં મલકાતાં કાન્તાસુંદરી અને ઠાકોરસાહેબ એક બીજાના ગળામાં હાથ નાંખી સુધારાનો વિજય વાવટો ફરકાવતાં રાજમહેલમાં આમ તેમ ફરવા લાગ્યાં. દરબારી હુકમ પ્રમાણે રાજવાજીંત્ર વાગવા લાગ્યાં, આખા નગ-રમાં સુધારાનાં સ્નેહ લગ્નનો હાહાકાર થઇ ગયો; ચોટે ચકલે અને શેરીએ શેરીએ સ્નેહ લગ્નની ચર્ચા ચોગરદમ ચર્ચાવા લાગી, વડારણોના રાસડાની તૈયારી થઇ અને ચોકમાં મોટો જબરો ઢોલ લાવી મંચક પર ગોઠવાયો અને ઝાંજ પખાજના સુંદર નાદ થવા લાગ્યા; અમલ કસુંબાપાણી સારી રીતે ઉડવા લાગ્યાં. ચોકમાં વચ્ચોવચ બે રાજસિંહાસન ગોઠવાયાં અને તે પર ઠાકોર-

સાહેબ તથા કાન્તાલક્ષ્મી બિરાજ્યા, રાજગોરે ઠાકોરસાહેબના હુકમ પ્રમાણે છાજતી અગ્રાજની જેવી કહી તેવી રીતે લગ્નની ક્રિયા કરાવી, અને વડારણોએ સુંદર મારૂ બાપાનો રાસ ગાવા માંડ્યો, ઠાકોર સાહેબ મારૂ બાપાના રાસથી બહુ પ્રસન્ન થવા લાગ્યા અને પોતે પણ કાન્તા સહીત ફરવા લાગ્યા અને વડારણો જોડે તાલ લેવા લાગ્યા; રાજમહેલ દરબારીઓ અને નાગરીકોથી ખીચોખીચ ભરાઈ ગયો:-

* * * *

રાસડો.

પેરોને પલટાવ ભેળા આગોરે,
હારે મારા શરન લોભાગા,
એજી મારા તનક મીજાજગા-પેરોને૦
વારી જાઉં મારા ગુણીયલ દેવો-મારા શરન૦
પીપળે પાનોને ફુલ મધ પાયારે,
શાશીરા લેઉ પુગ પાનમાં,
પ્યાલી મોર પચાસ.
બોલી બોલીનો રંગ લાગ્યો રૂડો,
ઓ રાધીકા રંગ ભીની.
થારા પેટરીયારો ફાદો:-ઓ રાધીકા૦
જાણે ઉગ્યો પુનમનો ચાંદો:-ઓ રાધીકા૦
થારા હાથાની આંગળીઓ:-ઓ રાધીકા૦
જાણે ચોળા મગની શીંગો:-ઓ રાધીકા૦-પેરોને.

ખમ્મા અન્નદાતાને, બાપુને ખમ્મા, જીવો જીવો, ઘણું જીવો, અમર રહો, સુખી રહો, એવા આનંદજનક અને માંગલિક જયઘોષના નાદ વચ્ચે રાસ પુરો થવા આવ્યો. લોકોમાં સાકરો વ્હેંચાવા લાગી, પાનગુલાબ અને અત્તર અપાવા લાગ્યાં, નાગરીકો અને દરબારીઓ આ સુધારાનો મામલો જોઇ દીગમૂઢ બની ગયા શું કહેવું અને શું સમજવું તેનો તેમને ભારે પ્રશ્ન થઇ પડયો. કેટલાક વિબુધ ને આ સ્નેહ લગ્નથી પાર વગરનો ખેદ થયો અને મનમાં અતિશય વિમાસવા લાગ્યા કે આજથી તોરણગઢની દશા પરવારી અને દરબારનો પણ દીનમાન ઉઠી ગયો, લોકોના મનમાંથી પરાણે પરાણે રૂંધવાતા મને અશુભ ઉદ્ગાર નીકળવા લાગ્યા કે આતે "સુધારાનો શંખ કે ફેશનનો ડંખ ?"

પ્રકરણ ૬ ઠું.

વિધીનો આંક કે ભાગ્યનો વાંક?

દોહરો.

ગદ્ર જુવે નહિ ચોથનો, બીજે જે પુજાય.
ઘડી પલટયે ગૃહરાજ પણ નાનો મોટો થાય,

રામને દેશત્યાગ, બળીનુ પાતાળે ચંપાવું, પાડવોનો વનવાસ, વૃષ્ણીઓનું મરણ, નળરાયનું રાજ્યથી પદભ્રષ્ટ થવું, લંકાપતિ રાવણનું રણક્ષેત્રમાં પડવુ અને મૃત્યુ થવું, આ બનાવો પરત્વે વિચાર કરતાં કાળની ખુબી અલૌકીક જણાય છે. થવાનું મિથ્યા થતું નથી, નહીં થવાનુ થતું નથી. કાળની ગતિ જ વિલક્ષણ છે. તેની સામે થવામાં કોઇની સહાયતા કામની નથી.

ગોચર મળે નહિ ગાયને ખર ખુબ ચરે છે વાડમાં,
લાગે કલંક હરિ કુળમાં જાંબુક ઝીકે જો ખાડમાં;
મોંઘાં મળે મઠ બાજરી સોંઘી મળે છે શર્કરા,
કીમતી પુરો એક કાળ છે પુરા દિવસ નહિ પાધરા.

વિધીની શક્તિ અતિ ગતિમય છે. તે જળનું સ્થળ, સ્થળનું જળ, રજનો મેરૂ, મેરૂની રજ, તૃણનું વજ્ર ને વજ્રનું તૃણ એક નિમિષ માત્રમા કરી શકે છે, કેમકે તેની કૃતિના પ્રતાપથી જોતજોતામાં અગ્નિ શીતળ થાય છે અને હીમ અગ્નિ થાય છે, માટે એ વીધિ હમેશાં વંદન કરવા યોગ્ય છે.

*　　*　　*　　*

ચાંદસે ચકોર ટલે મેઘસેં ભી મોર ટલે,
ચોરાંસેં ચોર ટલે દિલસેં દિલદાર જો
રોગી હુતેં રોગ ટલે ભોગી હુતેં ભોગ ટલે,
જોગી હુતેં જોગ ટલે કામી હુતે નાર જો
પર્બતસેં મેરૂ ટલે ધનસેં કુબેર ટલે,
દિનકા ભી ફેર ટલે હો બુરા હજાર જો.
લેકિન યે શેરિયાર માનો યહે એતે બાર,
ટલે નહિ જીનહાર હોવે હોન હાર જો.

"થવાનુ થાય છે તેમા તમારે શુ અમારે શુ?
જવાનું જાય છે તેમા તમારે શું અમારે શું?
ફકીરો જે અમીરો તે અમીરો જે ફકીરો તે,
સમય બદલાય છે સૌનો તમારે શુ અમારે શુ?
હતો જ્યા ઓટ ત્યા ભરતી ભરેલુ થાય છે ખાલી,
પવન ફુંકાય જ્યાં એવો તમારે શું અમારે શું?
મઝાની ચંદ્રની શોભા પ્રભા નિજ ખોઇ પણ દેછે,
નિયમ છે એજ સૃષ્ટીનો તમારે શું અમારે શું?"

રત્નાકર ગંભીર ઘુઘવાટા કરતો 'ગાજે નીધિ ગંભીર ઘોર નાદે' એ સૂત્રાનુસાર પોતાનાં મસ્ત મોજાંઓને સુસવાટા મારતો આકાશમાં ઉછાળી રહ્યો છે અગાધ જળમાં સફર કરનારા નાવીક જનોને ત્રાસ ત્રાસપુર પાણી છાંટી ભયભીત કરી રહ્યો છે દીશા અને આકાશની કક્ષાને મોજાંની છોળોથી શ્વેતવર્ણી દૃષ્ટી સમક્ષ કરી નાંખી છે. ગહન જળ તરંગો, પવનના સપાટા, ફીણનો વરસાદ, ગડગડતું પાણી પ્રહારથી થતું તોફાન અને વરૂણ દેવની ગર્જનાથી મહાસાગર ભારે મસ્તીમાં આવી જગતને કંપાવી રહ્યા છે. શાંત ગણાતો અરબી સમુદ્ર આ વખતે હદ બહાર તોફાન પર ચઢી પાણીના જબરજસ્ત ઝોલાથી વહાણોને આમ તેમ ઝુલાવી રહ્યો છે. ભાવનગર અમરગઢ અને નવીનગઢના પ્રદેશ સામીપ્યના દરિયાએ ખુબ વાવાઝોડાના તોફાનથી નાયક હીરાલાલ વરરાજાની જાનનો નાશ કર્યો છે ઘણાં ઘણાં મજબૂત ટકાઉ અને વિશાળ દરબારી વ્હાણોને પણ જોતજોતામા ભાંગી ચુરો કરી નાંખી જળમાં ડુબાવી દીધાં છે. હીરાલાલનાં પૂર્વસંચીત પ્રારબ્ધ કર્મથી વરૂણ દેવતાએ મહા કોપાયમાન થઈ એકને કાજે અનેકના જાન લઈ લીધા છે. હીરાલાલને રાક્ષસી કદનાં મોજાંના સપાટામાં લઈ જળમા ઝુલતો નાંખી છોળે ચઢાવી કયાંનો કયાં ઘણા જ દુર પ્રદેશમાં રત્નાકરે ધકેલી દીધો છે. દરિયાઈ જીવજંતુ અને જાનવરોએ હીરાલાલને પોતાના માલીકના ક્રોધને પાત્ર થએલો જાણી કરડી કરડી તેને છેક અધકચરો કરી નિર્જીવ અવસ્થામાં લાવી મુકી દીધો છે. જળમાં ડુબતી વખતના કાલાવાલા કલ્પાંત અને બાથોડીઆં તરફડીઆંથી કાંક કરૂણા લાવી જળ દેવતાએ

કૃપાવંત થઇ કીનારા પર રેતીમાં આણી છોડી દીધો છે. આખી રાત બેભાન અવસ્થામાં શબ સમાન હીરાલાલ દરિયાઇ રેતીમાં પડી રહ્યો. અરૂણોદય થતાં રત્નાકર ધીમે ધીમે શાંત થવા લાગ્યો. જગતના જીવનના હેતુ અને જીવાત્મા રૂપ ગણાતા ભગવાન આદિત્ય નારાયણ પણ આસ્તે આસ્તે ઉદયાચળ પર ઉદયમાન થયા. સૂર્યનાં કીરણો હીરાલાલના શરીર પર પડી પ્રકાશવા લાગ્યાં. રશ્મીની ગરમાશથી તેના શરીરમાં કાંઇ કાંઇ ચેતના આવવા લાગી. પાણીથી પ્રગટ થએલી બેભાન અવસ્થા કુદરતની કૃપા કટાક્ષથી દુર થવા લાગી. ધીમે ધીમે વખત વ્યતિત થતાં હીરાલાલ જાગ્રત થવા લાગ્યો. તેના શરીરમાં શ્વાસોશ્વાસ પુનઃ ચાલુ થવા લાગ્યો. દરિયાઈ રેતીએ શરીરની શરદી અને પાણીની ભીનાશને ચુશી લીધી. તડકાના તેજથી વિજળીક અસર થઇ હીરાલાલના અંગમાં જીવન જ્યોતી જાગ્રત થવા લાગી. સૂર્ય ઉદય થયાને બે કલાક થયા એટલામાં તો તેની મીચાએલી આંખ ઉઘડી ગઇ. સ્હેજ સાજ પડખાં પણ આમ તેમ ફેરવવા લાગ્યો. જળચર જીવોએ તેના હાથ પગ ઉપરનું માંસ કરડી ખાધું હતું. બરડામાં માંછલાંઓએ બચકાં ભરી ભરી ખાડા પાડયા હતા. પગના નળાના માંસના લોચાઓ પણ લગભગ ખવાઇ ગયા હતા. જાંગોમાં જંતુઓની હારો બેઠેલી હતી. આ પ્રમાણે હદ બહારની અશક્તિમાં હીરાલાલ આવી પડયો હતો; તેથી તેનામા બીલકુલ બેઠા થવાની પણ શક્તિ રહી ન્હોતી. ફક્ત આમ તેમ પડખાં ફેરવીને હાથ પગ જરા હલાવી શકતો હતો. વેગળેથી જોનારને એમ જ માલમ પડી આવે કે કીનારા પર કોઇ જાનવરે તાજુ મારેલું

માણુસ તરફડીઆં મારતું પડેલું છે. હીરાલાલે સૂર્ય નારાયણ ભણીં જોઇ પરાણે પરાણે બે હાથ ઉંચા કરી નમસ્કાર કર્યા. તેના શરીરમાં ભાન અને ચેતના સારી રીતે આવી હતી, પણ અંગબળની ન્યુનતાને લીધે ઘાંટો પાડી બોલવાની કે બેઠા થઇ ડગલું ચાલવાની શક્તિ રહી ન્હોતી. રેતા પર સૂતાં સૂતાં ગાયત્રી મંત્ર ધીમે ધીમે ભણી ભાસ્કર દેવની પ્રાર્થના કરી. જે હરીએ મરણ મુખમાંથી ઉગારી જીવતો જીવતો જળમાથી બહાર કાઢી કીનારે મુકી દીધો છે, તે જ હરી કોક જતા આવતા મનુષ્યને અહીંઆં લાવી મને ઉચકાવી આરામ પમાડશે ! ! ઓહો ! હરી હરી, મારી આવી દશા તેં કરી ! ભલા ભગવાન તું જે ન કરે તે થોડું ! આ પ્રમાણે ઉદ્ગાર નીકળતાની સાથે આખમાંથી ટપક ટપક આંસુ નીકળવા લાગ્યાં; આંખ કરતા પણ આસુ મોટાં થયાં અને તે ડુસકાં ઉપર ડુસકાં ખાવા લાગ્યો; જેટલુ રોવાય તેટલું રોઇ લીધું અને છેવટે આખમાથી નીર ખુટયું એટલે હારો સ્વસ્થ થઇને મુંગો પડી રહ્યો મૌન અવસ્થામા આશરે અર્ધા કલાક વીતાવ્યો; અને છેવટે ધીમે ધીમ વિભુને હૃદય ભક્તિથી વિનવવા લાગ્યોઃ—

* * * *

" હવે તો હદ થઇ હરી. દાસ ઉપર નજર કરો કંઇ કૃપા કરીઃ-૦

દુઃખ તણો પ્રભુ ધીર નથી જરા સહ્યું ન હુંથી જાય,
વેગળા બેસી હાંસી કરો શું બાળક આ પીડાયઃ-હવે તો૦

પાંગુળના પ્રતિપાળ પરાત્પર પાવન પરમ સ્વરૂપ,
તાપ નિવારણ તાતજી મારી અરજ કબુલો અનુપઃ-હવે તો૦

પાપ રૂપી તાપ પ્રગટ અંગમાં ધીકયો છે આજ અથાગ
બચાવો બળતો બાળક બાપલા નથી ઉગરવાનો લાગ -હવે તો૦
કાન તળે કાઢી નાખશો સ્વામી શી અમારી પેર,
કોણ અધીકને આરાધીએ પછી કયાં જઇ ઠરીએ ઠેર -હવે તો૦
દોષના કોષ દયાળ ન જોશો રતી ન ધરશો રોષ,
ક્ષમા કરી અપરાધ અમારા વ્હારે ચડો નિરદોષ હવે તો૦ ''

જે કાંઇ થાય છે તે સારાને વાસ્તે જ થાય છે એવી અનેરી આશા ધારી આંખ મોંચી મનને કઠણ કરી પડખુ ફેરવી પડી રહ્યો વખત જતાં રવિનો પ્રકાશ તડકા રૂપે થયો; અને તડકો અગ્નિસમ અંગને ધીકાવવા લાગ્યો, હીરાલાલ તાપથી અકળાવા લાગ્યો. શું કરે ? કાંઇ પણ ઉપાય હરવા ફરવાનો નહીં હોવાથી ગભરાતા મને આકુળ વ્યાકુળ થતો તરફડીઆં મારવા મંડયો. જ્યાથી વધારે તાપ લાગવા માંડે ત્યા બરડો ફેરવી આંખને બચાવવા લાગ્યો. મનને સારી રીતે નિગ્રહમાં રાખી પ્રભુ જે કરે તે સહન કરવાનો પ્રયત્ન સતત રીતે સાચવવા માંડયો; આવા અગાધ દુઃખમાં વળી કાઇ તેના પાપના સંસ્કાર બાકી રહ્યા હશે તેથી સમળીઓ, ગરધન અને બાજ પક્ષીઓએ તેને સતાવવા માંડયો. એક મોટી સમળી આવી હીરાલાલની જાંગપર બેસી ચંચુ પ્રહાર કરી ખોતરવા લાગી; હીરાલાલે અસહ્ય પીડાથી બુમરાણ કરી તેને ઉડાવવાનો પ્રયત્ન કર્યો તેટલામાં એક ગરધન આવી ખભા પર બેસી માંસનો લોચો ચાંચો મારી કાઢવા લાગી; માથુ હલાવી તેને ઉડાડતાં બે બાજ આવ્યા તે બરડો ખોતરી ખાવા લાગ્યા; અને બીજી ઉડતી સમળીઓએ તેના શરીર પર

ઝપાટા મારી અંગ ઉઝરડી નાખ્યું; આવી અણુચિન્તવી આપ દાથી હાય મારી હીરાલાલ રૂદન કરતો તરફડવા લાગ્યો, જા દેવતાને દીલમાં કાંઇ દયા આવવાથી ઉપરા છાપરી મોજાં લાવં પાણીના મારાથી સવં પંખીઓને ઉડાડી મુકયાં.

હીરાલાલ દુઃખથી ઘણો કાયર થઇ ગયો, દાઝયા ઉપર ડા અને પડયા ઉપર પાટુ પ્રમાણે દરિયાના ખારા પાણીના મોજ ઘવાએલા શરીરના ઘા ઉપર લાગવાથી લાહ્ય લાહ્ય પ્રગટ થ અતિશય બળતરા થવા લાગી ત્યારે અચેત અવસ્થા તેને સા લાગવા માંડી; કારણ કે દુઃખનો અનુભવ મનને તે વખતે લાગતે નથી. સચેત અવસ્થામાં તનને પડતું દુઃખ મનને લાગે છે અ તેથી ગભરાટથી જીવાત્મા ઘણો કલેશ પામે છે. અત્યારે તે મનને મારી તનને નિર્માલ્ય ગણવા માંડયું, અને ચિત્તની એક ગ્રતા કરી પ્રભુ સ્મરણ કરવા લાગ્યો. યોગી લોકોની શારીરિ તૃપવૃત્તિ યાદ લાવી જેમ યોગી યોગમાં જ શરીરને દમન ક મનને ઉપાધી મુક્ત કરી પરમાત્મામાં નિમગ્ન કરે છે, તે તેણે પણ હરીસ્મરણમાં તનને વિસારી મનને સુધારી મજબુ કરી જોડવા માંડયું. અષ્ટાંગ યોગનો અનુભવ અત્યારે તેણે અં ઉપર અજમાવવા માંડયો. જે જે કાંઇ ઇશ્વર સંબંધી તથા ત જ્ઞાન સંબંધી તેણે વાંચ્યું હતું તે અત્યારે બધું વિચાર લાગ્યો; વેદાંત દર્શનના અધ્યાત્મિક મોક્ષનાં સૂત્રોના શ્લોકો ધી ધીમે બોલી દેહ પીડાને ભુલવા લાગ્યો. જો કે શારીરીક તપ આ ક્રિયા શરૂઆતમાં તેને ઘણી જ વિષમ લાગવા માંડી ર તેણે અંતિમ દેહ ત્યાગનો નિશ્ચય કરી મનને અડગ બના

માનસિક તપમાં નિમગ્ન રહેવા માંડયુ, મોક્ષ વિષયની વસ્તુ તાનું વિવરણ સારી રીતે તેણે કરવા માંડયું.

મોક્ષ વિવરણ

चिच्चैत्यद्रष्टृदृश्यादिनामभिर्वर्जितात्मने ।
स्वयं सकृद्विभाताय मह्यमस्मै नमोनमः ॥
गताहङ्कारमेघाय शान्ताशादाववन्हये ।
मह्यमानन्द शैलाय विश्रान्ताय नमोनमः ॥
अस्नेहस्नेहदीपाय वृत्तिनिष्क्रान्तवर्तिने ।
स्वभावाधारधीगाय चिद्दीपाय नमोनमः ॥

ચિત અને ચૈત્ય, દૃષ્ટા અને દૃશ્ય, એ આદિ નામ માત્રથી વર્જિત, અનાદિ સ્વપ્રકાશ, એવા આ મને નમો નમઃ, અહંકાર મેઘ જ્યાંથી ઉડી ગયો છે, આશાના દાવાનળ જ્યાંથી શાંત થઇ ગયો છે, એવા પરમ વિશ્રાન્ત આમજ રૂપી, આનંદ શૈલને નમો નમઃ, વૃત્તિમય વર્તિ એવા અસ્નેહ સ્નેહ દીપ, સ્વભાવાધાર, બુદ્ધિ પ્રેરક, ચિદ્દીપને નમોનમઃ યોગવાસિષ્ઠ

यदाभूतपृथग्भावमेकस्थ मनुपश्यति ।
ततएवचविस्तारं ब्रह्म सम्पद्यतेतदा ॥

જ્યારે ભૂતના પૃથગ ભાવને એકસ્થ અનુભવે છે, ત્યારે જ વિસ્તાર પ્રાપ્ત કરી બ્રહ્મ થાય છે. ભગવદ્ ગીતા.

मातृमेय प्रमाणादि देशकालौदिगादि च ।
भावाभावविवर्तादि शिवपङ्कमयात्मकम् ॥

માતા, મેય, પ્રમાણ, દેશ, કાલ, દિક, ભાવ, અભાવ, વિવર્ત

ઇત્યાદિ સર્વ શિવ પંક્રમય છે. યોગવાસિષ્ટ

लघुत्वमारोग्यमलोलुपत्वंवर्णः प्रसादः स्वरसौष्ठवं च ।
गन्धः शुभोमूत्रपुरीषमल्पं योगप्रवृत्ति प्रथमांवदन्ति ॥
यथैवबिम्बं मृदयो पलिप्तं तेजोमयं भ्राजते ततसुधातम् ।
तद्वदात्मतत्त्वं प्रसमीक्ष्यदेहीएकः कृतार्थोभवतेवीतशोकः ॥

"લઘુત્વ, આરોગ્ય, અલોલુપતા, વર્ણ, પ્રસાદ, સ્વર સૌષ્ઠવ; શુભગંધ, મૂત્ર અને પુરીષની અલ્પતા, એ યોગની પ્રથમ પ્રવૃત્તિનાં ચિન્હ છે. માટીથી લીપાયલું સુવર્ણ બિંબ ધોઇ નાખવાથી તેજોમય વિલસે છે, તેમજ આત્મ તત્વને પામી દેહી એક કૃતાર્થ શોક મુકત થાય છે. શ્વેતાશ્વતરોપનિષત

कोषादिवविनिष्कृष्टः कार्यकारणवर्जितः ।
यथासिद्दृश्यते स्वप्ने तद्वद्बोद्धास्वयंप्रभः ॥

જાણે કોશમાંથી તાણીને જ કાઢી હોય તેવી તરવાર સ્વપ્નમાં કાર્ય કારણ સંબંધ વિના જ જણાય છે, એ જ પ્રકારે બોદ્ધા સ્વયંપ્રકાશ છે. ઉપદેશ શાહસ્રી

शून्यत्वाकाशयोर्भेदो यादृशोऽवगतस्त्वया ।
भेदं निरात्मकं विद्धितादृशं ब्रह्मसर्गयोः ॥

શૂન્ય અને આકાશનો ભેદ જેવો તેં જાણ્યો છે, તેવો જ બ્રહ્મ અને સર્ગનો ભેદ પણ નિરાત્મક જાણ. યોગવાસિષ્ટ

अजेसाम्येतु ये केचिद्भविष्यन्ति सुनिश्चिताः ।
तेहिलोके महाज्ञानास्तच्च लोको न गाहते ॥

અજ એવા સામ્યમાં જે કોઇ સુનિશ્ચિત હશે તે લોકને વિષે

મહા જ્ઞાની છે તેવા સામ્યને લોક તો સમજતા પણ નથી.

ગોડપાદાચાર્ય

भिद्यतेहृदयग्रन्थिच्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्यकर्माणि तस्मिन्दृष्टेपरावरे ॥

હૃદય ગ્રંથિ ભેદાય છે, સર્વ સંશય છેદાય છે, તેનાં કર્મ માત્ર ક્ષીણ થાય છે; જે તે પરાવરનું દર્શન કરે છે. મુંડકોપનિષત્.

अत्यन्तकामुकस्यापि वृत्तिः कुण्ठतिमातरि ।
तथैव ब्रह्मणिज्ञाने पूर्णानन्दे मनीषिणः ॥

અત્યંત કામીની વૃત્તિ પણ માતા આગળ અટકે છે એમ જ બુદ્ધિવાનની બુદ્ધિ પૂર્ણાનંદ અને જ્ઞાન એવા બ્રહ્મ આગળ અટકે છે. વિવેક ચૂડામણિ.

तस्माद्ब्राह्मणः पाडित्यं निर्विद्यबाल्येन तिष्ठासेद्बाल्यञ्च पाण्डित्यञ्च निर्विद्याथमुनिरमौनञ्च निर्विद्याथब्राह्मणः स ब्राह्मणः केनस्याद्येनस्यात्तेने दृशएवातोऽन्यदार्तम् ।

માટે બ્રહ્મને જાણનારે પાંડિત્યનો નિર્વેદ આણી બાલ્યમાં (આત્મબળ) રહેવું, બાલ્ય અને પાંડિત્યનો નિર્વેદ આણી મુનિ થવું, મોનનો પણ નિર્વેદ આણી બ્રાહ્મણ થવું. બ્રાહ્મણ શાથી થાય? જેનાથી થાય તેનાથી આવો જ થાય, એથી અન્ય મિથ્યા છે.

બૃહદારણ્યકોપનિષત્.

अज्ञानकलुषं जीवं ज्ञानाभ्यासाद्विनिर्मलम् ।
कृत्वाज्ञानं स्वयंनश्येज्जलं कतकरेणुवत् ॥

અજ્ઞાનથી કલુષિત જીવને જ્ઞાન, અભ્યાસથી નિર્મળ કરીને

પોતે પણ નાશ પામે છે. કતકનો ભૂકો મેલને લેઇને જળને તળીએ બેસે છે. આત્મબોધ

यस्तुसर्वाणि भूतान्यात्मन्ये वानुपश्यति ।
सर्वभूतेषुचात्मानं ततो न विजुगुप्सते ॥
यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्रकोमोहःकः शोकएकत्वमनुपश्यतः ॥

જે સર્વ ભૂતને આત્માને વિષે અનુભવે છે, અને સર્વ ભૂતમાં આત્માને અનુભવે છે, તેને જુગુપ્સા ઉપજતી નથી; જ્યાં જાણુનારને ભૂત માત્ર આત્મા જ થયાં ત્યાં એકત્વ અનુભવનારને મોહ શો ? શોક શો ? ઇશોપનિષત્

दृश्यंनास्तीति बोधेन मनसो दृश्यमार्जनम् ।
संपन्नं चेतदुत्पन्नापरा निर्वाणनिर्वृत्तिः ॥

દૃશ્યજ નથી એવા બોધે કરીને મનમાંથી દૃશ્યજ ઉરાડી દેવાયું તો નિર્વાણની પરમ નિર્વૃત્તિ પ્રાપ્ત થઈ. પંચદશી.

यज्जाग्रति सुषुप्तत्वं बोधादरसवासनम् ।
तं स्वभावं विदुस्तज्ज्ञामुक्ति स्तत्परिणामिता ॥

બોધે કરીને જેમાં રસની વાસના રહેલી નથી એવી જે જાગૃતને વિષે સુષુપ્તિ તેને જ્ઞાનીઓ સ્વભાવ કહે છે, તેનો પરિપાક તેજ મુક્તિ છે. યોગવાસિષ્ઠ.

सएषनेतिनेत्यात्मागृह्यो नहिगृह्यतेऽशीर्यो नहिशीर्यतेऽसङ्गो नहिसज्जतेऽसितोनव्यथतेनारिष्यत्यभयं वैजनकप्राप्तोऽसि-

तिहोवाचयाज्ञवलकयः ॥

યાજ્ઞવલ્કયે કહ્યું:–આ આત્મા નથી; તે અગૃહ્ય ગૃહાતો નથી, અશીર્ય શીર્ણ થતો નથી, અસંગ સસંગ થતો નથી, અવ્યથિત વ્યથિત થતો નથી, વિનાશ પામતો નથી, 'હે જનક ! તું અભયને પ્રાપ્ત થયો છે

બૃહદારણ્યકોપનિષત્

यानिशासर्वभूतानां तस्यांजागर्तिसंयमी ।
यस्यांजाग्रतिभूतानि सानिशापश्यतोमुनेः ॥

સર્વ ભૂતની જે નિશા તેને વિષે સંયમી જાગે છે, જેને વિષે ભૂત માત્ર જાગે છે તે દેખના એવા મુનીની નિશા છે.

ભગવદ્ગીતા

यतोवाचोनिवर्तन्ते अप्राप्यमनसामह ।
आनन्दंब्रह्मणो विद्वान्नबिभेति कुतश्चन ॥

પ્રાપ્ત થયા વિના જ જ્યાંથી વાણી, મન સમેત પાછી ફરે છે તેવા બ્રહ્માનંદને જાણનાર કહીંથી પણ બીહીતો નથી.

તૈતિરીયોપનિષત્

गच्छंस्तिष्ठन्नुपविशञ्छयानो वान्यथापिवा ।
यथेच्छयावसेद्विद्वानात्मारामः सदामुनिः ॥

ચાલે, ઉભો રહે, બેસે, સૂવે કે અન્યથા ગમે તે કરે, વિદ્વાન અને આત્મારામ મુનિ યથેચ્છ રહે. વિવેક ચુડામણી.

अचक्षुष्ट्वान्नदृष्टिर्मेतथाश्रोत्रस्यकाश्रुतिः ।
अवाकत्वान्नतुवक्तिः स्यादमनस्त्वान्मतिः कुतः ॥

અચક્ષુ હોવાથી મારે દૃષ્ટિ નથી, અશ્રોત્રને શ્રુતિ શાની ?

આવાક હોવાથી વચન નથી, મન ન હોવાથી મનન ક્યાં ?

ઉપદેશ સહસ્રી.

नेहात्मविन्मदन्योऽस्तिन मत्तोऽज्ञोऽस्तिकश्चन ।
इत्यजानन् विजानातियः सब्रह्मविदुत्तमः ॥

અત્ર મારાથી અન્ય આત્મવિત્ નથી, તેમ મારાથી કોઇ અજ્ઞાની પણ નથી ! એવું જે ન જાણતાં જાણે છે તે ઉત્તમ બ્રહ્મવિત્ છે.

નૈષ્કર્મ્ય સિદ્ધિ

न वेद्योनावेद्यः स्वरसमतिहृद्यः सुखघनो ।
नगद्योनापोद्यो नपुनरुपरोध्यः कथमपि ॥
नहेयोनादेयो नपुनरपिधेयः क्षणमहो ।
स्फुरन्नात्मास्माकं जगदिदमकस्मातिरयति ॥

નહિ વેદ્ય કે અવેદ્ય, ન ગદ્ય કે અગદ્ય કોઇ પ્રકારે પણ વૃત્તિમાં ઠરાવવો અશક્ય, ન હેય કે ઉપાદેય, ક્ષણ પણ ધ્યાનમાં આણવો અશક્ય સુખઘન, સ્વાનુભવના રસની વૃત્તિ રૂપે અતિ મનોહર, એવો આ મારો આત્મા સ્ફુરિત થતા જ અકસ્માત સમગ્ર વિશ્વને તિરોધાન પમાડી દે છે.

સ્વરાજ્યસિદ્ધિ.

भेदोऽभेदस्तथा चैकोनानाचेतिविकल्पितम् ।
ज्ञेयंज्ञातागतिर्गन्ता मय्येकस्मिन्कुतो भवेत् ॥

ભેદ, અભેદ, એક, નાના, જ્ઞેય, જ્ઞાતા, ગતિ, ગંતા ઇત્યાદિ વિકલ્પો એક એવા મારે વિષે ક્યાંથી હોય ? ઉપદેશ સહસ્રી.

देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।

यत्रयत्रमनोयाति तत्रतत्रसमाधयः ॥

દેહાભિમાન ગળી ગયો, પરમાત્મા સુવિજ્ઞાત થયો, એટલે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિ છે. દૃ-દૃશ્યવિવેક

यत्रो परमतेचित्तं निरुद्धंयोगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥

યોગ સેવાથી નિરૂદ્ધ ચિત્ત જ્યાં ઉપરામ પામે છે, અને જ્યાં આત્માએ આત્માને જોતું આત્માને વિષે તોષ પામે છે તે યોગ જાણવો. ભગવદ્ગીતા

दृशिस्वरुपं गगनोपमंपरं सकृद्विभातं त्वजमेकमक्षरम् ।
अलेपकं सर्वगतं यदद्वयंतदेवचाहं सततं विमुक्त ॐ ॥

દ્રષ્ટાનું સ્વરૂપ આકાશ જેવું પરમ, અનાદ્યનંત પ્રકાશમય, અજ, એક, અક્ષર, અલિપ્ત સર્વગત, અદ્વય છે. તેજ નિત્ય વિમુકત ૐકાર હું છું. ઉપદેશસહસ્રી.

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षतेयोगयुक्तात्मासर्वत्रसमदर्शनः ॥

આત્માને સર્વ ભૂતસ્થ અને સર્વભૂતને આત્મસ્થ એમ સર્વત્ર સમદર્શન યોગ યુકતાત્મા દેખે છે. ભગવદ્ ગીતા

स्नातं तेनसमस्ततीर्थसलिलेदत्तापि सर्वायनि-
र्यज्ञानांचकृतं सहस्रमखिला देवाश्चसंपूजिताः ।
संसाराच्चसमुद्धृताः स्वपितरैस्त्रैलोक्यपूज्योऽप्यसौ ।

यस्यब्रह्मविचारणे क्षणमपिस्थैर्यंमनः प्राप्नुयात् ॥

તેણે સર્વ તીર્થમાં સ્નાન કર્યું, સમગ્ર પૃથ્વીનું દાન આપ્યું સહસ્ત્ર યજ્ઞો કર્યા, દેવતા માત્રને સારી રીતે પૂજ્યા, પોતાના પિતૃને સંસારથી ઉદ્ધાર્યા, તેજ ત્રિલોકને પૂજ્ય થયો:—કે જેનું મન બ્રહ્મ વિચારમાં ક્ષણવાર પણ સ્થિરતાને પામ્યું. પ્રાસ્તાવિક

नमेद्वेषरागौ नमेलोभमोहौ ।
मदोनैवमेनैवमात्सर्यभानम् ॥
नधर्मोनचार्थोनकामोनमोक्ष- ।
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥
नपुण्यंनपापंनसौख्यंनदुःखं ।
नमंत्रोनतीर्थंनवेदानयज्ञाः ॥
अहंभोजनंनैवभोज्यंनभोक्ता ।
चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥
नमेमृत्युशङ्कानमेजातिभेदः ।
पितानैवमेनैवमातानजन्म ॥
नबन्धुर्नमित्रं गुरुर्नैवशिष्य ।
श्चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥

ન દ્વેષ કે રાગ, ન લોભ કે મોહ, નહી મદ નહી માત્સર્ય ભાન, ન ધર્મ, ન અર્થ, ન કામ કે મોક્ષ, હું કાંઇ નથી, હું ચિદાનંદ રૂપ શિવ છું, શિવ છું.

પુણ્ય, પાપ, સુખ, દુખ, મંત્ર, તીર્થ, વેદયજ્ઞ, ભોજન,

ભોજ્ય ભોક્તા, કાંઇ હુ નથી. હુ ચિદાનંદ રૂપ શિવ છું, શિવ છું.

મને મૃત્યુ શંકા નથી, મારે જાતિભેદ નથી, પિતા, માતા કે જન્મ મારે નથી. બંધુ મિત્ર, ગુરૂ, શિષ્ય, કાંઇ નથી. હું ચિદાનંદરૂપ શિવ છું, શિવ છું. આત્મષટ્કમ

ब्रह्मैवाहंनसंसारीनचाहं ब्रह्मणः पृथक् ।
नाहंदेहोनमेदेहः केवलोऽहं सनातनः ॥

હું બ્રહ્મ જ છું, સંસારી નથી; હું બ્રહ્મથી ભિન્ન નથી. હું દેહ નથી, મારે દેહ નથી, હું નિત્ય કેવળ છું. આત્મચિન્તનમ્

देहंचनश्वरमवस्थितमुत्थितं वा ।
सिद्धोनपश्यतियतोऽध्यगमत्स्वरुपम् ॥
दैवादुपेतमथ दैववशादपेतं ।
वासोयथा परिकृतं मदिरामदान्धः ॥

મદિરાના મદમાં અંધ થયેલો, શરીરેથી વસ્ત્ર નીકળી પડે કે ઉપર રહે તેની અપેક્ષા કરતો નથી, તેમ નશ્વર એવો દેહ જે દૈવ વશે આવે છે કે જાય છે, તે અવસ્થિતિ રહે કે ઉઠી જાય તેની સિદ્ધ કાંઇ અપેક્ષા કરતો નથી કેમકે સ્વરૂપને પામ્યો છે.

મહાભારત.

सुषुप्तवज्जाग्रतियोनपश्यतिद्वयंतुपश्यन्नपिचाद्वयत्वतः ।
तथाचकुर्वन्नपि निष्क्रियश्चयःसआत्मविन्नान्यइतीहनिश्चयः॥

જે અદ્વૈતમય હોઇ જાગૃત સતે પણ સુષુપ્તિમાં હોય તેમ દ્વૈતને દેખતો નથી, કરતો છતો પણ અક્રિય છે, તે આત્મવિત્

છે, અન્ય નહિ એવો અત્ર નિશ્ચય છે. ઉપદેશ સહસ્રી

यदाहिनेन्द्रियार्थेषुनकर्मस्वनुषज्जते ।
सर्वसङ्कल्प संन्यासीयोगारुढस्तदोच्यते ॥

જ્યારે ઇંદ્રિયોના અર્થને વિષે તેમ કર્મને વિષે આસક્તિ ધરતો નથી, સર્વ સંકલ્પનો સન્યાસ કરે છે, ત્યારે યોગારૂઢ કહેવાય છે. ભગવદ્ ગીતા

रसिकोत्यन्तविरसो निर्घृणो बन्धुवत्सलः ।
निर्दयोऽत्यन्तकरुणो वितृष्णस्तृष्णयान्वितः ॥
बहिः सर्वसमाचारमन्तः सर्वार्थ शीतलम् ।
नित्यमन्तरनाविष्ठ आविष्ठ इव तिष्ठति ॥

રસિક સતે અત્યંત વિરસ, કઠોર છતે બંધુ વત્સલ, નિર્દય સતે અત્યંત કરૂણાવાળો તૃષ્ણા રહિત સતે તૃષ્ણાળુ, બહારથી સર્વ સમાન આચારવાળો પણ અંતરમાં સર્વથા શીતળ હોઇ તે અનાવિષ્ઠ સતે આવિષ્ઠ હોય એવો રહે છે. યોગવાસિષ્ટ.

ज्ञानामृतेन तृप्तस्य कृतकृत्यस्य योगिनः ।
नैवास्ति किञ्चित्कर्तव्यमस्ति चेन्नसतत्ववित् ॥

જ્ઞાનામૃતથી તૃપ્ત અને કૃતકૃત્ય એવા યોગીને કાંઇ પણ કર્તવ્ય છે નહિ, હોય તો તે તત્ત્વવિત્ થયો નથી. જીવન્મુક્તિ વિવેક.

अकृत्वा परसन्ताप मगत्वाखलमन्दिरम् ।
अक्लेशयित्वाचात्मानं यदल्पमपितद्बहु ॥

પરને સંતાપ કર્યા વિના, ખળ મંદિરે ગયા વિના, આત્માને

ક્લેશ આપ્યા વિના જે અલ્પ તે પણ બહુ છે. મહાભારત

सर्वेब्रह्मवदिष्यन्ति संप्रातेतुकलौयुगे ।
नानुतिष्ठन्ति मैत्रेय शिश्नोदर परायणाः ॥

કળિયુગ પ્રાપ્ત થતાં સર્વે બ્રહ્મ વદશે. હે મૈત્રેય ! કોઈ તે પ્રમાણે કરશે નહિ, માત્ર શિશ્ન અને ઉદર પરાયણ રહેશે.

જીવન્મુક્તિ વિવેક.

अहंब्रह्मास्मिकर्ता च भोक्ताचास्मीति ये विदुः ।
तेनष्टाज्ञानकर्मभ्यां नास्तिकाः स्युर्नसंशयः ॥

હું બ્રહ્મ છું, કર્તા છું. ભોકતા છું, એ મને જાણે છે તે જ્ઞાન અને કર્મ ઉભયથી ભ્રષ્ટ થયેલા નાસ્તિક છે એમાં સંશય નથી.

ઉપદેશ સહસ્રી.

योवाएतदक्षरंगार्ग्यविदित्वास्मिँल्लोके जुहोति यजते तपस्त प्यते बहूनि वर्षसहस्राण्यन्त वदेवास्य तद्भवति योवाएत दक्षरंगार्ग्यविदितास्माल्लोकात्प्रैति सकृपणोऽथ यएतदक्षरं गार्गिविदित्वास्माल्लोकात्प्रैति सब्राह्मणः ॥

હે ગાર્ગિ ! જે આ અક્ષરને જાણ્યા વિના આ લોકને વિષે યજ્ઞ કરે છે, યજન કરે છે, કે તપ કરે છે, બહુ વર્ષ તપ તપે છે, તેનું તે બધું અંતવાળુ જ થાય છે. હે ગાર્ગિ જે કોઈ આ અક્ષરને જાણ્યા વિના આ લોકમાંથી જાય છે તે કૃપણ છે, જે જાણીને જાય છે તે બ્રાહ્મણ છે.

બૃહદારણ્યકોપનિષત્

निष्णातोऽपिहि वेदान्तेसाधुत्वं नैतिदुर्जनः ।

चिरंजलनिधौ मग्नोमैनाकइवमार्दवम् ॥

વેદાન્તમાં નિષ્ણાત થયા છતાં દુર્જન સાધુતાને પામતો નથી; સમુદ્રમાં ચિરકાળથી નિમગ્ન સતે મૈનાક મૃદુ થયો નથી. જગન્નાથ,

कुशलाब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेप्यज्ञानतमानूनं पुनरायान्ति यान्ति च ॥

બ્રહ્મ વાર્તાને વિષે કુશળ પણ વૃત્તિહિન અને સારી રીતે રાગવાળા તે પણ અજ્ઞાનીઓના શિરોમણી છે પુનઃ પુનઃ આવે છે ને જાય છે. અપરોક્ષાનુભૂતિ

यस्यामतं तस्यमतं मतंयस्य न वेदसः ।
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ॥

જે નથી જાણતો તે જાણે છે, જે જાણે છે તે નથી જાણતો; જાણનાર નથી જાણતો, ન જાણનાર જાણે છે. કેનોપનિષત્

अधीत्यचतुरो वेदान्धर्म शास्त्राण्यनेकशः ।
ब्रह्मतत्वं नजानाति दर्वीपाकरसंयथा ॥

ચારે વેદનું અધ્યયન કરી અનેક ધર્મશાસ્ત્રને જાણી, બ્રહ્મ તત્ત્વને જાણતો નથી; કડછી પાકના રસને જાણતી નથી. ઉત્તરગીતા

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥
यस्त्विन्द्रियाणि मनसानियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

કર્મેન્દ્રિયોને વશ રાખી મનથી તો ઇંદ્રિયોના વિષયોનું સ્મરણ

કરતો જે બેસે છે, તે મુઢાત્મા મિથ્યાચારી કહેવાય છે. જે ઇંદ્રિયોને મનથી જ વશ રાખી. હે અર્જૂન ! કર્મેન્દ્રિઓથી કર્મયોગ આરંભે છે તે આસક્તિ રહિત હોઇ ઉત્તમ છે. ભગવદ્ ગીતા.

रागोलिङ्गमबोधस्य चित्तव्यायामभूमिषु ।
कुतः शाड्वलतातस्य यस्याग्निः कोटरेतरोः ॥

ચિત્તને જે જે અનુભવ થાય તે તે અનુભવના સ્થાન ઉપર રાગ ધરવો એ જ અજ્ઞાનનું લક્ષણ છે; ને વૃક્ષના થડીઆના પોલમાં દેવતા હોય તે વૃક્ષ લીલું ક્યાંથી દેખાય? નૈષ્કર્મ્ય સિદ્ધિ

तारयित्वा परंपारं नद्यायद्भद्भितारकः ।
आवर्तेपतितोनैवमुद्धर्तुमिह शक्यते ॥
परतीरंगतायेस्तु रुपकारस्य बोधकाः ।
शोचन्तितत्रतं त्वन्येगच्छन्ति च यथासुखम् ॥
शब्दाद्यावर्तपतितो विद्वानपि तथैव सः ।
शोच्यतेऽत्रोपकारज्ञैः पारपारमुपागतैः ॥

તારો નદીને પેલે પાર બીજાને તારીને પોતે વમળમાં પડે છે, ને કોઇથી તેને બ્હાર કાઢી શકાતો નથી, સામે પાર ઉતરેલા જે કોઇ તેનો ઉપકાર જાણે છે, તે ત્યાં રહ્યે રહ્યે તેને માટે શોચ કરે છે, બીજા રૂચિ અનુસાર ચાલ્યા જાય છે. એજ રીતે શબ્દાદિના વમળમાં ગુંચવાયલા વિદ્વાન ઉપર પાર ઉતાર્યાનો તેનો ઉપકાર જાણનાર દયા લાવે છે. આત્મપુરાણ.

आत्मज्ञस्याप्रियस्य स्याज्ज्ञानो पादानता यदि ।

न मोक्षार्हः स विज्ञेयो वान्तोऽसौ ब्रह्मणाध्रुवम् ॥

આત્મ જ્ઞાનીને પણ હેય અને ઉપાદેય રહ્યું તો તે મોક્ષને યોગ્ય નથી; બ્રહ્મે તેને ઓકરી કાઢેલો છે. ઉપદેશ સાહસ્રી.

अनुत्तरीय वसनमनु पस्तार्णिशायिनम् ।
बाहूपधायिनं शान्तं तं देवा ब्राह्मणं विदुः ॥

ઉત્તરીય કે વસ્ત્ર વિનાનો, પથારી વિના સુનારો, હાથનું જ ઉશીકું કરનારો, તેને દેવો બ્રાહ્મણ જાણે છે. વ્યાસ

प्राप्ताज्ञानदशामेतां पशुम्लेच्छादयोऽपिये ।
सदेहावाप्यदेहा वातेमुक्तानात्र संशयः ॥

પશુ, મ્લેચ્છ, આદિ પણ જે કોઈ આ જ્ઞાનદશાને પામે તે સદેહ કે વિદેહ હોય તો પણ મુક્ત છે એમાં કશો સંશય નથી. યોગવાસિષ્ઠ

अशरीरं शरीरेष्वनवस्थेष्व वस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वाधीरो न शोचति ॥

અસ્વસ્થ એવાં શરીર માત્રમાં અવસ્થિત જે અશરીર, મહાન, વિભુ, આત્મા, તેનું મનન કરી ધીર શોક કરતો નથી. કઠોપનિષત.

यथा भावस्य भावत्वं यथा शून्यस्य शून्यता ।
आकारिणो यथाकारस्तथाचिन्नभसोजगत् ॥
निद्रायां विनिद्रतायांयतो विश्वं प्रवर्तते ।
निवर्तते च [illegible]न्तौ तमिद[illegible] उच्यते ॥

निद्रादौ जागरस्यान्तेयो भाव उपजायते ।
तं भावं धारयन्योगीन दुःखैरभिभूयते ॥

જેમ ભાવનું ભાવત્વ છે, શુન્યનું શુન્ય છે, આકારવાળાનો જેમ આકાર છે, તેમ ચિદાકાશનું જગત્ છે; નિંદ્રા નિવૃત થતાં જેમાંથી વિશ્વ પ્રવર્તે છે, ને નિંદ્રાની શાન્તીને સમયે જેમાં લીન થાય છે, તે ચિદાકાશ કહેવાય છે. નિંદ્રાને આરંભે ને જાગૃતને અંતે જે ભાવ ઉપજે છે તે ભાવને ધારણ કરતો યોગી દુઃખથી આભિ ભવ પામતો નથી. યોગવાસિષ્ઠ.

ब्रह्माण्डमण्डली मात्रं किं भोगायमनस्विनः ।
शफरीस्फुरितेनाब्धेः क्षुब्धता जातुजायते ॥

જે મનસ્વી છે તેના ઉપભોગ માટે આટલી બ્રહ્માંડ મંડલી કાંઇ જ નથી, શફરીના ફડફડાટથી જલનીધિમાં થોડો જ ક્ષોભ થાય છે વૈરાગ્યશતક ભર્તુહરિ

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्चमानवः ।
आत्मनोव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥

જે આત્મરતિ, આત્મ તૃપ્ત માનવ છે, આત્મને વિષે જ સંતુષ્ટ છે, તેને કાંઇ કર્તવ્ય નથી. ભગવદ્ગીતા.

व्यवहारं यथाप्राप्तं लोकसामान्यमाचरन् ।
चराचरणांभूतानामुपर्ये वावतिष्ठते ॥

યથા પ્રાપ્ત વ્યવહારને લોકની પેઠે આચરતો સતો પણ તે ચર અચર એવાં ભૂત માત્રની ઉપર ને ઉપર રહે છે. યોગવાસિષ્ઠ.

आत्मानं चो_जानां यादहमस्मीति पूरुषः ।

किमिच्छन् कस्यकामाय शरीरमनुसञ्ज्वरेत् ॥

પુરૂષ જો આત્માને જાણે કે આ હું છું તો શું ઈચ્છતો સતો, શાની કામનાને માટે શરીરને પ્રજાળે ? બૃહદારણ્યકોપનિષત

मच्चित्तामद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्चमां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥

મારામાં ચિત્ત રાખી પ્રાણ મારામાં અર્પી, પરસ્પરને બોધ કરતા, મારી જ નિત્ય કથા કરતા તે મોદ પામે છે ને રમે છે.

ભગવદ્ગીતા

तच्चिन्तनं तत्कथनमन्योन्यं तत्प्रबोधनम् ।
एतदेक परत्वं हि ब्रह्माभ्यासं विदुर्बुधाः ॥

તેનુંજ ચિન્તન, તેનુંજ કથન, અન્યોન્યને તેનો જ બોધ, એવું જે એક પરત્વ તેને બુધજનો બ્રહ્માભ્યાસ જાણે છે. પંચદશી

विपदासन्तुनः शश्वघत्रतत्रजगद्गुरो ।
भवतांदर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥

હે જગદ્ગુરૂ ! અત્ર તત્ર સર્વત્ર અમને વિપત્તિ હો, કે આપનું દર્શન થાય અને પુનર્ભવ દર્શન મટે. ભાગવત

याप्रीतिरविवेकानां विषयेघनपायिनी ।
त्वामनुस्मरतः सामेहृदयान्मापसर्पतु ॥

અવિવેકીને વિષયોને વિષે કદાપિ ટળે નહિ એવી જે પ્રીતી છે, તેવી જ પ્રીતિ તમારૂં સ્મરણ કરતાં મારા હૃદયમાંથી જશો નહિ. પંચદશી.

आत्मारामापि मुनयोनिर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्य हैतुकीं भक्तिमित्थं भूतगुणोहरिः ॥

આત્મારામ સતે, ગ્રંથિ તુટયા સતે, પણ મુનિઓ મહા વિક્રમવાળા વિભુની નિર્હેતુક ભક્તિ રાખે છે, હરી પ્રેમભક્તિ રૂપજ છે. ભાગવત

आत्मारामामहात्मानः प्रबुद्धाः परमोदयाः ।
वहिः पिच्छाग्रतरला अन्तर्मेरुरिवाचलाः ॥

આત્મારામ, પરમ ઉદયને અનુભવનારા, પ્રબુદ્ધ, મહાત્માઓ બહારથી પિચ્છાગ્ર જેવા તરલ સતે અંતરથી મેરૂ જેવા અચલ હોય છે. યોગવાસિષ્ઠ

नानन्दं ननिशनन्दंनचलंनाचलं स्थिरम् ।
नसन्नासन्नचैतेषां मध्यं ज्ञानिमनो विदुः ॥

સાનંદ કે નિરાનંદ, ચલ અચલ કે સ્થિર, સત્ કે અસત્ કે એવા કોઇ પણ દ્વંદ્વ કે ત્રિકનું મધ્ય એવું જ્ઞાનિ મન નથી.
યોગવાસિષ્ઠ.

चित्रसंगरयुद्धस्य सैन्यस्या क्षुब्धता यथा ।
तथवसमताज्ञस्य व्यवहारवतोऽपिच ॥

ચિત્રમાં આલેખેલા યુદ્ધમાં સૈન્યની જેવી અક્ષુબ્ધતા છે તેવી જ સમતા, વ્યવહાર કરતા એવા જ્ઞાનીની રહે છે. યોગવાસિષ્ઠ

किं वेदैः स्मृतिभिः पुराणपठनैः शास्त्रैर्महाविस्तरैः ।
स्वर्गग्रामकुटीनिवास फलदैः कर्मक्रिया विभ्रमैः ॥

मुक्त्यैकं भवबन्धदुःखरचना विध्वंस कालानलं ।
स्वात्मानन्द पदप्रवेशकलनं शेषावणिग्वृत्तयः ॥

વેદ, સ્મૃતિ, પુરાણ પઠન, મહા વિસ્તારવાળાં શાસ્ત્ર, તે સર્વથી શું ? સ્વર્ગ ગ્રામની એક કુટીમાં નિવાસ આપનાર એવાં કર્મ ક્રિયાદી વિભ્રમથી શું ? ભવબંધ રૂપી દુઃખ રચનાનો વિધ્વંસ કરનાર જે કાલાનલ, સ્વાત્માનંદ-પદ પ્રવેશનો અનુભવ-તે વિનાની બધી વાતો વણિગ્વૃત્તિ માત્ર છે. વૈરાગ્ય શતક

कर्मकल्पनया संवित्त्व कर्मफलभागिनी ।
कर्मकल्पनयोन्मुक्तान कर्मफलभागिनी ॥

કર્મ કલ્પનાએ કરીને સવિત્ કર્મ ફળ બાંધે છે, કર્મ કલ્પનાથી વિમુક્ત સંવિત કર્મ ફળ બાંધતી નથી. યોગવાસિષ્ઠ.

पूर्णस्यावाहनं कुत्रसर्वाधारस्यचासनम् ।
स्वच्छस्य पाद्यमर्घ्यं च शुद्धस्या चमनंकुतः ॥

પૂર્ણનું આવાહન ક્યાં ? સર્વાધારનું આસન ક્યાં ? સ્વચ્છને પાદ્ય કે અર્ઘ્ય શું ? શુદ્ધ ને આચમન શાનું ? પરાપૂજા.

विक्षेपोनास्तियस्मान्मे नसमाधिस्ततो मम ।
विक्षेपो वा समाधिर्वामनसः स्याद्विकारिणः ॥

મારે વિક્ષેપ નથી એટલે સમાધિ પણ નથી, વિક્ષેપ કે સમાધિ તે તો વિકારવાળું જે મન હોય તેને હોઇ શકે. ઉપદેશ સહસ્રી.

यद्यज्ज्ञानात्मकं रूपं प्रथमं चिन्तितंचिता ।
स्वतोऽहमेव चित्येव तदद्यापि तथास्थितम् ॥

पुनरन्येन यत्नेन तदुत्कृष्टेन सैवचित् ।
शक्तानदन्यथाकर्तुं यत्नेन महतापुनः ॥

ચિત્ જે પ્રકારે ભાન પામી જે જે રૂપ પ્રથમથી, સ્વતઃ, 'હું અમુક રૂપ છું' એમ કલ્પે છે, તેજ રૂપ તેમની તેમ તે અદ્યાપિ છે; તે કરતા બલવાન એવો અન્ય યત્ન કરીને ચિત્ પુનઃ અન્યથા થઇ શકે છે, વળી તેથી સબળ થત તે કરતાં અન્યથા થઇ શકે છે.

યોગવાસિષ્ઠ

नशास्ता नशास्त्रं नशिष्यो नशिक्षा ।
नचत्वं नचाहं नचायं प्रपञ्चः ।
स्वरूपावबोधो विकल्पा स हिष्णु-
स्तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥

શાસન કરનાર કે શાસ્ત્ર, શિષ્ય કે શિક્ષા, તું હું કે આ પ્રપંચ એમાનું હું કશું નથી; સ્વરૂપાવબોધ, વિકલ્પને સહન પણ ન કરનાર, એ સર્વનો નિષેધ કરતાં જે અવશેષ તે એક શિવ અને કેવલ હું છું.

નિર્વાણ દશક.

यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य नलिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्तिननिबध्यते ॥

જેને, 'હું કરૂં છું' એવી અહંકૃતિ નથી, 'મેં કર્યું' એવો બુદ્ધિનો લેપ નથી, તે આ લોક માત્રને હણ્યે સતે પણ હણતો એ નથી ને બંધન પામનો એ નથી.

ભગવદ્ ગીતા.

तमेव धीरोविज्ञाय प्रज्ञांकुर्वीत ब्राह्मणः ।

नानुध्यायाद्बहूञ्छब्दान्वाचो विग्लापनं हितत् ॥

ધીર એવા બ્રાહ્મણે તેને જ જાણી બુદ્ધિને તેમાંજ સ્થિર કરવી, બહુ શબ્દો ઉપર ધ્યાન લગાડવું નહિ, એતો વાણીનો એટલો વ્યર્થ વ્યય કરવા જેવું છે. બૃહદારણ્ય ઉપનિષત

ग्रन्थमभ्यस्य मेधावी ज्ञानविज्ञान तत्परः ।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः ॥

ગ્રંથનો અભ્યાસ કરી જ્ઞાન અને વિજ્ઞાનમા તત્પર એવા બુદ્ધિમાને, ધાન્યને ઇચ્છનાર જેમ પરાળને ત્યજે છે, તેમ ગ્રંથને અશેષ ત્યજવો. પંચદશી

इदं तु सत्यं मम नास्ति विक्रिया विकार हेतुर्नह्यमेऽद्वयत्वतः ।
नपुण्यपापे नचमोक्षबन्धने नचास्ति वर्णाश्रमताशरीरतः ॥

સત્ય આજ છે; મારે વિક્રિયા નથી, અદ્વયતાને લીધે વિકાર હેતુજ નથી, પુણ્ય નથી, પાપ નથી, મોક્ષ નથી, બંધન નથી, શરીર ન હોવાને લીધે વર્ણાશ્રમ પણ નથી. ઉપદેશ સહસ્રી

नसांख्यं नशैवं नतत्पाञ्चरात्रम् ।
नजैनं नमीमांसकादेर्मतं वा ॥
विशिष्टानुभूत्या विशुद्धात्मकत्वात् ।
तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥

સાંખ્ય, શૈવ, પાંચરાત્ર, જૈન, મીમાંસક, આદિ કોઇ મતમાં હું નથી, વિશિષ્ટાનુભવ રૂપ, વિશુદ્ધ, આત્મમય, સર્વનો નિષેધ કરતાં અવશેષ, કેવળ શિવ હું છું. નિર્વાણ દશક.

केऽपिवर्णाश्रमाचारनिष्ठामुग्धबाल प्रमत्तोपमाश्चापरे ।
रागिणोभोगिनोयोगिनश्चेतरंज्ञानिनांलक्ष्यतेनैकरुपास्थितिः ॥

કોઇ વર્ણાશ્રમના આચારમા નિષ્ઠા રાખે છે, કોઇ મૂઢ જેવા રહે છે, કોઈ બાલચેષ્ટામાં રમે છે, કોઈ ઉન્મત્ત જણાય છે, રોગી, ભોગી, યોગી એમ કોઇ વિહરે છે; જ્ઞાનીના ગતિ એકરૂપ વાળી જણાતી નથી. સ્વારાજ્ય સિદ્ધિ.

क्वचिन्मूढोविद्वान् क्वचिदपिमहाराजविभवः ।
क्वचिद्भ्रान्तः सौम्यः क्वचिदजगराचारकलितः ॥
क्वचित्पात्रीभूतः क्वचिदवमतः क्वाप्यविदित- ।
श्चरत्येवं प्राज्ञः सततपरमानन्द सुखितः ॥

ક્વચિત્ મૂઢ, ક્વચિત્ વિદ્વાન્ ક્વચિત્ મહારાજ વિભવ વાળો, ક્વચિત્ ભ્રાંત, ક્વચિત્ શાંત, ક્વચિત્ અજગર વૃત્તિવાળો, ક્વચિત્ સુપાત્ર, ક્વચિત્ અપમાન પામતો, ક્વચિત્ અજ્ઞાન જ્ઞાની સર્વદા પરમાનંદમાં સુખ લેતો એમ વિચરે છે.

વિવેક ચુડામણી

तथाचरेत वैयोगीसतां धर्ममदूषयन् ।
जनायथावमन्येरन गच्छेयुर्नैवसङ्गतिम् ॥

યોગીએ સત્પુરૂષોના ધર્મને ત્યજ્યા વિના એવી રીતે વિચરવું કે જનો જેથી અવગણના કરી સંગતિ કરે નહિ. સ્મૃતિ.

मुहुर्मूढैर्न्यस्तं भृशमपकृपाम्यर्थतिचयं ।
नकश्चिद्विश्वास्यो नममयमदण्डादपिभयम् ।

गुणद्वेषीस्वार्थप्रिय इति जगद्वञ्चनपरं ।
चरित्रमेचित्रं क्वचिदपि न कश्चित्कलयति ॥

મૂઢ જનો વારંવાર અથ સમુહ રૂપ જગત ઉપજાવે છે, હું તેનો અપલાપ કરૂં છુ, કોઈ મારૂં વિશ્વાઃય નથી, મને યમ દંડનો પણ ભય નથી, ગુણ દ્વેષિ, સ્વાર્થ પ્રિય, એવું જગત માત્રને વંચન કરનારૂં મારૂ વિચિત્ર ચરિત્ર કોઇ સ્થાને કોઇ પણ કળી શકતું નથી. સ્વારાજ્યસિદ્ધિ

नित्यानुभवरुपस्य कोमेवानुभवः पृथक् ।
कृतंकृत्यंप्रापणीयं प्राप्तमित्येवनिश्चयः ॥

નિત્યાનુભવ રૂપ એવા મારે પૃથક અનુભવ કેવો ? કૃત્ય માત્ર કર્યું; પ્રાપ્તવ્ય પ્રાપ્ત થયું એ જ નિશ્ચય છે. પંચદશી

कर्त्तापिवाकारयितापिनाहं ।
भोक्तापिवाभोजयितापिनाहम् ॥
द्रष्टापिवादर्शयितापिनाहं ।
सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥

હું કર્ત્તા નથી કે કરાવનાર નથી, ભોક્તા નથી કે ભોગવાવનાર નથી, દ્રષ્ટા નથી કે દેખાડનાર નથી, કશા જેવો નહિ એવો સ્વયં જ્યોતિ આત્મા તે હું છુ. વિવેકચૂડામણી.

ज्ञानिनोऽज्ञानिनश्चात्रसमे प्रारब्धकर्मणी ।
नक्लेशोज्ञानिनो धैर्यान्मूढः क्लिश्यत्यधैर्यतः ॥
म र्गगन्त्रोर्द्वयोः श्रान्तौसमायामप्यदूरताम् ।

जानन्धैर्याद्द्रुतं गच्छेदन्यस्तिष्ठतिदीनधीः ॥

જ્ઞાની અને અજ્ઞાની ઉભયને પ્રારબ્ધ કર્મ તો સમાન છે, જ્ઞાનીને ધૈર્યને લીધે ક્લેશ થતો નથી, ધૈર્ય રહિત બુદ્ધિવાળો મૂઢ ક્લેશ કરે છે. માર્ગે જતાં બે માણસ થાકી જાય, જવાનો માગ પણ સરખો હોય, તથાપિ જે જાણતો હોય તે ધૈર્ય રાખી ઉતાવળો ચાલે છે, ન જાણનારો દીન બુદ્ધિ કરીને ક્લેશ પામે છે.

પંચદશી

यश्चमूढतमो लोकेयश्चबुद्धेः परंगतः ।

तावुभौसुखमेधेते क्लिश्यत्यन्तरितोजनः ॥

લોકમાં જે અત્યંત મૂઢ છે કે જે બુદ્ધિની પરાકાષ્ઠાને પામ્યો છે તે બે જ સુખ ભોગવે છે, વચમાં રહેનારને ક્લેશ થાય છે.

ભાગવત

एकएवविशेषोऽस्यनसमो मूढबुद्धिभिः ।

सर्वत्रास्था परित्यागान्नीरागममलं मनः ॥

મૂઢ બુદ્ધિ અને જ્ઞાની તેની વચ્ચે એક જ વિશેષ છે કે જ્ઞાનીનું ચિત્ત સર્વત્ર આસ્તાનો પરિત્યાગ કરી નિરાગ અને અમલ થયું હોય છે.

યોગવાસિષ્ઠ

तज्ज्ञाज्ञयोरशेषेषु भावाभावेषु कर्मसु ।

ऋते निर्वासनत्वात्तु न विशेषोऽस्तिकश्चन ॥

જ્ઞાની અને અજ્ઞાની એમનાં ભાવ રૂપ કે અભાવ રૂપ એવાં કર્મ માત્રમાં નિર્વાસનત્વ વિના બીજો કશો અંતર નથી.

યોગવાસિષ્ઠ.

अहौवाहारे वा बलवतिरिपौ वा सुहृदिवा ।
मणौ वा लोष्ठे वा कुसुमशयने वा दृषदि वा ॥
तृणे वा स्त्रैणे वा ममसमदृशोयान्ति दिवसाः ।
कचित्पुण्येऽरण्ये शिव शिव शिवेति प्रलपतः ॥

સર્પ કે હાર, બળવાન્ રિપુ કે મિત્ર, મણિ કે માટી, કુસુમ શય્યા કે પાષાણ, તૃણ કે સ્ત્રી સમાજ, સર્વત્ર સમદૃષ્ટિવાળો એવો હું તે કોઇ પવિત્ર અરણ્યમાં શિવ શિવ શિવ એમ કરતો સુખે દિવસ ગાળું છું. વૈરાગ્યશતક

नमेप्रवृत्तिर्नचमेनिवृत्तिः ।
सदैकरूपस्य निरंशकस्य ॥
एकात्मकोयो निबिडो निरन्तरो ।
व्योमेवपूर्णः स कथंनुचेष्टते ॥

મારે પ્રવૃત્તિ નથી કે નિવૃત્તિ નથી, હું સદા એક રૂપ અને અંશ રહિત છું; જે એકાત્મ રૂપ નિરંતર નિવિડ આકાશવત્ પૂર્ણ છે તેને શા પ્રકારે ચેષ્ટા ઘટે? વિવેકચૂડામણી.

नप्रहृष्यत्यसौप्राप्यभूयः प्रियं ।
मेरुवन्निश्चलो भूरिकृच्छ्रेष्वपि ॥
भावयन्नात्मनात्मान मानन्दितो ।
देववत्स्वं चरत्येव विश्वम्भराम् ॥

વારંવાર પ્રિય પ્રાપ્ત કર્યા છતાં એ હરખાતો નથી, મહા વિપત્તિમાં પણ મેરૂ સમાન નિશ્ચળ રહે છે. આત્માની આત્માથી

ભાવના સર્વત્ર કરવામાં આનંદ લેતો તે દેવની પેઠે પૃથ્વી ઉપર વિચરે છે. સ્વારાજ્યસિદ્ધિ.

चाण्डालः किमयंद्विजातिरथवा शूद्रोऽथ किं तापसः ।
किंवातत्वनिवेशपेशलमतिर्योगीश्वरः कोऽपिकिम् ॥
इत्युत्पन्नविकल्प जल्पमुखरैः सम्भाष्यमाणाजनै- ।
र्नक्रुद्धाः पथिनैव तुष्टमनसोयान्ति स्वयंयोगिनः ॥

આ ચાંડાલ છે, દ્વિજાતી છે, કે શૂદ્ર છે, કે તાપસ છે, કે તત્વાનુસંધાનથી શુદ્ધ બુદ્ધિ થયેલી એવો કોઈ યોગીશ્વર છે! એમ અનેક વિકલ્પની વિતંડાથી વૈખરી કરતા જનોનાં ભાષણ સાભળતા યોગિજનો ક્રોધ કે તોષ પામ્યા વિના પોતે પોતામાં વિહરતા વિહરતા માર્ગે ચાલ્યા જાય છે. ભર્તૃહરિ.

किमपि सततबोधं केवलानन्दरूपं ।
निरुपममतिवेलं नित्यमुक्तंनिरीहम् ॥
निरवधिगगनाभं निष्कलं निर्विकल्पं ।
हृदिकलयति विद्वान्ब्रह्मपूर्णं समाधौ ॥

સતત બોધરૂપ, કેવળ આનંદરૂપ, અનુપમ, કાલાદિથી મુક્ત, નિત્ય સ્વતંત્ર, નિરિહ, અસીમ, આકાશવત્, કળા રહિત, વિકલ્પ રહિત, એવા અવર્ણ્ય બ્રહ્મનું કલન વિદ્વાન્ હૃદય સ્થાને સમાધિને વિષે કરે છે. વિવેકચૂડામણી.

किं गङ्गाम्बुनि बिम्बितेऽम्बरमणौ चाण्डालवाटीपयः ।
पूरेवान्तरमस्तिकाञ्चन घटीमृत्कुम्भयोर्वाम्बरे ॥
[illegible] निस्तर, सहजानन्[illegible] । बवो[illegible] ।

विप्रोऽयं श्वपचोऽयमित्यपि महान् कोऽयंविभेदभ्रमः ॥
जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतराया संविदुज्जृम्भते ।
या ब्रह्मादि पिपीलिकान्ततनुषु प्रोताजगत्साक्षिणी ॥
सैवाहंनचदृश्यवस्त्विति दृढप्रज्ञापियस्यास्तिचे ।
चाण्डालोऽस्तुसतु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषामम ॥

ગંગાજલને વિષે પ્રતિબિંબિત કે ચાંડાલની વાડીના જલ-પુરમાં પ્રતિબિંબિત અંબરમણિને વિષે શો અંતર પડે છે! કાંચન ઘટમાં કે મૃતિકાના ઘટમાં રહેતા આકાશમાં શો અંતર પડે છે! તરંગ રહિત એવી સહજાનંદ બોધામ્બુદ્ધિ રૂપ પ્રત્ય-ગ્વસ્તુને વિષે આ બ્રાહ્મણ અને આ ચાંડાલ એવો મહાભેદ ભ્રમ શો! જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ ત્રણેને વિષે સ્પષ્ટ રીતે જે સંવિત વિલસે છે, જે સંવિત બ્રહ્મથી પિપીલીકા પર્યંત તનુમાત્રમાં સુત્રવત પરોવાઈ જગત સાક્ષી છે, તેજ હું છું હું કોઈ દૃશ્ય વસ્તુ નથી, એવી જેને દૃઢ બુદ્ધિ થઈ છે, તે ચાંડાલ હો કે દ્વિજ હો તો પણ તેજ ગુરૂ છે એમ મારી બુદ્ધિ કહે છે. શંકરાચાર્ય

किमस्तं किंध्वस्तं किमुविलुलितं किन्नुगलितं ।
विशीर्णं वा गीर्णं तनुसपदिजीर्णं किमथ वा ॥
अमन्दे स्वछन्दे निरुपमनिजानन्द जलधौ ।
मयिस्वान्ते शान्ते जगदिदम शेषंनकलये ॥

અસ્ત થઈ ગયું! ધ્વંસ પામ્યું! ચુર્ણ થઈ ગયું! ઓગળી ગયું! વેરાઈ ગયું! ગળાઈ ગયું! અથવા એકાએક જીર્ણ થઈ ગયું! અમન્દ અને સ્વચ્છંદ એવા નિરૂપમ નિજાનંદ સાગરરૂપ

મારા પોતાના શાન્ત ગહનમાં આ અશેષ જગત કયાં ગયું તે સમજાત નથી ! સ્વારાજ્ય સિદ્ધિ

उद्ध्वस्तमसदाभासमुत्पन्ननगरोपमम् ।
वर्षप्रोन्मृष्टचित्राभंजगत्पश्यत्यवासनः ॥

ઉજડ થએલુ અસત આભાસ રૂપ, ગંધર્વ નગર જેવું, વર્ષાથી ભુસાઈ ગએલા ચિત્ર જેવું વાસના રહિત જ્ઞાની જગતને દેખે છે યાગવાસિષ્ઠ.

ब्रह्मार्पणं ब्रह्महर्विब्रह्माग्नौ ब्रह्मणाहुतम् ।
ब्रह्मैवतेनगन्तव्य ब्रह्मकर्मसमाधिना ॥

અર્પણ બ્રહ્મ, હવિબ્રહ્મ, બ્રહ્મઅગ્નિને વિષે, બ્રહ્મે હોમ્યું, બ્રહ્મકર્મ સમાધિએ કરી તે બ્રહ્મને પામે છે. ભગવદ્ ગીતા

જય જય સતચિદાનંદ પ્રભુ આપને જય ! નારાયણ હરે નારાયણ હરે, નારાયણ હરે, શ્રી રાધેકૃષ્ણ ગોવિંદ, શ્રી રાધેકૃષ્ણ ગોવિંદ જપતો જપતો હીરાલાલ શ્રમ શ્વાસ અને પરસ્વેદથી મૂર્છાવશ થઇ ગયો હરીના તાનમાં વેદાંતના જ્ઞાનમાં અને આત્મ પિછાનમાં તે પોતાને અને જગતને ભુલી સમસમાકાર સમાધીમા શાંતીને પ્રાપ્ત કરતો પડી રહ્યો. હીરાલાલે કષ્ટકાળે શ્રી હરીને સંભાળવા માંડયા અને શ્રી હરીએ હીરાલાલને સંભાળવા માંડયો ! દીનબન્ધુ દીનાનાથ દામોદર પ્રભુ હીરાલાલને સ્હાય કરવાની તજવીજમાં પડયા. જોત જોતામાં રત્નાકરના પ્રદેશ પાસે આવેલ મંદારગઢને પ્રતિષ્ટીત વ્યાપારી જયરામ પોતાના કુટુંબ અને મિત્રમંડળ સહિત શૈલેશ્વર મહાદેવમાં ઉજાણી સારૂ જતો હતો. મહાદેવની રમણિય જગ્યા રત્નાકર

પાસેથી નિરખાતા શૈલનાથના મ્હાડમાં આવેલ હતી. જયરામના મિત્રો દરિયા કીનારે પ્રભાત સૌંદર્ય જોતા જોતા ચાલતા હતા. બેભાન થઇને પડેલા હીરાલાલ ઉપર સૌની નજર પડી. જોત જોતામાં દરેક જણા એકઠા થઇ ગયા અને હીરાલાલ જીવે છે કે મરી ગયો છે તેની બારીકાઇથી તપાસ કરવા મંડી પડયા. ધીમે ધીમે શ્વાસોશ્વાસ ચાલતો જોઈ દરેક જણા હરખમાં આવી ગયા; અને હીરાલાલને મહાદેવના સ્થળમાં લઇ જવાની જલ્દીથી તૈયારી કરવા મંડી પડયા. તેમાંના ચાર પાંચ જણા શૈલેશ્વર મહાદેવમાં ઝડપબંધ એકી સપાટે દોડતા ગયા; અને દશ બાર બાવાને ડોળી સહીત બોલાવી લાવ્યા. બાવાઓએ શીતળ જળ શંકરનું ભજન કરતાં કરતાં હીરાલાલના મુખ ઉપર જાગૃતિ સારૂ છાંટવા માંડયું અને ભીનાં કપડાં કાઢી કાઢી નવાં કપડાં પહેરાવવા મંડયા. સૌ કોઇ હીરાલાલની સારવાર કરવામાં શંકરદાદાનું સ્મરણ કરતા કરતા ગુંથાઇ ગયા. ઘડી પહેલા હીરાલાલ દરિયાકીનારે જે એકલો બેભાન થઇને પડયો હતો તે હીરાલાલ અત્યારે હરીની લીલાથી અનેકની વચ્ચે આવી પડયો. જ્યાં હરી પ્રસન્ન થાય છે ત્યાં એક ઘડીમાં લીલા લ્હેર થાય છે, અને જ્યાં હરી કોપે છે ત્યાં એક ક્ષણમાં જોત જોતામાં કાળો કેર વર્તાવે છે. નિરાધારનો આધાર કીરતાર જ્યાં જોઇએ ત્યાં સર્વ વ્યાપક જડી આવે છે. અશરણુ ને શરણુમાં લેનાર શ્રીહરી દરેક સ્થળે જ્યોતિર્મય ઝળહળી રહેલ છે. તેની લીલાથી આખુ જગત લીલુ જણાય છે, જેના ઉપર સહસ્ર બાહુવાળા શ્રીહરી તુષ્માન છે તેના બે બાહુવાળા જગતના જીવો દાસ છે; કેમકે—

*　　　*　　　*　　　*

" સ્હાય જેને શ્રી હરી ખલકમાં સ્હાય જેને શ્રીહરી;
જાય બાજી સૌ ફરી પલકમાં જાય બાજી સૌ ફરી.
અભિમાની જે અરિ હોય તે આવે નમ્રતા ધરી, (૨)
દાસ બની બરદાસ ઉઠાવે જાય જરૂર તે મરી-ખલકમાં૦
હતા પારકા જે પોતાના પગે પડે સૌ ડરી, (૨)
નગા દગાના સગા સ્નેહમા આવે સનામો ભરી-ખલકમાં૦"

આ પ્રમાણે હીરાલાલની દશા જોત જોતામાં પાછી બદલાવા લાગી. જયરામની સારવારથી હીરાલાલને સારી રીતે શુદ્ધિ આવી અને અંગબળ પણ ધીમે ધીમે પ્રાપ્ત થવા લાગ્યું. બાવાઓએ આનંદમાં આવી શૈલેશ્વર મહાદેવની ગાજી ગાજી જય બોલાવી અને હીરાલાલને ઉચકી ડોળીમાં નાંખી શૈલશ્વર ભણી ચાલવા માંડયું. ડોળીમાં સુતેલા હીરાલાલના મુખમાંથી આનંદના ઉદ્ગાર નીકળી પડયા કે આતે "વીધીનો આંક કે ભાગ્યનો વાંક?"

પ્રકરણ ૭ મું.

કન્યાની હાય કે પાપની લ્હાય ?

દોહરો.

સુખીયા દુઃખ દેખે નહીં, જમેલ ન જુવે ભુખ.
ભોજન ત્યારે સાંભળે, કાળે કકળે કૂખ.

તૃષ્ણાનો ત્યાગ કરવાથી, ક્ષમાને સેવવાથી, ગર્વથી દૂર રહેવાથી, દુઃખમા ધીરજ ધરવાથી, ચડતી વખતે પડતીને સંભાળવાથી, પાપમાં પ્રીતિ ન રાખવાથી, સત્ય બોલવાથી, વિદ્વાનોનો સત્સંગ કરવાથી, મોટાને માન આપવાથી, શત્રુને સમજાવીને શાન્ત પાડવાથી, પોતાના ગુણો પ્રસિદ્ધ નહીં કરવાથી અને સર્વ જીવો પર દયા ધરવાથી મનુષ્યને આ જગતમાં મોટાઈ મળી શકે છે.

જેને ઉરે અભિમાન ઝાઝા પુત્ર ને પરિવારનો,
પાણી નહીં પાનાર સાસો અગ્નિના સંસ્કારનો;
જોબન તણા મદમાં હતા જન જેહ છાકેલા અતિ,
ટપલા સહે છે શીર પર તે ઉઠવા શક્તિ નથી.

કુળ, વિત્ત. વિદ્યા, રૂપ, શૌર્ય, દાન અને તપ એ સાત મુખ્યત્વે કરીને મનુષ્ય માત્રને મદ ચઢાવનારાં છે, એટલે એમાંની એક પણ વસ્તુ પ્રાપ્ત થતાં અહંકાર વધી જાય છે અને તેથી અન્યની અવગણના કરવા મનુષ્ય તત્પર થાય છે, માટે વિશ્વમાં મનુષ્યને વાસ્તે અહંકાર એજ અનર્થનું મૂળ છે.

*　　*　　*　　*

"કાશી અરૂ મક્કે જાવે સંધ્યા ઔર નિમાજ પઢે,
વેદકી કુરાન જાપ જપે આઠૌ જામકો;
તિરથમેં ન્હાય કે અનેક મન માલા જપે,
નિંદ ભૂખ ત્યાગી રહે તન ધન ખુબ ધામકો.
હાથ લીયે માલા જપ માલા મુખ બોલનકી,
ધરમકે ઠગૈયા ખલ ખાન હૈ અખાજકો;
ભરનિસો કવિ કહે સુન્યા હે ઉખાના યહ,
સો સો ચુહા ખાય કે બિલાઇ ચલી હજકો."

"અમારૂં તમારૂં હરી એક જાણો,
નહિ શોક કે હર્ષનો વેગ આણો;
ન્હુંચી લીયો સર્વ સારૂં નઠારૂં,
નથી ભિન્ન કાંઇ તમારૂં અમારૂં.
કમાયા તમે જે અમે તે કમાયા,
અમે જે કમાયા તમે તે કમાયા;

બધુ એક માનો નથી કોઇ ન્યારૂં,
વદો વ્યર્થ શાને તમારૂં અમારૂં.
તમે બીજ બોયું અમે તેજ બોયું,
તમે જેહ ખોયું અમે તેજ ખોયું;
તમારા વિના કોણ છે અન્ય પ્યારૂં,
પછી કયા કહો છો તમારૂ અમારૂ.
તમે બોલશો તે અમે બોલવાના,
તમે ખોલશો તે અમે ખોલવાના.
કયું મિષ્ટ પાણી કયું તેમ ખારૂં,
નથી ભિન્ન જ્યારે તમારૂં અમારૂં.
તમે જ્યા જવાના અમે ત્યા જવાના,
નથી છુટવા જે પડયાં નેહ પાના:
હવે અન્યથા શુ કહો હું વિચારૂં,
નથી ભિન્ન જ્યારે તમારૂં અમારૂ.
તમે ને અમે બે જન્મ્યા એક હાથે,
તમે ને અમે બે રમ્યા એક સાથે.
પછી ભિન્નતાનું ગૃહો શીદ બારૂં,
હરી એક છે જ્યા તમારૂં અમારૂં."

અમાવાસ્યાની અંધારી રાત્રી પૂર જોશથી પસાર થઇ રહી છે. ઝીણુ ઝીણુકાર અંધારૂં સર્વત્ર છવાઇ રહ્યું છે. સરિયામ રસ્તાઓ પર કોક કોક મ્યુનિસિપાલીટીના દીવા ફાનસમાં અરધા અરધા ઝાંખા બળ્યા કરે છે. કોઇ કોઇ સેલાણીઓ રસ્તે જતાં આવતાં દૃષ્ટીગોચર થાય છે. રસ્તા પર આવેલ જાહેર મકાનોની બારીઓ ઘણી ખરી બંધ દેખાય છે; કોઇ કોઇ વિશાળ હવેલીની

ત્રીજા માળની બારીઓ ખુલ્લી પણ નજરે પડી આવે છે. સમય રાત્રીના બાર ઉપર દોઢ વાગ્યાનો થએલ છે, અત્યારે સર્વત્ર શાંતી પથરાએલી લાગે છે; વખતે વખતે પોળોમાંનાં કુતરાંનો ભસવાનો અવાજ કાનને અથડાય છે. ક્વચિત માની મીઠી ગોદમાં લપાઇ રહેલ બચ્ચાઓના રડવાનો અવાજ પણ સાંભળી શકાય છે. સારી રીતે માડીને કાન દેતાં શ્રીમંતોના અવાસમાંથી ફોનોગ્રાફ વાજીંત્રના મધુર સ્વર પણ વખતે સાંભળવામાં આવે છે, ઘંટીના ઘોર પણ શોર મચાવતા કાનને અથડાઇ રાત્રીમાં પથરાઇ જાય છે; નિદ્રાની મીઠી પાંખમાં વિશ્વ વિશ્રામ લેતું અત્યારે દ્દષ્ટીમાન વિલોકાય છે, ઘુવડ ચોર અને કામી જનોનો ઠાઠ અત્યારે સારી રીતે એકાંત ભૂમીકામાં ભમતો જોવામાં આવે છે. પુંશ્ચલી સધવા અને વિધવા પ્રમદાઓના ગુપ્ત સંકેત સ્થાનોમાં અવિચારી અને અનાચારી જનોનો અવર જવર થતો સૂક્ષ્મ દ્દષ્ટીપાત કરતા અવલોકી શકાય છે. કોઇ કોઇ મત્ત છાંડેલી માંડેલી અને રાંડેલી વૃદ્ધાઓ ખુણે ખોચરે સોડીઆં વાળી લપાતી છુપાતી જાવ આવ કરતી પણ નિરખી શકાય છે. કાળી રાત્રીમાં કાળુ કરતા તસ્કરો પણ સંતાકુકડી રમતા ગલી કુચીઓમાં પેસ નીકળ કરે છે. રોનનું કામ બજાવતા પહેરેગીરો પણ અંધાર પીછોડો ઓઢી આમ તેમ જતા આવતા જોઇ શકાય છે. દીવસના સામ્રાજ્યની પ્રજા દીવસની પ્રવૃત્તિમાં ગુંથાતી અને રાત્રીના સામ્રાજ્યની પ્રજા રાત્રીની પ્રવૃત્તિમાં પરોવાતી વિલોકી શકાય છે.

રાયપુર રોડ પર આવેલ ફાધર વિલિયમ પુરૂષોત્તમ રાયજીની હવેલી પણ આકાશમાં સંદેશા ચલાવતી અત્યારે અવલોકી

શકાય છે. હવેલીના માળામાં અત્યારે અખંડ દીપક પ્રગટતા દેખાય છે; કેસર, કપિલા, કાન્તા, કુસુમ, મણિલક્ષ્મી અને કુંદન સિવાય રાયજીનું આખું કુટુંબ નિંદ્રામાં વિરામ લેતું માલમ પડી આવે છે, મણીલક્ષ્મી અને કુંદન મોસાળમાં ભાવનગરમા રહેલ છે; કાન્તા તોરણગઢના રાજદરબારમાં ભરાએલ છે, કેસર આજે આનંદ ભૂવન નાટકશાળામાં ગોપીચંદ નામનેઃ વાંકાનેર આર્ય હીત વર્ધક નાટક મંડળીનો ખેલ જોવા ગએલ છે અને બાકીની પુત્રીઓ સાસરે વસેલ છે; હવેલીના મધ્ય ખંડમા કેશરી ડોસા સૂતેલ છે, બાકીના ખંડોમાં રાયજીના પુત્રો નવનીતલાલ, રસિકલાલ અને નવલશંકર ફેમીલી સહીત નિંદ્રાધીન થએલ છે.

આ પ્રમાણે હવેલી વૃક્ષના વિવિધ ડાળે રાયજીના બાળબચ્ચાં પંખીડાંઓ હળી મળી લપાઇ છુપાઇ વસી રહેલ છે. હવેલીના ત્રીજા માળમાં નવલશંકર અને સુભદ્રા આજ રાત્રે ઘણાં જ મોડાં અન્યોઅન્ય નજીવા કારણસર કલેશ કરી થાકી પાકી રીસાઇ છણકાઈ સૂઇ રહેલ છે, માળની બારીઓ તમામ અત્યારે રીસના વમળમા આવીને વાસવી વિસરી ગએલ છે, ખંડના એક ખુણામાં ટેબલ પર હીન્કસનો ટેબલ લેમ્પ સળગ્યા કરે છે. ટેબલ પાસે ભોંય પથારી કરી નવલશંકર આડો થએલ છે, સામે પલંગમાં સુભદ્રા રીસથી થરડાઇ મરડાઇ પાસુ ફેરવી પોઢેલ છે; પલંગ પાસે આવેલા એક નાના ડીનર ટેબલ પર વીસ્કી અને રમની બાટલીઓ તથા વાઇન ગ્લાસ પડેલાં છે, પથારી પાસે સીગારેટની ડબ્બી અને મેચ બોક્ષ પડેલાં છે. વિલાયતી વિલાસના લેબાસમાં શોભતા ઓપતા નવલરાયના ખંડમાં

અકસ્માત રીતે એકદમ બારીની પગથી પરથી દોડતો દોડતો એક ઉંદર આવ્યો; તેની પાછળ તલપતી ધસતી બિલાડી આવી. ઉંદર એકદમ આંફળો ફાંફળો થઇ ભીંત પર ચઢવા ગયો; તેની પાછળ આકળી ઉતાવળી થઇ બિલાડી ટેબલ લેમ્પવાળા ટેબલ પર ચઢી અને ભીંતે ચઢતાં ઉંદર પર છલંગ મારી પકડી ટેબલ લેમ્પ પર પટકાઈ. એકદમ લેમ્પ બિલાડી અને ઉંદર ઉંધાં પડી નવલરાયની પથારીમાં પડયાં. જોતજોતામાં ચીમની ફાટી અને લેમ્પનું ગ્યાસતેલ ઉડી સળગતું સળગતું આખા મેડામાં છંટાઈ ગયું. નયનના એક નિમિષમાં ચોગરદમ ભડકા થવા લાગ્યા. નવલશંકર બિલાડી અને ઉંદર ત્રણે બળવા લાગ્યાં. નવલશંકર એકદમ બેબાકળો બની બુમો પાડવા લાગ્યો. સુભદ્રા એકદમ વ્યાકુળ થતી ચમકી જાગી ઉઠી, પલંગની મચ્છરદાનીને બળતી જોઇ કારમી ચીસો પાડવા લાગી. દારૂથી બેભાન ટૈં બનેલો નવલશંકર નિશાની આંખે એક ભડકાના ચાર ભડકા દેખવા લાગ્યો, અને લુગડાની ઝાપટથી લ્હાયને હોલવવા લાગ્યો; બીલાડી અને ઉંદર બળીને ખાખ થઇ ગયાં, સુભદ્રા સળગતી સળગતી બુમરાણ કરી પલંગ પરથી નીચે કુદી પડી. અગ્નિ એકદમ ઉગ્રસ્વરૂપ કરી આખા ખંડને નિર્દય અને ભયંકર રીતે બાળવા લાગ્યો. નવલશંકર લુગડાની ઝાપટો મારતાં પોતે બળવા લાગ્યો. ટેબલ પર પડેલ વીસ્કીની બાટલીઓ ફાટી અને દારૂ ચોગરદમ ઉડયો અને ખંડને ભડકાથી ઘેરી લીધો, પવન પણ પુષ્કળ જોસમાં ફુંકાતો હોવાથી ખુલી બારીઓમાં પ્રવેશ કરી અગ્નિને બાર ગણો વધારી ચોગરદમ લ્હાય ફેલાવી દીધી. નવલશંકરે બારણું ઉઘાડી નીચેના

ખંડમાં ચીસો પાડી પડતું મુકયું. સુભદ્રા મેઢાની અધવચમાં બળતી બળતી બુમરાણ કરતી લ્હાયનો ભોગ થઇ જમીન પર પટકાઇ. વારનીસવાળાં હાટીઓ અને કબાટોનાં કમાડો સળગી સળગી નીચે પડયાં, તાકાની અંદર મુકેલ વિલાયતી વાઇન, એસેન્સ, તેલ, પોમેટન, અત્તર અને કોલનવોટરની શીશીઓ ગરમીથી ફાટી ફાટી સળગવા લાગી; બે ચાર રમની બાટલીઓ સળગતી સળગતી નીચેના ખંડના દાદર પર પડી અને ફાટી, દારૂ અને દેવતા બંને ભેગાં થયાં અને લ્હાય એકદમ કર્મની સ્હાયતાથી વધી અને આખી હવેલીને જોત જોતામાં ધુમાડા અને ભડકાથી ઘેરી લીધી. બેલતેલ, વારનીસ અને ઇંગ્લીશ ઓઇલ કલરવાળી હવેલીની શીલીંગની છતો, બારીઓ અને પાટીઓ લ્હાયના ભડકાના પ્હેલા સપાટે જ જોતજોતમાં બળવા લાગ્યાં. હવેલીમાં સૂતેલાં માણસોનો પુષ્કળ શોર બકોર થઇ રહ્યો અને આખો મહેલ્લો કોલાહલથી ધમધમી જાગી ઉઠયો, પ્રચંડ અગ્નિના રાતા ભડકા અને ધુમાડો હવેલી વીંધી ગગન ભણી નીકળવા લાગ્યાં. લ્હાય ઘણા જોસમાં આગળ વધી અને આસ-પાસ આવેલાં પાડોશનાં મકાનોને ઘેરી લઇ બાળવા લાગી. આખો રાયપરનો જીલ્લો ખળભળી ઉઠયો અને સૌ કોઇ પોત-પોતાના મકાનને બચાવવાની તજવીજ કરવા લાગ્યાં. કાળી રાત્રે લોકો લ્હાયના ભયથી કંપી કંપી છાતીફાટ વલોપાત કરતાં છાપરે ચઢી ચઢી પાણીનાં બેડાં ડોલો એકઠાં કરવા લાગ્યાં. જીલ્લાની પોલીસચોકી પર લ્હાયની ખબર થઇ, લોકોના કમ-નસીબે વૉટર-વર્કસનું એન્જીન બગડવાથી પાણીનો અમણોતરો

કાળ પડયો, ચકલીઓના કાગ લોકોએ ફેરવવા માંડયા; પણ ખાલી પવનના ફફડાટ થઈ પાણી ન આવ્યું એટલે ગભરાટ વધી પડયો. અંધારી રાત્રે પોળોના કુવામાં અને ઘરનાં ટાંકામાં દોરડાં બાંધી બાંધી પાણી કઢાવા માંડયું. પાણી કાઢવાનો જ્યાં સુધી આદમીઓના અંગમાં શકિત રહી ત્યાં સુધી પાણી કાઢી કાઢી છાપરે ચઢાવ્યું. આગમાંથી ઉછળતા દેવતાના સળગતા કોયલાઓ આજુ બાજુનાં છાપરાં પર પડવા માંડયા, લોકો બિચારાં દાઝવા લાગ્યા, દાઝતા દાઝતા પણ કોયલાને પાણીથી બુઝાવવા માંડયા. સમસ્ત જગતના પ્રલયકાળનો અગ્નિ જેમ કોપ કરે તેમ રાયજીની હવેલીના અગ્નિએ કારમો પ્રચંડ કોપ કરી રાયજીના કુટુંબનો જોત જોતામાં નાસ કરી નાંખ્યો. હવેલીમાં સુતેલા રાયજીના દીકરાઓ, દીકરાઓની વહુઓ અને નાનાં બચ્ચાંઓ છાતીફાટ કલ્પાંત કરતાં કરતાં એક ઘડીમાં બળી રાખોડી થઇ ગયાં. રાયજીને આ વખતે ઇશ્વરે કાળ નિંદ્રા મુકી નિંદ્રાધીન કરી દીધા. આખી હવેલી બળી ખાખ થઈ ગઇ; પાડોશનાં મકાનો તુટી તુટી નીચે પડવા લાગ્યાં, મ્યુનીસીપાલીટીનાં ફાયર એન્જીનો અગીઆરમે કલાકે આખો મહેલ્લો લગભગ સળગી નાશ પામ્યો ત્યારે તતુડાં બજાવતા આવી પહોચ્યાં, દુધેશ્વર ટેલીફોન કરી વોટર–વર્કસમાંથી પાણી મેળવવાની જોગવાઇ કરી; પોલીસખાતા અને બંબાખાતાના માણસોએ મળી જીવતોડ મહેનત કરી હ્વાયમાં બળી મરતાં લોકોને બચાવવાનો સતત પ્રયત્ન કરવા માંડયો, મકાનોના સળગતા ભાગોને તોડી તોડી નીચે પાડયા; પાણીના કુતરાને બંબાને ખોલી ખોલી માંડ

માંડ પાણી મહા મુશ્કેલીથી ઉંચે ચઢાવી લ્હાય બુઝાવવાનો પ્રયત્ન કર્યો. જીલ્લાઓનાં બીજાં નાનાં નાનાં ફાયર એન્જીનો એકઠાં કરી પોળોના કુવામાં પાઇપો મુકી જેમ તેમ પાણી ખેંચી ખેંચી લ્હાય હોલવવાનો યત્ન આરંભવા માંડયો. જે કાંઇ બને તે સૌ કોઇએ કરવા માંડયું પણ કોપાયમાન થએલા કાળે જેટલું દાઢમાં ઘાલ્યું હતું તે તમામનો ભક્ષ કરી બધું બાળી ખાખ કરી છેવટે નિર્જીવ કરી છોડયું. અણચિન્તવી અને અકસ્માત રીતે ઉદ્ભવ પામેલી કાળસ્વરૂપ લ્હાયને જોઇ લોકો ત્રાસ પામી હાથ ઘસી ગયા. કાળાં કર્મના કરનાર એક રાયજી અંગારાને પાપે અનેક જણાં ઘરબાર વિનાનાં રખડતાં ખરાબખસ્ત થઈ ગયાં. પોલીસ અમલદારોએ રાયજીના કુટુંબને બચાવવાને વાસ્તે ઘણી જ જીવતોડ મહેનત કરી પણ સર્વ ફોકટ ગઇ. રાયજી કયાં હટાઇ ગયા કે બળી ખાખ થઇ ગયા તેની સૌ જણે બારીકાઇથી તપાસ કરવા માંડી. બંબાખાતાના સિપાઇઓએ નીસરણી મુકી મુકી ધારીઆં-વડે સળગેલા લાકડાને કોરે કરી બળેલા આસામીઓનાં શબ મેળવવાનો પ્રયત્ન કરવા માંડયો, પણ કોયલા અને રાખ સિવાય કાંઇ જડયું નહીં. લગભગ ચાર વાગવાનો અમલ થયો ત્યારે આપણાં સુધારક બાનુ કેસરબાઈ નાટકમાંથી ઘેર પધાર્યાં. હવેલીના હાલ હવાલ જોઇ બે હાથે તેમણે પોતાનાં માબાપનાં અને દાદાના નામનાં છાજીયાં લેવા માંડયાં; રાયજીનાં સગાં અને આડોશી-પાડોશીએ કેસરને ખુબ ધમકાવી ધમકાવી સુધારાના નામનાં છાજીઆં લેવા માંડયાં. કેસરે પણ છાતીફાટ કલ્પાંત કરી બધાંને લ્હાયમાં બળી ખાખ થએલાં સુણી નિરખી રાજીઆ ગાવા માંડયા.

લોકોએ કેસરને ખુબ રડતી જોઇ છેવટે દયાળુ બની છાની રાખી અને તેને સમજાવી હીંમત આપી. રાયજીના મિત્રોએ રાયજીની જબરી શોધ ચલાવવા માંડી. હવેલીની આસપાસ પોલીસનો મજબુત ચોકી પહેરો મુકી દીધો.

ધીમે ધીમે સવાર થયું તેમ શહેરનું ઘણું ખરૂં લોક લ્હાય જોવાને એકઠું થયું. રાયજીનાં માયા મોહબતવાળાં દરેક સગાંઓ લ્હાય સાંભળી સાંભળી ધસમસ્યાં રાયજીના કુટુંબની સંભાળ લેવા દોડતાં આવવા લાગ્યાં. જેમ જેમ વખત વિતવા લાગ્યો તેમ તેમ લ્હાયની ખબર શહેરના એક છેડાથી તે છેક બીજા છેડા સુધી ફેલાવા લાગી. રાયજીની ન્યાતના સ્નેહીઓ અને શત્રુઓ દરેક જણા રાયજીના નામ પર દયા ખાતા ખાતા રાયજીની દશા જોવા સારૂ એકઠા થવા લાગ્યા. એક મોટા માતબર કુટુંબનો આવો અકસ્માત રીતે નાશ થવાથી દરેકના મનમાં દયાની લાગણી થઇ આવી. જેટલું ધન રાયજીએ અવળાં અને કાળાં કર્મો કરી ઘરમાં ભર્યું હતું તે તમામ ધન વ્યાજ સાથે અને ઘર સાથે લ્હાયમાં બળી ખાખ થઇ નાશ પામ્યું. જેને વાસ્તે રાયજીએ પાપ કર્યા હતાં તે તમામ આગમાં નાશ પામી ગયાં. જે રાયજી પોતાને અભય અને અમર માની ફેડ બાંધી ફીરતારને કોરે કરી છકા પંચા રમતા હતા તે રાયજી અત્યારે કયાં હટાઇ ગયા તેનો પૂરો પત્તો પણ મળવો મુશ્કેલ જણાવા લાગ્યો. બંબાખાતાનાં માણસો કાટ ઉથામી ઉથામી થાકી ગયા પણ કયાંઇ રાયજીનો પત્તો ન લાગ્યો. જેમ જેમ રાયજીનો પત્તો ન લાગ્યો તેમ તેમ સિપાઇઓ પણ ચડસ ઉપર ચઢી જાત મહેનત કરી કરી બે હાથે કોયલા અને માટી ઉથામી ઉથામી રાયજીના શબને ખોળવા લાગ્યા.

કારમો ઇશ્વરી કોપ માની રાયજીની આવી અવદશા નિરખી લોકો હેબક ખાઇ ગયા. રાયજીના ભાવી કાળે રાયજી ઉપર કારમો ક્રોધ કરી તેના કુટુંબનો જોત જોતામાં નાશ કરી નાંખ્યો. રાયજીનાં પાપ કર્મોની શિક્ષા ભોગવવાની બાકી રહી માની રાયજીને કાળે અઘોર નિંદ્રામા સૂવાર્યા હતા; તેને હવે જાગ્રત કરવાનો પ્રયત્ન કરવા માંડયો. ધારીઆથી કાટ ખસેડવાનું કામ બબાખાતાનાં માણસોથી જે ચાલતું હતું, તે કાર્યની હવે અવધ પુરી થઇ માની પ્રભુએ રાયજીને એકદમ બતાવી દીધા કાટ કોરે કરતાં કરતાં સિપાઇઓને એક મોટા પાટડા તળે રાયજીનો પગ કચરાએલો જણાયો. સિપાઇઓએ શબનો પત્તો મળ્યો એમ ધારી બીજાઓને બોલાવી અધિક ઉત્સાહથી અને કારમા બળથી પાટડાને ખસેડવા માંડયો. માણસોએ મહાભારત મહેનત કરી પાટડાને ખસેડયો. પાટડો લઇ લેતાં એક મોટું જબરૂં કબાટ જેને આસપાસથી લોખંડનાં પતરાં જડી લેવામાં આવ્યાં હતાં તે રાયજી ઉપર પડેલું જોવામાં આવ્યું. કબાટને ઉપાડયું કે તરત ચોપડા, રેશમી લુગડાં અને કાગળમાં દટાએલા રાયજી સર્વની દૃષ્ટિ સમક્ષ સૂતેલા જણાયા. લોકો આવી કારમી પ્રચંડ અને ભયાનક આગમાંથી રાયજીને આખે અંગે બચેલા જોઇ ચકીત થઇ ગયા અને હરીની માયાનો અજબ ખેલ માની પ્રભુના નામને યાદ કરી પ્રણામ સાથે જય જય બોલવા લાગ્યા. સિપાઇઓએ રાયજી પરથી કપડાં અને કાગળો લઇ લીધા તો ધીમો ધીમો શ્વાસ લેતા રાયજી અર્ધ મૂર્છાવશ હાલતમાં બેભાન જેવા માલમ પડયા. દરેક જણું આનંદમાં આવી ગયાં અને રાયજીને ટાંગાટોળી કરી 'રામ રાખે તેને કોણ ચાખે' એમ કહી અદ્દર

ઉપાડી મેદાનમાં બહાર લાવી એક ઓટલા પર ગોદડું પાથરી સૂવાર્યા. રાયજીના શરીરમાં જ્યાં તાજી હવા ગઇ અને કાળની કરૂણા થઇ કે તરત જ રાયજી પાસુ ફેરવી ડોળા ઉઘાડી એકદમ બેઠા થયા. આંખ ઉઘાડી જોયું તો પોતે પોતાનું બધું ખોયું જાણી બે હાથે છાતીઓ કુટતા અને રડતા વલોપાત કરવા લાગ્યા રાયજી દાદાને જીવતા નિરખી કેસર આનંદ પામી અને રાયજીએ બધાંમાંથી કેસરને બચેલી જોઇ કેસરને કોટે બઝાડી ડુસકાં ઉપર ડુસકાં ખાવા લાગ્યા. દાદા અને દીકરી બંને જણાં એક બીજા ને મડાગાંઠ સમાન બાઝી ખુબ ધરાઇ ધરાઇને રોયાં. છેવટે લોકોએ બંને જણાને ખુબ સમજાવી ધીરજ આપી બલાત્કારે વિખુટાં કરી છાનાં રાખ્યાં. રાયજી પોતાના બે હાથ માથા ઉપર મુકી ઉંધુ ઘાલી ઢીંચણ વચ્ચે માથું ખોસી મૂંગા જ્યાં બેઠા હતા ત્યા ને ત્યાં ઠરી ગયા. આશરે અરધા કલાક સુધી વિચારમાં ગરકાવ થઇ છેવટે હીંમત રાખી કેડ બાંધી ટટાર થઇ ઉભા થયા અને કેસરને બોલાવી માથે હાથ ફેરવતા દયા ખાતા તેને કહેવા લાગ્યા કે “ બેટા ગભરાઇશ નહીં; આપણે જીવતાં રહ્યાં છીએ તો જગત જખ મારે છે; કેમ કે, ‘જીતે રહેંગે નર તો ફીર કરેંગે ઘર’ માટે ગયું તે દુર કરો અને રહ્યું તે હાથ ધરો ” આ પ્રમાણે ધીરજ આપતા રાયજી ડોસા હવેલીના બળેલા કોયલા અને માટી ઉપર નજર નાંખવા લાગ્યા; લોકો ધીમે ધીમે વીખરાવા લાગ્યા;રાયજીના સ્નેહીઓએ રાયજી તથા કેસરને હીંમત આપી ખવરાવ્યું; સ્નેહીમાંના એક બટકબોલા સ્નેહીએ રાયજીના મોંઢા પર ખુલ્લે ખુલ્લું રાયજીનાં કરેલાં કાળાં કર્મોને સંભાળી કહી દીધું કે, રાયજી આ તે “ કન્યાની હાય કે પાપની હાય ? ”

પ્રકરણ ૮ મું.

સ્નેહની શિક્ષા કે દેહની દિક્ષા ?

દોહરો.

પ્રીતી આ સંસારમાં, જીવન કેરો સાર.
ભિન્ન સ્વરૂપ પણ એક છે, ચિતમા કરે ચમકાર.

પ્રેમ જ પ્રેમીઓનો અહાર વિહાર છે, અન્ન જળ છે, ધ્યાન અને ઉપાસના છે, પ્રેમ જ મધુ અમૃત છે, સ્વર્ગના તથા પૃથ્વીના દેવતાઓ એને ખાઇને પુષ્ટિ લાભ અને જીવન ધારણ કરે છે. પ્રેમપૂર્ણ હૃદય જ ખરેખરૂં અમૃત લોક છે. એ જેનું છે તે પૃથ્વીમાં રહેવા છતાં પણ સ્વર્ગ સુખ અનુભવે છે.

પ્રેમી એજ પ્રેમીનું કારણ પ્રેમ રસાયન પ્રેમીનું,
પ્રેમ એજ પ્રેમનું તારણ વ્યર્થ જીવન છે વ્હેમીનું;
ઉત્તમ પ્રેમ જગત ઉદ્ધારણ મલીન વાસનાનુ છે મારણ,
પાપ ઓઘનુ પ્રેમ નિવારણ સરે કાર્ય શુભ નેમીનુ.

ચિત્રકાર:—

નીર વિનાનો કુપ, તેજ વિનાનો ભૂપ, લક્ષણ વિનાનું રૂપ, યોગ્યતા વગરનું માન, કંઠ વગરનું ગાન,

દયા વગરનું દાન, તપ વિનાનો યોગ, આ વિનાનો ભોગ અને ધન વગરનું આરોગ્ય જેમ વિશ્વમાં દુઃખદ છે તેમ સ્નેહ વગરનું હૃદય પણ વૃથા અપ્રિય છે.

*　　*　　*　　*

પ્રેમહીમેં પરતીત રસરીત પ્રેમહીમેં,
પ્રેમહીમેં રાજનીત હારજીત જગ હૈ;
પ્રેમહીમેં હાવભાવ સાહત સમૂહ પ્રેમ,
પ્રમહીમે રાગરંગ ઉમગ અનંગ હૈ.
પ્રમહીમે ધ્યાતા ધ્યેય જ્ઞાતા જ્ઞેય પ્રેમહીમેં,
પ્રેમહીમે જોગ ભોગ પંચભૂત અંગ હૈ,
પ્રમકો પ્રકાશ સોતો કરતાકી કરામત,
જહા દેખો તહા એક પ્રમકો પ્રસગ હૈ.

" પંથ પ્રેમનો છે પાવક સમ અંત વિનાની જેની નેમ,
પુનિત પ્રેમની ખરી પરિક્ષા અનુભવિ નર વિણુ થાશે કેમ;
હિમ તન દહે ન કહે કદાપિ પ્રેમ માંહી જે સુખ માને,
એવી પીડા કમળ મનની હાય ભાનુ તે શું જાણે ?
તરસ્યાં રહેતાં દર્શન વિણુ જેનાં નિત્ય ચિત્ત રાખી જેમા,
એવા ચકોરની પ્રીતિ દયાહિન ચંદ્રના મનમાં ઉતરે ના;
ઘુમડી ઘટા જોઈ પ્રીતમની આલ્હાદ ચિત્તથી નાચે મોર,
તેના તરફ એક બિન્દુ ના ફેંકે એવો નિર્દય મેઘ કઠોર.
પીયુ પીયુ કહી પપૈયા પોતે પ્રાણ ત્યાગ પણ જો કરતા,
પાણી વિણુ મન ધ્યાન ન આણે મહાન પાતક શિર ધરતા;

સર્વસ્વ ત્યાગ કરી રહેતા વશ પ્રતિદીન ચિત્ત ધરી શાન્તી,
એવી પ્રીતિ મીન તણી જોઇ જળની ના ફાટે છાતી.
જાય પતંગ સમીપ દીપના જલ્દી બળી પડતા તે મહી,
એવી પ્રીતી પરખી દીપ મન હાય દયા કંઇ આવે નહી;
એવી પ્રીતીની રીતી જોતા થાય અતિશે ચિત્ત અધીર,
જેને માટે પ્રાણ નિવારે તેજ ન જાણે તેની પીર. "

"કુંદન બ્હેન કુંજમાં બેસી આમ લપાઇ લપાઇને શું જુઓ છો? આજ કાલ તમારી તો વાત ન્યારી જ છે, હોય બા હોય જમાનામાં કુંવારાની બલિહારી છે; જે વીંધાયા તે નથાયા, અને જે નથાયા તે પૂરેપૂરા પસ્તાયા બ્હેન સમજ્યાં?"

"ભાભી તમારો રંગ જુદો, તમારો સંગ જુદો, અને તમારો ઉમંગ પણ જુદો, તમારા મુખડાના મંદહાસ્યમાં તો કાંક જાદુ જ ભર્યું છે, જે તમને જુએ તે ક્ષણમાં તમારા જ થઇ જાય!"

"કુંદન બા મારામાં જાદુ છે તો તમારામાં મોહની છે."

"કુંવારામાં મોહની લાગે અને પરણેલામાં કામણ લાગે સમજ્યાં કે મારાં ચતુર ભાભી સાહેબ!!"

"હા બા હા હું તમામ સમજી, મોહ મંદીરની સ્નેહ ભકિતના તમારા સિદ્ધાંત સારી રીતે સમજી; સાકરીઆ વચનથી ભાવની ભુરકી તમને વેરતાં સારી આવડે છે; વગર જોયે રંગનાં છાંટણાં આટલાં બધાં છાંટી શકો છો તો રંગ જોયા પછી તો રંગનાં કુંડાં ઉછાળશો!!"

"ભાભી તમારે તો કાંઇ ધંધો જ નથી, બસ આખો દીવસ

મને બનાવવી એજ તમારૂં ઘર કામ છે.”

“નાની નાની નણુદીઓની નેહ નજર વગર નણુદીના વીરાની સ્નેહ દૃષ્ટી સંપાદન થઈ શકતી નથી. ભાભી અને નણુંદના વીરના સ્નેહ સાગરમાં નણુંદ છે તે એક મનનું નાવ છે, ભાભીને સ્નેહ સાગરમાંથી પાર ઉતારનાર નાની નણુંદ અને નાના દીયર છે; નણુદ અને દીયર ધારે તો ભાભીના ઘર સંસારને એક ક્ષણમાં જોત જોતામાં સુધારી શકે છે અને બગાડી શકે છે; માટે નણુંદની કૃપા એ પતિ પ્રેમનો ચાંદ છે.”

“ગોદાવરી ભાભી તમે તો બહુ જ પહોચેલી માયા જણાઓ દો, તમારી ખુબીનાં વખાણ તે હું શાઁ કરૂં ?”

“કુંદન બ્હેન તમારા ડહાપણની તો વાત જ કરવાની નથી મારૂ રડ્યું મને તો તમારી પાસેથી ઉઠવાનું જરા મન પણ થતુ નથી.”

“બાળી ભોળી નણુંદને ચતુરાઇ શીખવાડનાર આ સંસારમાં એક સલુણી ભાભી જ છે.”

“કાલી ઘેલી ભાભીને ડાહી ડમરી બનાવનાર આ સંસારમાં એક નિપુણ નણુદી જ છે.”

“વાહરે ભાભી વાહ ! હું તો તમારી અક્કલ પર વારી વારી જાઉંછું.”

“વાહરે નણુંદ બા વાહ ! તમારી ચતુરાઇ કાંઇ ઢાંકી રહે એમ નથી.”

“ભાભી પાછી મારી પત્તર તમે ફાડવા માંડી કે ?”

" નારે બા ના, હું તો તમને કુંજમાં ગાતાં સાંભળીને આવી છું; કહો મારાં બચુકડાં બ્હેન શું ગાતાં હતાં? કોને સંભળાવતાં હતાં? અને કોને તડી તડીને લડવા દોડતાં હતાં?"

" ભાભી તમે પણ મનની વાત દુર રહીને સારી રીતે જાણી શકો છો? ન્યારાં રહીને નયનના ભાવ ઠીક ઓળખી શકો છો, હસી હસીને ધોધમ માર મારી હાડકાં ઠીક હળવાં કરી જાણો છો; તમને તો જે ઓળખે તે ઓળખે!"

" કુંદન બા તમે જ્યારે હડીએ ચઢો છો ત્યારે નાસવાની બારીઓ ઠીક ઉઘાડી જાણો છો! પકડાઓ છો ત્યારે છટકવાનાં ફાંફાં સારી રીતે મારી જાણો છો, સામાને બનાવતાં બેસ આવડે છે; પણ હું બધું જાણી ગઇ છું કે–

*   *   *   *

" હૈયું વાત કરે હરખીને વદન રીસ કરી ક્રોધ જણાવે,
લોચન દર્શન કરે અંતરમા આખ મીંચી બહુ નેક ચણાવે;
ગળા લગી અતી ગરજ ભરી પણ ના ના કહી અમને સમજાવે,
લગન લાગી જીગરમાં જબરી છણકા કરી ખુબ વાત ઉડાવે."

" ભાભી તમને પણ પારકાના પેટમાંથી વાત કઢાવતાં સારી રીતે આવડે છે, વાતે વાતે રસનાં ગચીઆં મુકી સામાને છાપરે ચઢાવી હુલાવી પુલાવી કામ કાઢી લેતાં સારૂ શીખ્યાં છો."

" કુંદન બ્હેન જો જો, વિચારીને મારી સાથે વાત કરજો; હું કાંઇ તમને છેતરી ના જઉં, ભોળવી ના દઉં, મેળવી ના લઉં?"

" બહુ સારૂ ભાભી તમને વાતે વાતે વાંધા પડે છે તો હવે

અમે જોઇ વિચારી તમારી સાથે વાત કરશું, પછી કાંઇ ? જાઓ હવે અમારૂ નામ ના દેશો ! ! "

" અરે વાહરે મારાં બ્હેન, તમને તો ચટકો લાગ્યો ! મરી જાઉંરે તમારા લટકા ઉપર ! ખમા બ્હેન ખમા તમને ! હુ હારી અને તમે જીત્યાં હવે બોલો ! "

" જાઓ અમારૂં નામ ન દેશો ! મને ન બોલાવશો ! "

" ઓહો આ તો રીસાયાં ! ! હાડ ગયાં ! બ્હેન ધીરાં ધીરાં જરા આકળાં ઉતાવળાં ન થાઓ, હું તો તમારી છું પણ પારકા જણ્યાને જ્યારે રીઝાવાનો વખત આવશે ત્યારે પાણીથી પાતળાં થવું પડશે, સમજ્યાં કે મારાં કુંદન બા લટકાળાં ! ! "

" બહુ સારૂં જાઓ, જેને વીતી હોય તે જાણે ! પ્રેમની બાબતમાં તમે શું સમજો ? "

" કાંઇ નહીં ! હું તો સાવ ઘેલી છું; પ્રેમનું તો નામ મેં આજે જ સાંભળ્યું ! હું ગમે તેટલી પણ અજાણ ! કાંઇ ભણેલાની હારમાં આવું ? કદી નહીં ! ! "

" બહુ સારૂ ડાહ્યલી બા જાઓ ! ! "

* * * *

" રગ પ્રેમનો જેને લાગ્યો તેહ જગતમા એકજ જાણે,
મૂરખ મન હાંસી કરી હરખે પીડા પ્રેમની તે ન પ્રમાણે;
જીગર ખોળીઆં ખાખ થતાં કાંઇ પ્રેમ રાખમાં પ્રાણ હરખાતો,
એકજ સંગી અંતર જાણે બહુ રંગી સંગે ગભરાતો. "

" લ્યો બ્હેન હું ભૂલી ગઇ, મને માફ કરો, તમે મોટાં

અને હું નાની તો તમારે મોટા દીલનાં થઈ નાનાંને જતાં કરવાં જોઇએ."

"ભાભી તમારી જીભમાં કાંઈ હાડકુ હશે કે?"

"નારે ના."

"તમારા બોલવાનો કાંઈ બંધ હશે કે?"

"બંધની વાત સંબંધવાળા જાણે!"

"ભાભીના બોલ એક એક લાખ લાખ રૂપીઆના નીકળે છે"

"તો લાવો ત્યારે લાખ આપો!!"

"લાખમાં મારા ભાઇ તમને આપ્યા! હવે શું આપું? ..ાંઇ માગતાં લાજ આવે છે?"

"નણંદ પાસે માગતાં ભાભીને શી લાજ?"

"હા જ તો ભાભીથી જ્યારે નણંદ આવે વાજ, ત્યારે બીચારી નણંદની કોણ જાણે દાઝ?"

"ભાઇ મારે, નણંદ સારે ત્યારે પારકા પેટની ભાભીને કોણ બળતી ઠારે?"

"જ્યા ભાઇને વશ કરી ભાભી ચલવે રાજ, ત્યાં નાની નણંદીનાં ક્યાંથી સરે કાજ?"

"જ્યાં ભાઇને શીખવાડી ભાભીને ઘર બહાર કઢાવી નણંદ ચલાવે દાબ, ત્યાં મગતરા જેવી ભાભીનો સંસારમાં શો હિસાબ?"

"આજ કાલ જમાનામાં ભાભી સાહેબનાં ખુબ માન છે; નણંદનાં ઘેર ઘેર જ્યાં જુઓ ત્યાં અપમાન છે."

"એ નણંદ આ સંસારમાં ભાભીનો એક બીજો વર છે!"

"ત્યારે ભાભી દુનિયામાં સાચે સાચું વરનું ખરૂં ઘર છે."

" ઓહો ભાભી તમે કોઇ રીતે બંધાતાં નથી."

" નણંદબા ત્યારે તમે એકે રીતે સંધાતાં નથી."

" ભાભી તમે મને બહુ જ સાંભળશો ! ! "

" બ્હેન ત્યારે તમે ઘડી પણ વિસાર્યાં નહીં વિસરશો."

" હ્યો ભાભી આવો ત્યારે આપણે આમ તેમ કુંજમાં ફરી આનંદ કરીએ ! "

" હ્યો ચાલો ત્યારે ફરીએ ! "

" જુઓ ભાભી આ નાગરવેલ ! "

" હા કેવી ચંપે લપેટાઇ છે."

" જુઓ આ ગબરૂ ગુલાબ ! "

" હા, પણ અત્યારે તેનો નવાબ નથી."

" જુઓ આ માલતી મોગરા સાથે કેવી શોભે છે ? "

" હા મારૂ મન પણ કુંદનબાને હીરાલાલ વર સાથે જોવાને લોભે છે ! "

" અં....હું....જુઓ પાછી મારી મશ્કરી કરી ખરી ? "

" અરે નારે ના, એ તો જરી ગમ્મત ! "

" જુઓ આ ચંબેલી કેવી તનમનાટ કરી રહી છે ? "

" અત્યારે તેનો સમય છે."

" બળ્યું ભાભી તમે તો બહુ જ જબરાં ! ! "

" બ્હેન તમે ઘડી ઘડીમાં રીસાઇ જાઓ છો માટે બહુ જ કપરાં ! ! "

" ભાભી મને તમારા ઉપર બહુ જ હેત આવે છે ! "

" હું પણ તમારા ઉપર વારી વારી જાઉં છું ! ! "

" ભાભી તમારા બોલ કોવાડાથી પણ વધારે કઠણ. "

" બ્હેન તમારી રીસ વજ્રથી પણ અધિક સખત. "

" એ તો જેવાં તમે એવી હુ ! ! "

"બ્હેન મારી તો મારી પાસે પણ તમારી તો હરી પાસે રહી."

" ભાભી ઇશ્વર સૌનું સારૂં કરે છે. મારા તમારાની ભાંજગડ હરી હાથે જ ચુકવાય છે. "

" કુંદન બ્હેન ઝાઝી રીસ ઝાઝા જોડા ખવરાવે છે. સાસરીઆમાં રીસ અને પ્રીતને બનતું નથી; માટે રીસને તો પીયર જ મુકવી પડે છે. "

" ભાભી રીસ વગર રસ નથી, અને રસ વગર પ્રેમ નથી; માટે રીસ તો જ્યાં થતી હોય ત્યાં થાય ! ! "

" બ્હેન તમારૂં કહેવું એમ છે કે પરણ્યા આગળ રીસ થાય તો પરણ્યો પરાણે પરાણે પણ મનાવી રીસ મુકાવી રસને ચખાડે; પણ ઘણી વખત આ ધારણા ખોટી પડે છે. બધે ઠેકાણે સરખા બનાવ બનતા નથી. "

" ભાભી દરેક વસ્તુ તેની હદમાં સારી લાગે ! જ્યાં હદથી જાદે જવાય ત્યાં તમામ ઠેકાણે અળખામણાં થવાય, માટે મન અને હદમાં બધુંએ સારૂં થાય ! ! "

" બ્હેન પરણીનું રૂંથણું પરણ્યાથી લાગે પણ સાસુ નણંદથી તો બમણું લાગે, માટે રીસને વાસ્તે કાંઇ સરખો નિયમ નથી રહેતો. મન અને હદમાં રીસ સારી કહેવાય છે એ તમારૂં કહેવું વાસ્તવિક છે, પણ વખતે વખતે રીસ મનને મુંઝાવી નાંખે

છે અને હદને નોડાવી નાંખી બરડા ભગાવી નાંખે છે માટે રૂપણું નામ જ દુષણથી ભરેલુ છે ! ! ”

ભાભી એ તો જ્યારે તમારા જેવા વર હોય ત્યાં બિચારી વહુના બરડા ભાગી જાય સમજ્યાં ? ”

“ હા બા હા; અને જ્યાં તમારા જેવી વહુ હોય ત્યાં બિચારા વરને રૂપણાથી ખુબ થકવી થકવી પાણીથી પાતળો બનાવી પગે પડાવે ત્યારે જ વહુ વરના ખોળામાં બેસી ખેલે, એમ ને મારાં બચુકડાં બ્હેન ! ! ”

“ભાભી તમે ને હું વહુ વર સરજ્યાં હોત તો શી દશા થાત?”

“ તમને ગમ્મત વગત અને મારા ભોગ મળત ! ”

“ ના ના એમ તો હું પજવું એવી નથી. ”

“ હું તો તમારાથી તોબા તોબા પોકારત ! ”

“ પણ તમને હું એવા વશ કરી લેત કે તમને એક ઘડી પણ મારા વગર ચેન ના પડત. ”

“ પણ તમારી રીસથી મારા હૃદયનો સ્નેહ ઉતરી જાત. ”

“ અરે તમને તો હું પળમા ગોળ ગોળ કરી નાંખત અને મનાવી લેત ! ”

“ રીસથી પ્રેમ આઘો આઘો ભાગે છે ! ! ”

“ અરે પ્રેમને તો એવો રીસમાં રસબસ કરી મુકત કે તમને ઘર બહાર મારા વિના જરા પણ જંપ જ ન થાત ! ”

“ ઠીક ત્યારે જોઇશું ! હવે કયાં આઘું છે ? મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે ! ”

“ ભાભી તમારા મુખમાં આટલી બધી મીઠાશ છે તો પછી

અંતરની શી વાત કરવી ?"

"એ અંતરમાં તો કડવાશ છે! હવે કાંઇ તમારે કહેવું છે?"

"નાર મારી ભાભી, હું કયાં કહું છું કે કડવાશ અંતરમાં છે? એ તમારા અંતરમાં તો વશીકરણનો જંત્ર છે, મોહનને મલકાવવાનો મોહ મંત્ર છે."

"કુંદન બ્હેન સમાન વયનાં, સમાન સ્વભાવના અને સમાન હૃદયના સ્નેહી જનોની જ્યારે ચાર આંખો સામસામી એકઠી થાય; ત્યારે મન મનને નચાવે, તન તનને નચાવે અને નયન નયનને નચાવે! નયનના એક નિમિષમાં રસ, ભાવ અને પ્રેમ અન્યો અન્યના અંતરમાંથી ઉભરાઇ જાય આખા અંગમા અનુરાગનો ભરતી ઓટ થાય! મન સરિતાને હૃદયચંદ્ર સારી રીતે થનક થનક નચાવી ઉભરાવી નાંખે, છલકાવી નાંખે અને કક્ષા બંધનના બંધ તોડી અંગ પ્રદેશમાં સ્નેહની છોળ છોળા કરી મુકે!! રીસની પુનમ અને અધીરાઇની અમાસ જ્યા આવી કે તરત જ મન સરીતા ઉભરાણી અને સ્નેહ સાગરમાં સમાણી; અને જ્યાં સાગર અને સરિતા મળે કે તરત જ વિરહ દુઃખ એક પળમાં ટળે, સમજ્યાં કે મારાં બટકબોલાં કુંદન બ્હેન?"

"ઓહો ભાભી તમે પણ ખુબ પ્રવીણ અને ઉડાં ઉતરેલાં જણાઓ છો? તમારા બોલની કિંચીત્ પણ કીંમત આંકી શકાય તેમ નથી. મારા ભાઇ આખો દીવસ તમને દેખે એમાં કાંઇ નવાઇ નથી. જે એક વાર તમને જુએ તે તમારા જ થઇ જાય. ભાઇ આજ કાલ ભાભીની બલિહારી છે."

"કુંદનબા કસમાં તમે કાંઇ ઓછાં ઉતરો એવાં નથી.

તમારૂં જ્ઞાન પણ તમારી ઉમરના પ્રમાણુમાં ઘણું જ વિશાળ છે. સ્નેહ સિદ્ધિના તમારા સિદ્ધાંત પણ ઘણા અચળ અને ઉમદા છે.”

“ભાભી સાહેબ, હૃદય રીદ્ધિના દીલ દૃષ્ટાંત વગર સ્નેહ સિદ્ધિના સિદ્ધાંત ઘણા જ લૂખા અને આછા લાગે છે. પ્રેમની પરિપકવતા, અવસ્થાનો અનુભવ અને મનના અંકુરની વાવણી વગર હૃદય આકર્ષણ થઇ શકતાં નથી.”

“કુંદન બ્હેન લપડાક મોદીક અને લાતની મીઠાઇ ખાધા વગર સામાનાં દીલ જીતી શકાતાં નથી. વાતનાં વડા અને વચનની કઢી એવી તો હુડી કઢાવે છે કે બસ કાંઇ વાત કરો ના!! આખો દહાડો રઘવાયાં રઘવાયાં અને ઓશીયાળાં ઓશીયાળાં થઇ આથડવું પડે છે. તેમાંયે નવી વહુ થઇને ગયાં એટલે મેણાં ટુણાંનો વરસાદ, ગાળોના ઝાપટાં અને મારની ગાજવીજ થઇ રહે છે!! બ્હેન જ્યારે આ બધું સહન કરી પીયરને નમસ્કાર ભરીને સાસરાની સાખ પકડીને ઓરડા પરસાળમાં આંખ મીંચીને કેદ રહ્યાં; ત્યારે પછી ઘરરખી, ડાહી, ઠરેલ અને હોંશીયાર વહુના ઇલ્કાબ મળે છે. તમારા જેવી બટકબોલી નાની નાની નણુદીઓ જે વાત વાતમાં ભાભીને વચનનાં ચોકડાં ચોઢી હસ્તાં હસ્તાં ટાઢા ડામ દઈ ભાભીની બલિહારી ગાય છે અને વખાણુ કરે છે તે બધાની તમે જ્યારે ચારપગાં થઇ પારકા ઘરમાં રહેશો અને પરણ્યાને વશ કરશો ત્યારે ખબર પડશે, અને અમે પણુ તે વખતે કુંદનબાના લટકા ચટકા સારી રીતે જોઇશું અને આખો દી નણુંદબાનાં વખાણુનાં ગીત ગાઇશું સમજ્યાં કે?!”

"ભાભી ખોટું ન લગાડશો હોં કે ! !"

"મને તો કાંઇ ખોટું જ લાગતું નથી, સારૂં ખોટું પીયરમાં ચાલે; સાસરામાં કાંઇ ન કહેવાય ! !"

"ભાભી તમારો સ્વભાવ બહુ જ આનંદી છે ! !"

"સાસરામાં સદાકાળ આનંદ જ રાખવો જોઇએ. બ્હેન તમે કાંઇ ઓછું ન લાવતાં ? ! !"

"મને તો તમારા સહવાસમાં કાંઇ ખોટું ઓછું કે માઠું લાગતું જ નથી. તમારી સોબતે તો હું મારો મંદવાડ ભૂલી, દુઃખ ભૂલી અને ફીકર ચિન્તા પણ ભૂલી !"

"હશે બીજું કાંઇ તો ભૂલ્યાં નથી ને ? !"

"બીજું શું ભૂલવાનું છે ?"

"કાંઇ નહીં, હું તો સ્હેજ કહું છું !"

"જાઓ બળ્યું આમ શું કરતાં હશો ? કહો કહો મારા સમ જે ન કહે તેને."

"હું તો એમ કહું છું કે દુઃખ ભૂલ્યાં પણ સુખના આપનારને તો ભૂલ્યાં નથી ને ? !"

"સુખનાં આપનાર તો તમે મારી પાસે છો! તમને હું શી રીતે ભૂલું ? મારો જીવ ભૂલાય તો ભાભી ભૂલાય."

"ભાભી તો કોરે રહી પણ હીરાલાલને ન ભૂલશો હોં કે!"

"જાઓ જાઓ તમે તો મને રોજ બનાવતાં ને બનાવતાં જ રહ્યાં !"

"એમાં હું શું ખોટું કહું છું કે આમ મારા ઉપર ચીડાઇ જાઓ છો ?"

" ભાભી તમે તો સદાએ વચનનાં તીર મારતાં ને મારતાં."

" ત્યારે તમે કયાં નયનનાં તિરછાં તીર મારવામાં કોઈને કચાશ રાખો છો ? "

" હેં હેં ભાભી આ શું બોલ્યાં ? "

" એ તો એજ તો. "

" એમા શું ? "

" શુંમાં વરણાગીઓ વર. "

" જાઓ હવે હું તમારી સાથે કદી નહીં બોલું. "

" અરે વાહરે મારી નણંદબા તમારો લટકો ! "

" સારૂં જાઓ, અમને ન બોલાવશો ! ! "

*　　　*　　　*　　　*

' નાની નણદી વાતે વાતે મરડાઇ ન જાઓ "
" ભાભી ધીરા અધીરાઇમાં થરડાઇ ન જાઓ ".–૦
" બટક બોલાં ચાળા કરી માન ન ખાઓ "
" આમ ઘેલાં કાઢી ખુબ કાલાં ન થાઓ ".–૦
" ભાભી સાચી લક્ષ્મી બધુ ભાભીનું ઘર "
" નણદી બીજો છે એક ભોળી ભાભીનો વર "
" લળી લળી ખાવાને નણદી ભાભીને પુછે "
" ભાભી ભુખી દુ:ખી તેમાં નણદીને શું છે "
" ક્યારે તો પગ ભાભી નણદીનો ટાળે "
" ભાઇને ચઢાવી ભાભી કાઢી મન વાળે "
" વાહરે ભાભી હું તો હારી "
"–નણદીબા મેં જખમારી "

"બલિહારી !"

"જાઉં વારી ગુણ ભાભીના ગાઓ'

"નાની નણદી સંતોષી સુખી ઘર થાઓ"

"ભાભી, ઓ ગોદાવરી ભાભી તમે ક્યાં છો ?"

"એ બ્હેન આવો ! આ બાજુ, આ બાજુ જરા ધીરે રહીને આસ્તેથી આવો !!"

"કુંદન બ્હેન તમે આવીને અહીં લપાઇ ગયાં છો ?!"

"હા ગોમતી બ્હેન આવો !"

"ભાભી તમે કાંઇ જાણ્યું ?"

"ના રે બ્હેન ! શું કાંઇ નવા જુની છે ?"

"હા. બાપાજીએ દરિયાની ખાડીમા લગભગ ફરતા ફરતી પચીસ ગાઉ સુધી હીરાલાલની તપાસ કરાવી; પણ ક્યાંઇ તેમનો પત્તો મળ્યો નહીં !!"

"ભાભી તમે તો કહો છો કે જાન પાછી ગઇ છે. તમે ઝરૂખેથી પડી ગયાં એટલે વર તોરણેથી પાછો વળ્યો છે; અને મામા જોશીને બોલાવી બીજું કોઇ સારૂં મુહુર્ત મંડાવી વિવાહ માંડશે, અને આ ગોમતી બ્હેન દરિયાની નવા જુની કહે છે !! આમાં સાચુ શું ?!"

"જાઓ જાઓ ગોમતી બા તમારામાં તો કાંઇ અક્કલ નથી. બધુંએ ઉઘાડુ કર્યું, મોટો છબરડો વાળ્યો !! સુઆં ભોળીઆં માણસની તે કાંઇ દુનિયામાં ગણુતરી થતી હશે ??"

"અરરર ભાભી હું તો ભૂલી ગઇ, આ તો કુંદન બ્હેન બેઠાં છે ને ! અરેરે બધાએ મગ ચોખા ભેગા થઇ ગયા !!"

" ભાભી તમે મારાથી પણ દગો રમો છો કે ? ! મને પણ હવામાં અદ્ધર ઉડાવો છો ? ! શું બનાવી બનાવી વાત કહીને આ કુંદનને પાણીમાં મુઠીઓ ભરાવો છો ! ! જાઓ કપટી ઉઠો મારી પાસેથી ! ! "

" ગોમતીબા તમે મોટો વરઘોડો કર્યો ! ! હવે બધાં ઘરમાં જાણશે તો મારો જીવ લેશે ! ! અરે તમારા ભાઇ અને બાપુજી તો મારા ઉપર ખુબ કકળી ઉઠશે ! ! "

" અરે પણ ભાભી હું તો ભૂલી ગઇ ! ! ભોળી છું તે જેમ આવે તેમ ભાખી ગઇ ! ! અહીં કુંદન બ્હેન બેઠાં છે તેની તો મને બીલકુલ ગમ જ ન પડી ! ! "

" જાઓ જાઓ તમે પાસે રહીને કોઇને બનાવો એવાં છો ! "

" અરે પણ ભાભી શા માટે આટલી બધી લમણાફોડ કરો છો ? કહી દોને કે છે શું ? "

" બ્હેન કાંઇ નહીં; વાતમાં કશોએ માલ નથી. "

" તમને મારા ગળાના સોગન છે, જો કાંઇ અસત્ય કહો તો ! "

" કુંદન બા તમે જક ન કરો ! ! જે તમને ન જણાવવાનું હોય તે જાણવાની શું કામ માથાકુટ કરો છો ? "

" ભાભી મારાથી પણ અંતર કે ? ! "

" ના બ્હેન ના, તમે શું કામ અમસ્તાં રાતાં પીળાં થાઓ છો ! ! ગોમતીબાના કહેવામાં કશાએ ભલીવાર નથી. જેમ ખાય છે તેમ બોલે છે. ! ! "

" ગોમતી બ્હેન શી નવા જૂની છે મને તમે કહો ! ! આ ભાભી તો કાળજાની કુડી છે અને અંતરની બહુ જ ઉંડી છે ! "

"ના બ્હેન ના કાંઇ નથી."

"બ્હેન તમને મારા સમ છે! જો કાંઇ છુપાવો તો તમે મને મૂઇ દેખો!!"

"એ આ કુંદનબાએ ભોળીઆ રાજાને હાથમાં લીધા. બધુંએ ઉઘાડું જોત જોતામાં થઇ જશે!! મને ઘરમાંથી ના કહ્યુ હતું કે જ્યાં સુધી કુંદન બ્હેનનો મંદવાડ રહે ત્યા સુધી બીલકુલ તેમને હીરાલાલ સબંધી કે વિવાહ સબંધી વાત જ ન કરવી. આટલા દહાડા સુધી બધુંએ મેં ગુપ્ત રાખ્યું પણ ગોમતીબાએ આવી ભડ વેર્યું."

"ગોમતી બ્હેન કહો શી નવા જૂની થઇ છે?"

"બ્હેન જો જો કાંઇ કહેતાં; નહીં તો બાપાજી તમને ખુબ વઢશે હોં?"

"ભાભી, પણ બધી વાત બાપાજી હમણાં ખુલ્લી કરશે, ત્યા શું છાનું રહેશે?"

"સારૂં જાઓ તમે હવે ઘરમાં પધારો."

"ના ગોમતીબ્હેન તમે બેસો મારી પાસે. આ ભાભી તો બહુ જ નઠારી અને વઢકારી છે. શુ થયું તે મને તમે કહો."

"આ થવામાં એ જ કે તમારા વિવાહ ટાણે હીરાલાલભાઇ જાન લઇને દરીયા માર્ગે પરણવા સારૂ આવતા હતા; જેવી જાન બંદરમાં દાખલ થઇ કે તરત જ તમે ઝરૂખેથી પડી ગયાં અને વાગ્યું; આ બાજુ પવનનું મોટું વાવાઝોડું આવવાથી પાણીમાં દરિયાઇ તોફાન જાગ્યું. જેથી જાનનાં બીજાં વહાણો એક બીજા સાથે અથડાઇ ભાગી ગયાં; અને વરરાજા હીરાલાલવાળું વ્હાણ

પવનના તોફાનમાં તણાઈ ગયું; અને એક ખડકમાં જઈ પડયું. વાવાઝોડાના તોફાનથી વહાણનો નાશ થયો અને હીરાલાલને દરિયાઇ મોજાં પાણીમાં ઘસડી ગયાં. વરરાજા ક્યાં ગયા તેનો બીલકુલ પત્તો લાગ્યો નહીં. આ ઉપરથી દરબાર સાહેબે ઘણા ઘણા સારા તારાઓ, ખલાસીઓ અને માછીઓને દરબારી વ્હાણ આપી દરિયાઇ ખાડીમાં હીરાલાલની શોધ સારૂ મોકલ્યા હતા. તે સઘળા આજરોજ દરબારમા આવ્યા અને જણાવ્યું કે હીરાલાલનો બીલકુલ પત્તો તેમને મળ્યો નથી. વરરાજાનું કાંઇ પણ નામ કે નિશાન પાણીમાં હાથ લાગ્યું નથી."

"અરે હાય! આ હું શું સાંભળું છું? અરે ભગવાન મારા પાપણીના પાપે નિરદોષીનો પ્રાણ ગયો! હું શે ના મરી? આ મદવાડમાં હે દુષ્ટ વીધિ તેં મને શું કામ જીવતી રાખી? હાય હવે હું શું કરૂં?"

"હયો ગોમતી બ્હેન કાઢો કાંદો, વાત કહેવાનું આ ફળ; જુઓ બ્હેન તો મડદુ થઈને પડયાં, અરે બેશુદ્ધ બની ગયાં. જાઓ દોડો બાને બોલાવો, પાણી લાવો અને દવાની શીશી જલ્દી લેતાં આવો."

"ભાભી હવે મારા ભોગ મળ્યા, અંઅં....હવે હું શું કરૂં? ક્યાં જાઉં?"

"મારા બાપ હું તો તમારાથી થાકી! હવે તમે નાહક રોઇને બબાડો ન કરશો, જાઓ જલ્દી પાણી અને દવા લઇ આવો. હરીએ જેમ ધાર્યું હશે તેમ થશે!"

"ના હવે હું નહીં જાઉં, બા જાણે તો મને મારે!"

" હશે ત્યારે હ્યો તમે બ્હેનની આંખ દબાવી રાખો હું પેલી ચકલીએથી પાણી લાવી બ્હેનના મોં પર છાંટું એટલે તરત જ મૂર્છા વળશે ! "

"ઠીક ત્યારે ભાભી તમે જાઓ અને જલ્દી પાણી લઇ આવો."

" જોજો હો આંખ દબાવી રાખજો. "

" સારૂ જાઓ, ખમા બ્હેન ખમા તમને ! કુંદનબ્હેન તમે જરા પણ ગભરાશો નહીં પરમેશ્વર તમને જલ્દી આરામ કરશે ! ! "

" હ્યો ગોમતીબા જરા આમ ઓરાં આવો, મને પાણી છાટવા દ્યો એટલે ઝટ મૂર્છા વળે ! ! " આ પ્રમાણે કહી ગોદાવરી પાણીની છાલકો મુખ ઉપર છાટવા લાગી; ગોમતી કમળનું પાન લઇ પંખો કરવા લાગી. આશરે પાએક કલાક સુધી પાણી અને પવનની સારવારથી કુંદનને મૂર્છા વળી; અને ઝટ આખ ઉઘાડી કુંદન બેઠી થઇ. ગોમતી ઘરમાં જઈ દવાની શીશી લઈ આવી ને દવાનો એક ભાગ કુંદનને પાયો એટલે સારી રીતે કુંદનને શુદ્ધિ આવી.

" ભાભી હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? આ પ્રાણને શા આધારે પંડમાં રાખું ? મારૂં જીવન નષ્ટ થઇ ગયું. હરીએ મને આશા આપી નિરાશ કરી. અધવચ અટકાવી મને છેતરી. કુવામાં ઉતારી વરત વાઢી લીધું. મારૂં જીવતર બગાડી નાંખ્યું. જીવનના દોર ઉપર ચઢાવી વચ્ચો વચ્ચથી દોર કાપી નાંખી મને પત્થર ઉપર પછાડી ! મારી સુધરી બાજી બગાડી. મને સ્વઘર તજાવી પર ઘેર વસાવી; અને અભાગણી પાપણી અને પનોતી બનાવી પાયમાલ કરી. અરે નિર્દય ક્રુર હરી આવું કરે

તારા હાથમાં શું આવ્યું? હરી તેં મને હસી હસીને મોંઘમ માર માર્યો. મારો થઈને મને જ મારી, ન્યારો રહીને ખોટી આશા બતાવીને મને નચાવી નાહક ગરદન મારી. હરી તને હું શું કહું? તારાથી લઢતાં હું શી રીતે ફાવું? તને મારા નવ ગજના નમસ્કાર! હરી તારો રંગ ન્યારો જ છે, તું બહુ રૂપી ખારો જ છે. જા ભુંડા તારો સંગ હવે નકામો જ છે; મારા જેવી પામરને પીડી પીડી તુ તારે આનંદ પામ્યા જ કર! હા.... મોત મોત તું હવે કયાં છે? મરણ, મરણ, મનુષ્યની છેલ્લી અવસ્થાના વિસામા રૂપ મરણ તું કયાં સંતાયું છે? હા....આજ તું મારે વાસ્તે મોંઘું થાય છે?!"

"કુંદન બ્હેન હવે આ બળાપો મુકી દ્યો! આમ વલોપાત ને વલોપાતમાં શરીર ખવાઈ ગયું. વદનનું નુર ઉડી ગયું; આખું અંગ હાડકાંનો એક માળો થઈ રહ્યું, હવે મુકો બધી પંચાત!!"

"અરેરે મારે હવે જીવનને શું કરવું છે? બસ હવે તો સુખેથી મરવું છે, મૃત્યુ મૃત્યુ આત્માના વિશ્રામ રૂપ મૃત્યુ તું કયાં છે? હા....મરણ પણ વખત આવે માગ્યું મળતું નથી. તે પણ મોંઘું થાય છે;—

*　　*　　*　　*

"મરણ પણ મોંઘું થયું......મારે આજ"
"માગ્યું મળે નહિ ટાળે ન દીલની દાઝ:—૦
"ડાહી દુઃખથી શીદ કંટાળે"
"વ્યર્થ વિચાર કરી જીવ બાળે"

"થવાનું હોય તે થાય મોત વિના ન મરાય"
"શે જીવાય, શે જીવાય, શે જીવાય.—૦
"તન મન કે ધનના દુઃખે કંઇ જન મરવા ચ્હાય"
"માગ્યા મોત મળે નહિ મોત વિના ન મરાય"
(માલતી માધવ-ચિત્રકાર, કાંક ફેરફાર સાથે.)

"કુંદન બ્હેન આ શો વલોપાત! કોનો વિલાપ? શા સારૂ? કઇ દશામાં? કેવી અવસ્થામાં! આ તોફાન શું! કોઈ જાણે તો ઘેલું બનાવે! છાનાં રહો, હરીએ ધાર્યું હશે તે થશે;"

"ભાભી હું એકલી અનેક માણસોને દુઃખનું મૂળ થઇ પડી છું ઇશ્વર મારૂં પાનું શોધતો નથી. અનેક અનેક ઘાતમાંથી મને ઉગારે છે! થઇ ચૂક્યું. પતી ચૂક્યું. બસ એ ચાલ્યા ગયા! મને એકલી મૂકી સંતાઇ ગયા, છુપાઇ ગયા. ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વધામમાં પ્હોંચી ગયા. તેજમાં તેજ મળી ગયું. રૂપમાં રૂપ સમાઇ ગયું."

"અરે પણ તમે શાથી કહો છો કે એ સધામ સિધારી ગયા? દરિયામાં ડુબેલા ઘણાક જનો તણાઇને કીનારે પડી સ્વસ્થ બની ઈશ્વર કૃપાએ સજીવન થયા છે."

"ભાભી મારે તમારા ખોટા દીલાસા હવે સાંભળવા નથી. દરબારમાં ખબર આવી કે વરરાજાનું. નામ નિશાન પાણીમાં માલમ પડતું નથી; ને તમે કહો છો કે એ તણાઇને કોઇ સ્થળે ઉગરી ગયા હશે, એ મારાથી કેમ માની શકાય?"

"બ્હેન પ્રભુની લીલા એવી અકળ છે. ઘડીકમાં હસાવે છે અને ઘડીકમાં રડાવે છે. સર્પ દંશથી મૃત્યુ પામેલા માણસો

ઘણીવાર અગ્નિ દાહ કરતાં કોઇ સંત મહાત્માના પ્રતાપે ઉગરી જાય છે ઝેર અને વિષના પ્રયોગથી મૃતઃ પ્રાય થએલા કઈક જનો અંતકાળ સમયે વમન કરી કરી બેઠા થાય છે. વાવ કુવામાં નાંખેલા કઇક લોકો ઈશ્વરી કૃપાથી ઉગરી જાય છે, નદીના પુરમાં તણાએલા કઇક નરો કયાંના કયા નીકળી જઇ બેઠા થાય છે; અગ્નિની જવાળામાં આવેલા કઈક આદમીઓ કીરતારની કરૂણા નજરથી કંઈક ઓઠે રક્ષાઇ બચી જાય છે; માટે નિરાશ થવાનું કાંઇ કારણ નથી. જે ઘડી આંસુ કઢાવે છે તે જ ઘડી આનંદ ઉપજાવે છે. આવાં આવાં અનેક અનિષ્ઠોમાથી મનુષ્યો આળસ મરડી બેઠા થાય છે એજ અવિનાશીના પ્રતાપના પુરાવા છે, પરચા છે. આફતમાંથી ઉગરવું એજ હરીની હાજરી છે. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જે જળ થાય છે તેજ હરીની માયા છે, લીલા છે અને શક્તિ છે. આવાં આવાં ઇશ્વરી કૃપાનાં અનેક દૃષ્ટાંતો અવલોકી મનન કરી મનને સ્થિર કરો; અને કેવળ હરી ઉપર વિશ્વાસ રાખો. બગડી બાજી સુધારનાર એક હરી જ શક્તિવાન છે. હરીના વિશ્વાસે રહેલા હજુ સુધી કોઇ હરીજન છેતરાયા નથી. મોડી વહેલી પણ મનુષ્યોની મનકામના અનેક રીતે પુરનાર એક સમર્થ કરૂણાસાગર કમળાપતિ કેશવ જ છે. ઇશ્વરથી કોઇ મોટું નથી અને ઈશ્વર જેવો બીજો કોઇ સમર્થ નથી. મનુષ્યોને મારનાર તારનાર અને ઉગારનાર ફક્ત એક હરી જ છે. સંસારમાં લોકોને સાથે મરણની બીતી અને જન્મની પ્રીતિ ઉપજાવનાર એક હરી જ છે. ભૂખ્યા ઉઠાડનાર અને જમાડીને સુવાડનાર દયાસાગર હરીના જેવો બીજો કોઇ,

દયાળુ નથી, માટે કુંદનબ્હેન જે કાંઇ થાય તે જોયાં કરો અને હૈયાને સ્થિર કરી ખાઇ પી હરીનું ભજન કરો."

"ભાભી તમારૂં કહેવું ખરૂં છે, પણ મારૂં મન ધીરજ નથી ધરી શકતું. હું જાણું છુ કે મનુષ્યના માથે જે કાંઇ કારમુ સુખ પડે છે તે દુઃખને વાસ્તે અને જે કાંઇ અગાધ દુઃખ પડે છે તે સુખને વાસ્તે છતા પણ મન રાત દીવસ સંતાપ પામ્યા જ કરે છે. ઓહો હું જન્મી ત્યારથી જ કરમમા દુઃખ લખાવીને આવી છું અરે મારો જન્મ જ પારકાને પરિતાપ આપવાને વાસ્તે થયેલો છે. હું મારા દુઃખથી નથી ગભરાતી, પણ મારા વાસ્તે બીજાં અનેક જણ દુઃખમાં જ ડુબ્યાં કરે છે. અરે બિચારા હીરા લાલ મારા સારૂ જાનથી બેજાન થઇ ગયા, અરે તેમની આખી જીંદગી ધુળ મળી ગઇ; તેમના સુખનું સત્યાનાશ વળી ગયું. હરી હરી હરી મેં એવાં શા કરમ કર્યા હશે કે મારા નામથી સુખ અને શાન્તી દોઢ ગાઉ દુર ભાગે છે ?!"

"બ્હેન આર્ય ઘરસંસારમા દીકરીની માટી જ પાપથી ભરેલી છે. દીકરીનો જન્મ દુઃખનાં ચોઘડીઆ વગાડતો થાય છે. મનુષ્યના પૂર્વ જન્મના પાપનું પ્રકટીકરણ અને પૃથકકરણ જ પુત્રી રૂપી સંતાન છે. પુત્રી છે તે એક બાપનું પાપ છે. તેના સંતોષમાં સંતાપનો શાપ છે અને તેના કકળાટમાં પણ કલેશનો સાપ છે. દીકરીના દામ ઉપજાવી માબાપ પાપી પેટને ઠંડુ કરે અને તેનાં સાસરીયાં ઘર સખતાઈ દર્શાવાં પહેલાનાં ઘરેણાં કરાવે અને પછી તેથી પુત્રીને સંતોષી એવો આનંદ માને તેમાં પણ પાતક રહેલું છે અને કુળવાન ઘર જોઈ કુળને ખાતર પુત્રીને કજોડું સાધી

પહરના પૈસાની પહેરામણી કરે અને સારો વિવાહ માંડી વેવાઇને સંતોષે તેમાં પણ ભવિષ્યનું દુઃખ સમાએલું છે. દીકરીનાં માબાપનો બે બાજુથી મ^ો છે. કન્યા બે મુખવાળી ચાકલણ છે. સાસરીયાં અને પીયરીયાં બંનેનો ભક્ષ કરનારી જ્વાળામુખી દેવી છે. પુત્રીનાં માબાપની મુએ પણ ગતિ થતી નથી. જાત ભાત અને કુળની તમામ આમન્યા કન્યા ઉપર આધાર રાખે છે. પુત્રી સારી તો માબાપ સારાં, સાસરૂં સારૂં તો પીયર ઉજળું. કન્યા સુખી તો માબાપ સુખી અને કન્યા દુઃખી તો માબાપ દુઃખી !! કન્યા ગુણવાન તો પીયરીયાં ધનવાન, કન્યા ડાહી તો પીયરીયાં ડાહ્યા, દીકરી શાણી તો પીયરીયાં શાણાં અને દીકરી ખરાબ તો બધુએ ખરાબ !? ભલે કન્યાને લોકો દેવી કહે પણ દેવી તરીકે તેની સાથે વરતતા થોડા જ નજરે ચઢી આવે છે. કન્યાદાનને શ્રેષ્ટ દાન તરીકે લોકો માને પણ કન્યાના વિવાહ પ્રસંગે કન્યાનાં માબાપ બારમા કરતાં પણ અધીક શોક માને છે; અને બધું લોહીવાહી જે કાંઈ ગાઠે ગરથ હોય છે તે બધું કન્યા વિવાહમાં વા પાણી થાય છે; કન્યાનાં માબાપને કન્યાદાન દીધા પછી, વિવાહ માંડયા પછી ઘરને એક ખુણે લઇ જઇને પૂછયું હોય કે ભાઇ આ દીકરીનો વિવાહ માંડયો કે કન્યાનું બારમું કર્યું, તો બિચારો તરત કહેશે કે ભાઇ હૈયાની હોળા બાળી માથેથી વેઠ ઉતારી !! આટલા સારૂ દુઃખનું મૂળ દીકરી કહેવાય છે જુઓ.

*   *   *   *

" દીકરી પણ દુઃખનું ઉંડું મુળરે દુનિયામાં દીઠું,
સાલે માબાપને એ શુળરેઃ—દુનિયામાં૦

પુત્ર તણી માતા બહુ સુભાગ્યવતી ગણાય,
તેમ જનેતા પુત્રીની અતિ દુરભાગી જણાય
લોકો ઉચરે છે એ શું ભુલરે· દુનિયામાં૦
ભલે ભલે માબાપને કુંવર કુંવારા અનેક,
પણ કોઇને ત્યા નવ હશો કુંવરી કુંવારી એક
બેટા બેટીનું જૂદુ મુલરે—દુનિયામાં૦ '

(ચિત્રકાર)

જુઓ બ્હેન, દીકરીને માથે ડગલે ડગલે દુઃખ અને પાપ ભોગવવાના સરજાએલાં છે. માટે દીકરીએ દુઃખથી ડરવું નહીં સમજ્યાં કે મારાં કુંદન બ્હેન!"

"ભાભી આથી કરીને જ આપણા આર્યજનોનો ગૃહસંસાર અંગાર સમ દુઃખદ મનાય છે. દીકરીની ગણના ફૂટ્યા ઘડાની ઠીકરી સમાન જ થાય છે. દીકરાના જન્મ ટાણે દીકરાને કુળનો દીવો મનાય છે અને દીકરીના જન્મ ટાણે દીકરીને પથરો કહેવાય છે. દીકરાને ઘડી ઘડી ખમા ખમા થાય છે અને દીકરીને શાંડને શાધા પડવાના છે કહી મોં મલકાવી રાજી થવાય છે. બાળોતીઆંની બળેલી દીકરીને મસાણુ જતાં સુધી પણ કોઇ ઠારતું નથી. જ્યાં સુધી આર્યાવૃત્તમાં આર્ય સંસારમાં દીકરીને વાસ્તે દયા અને માન નથી; ત્યાં સુધી આર્યજનોને સદાકાળ દુઃખ અને અપમાન છે. જેના જન્મ વખતે મોં મચકોડાય છે, તેના મરણ વખતે આંખમાંથી આંસુ ક્યાંથી પડે? માબાપનાં કરેલાં કર્મો દીકરીને નડે!! માબાપના દુઃખે દીકરીને ડામ દેવાય અને માબાપના સુખે દીકરીને પેટ બાળીને બેસવું આપાય! પહેરામણીના

વાધા વચકાનો બદલો દીકરીને ગાળોમા અને મારમાં મળે, અને સાધન તરીકે મનાતા કન્યાના પલ્લાનો ઉપયોગ ઘરણું મુકાઇ પુંજીમાં ભળે. સાળીઓ અને નણંદોના હુંકારા ટુંકારાને લીધે ગરીબ બીચારી ગાય જેવી વહુ શૉકયની શૂળી ઉપર વીંધાઇ જાય અગર સાસરાનો ત્યાગ કરાવી પીયર ભોગવની થાય. સાળા અને દીયરોની હાસી મશ્કરીથી કન્યાની છીનાળ તરીકે ગણત્રી થાય અને કાળી રાત્રે ચોટલો ઝલાવી લાતો ખાતાં ઘર બહાર નીકળવાનો વખત આવે ! વહુ મરી તો પનોતી ગઇ અને એકને બદલે બીજી થઇ, જયાં આ પ્રમાણે સ્ત્રીઓની અવગણના થાય ત્યાં ગૃહસ્થાશ્રમનાં સાચા સુખડાં કયાંથી પ્રાપ્ત કરી શકાય ?"

"ગોદાવરી ભાભા બાપાજી કુંદન બ્હેનનો હવે બીજે કોઇ સારે ઠેકાણે વિવાહ કરવાનો વિચાર કરે છે ?"

"ગોમતીબા હજુ પણ તમારૂં બાકી રહ્યું છે ? આજ તમે ધાર્યું છે શું !"

"ત્યારે ભાભી હું તમારી વાતમાં બોલું જ નહીં ! કુંદન બ્હેન અને તમે મને કેવળ છોકરવાદી ઘેલી જ ગણો છો ?!"

"ના ગોમતી બ્હેન કાંઇ ઓછું આણશો નહીં. ભાભીના બોલવા સામું જોશો નહીં, તમે તમારે ઘરમાં જે વાત થતી સાંભળી હોય તે સુખેથી મને કહો ! મારૂં ભાગ્ય જ જયા મને દુઃખ આપવા બેઠું છે ત્યાં બીજાનો શો વાંક ?"

"કુંદન બ્હેન હવે બાપાજી બીજો વિવાહ કરીને શું લ્હાણુ કાઢશે ? જો ઇશ્વર જ તમારા વિવાહમાં અનુકૂળ હોત તો આ તમારો વિવાહ લંબાણે પડત જ નહીં; અને રંગમાં ભંગ થાત

જ નહીં; પણ જ્યાં હરીની પ્રતિકુળતા છે ત્યાં મનુષ્યનાં ફાંફાં મિથ્યા છે. કુદરતના પ્રયત્ન સામે માનુષી યત્ન વૃથા છે. જો દીન-માન અવળો હોય તો આદર્યા અધુરા રહે અને મંડાણમાં ભંગાણ પડે અને જો હરી પ્રસન્ન હોયતો સઘળું બગડતુ સુધરી જાય અને જોત જોતામાં લીલા લ્હેર થઇ જાય, ન હોય ત્યાંથી આવી મળે અને સઘળુ આનંદમાં ભળે "

"ભાભી એક ઉપાધી તો મટી નથી એટલામાં આ બીજી ઉપાધી સાંભળુ છું. એકના કલેશ સર્યા નથી ત્યાં આ અણચિન્તવ્યો બીજો કલેશ જાગ્યો છે હવે મારે માથે પડવામાં શું બાકી રહ્યું છે. દુઃખના ઝાડ ઉગ્યાં છે. જે એકને તનમન આપી ચુકી તે બીજાને પ્રાણાન્તે પણ આપશે ? આવા અવળા પ્રયત્ન કરવાથી શું દીકરીનાં દુઃખ ઓછાં થતાં હશે; ના ના, તેથી તો બમણાં અને તમણાં વધે છે. વડીલો અને માબાપો આમ ધુમાડામાં બાચકા ભરે શુ કામ પ્રસન્ન થતાં હશે ? બાવળે બાથ ભરાવવાનો અવળો યત્ન શું કામ આદરતાં હશે ? ભલે જે થવાનું હોય તે થાય અને જવાનું હોય તે જાય; પણ ન કરવાનું કોઇ કાળે પણ કરાય ? તેથી ફળ શું ? લાભ શો ? સંતોષ શો ? અને આનંદ શો ? મન મોતી અને કાચ તુટયાં કોઇ કાળે સંધાય ખરાં કે ? "

"બ્હેન કન્યાને જ્યાં સુધી ચૉરીમાં બેસારી મંગળ ફેરા ફેરવ્યા નથી ત્યાં સુધી કન્યાના વડીલો ફાવે તેવા વરના ફેરફાર કરી શકે એવું ચાલુ જમાનાનું અજબ ધોરણ છે! કરેલા વિવાહ નજીવા કારણસર ઘડી ઘડીમાં ભંગ થાય છે; તો કુદરતના કોપથી વરરાજા ગુમ થઇ જવાથી તમારા મામા તમારા વિવાહ સારૂ

બીજો વર જુવે એ સ્વાભાવિક છે. એમનું જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી હીરાલાલ વર સારૂ તમારો વિવાહ લંબાવ્યો અને છેવટે અમદાવાદ મુકી ભાવનગરમાં આદરવો શરૂ કર્યો; પણ કાળ—બળે કુદરતનો મામલો ફેરવાઇ ગયો અને લગ્નમાં વિઘ્ન આવી નડયું ! આમાં તમારા મામા શું કરે ? તમને કયાં સુધી કુવારાં રાખે ? જગતના અપવાદથી તે બિચારા લાચાર લાચાર પરવશ થઇ ગયા; હવે છેવટે હારીને, કુવારી કન્યાને અનેક વર છે અને કુંવારા વરને અનેક કન્યાઓ છે, એમ માની તમારા સારૂ બીજો વર જુએ તેમાં મામાનો શો અપરાધ ?"

"ભાભી હું કયાં કહું છું કે એમાં મામાનો અપરાધ છે. અપરાધ મારા નસીબનો છે કે મારે હવે દુનિયામાં હાડ હાડ થવાનો વખત આવ્યો ! ! મારી ખાતર જેણે પોતાની જીંદગીનો ભોગ આપ્યો, જેણે મારી ખાતર પોતાના સુખને દુઃખ રૂપ માન્યું અને મારા વિરહથી પડતાં દુઃખને સુખ રૂપ માન્યાં અને જેણે ઘરબાર સગાં વ્હાલાં સર્વસ્વનો ત્યાગ કર્યો અને માત્ર મારી આશામાં જ જીંદગી ઝહેર કરી, તેને મારે હવે વિસારી શું ફરી પરણવાનું મન કરવું ? ? ના, ના, કદી નહીં ભલે દુનિયા મને કુંવારી માને પણ હું તો મારા મનથી હીરાલાલ સાથે પરણેલી જ હતી. મારો સતત અને અચળ નિશ્ચય હતો કે વરવું તો તેને જ વરવું નહીં તો આખી જીંદગી કુંવારા ફરવું. મેં મારા મનથી જ હીરાલાલ સિવાય બીજા સઘળા ભાઇ બાપ માન્યા હતા; તો મારે હવે કોની સાથે વરવું ? શું ભાઇ બાપ સાથે વરવું ? ! કદી નહીં ! ! જો તમારા કહેવા પ્રમાણે ઇશ્વરી કૃપાથી હીરાલાલ

જીવતા દરિયામાંથી નીકળ્યા હશે કે નીકળશે તો તેમને વરીશ; નહીં તો તેમના નામની માળા જપી મારી જીંદગી પૂરી કરીશ. મારા આ નિશ્ચયમાં જે કોઇ વિરૂદ્ધ પડશે તે મારા કટ્ટા વેરીનું કાર્ય કરશે, અગર મારો અંત લાવી મને મરણ પામેલી જોશે!! જે કોઇ મારૂં હીતકારી હોય અને મારૂ માનતું હોય અગર સગાઈ સંબંધીનો દાવો રાખતું હોય તેણે કોઇ કાળે પણ મારી આગળ ફરી પરણવાની વાત જ ન કરવી. મનનું પરણેતર હું પરણી ચુકી છું દુનિયાનું પરણેતર પરણવાનુ બાકી હતું; તો તે દુનિયાને સમજવાનું હતું. પણ કાળ બળે દુનિયાનું પરણેતર થવાનો વખત ન આવ્યો તો હરીની મરજી!! મારા મનના પરણેતરને મારે પરણેતર માનીને મન વચન અને કર્મથી હીરાલાલ વરનુ ભજન કીર્તન કરવાનું છે, તો તે હવે હું કરીશ! જો અહીંઆ મને મામા બા અને મામી ઉપાધી કરશે તો મોસાળને હું નમસ્કાર કરીશ;"

"હાં....હાં...મારાં બ્હેન આ શું બોલો છો? મોસાળને નમસ્કાર થાય? શું અમે બધાં તમારાં વેરી છીએ? તમારાં હીત શત્રુ છીએ? ના ના, અમે પણ તમારા સારૂ થાય તે હીતનું કાર્ય કરનાર છીએ! તેલ જુઓ તેલની ધાર જુઓ! શું થાય છે તે જોયાં કરો! થયા પહેલાં દુઃખ માનીને વૃથા ક્લેશ કરવો એ ડહાપણ ન કહેવાય?!"

"ભાભી હું મરતાં મરતાં પણ તમને યાદ કરીશ. તમારો આભાર મારાથી કદી પણ ભૂલી શકાશે નહીં. હું જ્યાં જ્યાં હઇશ, જ્યાં જ્યાં જઇશ ત્યાં ત્યાં તમને જ યાદ કરીશ! મારા

આવા ભયંકર અને જીવલેણ મહવાડમાં તમે જે મારી સેવા ચાકરી કરી છે અને મીઠી મીઠી વાતો કરીને મને જે શાન્તી અને આનંદ ઉપજાવ્યો છે તેનો બદલો મારાથી કદી પણ વળી શકે તેમ નથી. ખરેખર હું સત્ય કહું છું કે આ વખતે ભાભી જો ન હોત તો મારૂં શું થાત ? ? ”

“ કુંદનબા વાતે વાતે આમ ઓછું શા માટે આણો છો ? આંસુ લાવે અંતરનાં દુઃખ ઓછાં થતાં નથી. મનુષ્યના માથે પડે છે ત્યારે જ તે ઘડાય છે. દશાના રંગ નિરાળા છે. ઘડી ઘડીમા બદલાય છે, દુઃખની વાદળીને વિખરાતા વાર લાગતી નથી. મનુષ્યને ઉત્પન્ન થએલ મનના વાતાવરણમા વિચારની સમાનતા કોઇ કાળે પણ એક સરખી રીતે સચવાતી નથી. પળે પળે વિચારના તરંગો ઉત્પન્ન થયા કરે છે અને બદલાયા જ કરે છે. વાતો સાંભળીને મનને કોઇ દીવસ ભ્રમીત કરવું નહીં. વાત સાંભળવી તેનો વિચાર કરવો, બે બાજુથી તેની તપાસ કરવી અને ત્યાર બાદ શું કરવું તેના નિશ્ચય પર ધીમે ધીમે શાન્ત મનથી આવવું; એકદમ ઉછળી પગ ભાગવાથી વિમાસણ થાય છે. સહસા કરવાથી લ્હાણને બદલે હાણ જ થાય છે. અણચિન્તવ્યા આવતા દુઃખથી એકદમ વ્યાકુળ થઇ અકળાવું નહીં; તેમ અચાનક રીતે પ્રાપ્ત થતા સુખમાં છલકાઇ જવું નહીં, ઇશ્વર જે કાંઇ જે ઘડીએ કરે છે તે તમામ સારૂં જ કરે છે ! ! ”

“ ભાભી પાણી પહેલાં પાળ બાંધવી એ ડાહ્યા પુરૂષનું કાર્ય છે, સામો શું કરશે તેનો પ્રથમથી જ વિચાર કરવો જોઇએ. સુખ ભોગવતા પહેલાં દુઃખને સારી રીતે ઓળખવું જોઇએ ! સારૂં

કાર્યં કરવાના પ્રયાસમાં કાળ બળે પછાત પડેલાં મનુષ્યો વારંવાર ઠોકર ખાઇ કેટલીક વખતે કંટાળી જાય છે; અને તેમાંએ ન કરવાનું કામ કરવા તત્પર થઇ જાય છે, માટે આસપાસનાં માણુસોએ અગાઉથી ચેતી તયાર રહેવું જોઇએ. જ્યારે સૌને સૌનું માથે પડે છે ત્યારે સ્વાર્થની તાણાતાણ થઇ બળીઆના બે ભાગ થઇ જાય છે. કેટલીક વખતે તેમાં સારાનું નરસું થાય છે; અને નરસાનું સારૂં થાય છે, કેમકે,

*　　*　　*　　*

"સૌને સૌ સૌની પડી કોણ પીડ પરાઇ જાણે.
સઘું વ્હાલું સ્વારથનું સાં પોત પોતાનું તાણે—૧
દીકરાંની ગણના ફુટયા ઘટની દીકરી પરમાણે,
દીકરા ઘરનું રાજ્ય કરે ભલે દીકરી જાય મસાણે.—૦ " ચિત્રકાર

"હયો બ્હેન હવે ઉઠશો! ચાલો ઘરમા જઇએ. આપણને કુંજમાં બેઠે બહુ જ વાર થઇ, માટે ચાલો ઘરમાં બેસીએ."

"હા હા, કુંદન બ્હેન ચાલો ઘરમા ચાલો. બાગમા બેઠે આજ આનંદ ન થયો."

"ગોમતી બ્હેન મારે તો ઘર અને બાગ બધુંએ સરખું છે. જ્યાં જ્યાં જાઉં ત્યાં આનંદ અને કલેશ છે! તમારે મારે સારૂ દુઃખી ન થવું, તમારા બોલવાની મને જરા પણ રીસ નથી કે કંટાળો નથી, તમે તો ભોળીઆ દીલનાં બ્હેન છો. હરીનું નામ છો."

"કુંદનબા હશે હવે તમે વિચાર કર કર ન કરશો, છાનાં-માનાં જુઓ કે હવે શું થાય છે? કુદરતની બાજી કેવી રચાય છે; તેમાં કોણ હારે છે અને કોણ જીતે છે?"

" ભાભી મારી ચિન્તા તમે હવે ન કરશો હું હવે બીલકુલ બોલીશ ચાલીશ નહીં; છાનીમાની ઘરમાં શું ખેલ થાય છે તે જોયાં કરીશ."

" બ્હેન ચાલો હવે આપણે ઘરમાં જઇ બધું સાંભળીએ. તમારાં મામા મામી આ બધાં મળી શું વિચાર કરે છે તે આપણે તપાસીએ; કપાળે કપાળે જુદી મતિ !"

" હા ચાલો." આ પ્રમાણે હૈયાના ઉભરા બહાર કાઢી પાછા અંતરમા સમાવી કુંદન, ગોદાવરી અને ગોમતી એ ત્રણે જણાં કુંજમાથી નીકળી બાગમાં ફરતાં ફરતાં બંગલા ભણી વળ્યાં. આ વખતે મામા મામી મણીલક્ષ્મી અને મણીધરપ્રસાદ એ બધાં એક સ્થળે બેસી કુંદનના વિવાહના વિચારની વાતો કરતાં હતાં, ત્યાં કુંદન ગોમતી અને ભાભી ત્રણે જણાં જઇ ચઢયાં. કુંદનને આવતી જોઇ મામાએ વાત ઉડાવી બીજી વાત ચલાવી. કુંદન પણ મામાના મનોવિચાર જાણી ભાભી જોડે મેડે ચઢી. ત્રણેને મેડે ગએલાં જાણી પાછી મામાએ વિવાહની વાત ઉકેલી. ભાભી અને કુંદન દાદરા ઉપર બેસી નીચે થતી વાત કાન માંડી સાંભળવા લાગ્યાં; ગોમતી તેના ખંડમાં જઈ પુસ્તક વાંચવા લાગી.

" કહો બ્હેનબા હવે કુંદનનું શું કરીશું ?"

" ભાઇ તમારી ધ્યાનમાં આવે તે કરો, જ્યાં તમારી નજર ઠરે ત્યાં ખરી !"

" બાપુ, પણ વખતે ઇશ્વરી કૃપાથી હીરાલાલ ઉગરી ગયા હશે તો તેનું કેમ થશે ?"

" હીરાલાલને વાસ્તે દરિયાઇ તપાસ તો મારા તરફથી હમેશને વાસ્તે ચાલુ રહેવાની. જ્યારે તેનું શબ હાથ આવશે અગર

તેનાં કપડાં લત્તાં દર દાગીનાની કોઈ પણ નિશાની પાણીમાંથી જડી આવશે ત્યારે મારૂં મન ખાત્રી પુરશે કે હીરાલાલે જળવાસ કર્યો. જ્યાં સુધી નિશાની નહીં મળે ત્યા સુધી ખાડીની આસપાસ ફરતી પચાશ ગાઉ સુધીના દરિયામાં ખારવા મારફતે તપાસ ચાલુ રહેવાની, અને ખાડીના કીનારાની આસપાસ આવેલાં ગામડાંઓમાં પણ શોધ થવાની ! ”

“તો તો ઘણું સારૂં ! વાસ્તવિક રીતે થવું તો એમ જ ઘટે છે.”

“હા પણ કુંદનનો કન્યાકાળ વીતી જાય છે જ્યા સુધી કન્યા ધર્મ સચવાઈને કન્યાનાં લગ્ન થાય તે જ ઉત્તમ પ્રતિનું કન્યાદાન દીધું કહેવાય છે, વળી મોટી ઉમર સુધી કન્યાને કુંવારી રાખવી એ આર્ય સંસારમા એક દૂષણ મનાય છે ભલે સુધારાવાળા તેને એક ભૂષણ માને પણ હું તો તેને ભયંકર પરિણામ માનું છુ. ”

“બાપુ તમે કુંદન બ્હેનનો બીજે કોઈ સારે ઠેકાણે વિવાહ કરશો અને તે વખતે કદાચ હીરાલાલનો પત્તો મળશે તો તમે શું કરશો ? ”

“ તે વખતે તેનો રસ્તો થઈ પડશે હવે કુંદનને વધારે વખત સુધી કુંવારી રાખવી એ હું ઠીક માનતો નથી.. કુંવારી કન્યા, ઉભરાતું દુધ અને સર્પનો ભારો એ ત્રણે સાચવવા ઘણાં વિકટ છે. તમારી સલાહ હું માન્ય કરૂં છું; અને તેને સારૂ કુંદનનો વિવાહ આવતા લગ્નગાળા ઉપર મુલતવી રાખું છું. આજ કાલ સારા મુરતીઆની શોધ કરી કરાવી તેનો વિવાહ નક્કી કરૂં છું, અને લગ્ન ચૈત્ર વૈશાખના સમય ઉપર રાખું છું. જો તે દરમ્યાન હીરાલાલનો પત્તો લાગશે તો કુંદનનાં લગ્ન તેની સાથે જ કરી

નાંખીશું; નહીં તો પછી નિરૂપાય થઇ વિવાહ કરેલ મુરતીઆ સાથે પરણાવી દઇશુ. આપણે ઘણુંએ સમજીએ છીએ કે આ અન્યાય થાય છે, અઘટીત થાય છે, પણ કાંઇ કન્યાને આખો જન્મારો કુંવારી રખાય ?!"

"બાપુ આ તમારી યોજના કુંદન બ્હેનને પસંદ પડશે ખરી કે ?"

"તેને પડો યા ના પડો પણ મેં જે ધાર્યું છે તે હું કરીશ. બનશે ત્યા સુધી અન્યાય હું કદી આચરીશ નહીં. જગતમા જેમ થતું આવ્યુ છે તેમ કરવામાં કોઇ પણ પ્રકારનો વાંધો રાખવો જ નહીં. આપણે જમાનાની આગળ પણ ચાલવું નહીં; તેમ પછળ પણ ચાલવુ નહીં; માત્ર વચ્ચે વચ્ચે ચાલ્યા કરવું. નિબુધ જનોએ જે માગ ગ્રહણ કર્યો છે તે માર્ગે વિચરવામાં આપણે વાસ્તે કોઇ પણ પ્રકારનો બાધ નથી."

"બાપુ આથી જમાનામાં તમારી ગણના કેવી થશે ? રાયજીમાં અને તમારામા કેટલો તફાવત રહેલો અવલોકાશે ?!"

"ત્યારે હવે કુંદનનું કરવું શું ? તેને આમ ને આમ ઘરમાં કુંવારી જ રાખી મુકવી. કેવળ નસીબ પર આધાર રાખી પુરૂષ પ્રયત્નમાં પાછળ પડવું."

'બાપુ કુંદન બ્હેનનાં કદાચ લગ્ન થયાં હોત ને તેને વળાવી હોત અને દરિયામાં આવું તોફાન જાગ્યું હોત તો તમે શું કરત?'

"કુંદનને પરણાવ્યા પછી જો હીરાલાલની આવી માઠી ગતિ થઇ હોત તો તેમાં કુંદનના ભાવીનો જ દોષ ગણાત !"

"તો તો પછી મરતાં સુધી બ્હેનને વિધવા અવસ્થામાં

રાખવાં પડત ને ?!"

"ઘેલો છે! કેવી વિપરીત વાત કરે છે! થવા કાળ થાય તેમાં આપણે શું કરીએ ?!"

"તો અત્યારે કુંદન બ્હેનને વિધવા અને કુંવારાં એમ એક સરખાં જ માનો; અને મનને શાન્ત કરી કુદરતનો મામલો જોયા કરો કે શું થાય છે ?"

"એવો કુદરતનો મામલો મારાથી ન જોઇ શકાય ? આવા અવળા વિચારની ધારણાથી કુંદનની જીંદગી ધુળધાણી થાય અને એમાં આસપાસનાંની ફજેતી થાય અને મહા વિપરીત પરિણામ આવે"

"બાપુ તમારો આવો અવળો પ્રયત્ન કુંદન બ્હેનને કોઇ કાળે પણ રૂચશે નહીં. હુ તેનુ પરિણામ સારૂ જોતો નથી. રખેને તમારા પ્રયત્નથી બ્હેનની જીંદગી નવાણુ ટકાના જોખમમાં આવી પડે"

"દીકરા ત્યારે હવે મારે કરવું શું ? હું અકળાઇ ગયો. અમુઝાઇ ગયો. હાથીદાંત બહાર નીકળ્યા તે પાછા ન પેસે ! પટોળીએ ભાત પડી તે ન પડી થાય નહીં. સાકરના હીરા ગળ્યા તે ગળ્યાજ રહે ! કુંદન બ્હેનનું લગ્ન આદરવા બેઠા તે કુંદનને પરણાવીને જ શાન્તી પમાય ! તેને હવે કુંવારી ઘરમાં ન રાખી શકાય ! તું જાણે છે કે આપણા બધાં ઉપર રાયજી કેસરી ડોળા ઘુરકાવી ભક્ષ કરવા તાકી રહ્યા છે. તેને જરા પણ તક મળતાં તે કુંદનને બારોબાર અદ્ધર ઉપાડી જશે; અને પેલા હીંમતલાલ ખવીસ સાથે એક રાતમાં ફેરા ફેરવી કુંદનની જીંદગી ધુળ મેળવશે ! બ્હેનનું જ્યારે બાપના હાથથી જ બગડવા બેઠું છે ત્યારે

જો તેના મામાના હાથથી બાપ કરતાં સારૂં થઇને સુધરતુ કહેવાતું હોય તો કેમ ન સુધારવું! સારા કામમાં ઢીલ શા માટે રાખવી!"

"બાપુ આપણે જ્યારે બંને બાજુએથી લુંટાવાનો ભય છે ત્યારે છાનામાના એક સ્થળે મુસાફરી કર્યા વિના બેસી રહેવું! ઈશ્વર શું કરે છે તે જોયા કરવું. બ્હેનનું નસીબ બ્હેનને કયાં લઈ જાય છે તેનો તાલ નિરાંતે વેગળે બેસીને નિહાળ્યા કરવો. ઈશ્વરી સત્તા વિરૂદ્ધ યત્ન આદરવાથી ઇશ્વર દુભાય છે એ ખાસ યાદ રાખવું જોઇએ."

"દીકરા તમારા વિદ્વતાના સિદ્ધાંતો સંસારના દૃષ્ટાંતમાં અવળા થઈ પડે છે ઘણીકવાર તેથી જશને બદલે જુતિયાં મળે છે. ઉપદેશ આપવો સ્હેલ છે, પણ માથે પડે તે વખતે કરી બતાવવું મુસ્કેલ છે કુંદનને પરણાવ્યા સિવાય એમને એમ છાનામાના ચૂપકી પકડી બેસી રહીએ તો વિશ્વમાં આપણી અવગણના થાય. ફરી બીજુ કોઇ કુંદનને પરણે પણ નહીં. અવસર આવે જે કાઇ છંડાય તે સદાને વાસ્તે છંડાયલું સમજવું, અને અવસર આવ્યે જે કાર્ય મંડાય તે સદાને વાસ્તે મંડાયલું માનવું. મારો તો વિચાર હવે એમજ થાય છે કે કુંદનને જેમ બને તેમ જલ્દી પરણાવી દેવી ભલે દુનિયા મારી હાંસી કરે!!"

"જ્યારે કુંદનને પરણાવે દુનિયા તમારી હાંસી કરે તો કુંદનને કુંવારી રાખે જ દુનિયાને હાંસી કરવા દો!!"

"જો ભાઈ તું મારો જીવ ખાઇશ નહીં. હુંતો અકળાઈ ગયો છું. આ છોકરી પણ મૂઇ ભારલગની નીકળી કે આ તેના લગ્નની વાત કહાડી કે તરત ન હોય ત્યાંથી વિઘ્ન આવીને નડે!!

હું મારો વિચાર હવે બધા ઘરનાંને ખુલ્લો સ્પષ્ટ રીતે જણાવી દઉં છું !! જુઓ સાભળો હું અમદાવાદમા એક સારા વિદ્વાન અને કુળવાન વરની શોધ કરાવીશ. જ્યારે વર જડશે કે તરત તેને ચાહ્લો કરી કુંદનનો વિવાહ કરીશ. તેનું લગ્ન ચૈત્ર વૈશાખના લગ્નગાળા ઉપર ખાસ કરીને મુલતવી રાખીશ. લગ્ન આડો જો ફક્ત એક દીવસ રહેશે અને તેમા હીરાલાલ જો જડી આવશે અગર તે જીવતો કોઈ સ્થળે રહ્યો છે એમ માલમ પડશે તો તરત વિવાહ અટકાવીને જ્યાં હશે ત્યાંથી હીરાલાલને તેડાવીને કુંદન તેની સાથે પરણાવીશ, કહો હવે તમારે કોઈને આમાં વાધો છે?"

"હા, હીરાલાલ નહીં જડી આવે તો પછી?"

"પછીમા એજ કે કુંદનને વિવાહ કરેલ નવા વર સાથે પરણાવવામાં આવશે"

"વારૂ કુંદનને પરણાવ્યા પછી હીરાલાલ જડી આવશે તો?

"તોમાં તેનાં નસીબ! પછી હું શું કરૂં?"

"સારૂ તેના નસીબ. વારૂ ધારેલી મુદતમાં કદાચ હીરાલાલ જડી આવ્યા તો?"

"તો તે વખતે કુંદન સાથે તેનું લગ્ન કરવું!!"

"અને વિવાહ કરેલ વરને વાસ્તે શુ પગલું ભરવું? તેને તો તોરણ આવ્યો પાછો જ વળાવવોને!!"

"હાસ્તો કાંઈ છુટકો છે? બીજો કોઈ સારો ઉપાય હોય તો તું બતાવ? તું મારો દિકરો છે; કુંદનનો ભાઈ છે. સોળ વર્ષના દીકરાને મિત્ર તરીકે માની તેની ઘરના કાર્યમાં સલાહ લેવી એવું શાસ્ત્રનું વચન છે."

" જુઓ ત્યારે સાંભળો !! લગ્નની ધારેલી મુદતમા હીરાલાલ જો મળી આવે તો કુંદનનાં લગ્ન હીરાલાલ સાથે કરવાં એ નિર્વિવાદ વાત સમજવી, અને મુદત બહાર હીરાલાલનો પત્તો લાગે તો આપણી નાની મંગળી બ્હેન જે દશ વર્ષની છે તેને હીરાલાલની સાથે પરણાવવી; અને મુદતમા વિવાહ કરેલ નવિન વરને જો મુદતમા હીરાલાલ મળે તોપણ મંગળી બ્હેનના લગ્ન લેઇ તે વખતે કુંદન બ્હેન સાથે કરવાં. એક ચોરાને બદલે બે ચોરાઓ બાંધી બન્ને વિવાહ સાથે માંડવા. એકેને નિરાશ થવાનો વખત ન આવે, કહો આમા કાંઇ વાંધો છે ? જે કાંઈ કરો તે પુરતો વિચાર કરીને જોજો, સો ગરણે ગળીને પાણી પીજો !! "

" ભાઇ તારી વાત તમામ મારે અક્ષરે અક્ષર માન્ય છે, કબુલ છે; જો તને વિશ્વાસ ન હોય તો હું લખત કરી આપીને કબુલાત આપું !! કહો બ્હેનબા આમાં તમારો શો વિચાર છે ? "

" ભાઇ તમે જે કરો તે મારે કબુલ છે. તમે કોઇ પરાયા છો ! મારા કરતાં તમે કુંદનનું હીત વધારે હૈડે ધરાવો છો !! આ વખતે જો બીજો કોઈ ભાઇ હોય તો તરત જ બ્હેન ભાણીને સાસરે વિદાય કરી દે અને પોતાના માથેથી ભાર ઉતારી હળવો થઇ જાય અને ન્યારો ખસી જાય !! તમે અને ભાઇ જે કરશો તે ઉત્તમ જ કરશો. મારા અભિપ્રાયની હવે વાટ ન જોશો !! "

" બાપુ થયું ? હવે સંતોષ થયો ? નિરાંત વળી, શાન્તી થઈ !! હવે ચાલો આ વાત મુકી દ્યો અને આવતી કાલથી વાતના વિચારમાં ફરો. "

આ પ્રમાણે વિવાહ પગરણની ચર્ચા સારી રીતે ચર્ચાઇ અને

તમામ જણાં એક મને મળી સંતોષ પામી ઘરકાર્યમાં ગુંથાઈ ગયાં. મામા કપડાં પહેરી રાજમહેલ ભણી ઉપડયા અને મણી-ધરપ્રસાદ બહાર ફરવા ગયા. સ્ત્રીવર્ગ ઘરકાર્યમાં ગુંથાયો અને રાતના વાળુની વ્યવસ્થામા પડયો ભાભી અને કુંદન આ બધી વાત સાંભળી દીગમૂઢ બની ગયા. છેવટે ગોદાવરી ભાભીએ કુંદનને હાથ ઝાલી ઉઠાડી અને પોતાના ખંડમાં લઇ ગઇ. કુંદન ગોદાવરીના કંઠે બાઝી ખુબ પેટ ભરી રોઈ; ગોદાવરીએ તેને છાતી સરસી ચાંપી ખુબ દીલાસો આપ્યો અને જ્ઞાનની વાતો કહી નળ દમયન્તીનાં દૃષ્ટાંત આપી આપી તેને રડતી છાની રાખી. કુંદન ઘણી ગભરાઇ ગઇ; અને ઘરનાં તમામ માણસો એક મતે થઈ ગયેલાં જોઇ નસીબ પર હાથ રાખી ગંભીર વિચારમાં પડી ગઈ. હવે શુ કરવું તેનો ઉપાય ગુપ્તપણે મનમા છુપો છુપો શોધવા લાગી; અને આજ રાત્રે મોસાળને નમસ્કાર કરી જવાના અંતિમ નિશ્ચય ઉપર આવી; હવે અંતરમાંથી કલેશને દૂર કરી ધૈર્ય ધારી અવનવી હીંમત રાખવા માંડી. કલેશને બદલી મુખ ઉપર કૃત્રીમ હાસ્ય પ્રગટ કરી ભાભીને સારૂ લગાડવા લાગી; હૃદયના નિશ્ચયને ગુપ્ત રાખવા માંડયો. આમ તેમ મામાની હવેલીના દરેકે દરેક ખંડમાં હરીફરી બારી બારણાં તપાસવા લાગી. ઝરૂખે આવી છજાં જાળીઆં પણ ઝીણી નજરથી જોવા લાગી. પહેલા માળના છજાના ભાગમાં આવી, ત્યાંથી પાછલી પછીતના ઝરૂખાના કઠેરા આગળ આવી આમ તેમ નજર કરી સરીયામ રસ્તાના માર્ગ નિહાળવા લાગી. થોડીકવાર સુધી જેટલું જોવાય તેટલું તમામ જોઇ લીધું અને ખંડમાં બારી આગળની ખીંટી

ઉપર એક દોરડુ લાવીને મૂકયુ; તેના ઉપર એક જુનો મજબુત સાલ્લો કહ્રી વાળીને મૂકયો. અને પછી પોતે નીચે આવી જાણે કાંઇ જાણતી નથી તેમ અજાણ બની પરાણે પરાણે આનંદ પ્રગટ કરી ભાભી અને મામી જોડે વાતચીત કરવા લાગી. ગોદાવરીને આ વખતે કુંદનના કૃત્રીમ હાસ્ય આનંદ અને વાતચીત ઉપર કાંક કાંક સંશય પડવા લાગ્યો; કુંદન પણ પોતાને કોઇ કળી ન જાય તેટલા સારૂ બારીક સાવચેતી રાખી સર્વેના સાથમાં ભળવા લાગી. જે પ્રકારની વાતચીત ચાલે તે પ્રમાણે પોતાના મનોભાવ દર્શાવવા માંડયા અને આમ તેમ હરં ફરી કયારે રાત પડે તે સારૂ અધીરી બની વખત વીતાડવા લાગી. ધીમે ધીમે દીવસ અસ્ત થવા લાગ્યો. સાયંકાળ શરૂ થઇ રાત પડી. દીવાબત્તીઓ પ્રગટ થવા માડી મામા અને ભાઇ પણ બહારથી હરીફરી ઘેર આવ્યા. વાળુંના વખત થતાં દરેક જણાં જમવા બેઠાં. ભૂખ અને રૂચી પ્રમાણે વાળુપાણી કરી પરસાળમાં આવી ગપ્પાં સપ્પાં મારવા માંડયા વાતચીતમા રાત પસાર થવા લાગી. લગભગ દશ વાગ્યા. મણીધર ઉઠી પોતાના સુવાના ખડમાં ગયો. ભાભી ગોદાવરી પણ થોડીકવાર પછી કુદનથી છુટી પડી મેડે ગઇ. મામા અને મામી પણ પોતાના શયન અવાસમાં ગયાં. મણીલક્ષ્મી અને કુંદન પણ પહેલા ખંડના ઓરડામાં સુવા સારૂ ગયાં. ચાકર રસોઇઆ પણ વાળુપાણી એઠવાડ અબોટ કરી સૌ સૌના નિવાસ સ્થાનકે જઇ નિંદ્રાધીન થવા લાગ્યા. હવેલીના ચોકીદાર વર્ગ આરબ મકરાણી પણ હુક્કાપાણી અને ચલમો પીતા પીતા ધીમા ધીમા વાર્તાલાપ કરતા રાત પસાર કરવા લાગ્યા. જોત જોતામાં મધ્ય રાતનો

સમય થયો. બરાબર બાર ઉપર એકનો અમલ થયો ચંદ્ર માથે આવ્યો. નિંદ્રાની મીઠી પાખમાં આખું જગત ઉંઘવા લાગ્યું. સૌ જળ જંપી ગયું. મામાના ઘરના તમામ મનુષ્યો ભર ઉંઘમાં પડી નસકોરાં બોલાવવા લાગ્યાં માતા મણીલક્ષ્મી પણ આજે વેરણ નિંદ્રાના ઘેરણમાં ઘેરાણી વખત વિચારી લાગ જોઇ કુંદન બેઠી થઇ. માતાના મુખ સામુ જોયું. માતૃપ્રેમને લીધે આંખમાં ઝળઝળીઆં આવી ગયા છેવટના માને મનને કઠણ કરી પ્રણામ કર્યા; માને સારી રીતે આજે નિંદ્રામાં ઉંઘતી જોઇને તેને પણ કાંક જીવને નિરાંત વળી એકદમ ઉઠી માના પગ આગળ બેસી ઉંચુ જોઇ પરમાત્માની સ્તુતિ કરી: પછી બે હાથ જોડી દંડવત પડી માના પગને પ્રણામ કર્યા. પોતાના હાથથી માતાના પગના અંગુઠાને ઘણો જ ધીમો અને કોમળ સ્પર્શ કરી હાથ આંખે અડાડયા; અને પછી ઉઠી ખીંટી પરથી દોરડુ અને સાહલો હાથમાં લીધો, અને ઝરૂખામાં જઇ કઠેરા આગળ દીવસના સંકેત પ્રમાણે દોરડુ અને સાહલો બંને બાંધ્યાં કોઇ જાગીને જોશે તો પોતાનું શું થશે અને પકડાઇ જતાં મામા મામી બા વગેરે શો ગજબ કરશે, કલ્પાંત કરશે તેનો બીલકુલ ખ્યાલ લાવ્યા શિવાય પ્રભુની મરજી હશે તેમ થશે એમ ધારી સડેડાટ કરતી હાથમાં દોર પકડી કાછડો વાળી છજાને ફલંગ ભરી ઓળંગ્યું; અને એકી ટસે મામાની હવેલી ભણી પળવાર સુધી જોઇ રહી; છેવટે એકદમ આંખ મીંચામણીથી આંધળીઆં કરી મોસાળને છેવટની સલામ ભરી દોર પરથી નીચે સરકી. નીચે ઉતરતાં દીવાલ સાથે શરીર અથડાયું, લમણા કુટાઇ ગયા અને હાથ છોલાઈ ગયા. આંગળાં

લોહીલવાણુ થઇ ગયાં છતાં પણ છાતી કઠણ કરી મુંઠીયો વાળી જેમ દોડાય તેમ દોડવા લાગી. દોડતાં દોડતાં સડક પર બે ત્રણ-વાર પડી ગઇ; ઢીંચણમાં વાગ્યું, આંખમાં આંસુ આવી ગયાં પણ ચાલવા માંડયું ! આ વખતે ઇશ્વર પણ તેના સાહસમાં સાનુકુળ થયો, અને જે દીશા ભણી કુંદન દોડવા લાગી તે દીશાના તમામ ચોકીદારો, પહેરેગીરો, પોલીસ અને રક્ષકોને આંધળા-ભીંત જેવા બનાવી દીધા. કોઇએ પણ કુંદનને ટોકી નહિ, અર્થાત વિધીજ જાણે કુંદનને મોસાળ છોડાવી નસાડવામાં કેડ બાંધી તૈયાર થયો હોય તેમ કુંદનને બાંહ્ય ઝાલી જોત જોતામાં ભાવનગરની ભાગોળ બહાર ધકેલી મુકી દીધી. કુંદન પણ એકી ધ્યાન અને એકી ટશે દૂર સામેની દીશામાં જેમ ઉતાવળથી જવાય તેમ જવા માંડયું. છેવટે ભાગોળ વટાવી સીમાડાના રસ્તા નજીક આવી ત્યારે તે થોડીકવાર સુધી અટકી ઉભી રહી. ગામના પાદર ભણી ટગર ટગર જોવા લાગી. આંખમાંથી ટપક ટપક આંસુ ટપકવા લાગ્યાં, ડુમકાં ઉપર ડુમકાં આવવા લાગ્યાં. હૈયું ધડક ધડક ધડકવા લાગ્યું, પરાણે પરાણે પણ છાતી ફાટ રોવાઇ ગયું. આકાશ ભણી નજર નાંખી વિશ્વેશ્વરને વિનવવા લાગી; અને છેવટનો મામા, મામી, ભાઇ, માતા, ભાભી અને બ્હેનને આર્શીવાદ આપી પ્રણામ કરી માર્ગ ભણી ધીમે ધીમે ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં તેના મુખમાંથી અંતરગાન નીકળવા લાગ્યું કે:—

*   *   *   *

"હું પ્રેમની જોગણુ બની પિયુ શોધવા ચાલી,
પિયુને શોધવા ચાલી, જીવનને ખોધવા ચાલી;
મારા વ્હાલાની વિજોગણુ બની પિયુ શોધવા ચાલી:–"
પ્યારાને શોધવા ચાલી, મારાને ખોધવા ચાલી,
ઝોલી ધરી ઉર સ્નેહની પિયુ શોધવા ચાલી–"

જાઉં પ્રેમની વાટે, હું ન્હાવા પ્રેમના ઘાટે,
મળે તો મેળવ ફળ એજ મારા પ્રાણુને સાટે –પિયુ૦

સાગર પ્રેમને ગોઝાર, હું પ્રેમ તુમડે તરનાર;
મુખથી પ્રેમનો ઉચ્ચાર, કરતા પહોંચું પેલે પાર –પિયુ૦

આ પ્રમાણે મોસાળનો ત્યાગ કરી ગરીબડી, બાપલડી અને નિરાધાર ગાવલડી કુંદન નસીબ જ્યાં લઇ જાય ત્યાં અથડાતી, કુટાતી, ભટકાતી, રડતી, રડવડતી અને આમ તેમ ખાડાખૈયામાં દડતી પડતી આખડતી માર્ગ કાપવા લાગી! અત્યારે કુંદન સંસારી મટી જોગણ થઈ. હીરાલાલને વાસ્તે ઘરબાર, મોશાળ, મામા ભાઈ ભાન્ડુ બ્હેન અને તમામ સગાં વ્હાલાના સંબંધ સ્નેહને ત્યાગ કરી કાળી રાત્રે વિષમ અને વેરાન જંગલની વાટ લીધી! વ્હાલા વાંચકો આ તે "સ્નેહની શિક્ષા કે દેહની દિક્ષા?!"

પાંચમો ભાગ સમાપ્ત.

છપાય છે !　　　　છપાય છે !!

કુંદન અને કુસુમ.

ભાગ ૬ ઠો.